આવતીકાલનાંનાગરિકોમાટેનુંમાસિકએપ્રિલઈસ્વીસનઓગણીસસોઅડસઠસળંગઅંક૫૩૨મો



દિલ્હી નજીક આવેલા બહેરામખાન ખાનખાના-નના મકબરા પરની ચુંવેઅનારની એક બુટ્ટેદાર નક્શી. એની ભાતરચના અટપટી હોવા છતાં વારેખમ બનવાને બદલે એની નઝાકત જળવાઈ રહે છે એ એની એક આગવી ખૂબી છે.

કુમાર

સંસ્થાપક · રવિશંકર મહાશંકર રાવળ

તંત્રી · બ. રાવત

વાચકો લખે છે

સંગીત વિષય પર લેખમાળા શરૂ થવાથી ખૂબ આનંદ થયો. એમાં રાગો પર રચાએલી લોકપ્રિય ધૂનો પણ ચર્ચાય તે ઉચિત જ છે ...પણ અંક ૫૩૦માં 'બિહાગ' રાગનાં ઉદાહરણો વાંચી નવાઈ લાગી.

'કોન આયા'(ફિલ્મ 'દેખ કબીરા રોયા'માં મન્ના ડે) એ ગીત 'રાગેશ્રી' રાગ પર રચાયું છે અને 'દિલકા ખિલોના' (ફિલ્મ 'ગૂંજ ઊઠી શહનાઈ'માં લતા મંગેશકર) એ ગીત તો 'ભૈરવી' પર રચાયું છે. આ બન્ને રાગો બિહાગથી ઘણા દૂર છે!

આવી 'અવણત્રુટિ'નું શક્ય કારણ આ હોઈ શકે: કોઈ પણ ગીત કયા રાગ પર રચાયું છે તે નક્કી કરવા માટે પ્રથમ તે ગીતનો 'સા' કયો છે તે જાણવું જોઈએ. કોઈ પણ રાગનાં સ્વરાંતરો (frequency–differences) કાયમ રહે છતાં જો તે રાગના જુદાજુદા સ્વરોને 'સા' તરીકે ગણવામાં આવે તો જુદાજુદા રાગોના આભાસ થાય છે. દા.ત. 'મારવા'માં 'રે' (કોમળ રિષભ)ને 'સા' ગણીએ તો એ જ સ્વરાંતરો 'માલકૌંસ'નો આભાસ ઉત્પન્ન કરે છે; 'કલાવતી'માં 'પ' ને 'સા' બનાવીએ તો 'આભોગી' લાગે!

ઉપર્યુક્ત લેખમાં 'કોન આયા'માં 'રાગેશ્રી'ના 'મ' ને 'સા'નો મુકામ આપીએ તો રાગેશ્રીના સ્વરો સા નિ ધ નિ ધમાં, બિહાગનાં સ્વરાંતરો પ મા ગ મ ગના 'અંગ'નો આભાસ થાય છે...ભૈરવીના 'ધ' (કોમળ) ને 'સા' બનાવીએ તો ભૈરવીના ગ, રે (શુદ્ધ), સા, રે (કોમળ) સા, બિહાગનાં પેલાં લાક્ષણિક સ્વરાંતરો પ મા ગ મ ગનો આભાસ ઉત્પન્ન કરે છે. (અલબત્ત 'દિલકા ખિલોના'ના ઉદાહરણમાં તો આવો આભાસ પણ ઉત્પન્ન થતો નથી! પરંતુ 'ગૂંજ ઊઠી' ચિત્રનું બીજું એક ગીત 'તેરે સૂર ઓર મેરે ગીત' વાસ્તવમાં બિહાગની સ્વરરચના છે. લેખકે એ ગીત ઉદાહરણમાં કેમ ન ટાંક્યું? એક રાગમાંથી બીજા રાગનાં આવાં ખૂબ ઉદાહરણો છે: 'તોડી'માં 'તિલંગ', 'યમન કલ્યાણ' અને 'ગોરખ કલ્યાણ'માં 'ભૈરવી', 'બૈરાગી' અને 'મારવા'માં 'શિવરંજની', વગેરે. (આ બધામાં આભાસ ઉત્પન્ન કરનારાં 'સા'નાં મુકામો સંગીતજ્ઞ વાચક સહેલાઈથી નક્કી કરી શકશે.)

પણ આ બધા માત્ર આભાસ જ છે. ગીતનો મૂળ રાગ બદલાતો નથી, કારણ એના મૂળ 'સા'નો મુકામ કાયમ હોય છે. આ લેખમાળા ચાલુ હોવાથી, શ્રદ્ધા છે કે, સુજ્ઞ લેખક આ વિષય પર પ્રકાશ પાડી, આપેલાં ઉદાહરણોનું સ્પષ્ટીકરણ કરશે.

(અમદાવાદ) —રાસબિહારી દેસાઈ

'સંગીતસાધના' (ફેબ્રુ૦ '૬૮)માં રાગ બિહાગનાં ફિલ્મી ગીતોનાં ઉદાહરણોમાં લેખકે સારે ભૂલથાપ ખાધી છે. હકીકતે 'કોન આયા...' (દેખ કબીરા રોયા)નો રાગ સાજન (થાટ ખમાજ) છે, જ્યારે 'દિલકા ખિલોના...'(ગૂંજ ઊઠી શહનાઇ)નો રાગ ભૈરવી (થાટ ભૈરવી) છે: કોઇને રાગ બિહાગ (થાટ બિલાવલ) જોડે કશો જ નાતો નથી. બિહાગનાં ઉદાહરણો છે 'મેરે પ્યારમેં દિલદાર તુ હૈ મેરા આલીજા' (બેનઝીર: ગાયિકા લતા?) જે પૂરેપૂરી શુદ્ધ રચના છે; અને 'દિલ જો ન કહ સકા' (ભીગી રાત: ગાયક મહમદ રફી), જેમાં અલબત્ત સ્વરકારે કોઈ વાર જૂજ છૂટ (કોમલ નિષાદનો પ્રયોગ) લીધી છે.

(અમદાવાદ) —શં. ગોહિલ

ફેબ્રુઆરી '૬૮ અંકમાંના શ્રી યોધના લેખ 'સંગીતસાધના'ની બે ક્ષતિઓ વિશે ધ્યાન દોરવાની ઇચ્છા થાય છે. 'કોન આયા...' તથા 'દિલ કા ખિલોના...'—એ બન્ને ગીતોમાં રાગ બિહાગની બાંધણી હોવાની વાત સત્યથી વેગળી છે. પ્રથમ ગીત રાગેશ્રીમાં તથા બીજું ભૈરવીમાં રચવામાં આવ્યાં છે. બિહાગ રાગ સાથે એ બે ગીતોનો કોઈ સંબંધ નથી.

(અંધેરી-મુંબાઇ) —જશવંત ભાવસાર

અંક ૫૩૦ના પાન ૬૮ પરના લેખ 'સંગીતસાધના'ના લે૦ સાધુરામ યોધે આપેલાં રાગ બિહાગનાં ઉદાહરણોમાં 'દિલ કા ખિલોના' (ફિલ્મ ગૂંજ ઊઠી શહનાઈ, ગાયિકા લતા) એ ગીત બિહાગ નહિ પણ ભૈરવી પર આધારિત છે. લેખકશ્રી એ એક ગીતને બદલે બીજું ગીત સરતચૂકથી દર્શાવ્યું લાગે છે. ફિલ્મ ગૂંજ ઊઠી શહનાઇનું 'તેરે સૂર ઓર મેરે ગીત' એ ગીત રાગ બિહાગ પર આધારિત છે.

(અમરેલી) —ભૂપેન્દ્ર છગ

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૩)

કુમાર

એપ્રિલ ૧૯૬૮ • અંક ૫૩૨

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦.

વાચકો લખે છે

(અનુસંધાન પૂઠાના બીજા પાનાથી ચાલુ)

શ્રી ચોધનો ઉત્તર:

[મારી લેખમાળામાં સંગીતરસિકો રસ ધરાવે છે એ જાણી આનંદ થયો. તેમણે જણાવેલું ગીત 'તેરે સૂર ઔર મેરે ગીત' બિહાગનું છે, તે હકીકત બરોબર છે. ગીતના શબ્દો લખવામાં મારી સરતચૂક થઈ છે. બીજા ગીતમાં જે 'બિહાગ'નો આભાસ સ્વર બદલવાથી થાય છે તેમજ તે 'રાગેશ્રી'માં બાંધેલું છે તે વિષે જણાવવાનું કે રાગદારી સંગીતની સ્વરરચના લોકભોગ્ય ગીતોમાં આભાસમાં પણ દેખાય તો બસ છે; કારણ કે ફિલ્મી સંગીતમાં શુદ્ધ રાગરૂપ જવલ્લે જ જળવાય છે. એ ગીતમાં 'રાગેશ્રી' પણ શુદ્ધ રૂપમાં રજૂ થયો હોય તે સંભવિત નથી. પરંતુ હું આધુનિક થાટ પદ્ધતિ કરતાં આપણી મૂળભૂત સ્વરગ્રામ પદ્ધતિ કંઠ્ય તેમજ વાદ્ય સંગીત માટે વિશેષ સાનુકૂલ માનું છું. તેથી આધુનિક પદ્ધતિની દૃષ્ટિએ 'ષડ્જ' બદલવો કે સ્વરગ્રામ બદલવો એ ચર્ચાસ્પદ વિષય છે. હાર્મોનિયમની ચાવીઓ પરથી જુદાજુદા 'ષડજ' બનાવી રાગનાં રૂપ બદલવાં એ પણ હું વિવાદાસ્પદ માનું છું. તેથી એ ચર્ચા અત્રે અસ્થાને હોઈ કરતો નથી. શ્રી રાસબિહારી દેસાઈ બીજાં એવાં રાગદારી ગીતોનું સૂચન કરશે તો હું જરૂર આવકારીશ.
(અમદાવાદ) —સાધુરામ ચોધ]

∽

સંગીત ઉપર લેખમાળા શરૂ કરીને આપે એક હમેશની ત્રુટિ પૂરી કરી છે, અને શ્રી ચોધની એ વિષય મૂકવાની રીત પણ ઘણી જ રસપ્રદ છે. તેમાં ય એમણે ફિલ્મી ગીતોનાં દૃષ્ટાંતો આપ્યાં છે એ વિશેષ ઉપયોગી થશે.

આપણે સાહિત્યના પ્રચાર માટે લાયબ્રેરીઓ અને ચિત્ર-શિલ્પના પ્રચાર માટે સંગ્રહાલયો કરીએ છીએ, પણ સંગીતના પ્રચાર માટે એવી કોઈ સુલભ પ્રચારની યોજના નથી. પુસ્તકોની લાયબ્રેરી જેમ જ સંગીત રેકોર્ડોની પણ લાયબ્રેરી હોય, જ્યાં વિવિધ રાગો પ્રમાણે રેકોર્ડોનું વર્ગીકરણ કરેલું હોય, માત્ર ભારતનું જ નહિ જગતસંગીત પ્રાપ્ય હોય, સંગીત ઉપરનાં પુસ્તકો-સામયિકો હોય, તો સંગીતનો પ્રચાર ઘણી જ ઝડપથી ને વિસ્તૃત થાય. આ યોજના તો જ્યારે વ્યવહારમાં મુકાય ત્યારે, પણ શ્રી ચોધને એટલી વિનતિ કરું કે છેવટ શાસ્ત્રીય રાગોની રેકોર્ડોની વર્ગીકૃત સૂચિ પણ આપશે તો એ પણ સંગીતપ્રેમીઓને ઉપકારક થશે.
(દેવલાલી) —જયન્તીલાલ ઓઝા



★ આ સાથે 'કુમાર' અક્ષરો એક સૈનિકની અદામાં ચીતરી મોકલું છું.
(ભાવનગર) —કિરીટકુમાર દેસાઈ

[● આવી ચિત્રકૃતિઓ ઘણી થઈ. હવે ચાલુ લિપિને સુવાચ્ય છતાં અવનવી કલાત્મકરીતે (વાચકો ને કલાકાર મિત્રો) ગોઠવી મોકલો. ઉપયોગ કરવા જેવી લાગશે તેને પુરસ્કારીશું.]

નીચેનો શ્લોક કોણે અને ક્યારે લખ્યો છે તેની ભાળ મળે તો અવશ્ય લખશો.

ज्वालान्तरगते मानोः यत्सूक्ष्मम् दृश्यते रजः।
तस्य षष्ठितमो भागः परमाणुस्तदोच्यते॥

જો આ શ્લોક આપણા પૌરાણિક કાળનો હોય તો ગ્રીકો કરતાં આપણે તે કાળે ઘણા આગળ નીકળી ગયા હોવા જોઈએ. જોકે આ શ્લોકમાં સત્ય નથી; છતાં દરેક પદાર્થનું પરિમાણ નક્કી કરવાની સંશોધકભાવના અવશ્ય છે. [atom is much smaller than $\frac{1}{60}$ of visible particles.]
(કલકત્તા) —પી. સી. દવે

∽

આ વિભાગમાં અવારનવાર ઉપયોગી અને મનોરંજન આપે તેવા સંસ્કૃતના શ્લોકો આવતા રહે છે. નીચેના શ્લોક (રામની સ્તુતિ)માં 'राम' શબ્દનાં આઠે વિભક્તિનાં એકવચનનાં રૂપો અનુક્રમે આવી જાય છે:—

'रामो राजमणिः सदा विजयते,
रामं रमेश भजे।
रामेणाभिहता निशाचर चमू,
रामाय तस्मै नमः॥
रामात् नास्ति परायणं परतरं
रामस्य दासोस्म्यहम्।
रामे चित्तलयः सदाभवतु मे
भो राम मामुद्धर॥'

હું વિજ્ઞાનનો વિદ્યાર્થી હોવા છતાં 'કુમારે' કલા તરફ આકર્ષી રાખ્યો છે. ફાધર વાલેસના લેખો હૃદયમાં સચોટ ઊતરી જાય છે. 'ચેસ' પણ હજુ એવું જ આકર્ષણ જમાવે છે.
(ભચાઉ-કચ્છ) —પ્રતાપ અ. સેવક

કલા-અંકમાં સીતાજીને કાંચળી માટે મોહ પમાડવા મારીચે જે સુવર્ણમૃગનું રૂપ ધારણ કર્યું હતું તેને બે મુખ કરવાનું કારણ ગ્રામ-ચિત્રકારોને મન એ મૃગ જૂઠો હતો તે હતું; કેમ કે બે મોઢે બોલનારને ગામડામાં જૂઠો કહે છે. બે મુખનો મૃગ એટલે જૂઠો મૃગ.

(વિરમગામ) —નાથાલાલ

'બહુરૂપી' નામનું સાપ્તાહિક રાણપુરથી પ્રસિદ્ધ થતું. સ્વ. ચંદુલાલ જેઠાલાલ વ્યાસ તંત્રી હતા. મેં શ્રી મનહરભાઈ ચંદુલાલ વ્યાસ-ને રાણપુરના સરનામે ત્રણ પત્ર લખ્યા જે અ-સ્વીકાર થઈ પાછા આવ્યા છે. આપના વાચકો એમનો પત્તો મેળવી આપી આભારી કરશો.

(વર્લી-મુંબાઈ) —ધનપ્રસાદ દેસાઈ

અંક પરદના ટિકિટસંગ્રહ વિભાગમાં પ્ર-સિદ્ધ થએલી ઇગ્લંડની 'મૅડોના'ના ચિત્રવાળી ટિકિટ ચાર પેંડની નહિ પરંતુ ચાર પેન્સ-ની છે. જોગાનુજોગ આજના જ અહીંના એક દૈનિકમાં આ ટિકિટ અંગે રસપ્રદ હકીકત બહાર આવી છે, જે અનુસાર આ શ્રેણીની ભૂલવાળી એકસો ને વીસ ટિકિટો મૂળ કિંમત કરતાં ૩૦૦૦ ગણી કિંમતે ટિકિટોના શોખીન સંગ્રાહકોને વેચાઈ રહી છે: એટલે કે ચાર પેન્સ-ની આ ટિકિટની કિંમત ૫૦ પેંડ બની છે! મૂળ સાથે સરખાવતાં આ 'ભૂલવાળી ટિકિટ'-માં ઉપર જમણી બાજુ ખૂણામાં રાણીનું માથું નથી, તથા નીચે ડાબી બાજુ '4d' (ચાર પેન્સ) નથી. આ 'ભૂલવાળી' ટિકિટ કેવી રીતે બહાર પડી, કેવી રીતે ગુમ થઈ અને કેવી રીતે મળી આવી એ પણ એક કોયડો છે.

(લંડન) —ગિરા કોટક

કલા-અંકમાં 'બાટીક' પુસ્તકની કિંમત રૂા. ૩–૭૫ જણાવી છે પરંતુ હમણાં નવી આવૃત્તિ બહાર પડી અને તેની કિંમત (કાગળ તેમજ પ્રિન્ટિંગના ભાવ વધવાથી) કિંમત રૂા. ૫ રાખવામાં આવી છે.

(વડોદરા) —બિહારીલાલ બારભૈયા

૫૩૦મા અંકમાં 'જીવનપટનાં સ્મૃતિચિત્રો' લેખ સાથેના અભ્યાસના નમૂનાઓમાં થો-ડોક માહિતીદોષ થયો છે. ડાબી બાજુનું જીવંત માનવ પરથી કરેલું ચિત્ર ચારકોલમાં છે, ને માઈકેલ ઍન્જેલોના 'બન્દીવાન' પરથી કરેલું ચિત્ર જલરંગી છે.

(નારગોળ) —પીરભાઈ મનસૂરી

કવિતાની તાજગી અને તમે આપો છો તે ઉઠાવ... ચંદ્રકાંત દત્તાણી સાહિત્યના ડૉક્ટર છે કે તબીબી ક્ષેત્રના? શક્ય હોય તો એમનું સરનામું આપવા વિનતિ છે. દરેકેદરેક અંકના મધુર સંયોજન પાછળનો તમારો નિષ્ઠાભર્યો અથાક પરિશ્રમ અછતો રહેતો નથી. જાણે 'કુમાર' કુમાર નથી, તમારું સંતાન છે! પિતા સંતાનને સંસ્કારે તે રીતે તમે 'કુમાર' સં-સ્કારો છો. —સુપ્રિયા રૉય, અનુપમા શેઠ

(રાજકોટ) નીલિમા મહેતા

[*તબીબી ક્ષેત્રના ડૉક્ટર છે. સરનામું: 'સ્નેહ-સંગમ', રામ ટેકરી, પોરબંદર]

વાચનમાં મારો ખાસ વિષય ચરિત્રો ને આત્મકથાઓ છે. વ્યક્તિ પોતાના ચારિત્ર્યનું ઘડતર એ દ્વારા કરી શકતી હોય છે.

મોટા અને નાના એ 'રિલેટિવ' છે. ગાંધી-નેહરુ કે ચર્ચિલ-રૂઝવેલ્ટનાં ચરિત્રો જુદી જ રીતે લખાયાં છે. (શ્રી ર. મ. રા.ના) આત્મ-કથાનકની ઢબ પણ જુદી જ છે. એમાં લેખક જ બધું નથી. એ કાળ અને જીવનમાં આવતી વ્યક્તિઓ પણ તેટલી જ અગત્યની છે. મને જે વસ્તુ ખૂબ ગમી તે તો રોજિંદા કાર્યક્રમની ઝીણી વિગતો. એ ઘણુંઘણું કહી જાય છે. મુશ્કેલીઓની વચ્ચે, ગરીબાઈમાં અને બહુ જ ઓછા 'સપોર્ટ' સાથે પણ વ્યક્તિ પોતાનું ભવિષ્ય ઘડી શકે છે. વિદ્યાર્થીજીવનમાં સાદાઈ અને જીવનને જોવાની દૃષ્ટિ એમાં બહુ જ સરસ રીતે બતાવવામાં આવી છે.

મને સવાલ એક જ ઊભો થાય છે: જે લોકોએ એ ખાસ વાંચવું જોઈએ (વિદ્યાર્થી-ઓ) એ લોકો એ વાંચતા હશે કે? રવિશંકર બહુ મોટા માણસ છે એટલા માટે નહિ, પણ એમના અભ્યાસકાળનો જમાનો એ એક શીખવા જેવો—નોંધવા જેવો જમાનો હતો, અને એવા જમાનાની આજની પેઢીને ખાસ જરૂર છે—ભોગ આપીને, મુશ્કેલીઓ વેઠીને પણ નિયત કરેલી મંઝિલે પહોંચવાની લગન રાખવાના જમાનાની. ગમે તે રસ્તે મહેનત કર્યા વગર પૈસા અને એશ-આરામ મેળવવા-ની (શહેરોમાં ખાસ) જે વૃત્તિ છે, જે જાણ્યે-અજાણ્યે વિદ્યાર્થી વર્ગમાં પણ ઊતરી છે અને જે દેશને ક્યાં ઘસડી જશે તે ખબર નથી, એવા આ સમયે એ કાળ વિષે જાણવાની ખૂબ ખૂબ જરૂર છે. બની શકે તો અને તેટલા પ્રમાણમાં એ સાદાઈ અને આત્મભોગની તમન્ના ફરી લાવવાની જરૂર છે. સાથે એ કાળના ગુજરાત અને સાહિત્યકારો વિષે પણ ઘણું જાણવા મળે છે. એ કારણે મને એ ગમે છે.

(ઘાટકોપર) —બાબુભાઈ કરાણી

લગભગ પંદરેક વર્ષથી 'કુમાર' વાંચું છું પરંતુ ઑક્ટોબર અંકનાં પાંચ પાનાં (૩૯૯ થી ૪૦૩) મગજમાં ઉતારતાં બીજાં પંદર વર્ષ મહેનત કરવી પડે તેમ લાગે છે!

શ્રી મધુસૂદન 'ઢાંકી' પ્રવાસવર્ણન લખતાં લખતાં પોતે જ ભૂલા પડી ગયા હોય તેમ લાગે છે! શું વધારે પડતા આલંકારિક શબ્દો, અટપટાં અને અતિશય લાંબાં વાક્યો અને કેટલીક વખત સાવ બેહૂદી સરખામણી, આ બધું લખવાથી ભાષા સારી કહેવાય છે?

લેખકની ટોળી પાસે વિવિધ પ્રકારના કૅમેરા અને સામગ્રી હતાં, પરંતુ રોલી, ટલી અને સ્પુટનિકી ગ્રેનાટ જેવા શબ્દોમાં ફોટોગ્રાફી ન જાણતો વાચક શું સમજે?

લાગે છે આપ પોતે લેખ પસંદ કરતી વખતે શબ્દાડંબર (કે શબ્દાડમ્બર?) જોઈ ભૂલા પડી ગયા છો!

(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

'કુમાર'નો ગ્રાહક તો નાનો બાર વરસનો હતો ત્યારથી જ હું છું. પણ ગ્રાહક થવાની તક તો છેક હમણાં જ સાંપડી.

'કુમાર'ના અંકો નં. ૧ થી નં. ૨૦૦ સુધી મારી પાસે નથી. જો આપની પાસે અથવા કોઈ વાચકબંધુ આગળ હોય તો મને જણાવશો.

હાલના 'કુમાર'માં ઘણા વિભાગો અદૃશ્ય થઈ ગયા લાગે છે. શ્રી સાધુરામ દવેના સ્વર્ગવાસ પછી 'બ્રિજ'ના લેખો અને તેના કોયડા ફરી વાર દેખાયા જ નહિ. બુદ્ધિની કસોટી કરતા પ્રશ્નોનું પણ તેવું જ થયું છે. ફોટોગ્રાફી હરીફાઈ કેમ બંધ કરી દીધી? જાસૂસી કોયડા પણ બહુ જ ઓછા દેખાયા. આ બધા વિભાગો ફરીથી શરૂ કરવામાં આવે તો મારા જેવા અસંખ્ય વાચકોને આનંદ થશે.

શ્રી પુષ્કર ગોકાણીનું 'ગુનાશોધન' ખૂબ ગમ્યું. સાથે ગુનાશોધનને લગતી એકએક ટૂંકી વાર્તા (અનુવાદ હોય તો તે) આપતા હો તો ઘણી જ રસદાયી થઈ પડે... ઊધઈના નાશ માટે શ્રી ગુણવંત શાહ ટાટા ફીઝોનનું ટર્મેક્સ વાપરશે તો ફાયદાકારક થઈ પડશે.

(વડાલા–મુંબાઇ) —કિશોર શાહ

શક્ય હોય તો નીચેનાં સૂચનોને 'કુમાર'-માં આવરી લેવા પ્રયત્ન કરશો:

ગુજરાતના તરુણોને લશ્કરી જ્ઞાન ને લશ્કરી તાલીમ તરફ અભિમુખ કરવા લેખો-માહિતી વખતોવખત આપો તો ઘણો આભાર.

આ જ રીતે વૈજ્ઞાનિક અભિરુચિ વધારવા તથા સાચા અર્થમાં વૈજ્ઞાનિકો પેદા કરવા વિજ્ઞાન અંગે કાંઈક લેખો હોય, તથા ભારતીય તેમજ અન્ય વૈજ્ઞાનિકોનાં ચરિત્રો આપો તો ઘણું જ સરસ. 'રોજિંદા જીવનમાં વિજ્ઞાન' આ શીર્ષક નીચે રેડિયો, તાર, ટેલિફોન, દૂરબીનથી માંડી આધુનિક યંત્રોની માહિતી સરળ ચિત્રો દ્વારા આપો.

'ઇંડિયન સિવિલ સર્વિસ'માં ગુજરાતી કેટલા ટકા? જૂજ હશે. વિદ્યાર્થીઓ વધુ એ તરફ આકર્ષાય, એમાં પુછાતા બુદ્ધિપૂર્વકના પ્રશ્નો વગેરે એકાદ કૉલમમાં વખતોવખત આપો અને આવી 'સેવા'ઓ તરફ કુમારોને આકર્ષી–પ્રેરણા આપો તો 'કુમારે' કુમારોની યોગ્ય કાળજી રાખી ગણાય.

આવતાં વર્ષોમાં આપણા ગુજરાતીઓ લશ્કરી તેમજ સિવિલ સર્વિસમાં નહિ હોય તો દેશમાં તેમજ પરદેશમાં ગુજરાતી 'તાજુડી જોખતા વાણિયા' તરીકે જ ઓળખાવાના–પછી ભલે તેની પાસે લાખો રૂપિયા હોય!

'કુમાર'નું ધોરણ સાચવી ઉપરનાં સૂચનો અમલમાં મૂકવા પ્રયત્ન કરી આભારી કરશો.

(પેટીકે–ઝાંબિયા) —કાન્તિ પટેલ

નાકથી પાણી પીવા અંગેની ચર્ચાનાં અનુસંધાનમાં પૂજ્ય ચકલી ભટ્ટ ('કુમાર'ના 'સાહિત્યસંપર્ક' વિભાગમાં જે 'ડોશીમાની ખલેચી'નો ઉલ્લેખ થએલો તેના કર્તા)તરફથી મળેલ એક સલાહ કદાચ કોઇને ઉપયોગી થશે.

પ્રયોગની શરૂઆતમાં થોડા દિવસ શરદીની અસર લાગે તો કેસરના બેએક વાળા ઘીમાં (બને તો ગાયના) ઘૂંટી નાકની દાંડી પર લગાડવું. વળી પહેલું અઠવાડિયું પાણીને બદલે બકરી કે ગાયનું ધારોષ્ણ દૂધ પીવું.

દરેક નસકોરામાં બે-બે ટીપાં નાખવા માટે તેલ શી રીતે બનાવવું તે મારી પાસે લખેલું છે પણ જડતું નથી. શોધીને લખી મોકલીશ.

પૂરો લાભ મેળવવા ઇચ્છનારે પૂરું એક વર્ષ પ્રયોગ કરવો; અને તે પણ બ્રાહ્મમુહૂર્તમાં.

(ગઢડા સ્વા.) —બાબારાવ

આપનો અંક નં. ૪૯૦ અચાનક વાંચવામાં આવ્યો. પૃ. ૪૩૦ ઉપર "મહાપુરુષની 'જન્મજયંતિ'માં 'જન્મ' શબ્દ નકામો છે,—'જયંતિ'માં જ 'જન્મ'નો અર્થ આવી જાય છે" એમ આપે લખ્યું છે તે ખોટું છે. જયંતિ શબ્દ ક્રિયાપદ જય જિ પહેલો ગણ પરસ્મૈ પદ સંસ્કૃતમાં છે. તે પરથી 'જય પામવું'. તેનું વર્તમાન કૃદંત 'જયન્તિ' એટલે જય આપનારી. જયન્તિ નારી જાતિનો શબ્દ છે, કારણ કે 'તિથિ' શબ્દ જે તે શબ્દ સાથે વપરાવો જોઈએ તે નારી જાતિ છે. એટલે જેમ 'મુબારકબાદી' તેમ 'જય આપનાર તિથિ' અર્થ થાય છે. 'જન્મ' શબ્દ સંસ્કૃતમાં જન્ ચોથો ગણ—આત્મને પદ—જન્મ આપવો અર્થ થાય છે. જયંતિ જિ ક્રિયાપદમાંથી, અને જન્મ જન્ ક્રિયાપદમાથી, એમ જુદા શબ્દો જુદા અર્થના છે અને જુદાં મૂળ છે. માટે પુનરુક્તિ, ટૉટૉલૉજીનો દોષ નથી.

(નડિયાદ) —પ્રાણશંકર દવે

'કુમાર'નું લવાજમ ભરવાનાં મુખ્ય ઠેકાણાં

મુંબાઈ

વિજય સ્ટોર્સ, ૩૮૧. A. કાલબાદેવી રોડ, મુંબાઈ-૧

આર. આર. શેઠની કં., કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨

રાવલ કમર્શિયલ કં., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨

ચાર્લ્સ લૅમ્બર્ટ ઍન્ડ કં., ક્લૉક ટાવર સામે, ૧૦૧, મહાત્મા ગાંધી રોડ, મુંબાઈ-૧

ઑલ ઇન્ડિયા બુક્સ સપ્લાય કંપની, ૩૪૨, કાલબાદેવી રોડ, મુંબાઈ-૨

અમદાવાદ

વિજય સ્ટોર્સ, ૬૨, કલ્યાણ ભુવન, કૃષ્ણ સિનેમા સામે, અમદાવાદ

ઇન્ડિયા મૅગેઝીન હાઉસ, લીમડાવાળો ખાંચો, તાડની શેરી, જમાલપુર, અમદાવાદ

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ફુવારા સામે, ગાંધી રોડ, અમદાવાદ

(અમદાવાદમાં આ સિવાય અમારા કોઈ અધિકૃત એજન્ટ નથી.)

વડોદરા

પુસ્તકાલય સહાયક સ. મં. લિ. રાવપુરા, વડોદરા

રવિન્દ્ર બુક હાઉસ, બાજવાડા, ભાટિયા શેરી, વડોદરા

મહાવીર સ્ટોર્સ, કન્યા વિદ્યાલય સામે, દાંડિયા બજાર, વડોદરા

સુરત

ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયો ચકલો, સુરત

આણંદ


વિજય સ્ટોર્સ, સ્ટેશન રોડ, આણંદ

કલકત્તા

એલ. કે. મેઘાણી, ૧૪, અમરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા-૧



સુરસુંદરી (ફોટો : આર. આર. ભારદ્વાજ) અમદાવાદના શેઠ હઠીસિંહે ઈ. ૧૮૪૮માં બંધાવેલા વિશાળ જૈન મંદિરની એક શોભન-પ્રતિમા. સ્ત્રીદેહ પર, અહીં છે એવું વીંછીનું આલેખન અન્યત્ર પણ ઘણાં દેવમંદિરોનાં શોભનશિલ્પોમાં જોવા મળે છે. ગાંધીજીએ ખજૂર મંદિરમાંની આવી શિલ્પપ્રતિમા પરના વીંછીને કામનું પ્રતીક કહીને, એ મૂર્તિની અદાને કામને ખંખેરી નાખતી જણાવી હતી.



લણણી • કલાકાર સ્વ. રવીન્દ્ર દત્ત • જુઓ અંદર 'કલાવાર્તા'

'એ કારુ કલાકાર પહેલા છે, અને લલિત કલાકાર પછી. અને તેથી જ એમની બધી કૃતિઓ શોભનતત્ત્વવાળી હોય છે...એમની કૃતિઓની એક નિજી આગવી કક્ષા છે. એમની રેખાની સ્થિતિસ્થાપકતા, સંયોજનાની વાસ્તવિકતા અને પીછીના સપાટા દર્શાવે છે કે એના લાલિત્ય કરતાં એનું જોમ વધારે ચોટદાર છે.'

(કલાવિવેચક જી. વ્યંકટઅચલમ્)

હવે / મહેશ જોષી
· મિશ્ર ·

વૈશાખની રાત્ર મહીં અઘોર,
સરી રહ્યો વ્યોમ મહીં ત્વરાથી
મૂગોમૂગો એકલ અંધકાર.
બ્રહ્માંડના જ્યોતિ અસંખ્યની નીચે
કો શહેરની બ્હાર નદીકિનારે
અન્યોન્યને ચૂમી રહ્યાં પ્રગાઢ
વિશ્રંભથી, હે અણજાણ સુંદરી!

હતું બધું સ્તબ્ધ, અવાક; પર્ણો
વૃક્ષો તણાં મૂક, દ્રુમો શ્રમિત
જંપી ગયાં'તાં, તમસાવૃતા નિશા;
સજાગ ત્યાં માત્ર ઉરે અજંપો.

મને હતી કેવળ તું અજાણ
પ્રિયે, છતાં આત્મ વિષે પ્રતીતિ
તારી મને: તું અહીંઆં વ્યથાભર્યા
આયુ તણા કંટકપૂર્ણ માર્ગે
વહી રહી કોઈ સુગંધભાર
જલાર્દ્ર હે શીતલ વાયુલ્હેર.

ક્યારે મળ્યાં, ક્યાં, સ્થળકાળ ભાન
ભૂલ્યો હવે; માત્ર હવે અડાબીડ
અંધાર કો એકલ મધ્યરાત્રિએ
કદીકદી કુંતલની સુવાસ—
તારી ભરું ઉર મહીં અને પછી
સરું સરું ભીતરમાં ઊંડેઊંડે.

ગ્રીષ્મ / હરિકૃષ્ણ પાઠક
· મિશ્ર ·

રોષેભરી ફૂઅડ લૂ ફરી વળી;
ખણેખૂણો ગામતણો અવાવરુ
જેવો જણાય;
અહીં નૂર હતું જ કે'દી?
એદી પડયા કૈં અકળાય એટલા.

ના જીવમાં જીવ કશો વસે ને
બે-ચાર ઘૂંટ:
—બસ ઘેન ભરાય આંખમાં.
જે પાંખમાં આભ લપાય આખું!
છજા તળે કૈં ફફડે કબૂતરાં.
ચબૂતરામાં કણ જારના—કે
હજારના, ભેદ હવે કશો નહિ.
ખાળે ઢળ્યાં ક્યાંક જરાક પાણી,
ત્યાં ખોતરી ન્હોર બીનાશ કોતરી
જંપ્યાં જરી શ્વાન...
(દુકાળિયો કો'
ચાલ્યો જતો મંથર...વાટ એની
કેમે ખૂટે?!)—દૂર ક્ષિતિજ-પાળે
સેલારતાં શાં જળ ઝાંઝવાંનાં!
જ્યાં આછરે આંખ: વરાળ થૈ જતી...

જીવનદર્શન-૧૦

કાળનાં એંધાણ

ફાધર વાલેસ

વિવેકશક્તિ એ ભારતીય સંસ્કાર-સરણીનું એક વિશિષ્ટ લક્ષણ છે. સારાસારનો વિવેક, સત્ય–અસત્યનું પારખું, નીરક્ષીરન્યાય. પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ એ જ પરમ જ્ઞાનના ઉપાસકો હતા; અને આપણા યુગના પ્રારંભમાં પશ્ચિમ આગળ ભારતીય સંસ્કૃતિના પ્રભાવશાળી પ્રતિનિધિ સ્વામી વિવેકાનંદ પોતાનું નામ – ને નામના–એ જ આગવી શક્તિને લીધે પામ્યા. એ વિવેકશક્તિનો વારસો અખંડ પરંપરાથી સચવાઈ આવ્યો છે ને તેનાં બીજ તમારા હૃદયમાં નાનપણથી જ રોપવામાં આવ્યાં છે.

હવે જેનાં બીજ તમારામાં છે એ આ અનોખી શક્તિની આજની દુનિયાને અત્યંત જરૂર છે એ તમે જાણો છો ખરા? જે આ સંસ્કારો તમારામાં છે એની આજના સમાજમાં ભારે ખોટ છે એનો તમને ખ્યાલ છે? આધુનિક યુગની ભુલભુલામણીમાંથી માનવજાતને કાઢીને પ્રગતિને પથે ફરીથી ચડાવવા માટે એ વિવેકદૃષ્ટિ આવશ્યક છે એનો તમે વિચાર કર્યો છે?

આજે તો નીતિ–ધર્મની લક્ષ્મણરેખાઓ એવી તો ભૂંસાઈ ગઈ છે કે ભલભલો ઋષિ એ ફરીથી દોરતાં લોથ થઈ જાય. ક્ષીર ને નીર એવાં તો ભેગાં થયાં છે કે પ્રવીણ હંસલાનો પણ તેને છૂટાં પાડતાં દમ નીકળી જાય. આપણો યુગ ભેળસેળનો યુગ છે—ખોરાકમાં, ને સિદ્ધાંતોમાં, ને વર્તનમાં. એ ભેળ ળમાંથી માનવતાનું અસલ તત્ત્વ શોધી કાઢવા વિવેકશક્તિની આવશ્યકતા છે. અને એ વિવેકનાં મૂળ તમારા હૃદયમાં છે.

તમારામાં છે અને દુનિયાને જોઈએ છે. માટે તમારી પહેલી ફરજ એ શક્તિને કેળવવા ને વિકસાવવાની છે. પ્રથમ તેના પ્રયોગ તમારા પર ચલાવો; ને પછી તે સમાજ પર ચલાવી શકશો. વિવેકશક્તિ મનની તલવાર છે: પ્રથમ તેની ધાર કાઢો, ને પછી તે હાથમાં લઈ ને રણમેદાનમાં ઊતરી શકશો. બુઠ્ઠા હથિયારથી રાવણનાં માથાં ન કપાય.

તમારા મનની બે ગતિઓ હોય છે: એક શુભ અને એક અશુભ. એ બે ગતિઓ પારખવામાં – વહેલી પારખવામાં વિવેકશક્તિનો પરચો છે. પાછળથી સારાં કે બૂરાં પરિણામ છતાં થશે ત્યારે તો સૌ કોઈ કહી શકશે કે આ ખરું ને આ ખોટું; પણ અગાઉથી એ જોવા માટે દીર્ઘ દૃષ્ટિ જોઈએ. વૃક્ષ મોટાં થયા પછી આ આંબો ને આ તાડ એવો ભેદ પાડવા વનસ્પતિશાસ્ત્રના કંઈ ઊંડા જ્ઞાનની જરૂર નથી. બીજમાં જ વૃક્ષની જાતને પારખે એ સાચો ખેડૂત.

એમાં કેટલાંક બી તો સહેલાઈથી ઓળખી શકાય; મનની કેટલીક વૃત્તિઓ તરત પિછાની શકાય. પારકું દાન લેવા કે વેર વાળવા કે હિંસા કરવા માણસને ગમે તેટલી ઇચ્છા થાય તો યે એ જાણે છે કે તે ખોટું જ છે. જોકે એમાં પણ આજકાલ એવી અરાજકતા પ્રવર્તે છે કે દીવા જેવી સ્પષ્ટ વાતની આગળ પણ દીવો કરવો પડે છે! પણ એમાં સૂક્ષ્મ દૃષ્ટિ કરતાં સાફ બોલવાની હિંમતની વધારે જરૂર છે.

સૂક્ષ્મ દૃષ્ટિ તો મનની બીજી વાંકીચૂકી ગતિ ઉઘાડી પાડવા માટે જોઈએ છે. તમારો સવારનો વાંચવાનો સમય આવે ત્યારે મન એમ નહિ કહે કે 'ચાલ, ચોપડીઓ મૂકી દે ને આ બે કલાક ભાઈબંધ સાથે ગપ્પાં મારવા જા.' માનવમનમાં ભારે મુત્સદ્દીગીરી ભરેલી છે. એ કહેશે: 'આજે વાંચવાનું ખરું; પરીક્ષા નજીક આવી રહી છે ને! પણ તે પહેલાં પાંચ મિનિટ આજના છાપા

ઉપર એક નજર તો નાખી આવ, નહિ તો જીવ ઊંચો રહેશે અને બરાબર વંચાશે પણ નહિ'. પછી તમે નીચે ગયા, છાપું હાથમાં લીધું. એક વાર હાથમાં લીધું એટલે જાહેરખબરો સુધ્ધાં વાંચ્યા વિના રહેવાયું નહિ, અને વાંચ્યા પછી દેશ–પરદેશની વિકટ પરિસ્થિતિની થોડી 'સમીક્ષા' ભાઈબંધની સાથે કર્યા વિના ચેન પડયું નહિ. હા, અને ચોપડીઓ ઉપર તમારી રાહ જોતી હતી તે જોતી જ રહી. વાંચવાનો આખો સમય ગયો: તમને ખબર પણ ન પડી એ રીતે. મર્કટ મનની પોતાનું ધાર્યું કરાવવા અજબ ચતુરાઈ હોય છે. એની વાંકી ચાલ–તમારામાં ને બીજાઓમાં–સમજવા તમારી વિવેકબુદ્ધિને કસવી પડશે.

એક સરળ નિયમ આ રહ્યો : તમે જ્યારે સારી પ્રગતિ કરી રહ્યા હો ત્યારે તમને ઉત્તેજિત બનાવે એ વૃત્તિ આવકાર્ય, અને ઉદાસીન બનાવે એ ત્યાજ્ય; અને ઊલટું તમે જો નીતિ કે કાર્યનિષ્ઠામાં કે જીવનસાધનામાં નીચે ને નીચે લપસી રહ્યા હો તો એમાં તમને જે સાથ આપે એ વિચારો ખરાબ, અને જે ડંખ દે એ દિલનો વસવસો સાચો.

પૂર્વનો પવન અનુકૂળ કે પ્રતિકૂળ ? પૂર્વ તરફ મોં રાખીને હલેસાંને જોરે વધતી જતી હોડીને માટે તો પ્રતિકૂળ, પણ પૂર્વથી દૂર જતી રહેતી હોડી માટે સાવ અનુકૂળ.

નિરાશા નિંદ્ય કે સ્તુત્ય ? સંતની નિરાશા નિંદ્ય, પણ બદમાશની સ્તુત્ય.

ઉત્સાહ સારો કે ખોટો ? લૂંટારાને લૂંટ ચલાવતો કરનાર ઉત્સાહ ખોટો, જ્યારે ત્યાગીને ત્યાગની પ્રતિજ્ઞામાં સ્થિર રાખનાર ઉત્સાહ સાચો.

આમ ઉત્સાહ ને ઉત્સાહમાં ફેર છે, અને એ ભેદ પારખવા વિવેકની જરૂર છે. આનંદ જેવી શુદ્ધ લાગણીમાં અનીતિની કંપારી પણ હોઈ શકે છે. માટે આપણા હૃદયના ભાવો પણ કસોટીએ ચડાવવાની આવશ્યકતા છે. ઉત્સાહમાં આવ્યા એટલે કરી નાખ્યું એવો નિયમ સારો નથી. ઉત્સાહ કેવો અને કયાંથી કયાં લઈ જનારો છે એ પ્રથમ જોવાનું, અને પછી જ હૈયાની નાવડીના સઢ ચડાવવાના.

૧૨૫ ('કુમાર' અંક ૫૩૨)

ખલીલ જિબ્રાનની એક કથા છે. એક યુવાન ફકીરને આકરું તપ આદરતો જોઈને શેતાનને ચિંતા થઈ, એટલે તેને તપભ્રષ્ટ કરવા એણે નિદ્રાની તક જોઈને એને એક સ્વપ્નું મોકલવાનું ઠરાવ્યું. સ્વપ્નામાં શિખામણ આપનાર એક વૃદ્ધનાં દર્શન હતાં : 'તેં આ જીવન શરૂ કર્યું એ સારું થયું; એમાં તારું ખમીર તું બતાવી ચૂક્યો છે. પણ તું હજી સાઠ વરસ જીવવાનો છે એનો ખયાલ કર. આ જાતનું જીવન સાઠ વરસ ચલાવી શકાશે નહિ; માટે લોકો જાણે તે પહેલાં પાછો જા, અને બીજાં બધાં કરે છે તેમ તું કર.' યુક્તિ સારી હતી. પણ કમનસીબે શેતાનની નરક ખાતેની ઑફિસમાં કોઈ ગરબડ થઈ. (ગોટાળા વાળવા એ ઓછા માનવીઓનો ઇજારો હશે ?) ને એ સ્વપ્નું પેલા ફકીરને ત્યાં જવાને બદલે હમણાં જ ઘર છોડીને બહારવટિયાઓમાં ભળેલા એક ઉદ્ધત યુવાનના મગજમાં ગયું. એકે એક વાત એને લાગુ પડે એવી હતી. એ માની ગયો. ડાહ્યો થઈને એ ઘેર ગયો, અને પેલો ફકીર તો પોતાની તપશ્ચર્યામાં નિર્વિઘ્ને ગરક રહ્યો. શેતાનની યુક્તિ ઊંધી વળી.

એક જ ભાવનાં સાવ જુદાં પરિણામ આવી શકે. માટે આખી પરિસ્થિતિની બારીક તપાસ કરવાની જરૂર હંમેશ રહેશે.

સ્વામી વિવેકાનંદ એવા જ માણસોના ને સંજોગોના પારખુ હતા. એક વાર એમની પાસે બે બ્રહ્મચારીઓએ સંન્યાસદીક્ષા લેવાની માગણી કરી. એમાંથી એક સારા કુટુંબમાંથી આવ્યો હતો, જ્યારે બીજાનું ભૂતકાળનું જીવન સારું ન હતું. સ્વામીજીએ બંનેની પરીક્ષા લીધી. એમાં સાધારણ વાતચીત કરતાં કરતાં બે સવાલો પૂછ્યા: સંસાર છોડવાનું કારણ શું ? અને, સંન્યાસ લેવાનું કારણ શું ? પહેલા યુવાને જવાબ આપ્યો : 'સંસાર મલિન છે અને હું શુદ્ધ છું એનું ભાન થતાં મેં સંસાર છોડયો; અને હવે ઠેર ઠેર બોધ આપીને સર્વ માણસોને મારી પાછળ સાધનાને માર્ગે ખેંચી લાવવા હું સંન્યાસી થવા માગું છું.' બીજાનો જવાબ કંઈક જુદો આવ્યો : 'મારા સંસ્કારો સારા નહોતા, એટલે હું સંસારમાં રહેવા હજી તૈયાર થયો નથી એમ સમજીને એને લાયક થવા હું અહીં આવ્યો છું. પછી દીક્ષા લઈને લોકોની મારાથી બને તેટલી સેવા કરવાનો મારો આદર્શ છે.' સ્વામી વિવેકાનંદે આને દીક્ષા આપી અને પહેલા ઉમેદવારને પાછો મોકલ્યો. એ જોઈને કેટલાક ગુરુભાઈઓએ વિરોધ ઉઠાવ્યો કે 'સારા ઉમેદવારને પાછા મોકલો છો એ તો જાણે ઠીક. પણ આવા કુસંસ્કારી માણસને લઈ લો એ કેવું કહેવાય ?' સ્વામીજીએ ખુલાસો કરતાં બોધ આપ્યો: 'હમેશાં યાદ રાખજો કે માણસનું પારખું તેનાં ભૂતકાળનાં કૃત્યોથી નહિ પણ તેના આજના વિચારો પરથી થાય. પહેલો યુવાન સારા કુટુંબનો હતો એ વાત સાચી, પણ તેના મનમાં સૂક્ષ્મ અભિમાન ને સત્તાનો લોભ હતાં એ તમે શું તેના જવાબો ઉપરથી નહોતું જોયું ? પોતે જુદો હોવાનું અભિમાન અને બીજાઓને પોતાના પ્રભાવ નીચે લાવવાનો લોભ—ભલેને એ ધર્મને નામે હોય. જેના અંતઃકરણમાં આજે અભિમાન ને સત્તાનો લોભ હોય એના હાથે કાલે અત્યાચાર ને અન્યાય થવાનો. જ્યારે બીજા યુવાનના મનમાં આજે કેવળ સરળતા, ને નમ્રતા, ને સેવાના ભાવો છે: તે સંન્યાસનો— અને જીવનનો—ઉત્તમ પાયો છે. મારી આ વાતો યાદ રાખજો ને આગળ ઉપર તમને તેની ચોકસાઈની ખાતરી થશે.'

કેવો સૂક્ષ્મ વિવેક ! અને આપણે માટે કેવો અગત્યનો પાઠ ! જે યોજના કે સ્વપ્ન કે કાર્યના મૂળમાં અભિમાન હોય કે કીર્તિપ્યાસ હોય કે સત્તાક્ષુધા હોય એ ભ્રષ્ટ છે; અને જેમાં સરળતા, ને વાસ્તવિકતા, ને સેવાભાવના હોય એ મંગળ છે. એ સરળ કસોટીએ તમારા રોજના વિચારો ચડાવવાની હિંમત છે ?

બહારના દેખાવની પાછળ રહેલાં સાચાં કારણો શોધવાનો આગ્રહ રાખો.

જીભની વાતની પાછળ સંતાએલા હૃદયના ભાવો પારખવા પ્રયત્ન કરો.

આજનાં એંધાણ પરથી કાલનાં પરિણામ કલ્પવા બુદ્ધિ કસો.

અનુભવથી, નિરીક્ષણથી ને મનનથી તમારી વિવેકશક્તિ સતત વિકસાવતા રહો.

મળશું / સુરેશ દલાલ

મેળ હશે તો મળશું:
નહિ તો હર્યાભર્યા મારગ પર ઉજ્જડ થઈ આથડશું!
લાખ લોકની લીલામાં લયલીન થઈને,
ભીતરથી તો ભારે ને ગમગીન થઈને,
હોઠ ઉપરના ઇન્દ્રધનુષથી આંસુને આંતરશું!
મેળ હશે તો મળશું.
અને મળ્યાં તો મળી જાય અહીં મેળો,
સાગર થઈ છલકાય સુકાયલ વ્હેળો;
મળ્યાં છતાં નહિ મળ્યાં: વ્યથા એ કેમ કરી સાચવશું?
મેળ હશે તો મળશું.

અમે / (ડૉ.) ચન્દ્રકાન્ત દત્તાણી

તમે જુઓ તે અમે ન સાજન, તમે જુઓ તે તન;
અમે તમારે શમણે ર્હોર્યાં રૂપરૂપનાં વન!
આંખ તમારી જુએ સપાટી,
અમે છુપાયાં તળિયે;
ભીતરને તળ તરો સજન તો
રતન સમાં સાંપડીએ!
અમે ફૂલમાં ફોરમ સાજન, અમે વસન્તી યૌવન;
તમે જુઓ તે છીપ સજનવા, અમે માંહ્યલાં મોતન!
તમે સુણો તે શબ્દ અમે ના,
અમે નીરવ નીતરીએ;
અમે ન રેશમસ્પર્શ, અમે
એકાન્ત ભરી ઊભરીએ!
અમે લહર આંસુની સાજન, અમે છલકતાં લોચન,
ધખધખતી તમ મરુભોમમાં અમે મેહુલા-સાવન!

માયા / યોસેફ મૅકવાન

નહિ તેજ કોઈ નહિ છાયા!
અહીં હવામાં તરતી કેવળ ફૂલગંધની કાયા:
નહિ તેજ કોઈ નહિ છાયા!
તરુવર ફરકે લીલું જાણે પર્ણ-સરોવર છલકે,
લળીલળી ઢળી જતી ડાળીઓ એક થવાને તલખે!
નજર ભોળી ત્યાં સરતી ને આ મનને ઘેરે માયા!
નહિ તેજ કોઈ નહિ છાયા!
વિશાળ નભ આ સૂરજ એકલ વાદળમાં લ્હેરાતો,
પંખી કેરા નાદ નીતરતાં તડકો ભીનો થાતો!
આ સહુથી હું દૂર તો ય ના લાગે આજ પરાયા!
અહીં તેજ અહીં સહુ છાયા!
નથી હવામાં તરતી કેવળ ફૂલગંધની કાયા!

સંવેદના / આઝમ કરીમી

ઝેરનો પ્યાલો ચડાવીને લથડતો હોઉં છું,
જિંદગીની વેદનાઓથી ઝઘડતો હોઉં છું;
.યાદ કરશો ના વસંતી વાયરાઓમાં મને,
પાનખરના પાન પેઠે હું રખડતો હોઉં છું!

પ્રાણીબાગમાં/જશવંત લ. દેસાઈ

• વસંતતિલકા •

જન્મ્યાં હતે સિંહશિશુદ્વય આ કહીંક
કો ગીર-સાસણ તણા વનમાં પ્રગાઢ,
વાત્સલ્ય ખુન્નસની લાલ અભેદ્ય આડ
પૂંઠે શક્યાં ઊછરી હોત, ન કોઈ જીવ
પાસે કદી ય ફરકંત સજીવ, નિત્ય
તાજા મીઠા હરણ-સાબર રક્તમાંસ-
કેરી ઉજાણી, કદી સાહસવીર એકલ
નાખંત વીંખી ધસી સન્મુખ હસ્તીનું દળ!

લંબાવી ભીડી કર નિર્દય વજ્રલોહ
ચોકી કરે પ્રહર આઠ અહીં, હવામાં
દુર્ગંધ માંસ તણી વાસી, પડેલ ખૂણે
ઢોળાયલું જલનું પાત્ર, ન કો મીઠી સ્મૃતિ;
એલે શિશુ ગલૂડિયાં શું, કપાય પ્રાણ:
હા, એમને કુળની હોત લગીર જાણ...

કંકણ રણકે / મનહર તળપદા

• વસંત •

પોલાણમાં નભ તણા રવ કંકણોના
શૂન્યો તણા ઉદરથી રણકી ઉઠંતા;
ચોપાસ ધાસલ ગીતો (ક્ષિતિજેથી દોડી
ઘેરી લઈ અવ મને) ઢળી જાય કો'નાં?
ખૂણે ખૂણે લટકતા પડધા મહીં કો'
આ ઓરડે, ઘમકતું રૂપ ધૂમટાનું
ક્યાંથી ય નીતરી બધું, અવ ક્યારનું યે
ઊગી ગયું છ!
ત્યાં ઊંબરાની પડખે ચહીં બારસાખ
ફર્કી રહ્યા ગવનની પથરાઈ જાતી
લાલાશ ઉષ્ણ સદને સુજ, ને દીવાલો
ખુશીં, પલંગ સઘળાં અવ જાય ર્હેકી
લીલાશ જોબન તણી દૂર અંતરિક્ષે!

બની ગયો / શ્યામ સાધુ

- ગઝલ -

તારી નજરમાં જ્યારે અનાદર બની ગયો,
મંઝિલ વગરનો જાણે મુસાફર બની ગયો.


ફૂલોનું સ્વપ્ન આંખમાં આંજ્યાના કારણે,
હું પાનખરમાં કેટલો સુંદર બની ગયો!

ક્યાં જઈ હવે એ સ્મિતની હળવાશ માણશું?
હૈયાનો બોજ આંખની ઝરમર બની ગયો.

મુક્તિ મળે છે સાંભળ્યું ચરણોના સ્પર્શથી,
રસ્તે હું એ જ કારણે પથ્થર બની ગયો.

મારું મરણ ક્યાં એકલું મારું મરણ હતું?
સંસાર, આંખ મીચી તો નશ્વર બની ગયો.

‘જ્યાંજ્યાં એક વસે ગુજરાતી ત્યાંત્યાં સદાકાળ ગુજરાત’ એ કાવ્યપંક્તિને ચરિતાર્થ કરતા



ઓરિસ્સા નિવાસી ગુજરાતી કર્મયોગી

બાબુલાલ દોશી

‘જોગાનુજોગ જ વળી! નહિ તો ક્યાં ઓરિસ્સા અને ક્યાં ગુજરાતમાં મહુવા પાસેનું મોણપુર ગામ? પણ કર્મભૂમિ તરીકે કટકમાં સ્થાયી થવાનું તકદીરમાં લખ્યું હશે એટલે અહીં સેટલ’ થયા. ગુજરાતની માયા મૂકી દીધી છે. હવે કંઈ જર જમીન-જણસ કશું ય ત્યાં રાખ્યું નથી આ જ માટીમાં મળીશું. ઘણા રંગ જોયા છે, મારા ભાઈ! હવે ઉંમર થઈ’–કહી બાબુભાઈ પાછા કામમાં ડૂબી ગયા.

‘માટીર મણીષ’ ફિલ્મ તરતમાં કટકમાં ‘રીલીઝ’ થવાની છે. હું છેલ્લા પંદરવીસ દિવસથી અહીં છું. જોઉં છું તો નિયમિત સવારે સાડા પાંચે ઊઠીને કામે લાગી જાય છે, તે રાતના અગિયાર લગી. મુંબાઈ રહેલા મારા જેવાને આ ‘ફિલ્મ પ્રોડ્યુસર’ને માત્ર ‘કર્મયોગી’ તરીકે જ બિરદાવવાનું જ સૂઝે એટલા કાર્યરત;—અને અનાસક્ત. નમ્રતા સહજ, ઠોકી બેસાડેલી નહિ. કંઈક કરી નાખ્યાના ગુમાનનો છાંટો ય ન મળે એ ઘડતર અસહકારની ચળવળમાં થએલું.

જન્મતારીખ ૩૧મી મે ૧૯૧૯. મોણપુરમાં, પિતાજીના મૃત્યુ પછી બે માસે તે જન્મેલા, એટલે પિતાની વત્સલ છાયા મળેલી નહિ. કેવળ સાંભળેલું કે મુંબાઈમાં ભૂલેશ્વરમાં પિતાજીની કરિયાણાની દુકાન હતી. મોસાળમાં મોટી મા કેસરબાઇએ ઉછેર્યા. આઠ વરસની વયે માતાની છાયા પણ ખોઈ બેઠા, અને મહુવા કપોળ બોર્ડિંગમાં મૅટ્રિક લગીનો અભ્યાસ કર્યો. બાળપણમાં ખૂબ જ શરમાળ પ્રકૃતિ. અત્યારના બાબુભાઈને એ વખતના બાબુભાઈ જોડે કોઈ સરખાવી ન શકે.

કહે: ‘કશી આશા જ નહિ કે આપણે જીવનમાં કંઈ પણ કરીશું.’ ૧૯૨૯માં સત્યાગ્રહના રંગે રંગાયા. આંદોલનમાં સક્રિય ભાગ લેવો શરૂ કર્યો અને એ આંદોલન જ જીવનની પાઠશાળા બન્યું ગીતો બનાવતા ને જાતે લલકારતા. પ્રભાત ફેરીઓ નીકળતી તેમાં યે ગાતા. ગાંધીજીને પ્રત્યક્ષ ઓરિસ્સામાં ’૩૬–’૩૭ની પદયાત્રામાં મળવાનું થએલું. પછી નોકરી પણ કોરાણે મૂકી. ’૩૪માં ફૂઆને ત્યાં નોકરી શરૂ કરેલી; પણ કંઈ ગોઠે નહિ. વડીલ ભાઇએ ઓરિસ્સામાં કટક ખાતે સોના-ચાંદીનાં ઘરેણાં બનાવવાની દુકાન શરૂ કરેલી ત્યાં બોલાવી લીધા. સાત વરસ એમાં વીતાવ્યાં તે ય છૂટક-તૂટક.

આંદોલનમાં જોડાયા, પણ ગુજરાતી તરીકે ઓળખાઈ જવાના ડરે ‘અંડરગ્રાઉન્ડ’ પ્રવૃત્તિ વધુ સલામત જણાઈ. નાગપુર ઊપડયા; પણ ત્યાં યે કાર્યક્ષેત્ર અનુકૂળ ન નીવડયું, એટલે અમદાવાદ આવ્યા. તાર–ટપાલ–રેલ ઉખેડવી વગેરે પ્રવૃત્તિમાં ક્યાંક અડફેટે ચડી ગયા, એટલે સાબરમતીમાં વરસેકની કેદ થઈ. ’૪૩ની શરૂઆતમાં ત્યાંથી સહયોગીઓ જોડે સંતલસ કરીને નાસી છૂટયા, તે વહેલું આવે કટક! આ બધા ઉધામામાં ક્ષય લાગુ પડયો, એટલે પરાણે મીરજ જઈ બે વરસ ઉપચાર માટે રહેવું પડયું. કટક પાછા તો ફર્યા પણ પોતે માંડેલી નોખી દુકાનમાં ચિત્ત ન ચોંટયું. સ્નેહી મુકુંદભાઇને બધું સોંપી લોકસેવક બન્યા.

કટકમાં પ્રજા સમાજવાદી પક્ષના એ સ્થાપક અને એટલે જ જયપ્રકાશ નારાયણ રામનારાયણ લોહિયા, અરુણા અસફઅલી વગેરેના ગાઢ સંપર્કમાં આવવાની તક મળી. કટકમાં બીજા સહયોગીઓ આવીને મળ્યા અને પ્રવૃત્તિ શરૂ કરી દીધી. ત્યાં પ્રજા સોશ્યાલિસ્ટ પાર્ટીને સંગઠિત કરી ફંડફાળા ઉઘરાવી એ સાંસ્કૃતિક પ્રવૃત્તિ ચલાવતા. એ મંડળ એટલે ‘જન સાંસ્કૃતિક સંઘ.’ એના આશ્રયે નાટકો ભજવતા તેથી ઘણા યે યુવાન કલાકારો આકર્ષાયા. પરંતુ આવી રાજકીય રંગે રંગાએલી પ્રવૃત્તિથી કલાપ્રવૃત્તિ ભિન્ન જ હોવી ઘટે એવો મત કેળવાતાં સાંસ્કૃતિક મંડળ અલગ કરવાનો ઠરાવ પસાર થયો.

આ અરસામાં રંગૂનમાં એશિયન સોશ્યાલિસ્ટ કૉન્ફરન્સ ભરાઈ તેમાં પ્રતિનિધિ તરીકે ગયા. ત્યાંના ધનાઢ્ય ગુજરાતીઓને મળી બધી વાત કરી અને ફંડફાળો ઉઘરાવવો શરૂ કર્યો. પૈસા તો એકઠા થયા, પણ એમ કાંઈ તે ભારતમાં લવાય નહિ; એટલે બર્માના પ્રતિનિધિ ઊ બાશ્વેએ માર્ગ કાઢયો ત્યારે ઊ નૂ મંત્રી હતા. એમણે એ નાણાં પ્રજા સોશ્યાલિસ્ટ પાર્ટીને આપવાનો ઠરાવ કરાવી તે ભારત મોકલી આપ્યાં. અને એમાંથી કટકમાં ‘કલા વિકાસ કેન્દ્ર’ સંસ્થાનો ૧૯૫૨માં જન્મ થયો.

શરૂમાં તો કશું જ સ્પષ્ટ નહિ કે શું કરીશું, અને શું કરવું છે. એટલે રેંટિયો કાંતવાથી માંડીને તે રાહત કાર્ય લગીનું બધું જ ‘સાંસ્કૃતિક પ્રવૃત્તિ’માં સમાઈ જતું. પણ સંગીતને પ્રાધાન્ય આપેલું, એટલે હિન્દુસ્તાની પદ્ધતિના સંગીતનું વ્યવસ્થિત શિક્ષણ આપી શકાય એવો પ્રબન્ધ કર્યો. ઓરિસ્સી નૃત્યનું શિક્ષણ પણ શરૂ કરવાનું વિચારેલું તે હવે અમલમાં મૂકયું. એ દ્વારા તેઓ ઓરિસ્સી નૃત્ય માટે કેવી મોટી સેવાઓ બજાવવાના હતા તેની તેમને કલ્પના પણ ત્યારે નહોતી. ’૫૨માં શરૂ કરેલી એ પ્રવૃત્તિ આજે તો ફૂલીફાલી છે. પણ શરૂમાં તો જ્યાં ઘર હતું ત્યાં જ કેન્દ્ર શરૂ કરેલું. પછી સામેની ચાળામાં બે ખંડ ભાડે લીધા. એમાંથી બે માળનું મકાન ભાડે રાખ્યું. પ્રવૃત્તિ વધતી ચાલી તેમ એમણે બધું જ ધ્યાન એમાં કેન્દ્રિત કરવા માંડયું. પ્રતિજ્ઞા કરી કે દસ વરસ તો એમાં આપવાં જ. સંસ્થાનું સ્વતંત્ર મકાન હોવું જોઈએ એમ લાગતાં બીજાં વ્રતો લીધાં. સ્ત્રીસંગ ન કરવો, પગમાં જોડા ન પહેરવા, સાંજના છ વાગ્યા પછી પાણી ન પીવું વગેરે; અને કઠોરતાપૂર્વક તેનું પાલન કર્યું. લોકો એમની નિષ્ઠાથી (અનુ. પૃ. ૧૩૧)


ઈન્દ્રાસનની બારી

[સોમનાથના પવિત્ર મંદિરનો નાશ કરનાર મહમુદ ગઝનવીના નામથી ભાગ્યે જ કોઈ ભારતવાસી અજાણ હશે. ૧૫મી સદીની મધ્યમાં યુરોપના બાઇઝેન્ટિયમ સામ્રાજ્યની દુર્ગમ રાજધાની કૉન્સ્ટૅન્ટિનોપલ સર કરીને, તેમાંના પરમ પવિત્ર ખ્રિસ્તી દેવાલય 'હાગિયા સોફાયા'નો તુર્ક સુલતાન મહમુદે નાશ કર્યો એ કથા, ક્યારેક ઈતિહાસમાં પુનર્ભાવ પામતા એકસરખા બનાવોનું સાનંદાશ્ચર્ય અનુભવાવી રહે એવી છે. સ્ટીફન ઝ્વાઈગ એ કથાને રસઝરતી શૈલીમાં શબ્દબદ્ધ કરી છે.]

અનુવાદક · શિવપ્રસાદ જોશી

સુલતાન મુરાદના એકવીશ વર્ષની ઉમરના પાટવી પુત્ર મહમુદને એશિયા માઈનૉરમાં ઈ. સ. ૧૪૫૧ના ફેબ્રુઆરીની પાંચમી તારીખે જ્યારે ગુપ્તરીતે સમાચાર સાંપડ્યા કે તેના પિતાનું અવસાન થયું છે, ત્યારે ચતુર અને શક્તિશાળી આ યુવાને સલાહકારો કે વજીરોને એક પણ શબ્દ કહ્યા વિના તાબડતોબ પવનવેગી અશ્વ મંગાવ્યો, ઘોડાની લગામ હાથમાં લીધી, અને બૉસ્ફરસ સુધીનું ૧૨૦ માઈલનું અંતર ઓછામાં ઓછા વિલંબે કાપી નાખીને તે ડાર્ડેનલ્સની સામુદ્રધુની એ ળંગી ગૅલીપોલી પહોંચ્યો. અહીં પ્રથમ જ વાર તેણે વિશ્વાસુ વઝીરને મુરાદના મૃત્યુના સમાચાર આપ્યા ગાદીના બીજા હકદારો ઊભા થાય તો તેમની સાથે હિસાબ સમજી લેવા ચૂંટી કાઢેલી લશ્કરી ટુકડીઓને વિશ્વાસમાં લીધી અને ઍડ્રિયાનોપલમાં વિજયપ્રવેશ કરી, ઑટોમન સામ્રાજ્યના સરનશીન તરીકે પોતાની જાતને જાહેર કરી દીધી ગાદીનશીન થયા પછી કરેલાં તેનાં કૃત્યોમાં જેટલી નિર્ણાયકતા તેટલી જ ક્રૂરતા હતી ગાદીના હરીફોમાં સમર્થ કહી શકાય તેવો તેનો સગો ભાઈ હતો પણ તે સગીર વયનો હતો. તેને નહાવાના હૉજમાં એક હત્યારાની મદદથી ડુબાડી માર્યો. અને એ પાપ ઢાંકવા એટલી જ ખંધાઈ અને નિર્દયતાથી એ હત્યારાને પણ રહેંસી નાખ્યો.

બાઇઝેન્ટિયમમાં તો એ સમાચાર સાંભળીને જ ધાક પેસી ગઈ કે મુરાદના વારસદાર તરીકે ઉચ્છૃંખલ અને મહત્ત્વાકાંક્ષી મહમુદ આવ્યો છે! સૌકોઈ જાણતું હતું કે એ નર્યો કીર્તિભૂખ્યો હતો. પૂર્વીય ખ્રિસ્તી સામ્રાજ્યના એ પાટનગરને જીતવાનો તેનો અભિલાષ જગજાહેર હતો. તેની લશ્કરી તેમજ રાજકીય તાકાત વિષે કોઇને શંકા ન હતી. જેટલો ધાર્મિક તેટલો જ પાશવી, ઊર્મિલ તેટલો જ ચતુર, તથા મહાન રોમનોની વીરતાભરી વાતો લૅટિનમાં માણી શકવા જેટલો સાહિત્યપ્રેમી, તેટલો જ પાણીની જેમ લોહીની નીકો વહાવનાર જંગલી પણ તે હતો. તે મહા કાબેલ સેનાની હતો અને થાકથી કંટાળે નહિ તેવો ક્રૂર પ્રપંચી પણ હતો. તુર્કોના અજેય બળનું યુરોપને સૌપ્રથમ ભાન કરાવનાર તેનો દાદો, અને ત્યાર પછી તેનો બાપ મુરાદ તો ધાક મૂકી જ ગયા હતા. હવે તેનો વારો હતો. તેના જેવા મજબૂત મનોબળના આદમીને, હવે અવશેષ સમા ખ્રિસ્તીઓના બાઈઝેન્ટાઈન સામ્રાજ્યનો મુકુટમણિ હાથવેંતમાં લાગે તેમાં આશ્ચર્ય ન હતું; કેમ કે જે સામ્રાજ્યનો વિસ્તાર એક વખત ઈરાનથી માંડીને આલ્પ્સ સુધી અને બીજી તરફ મધ્ય એશિયાના અફાટ રણપ્રદેશ સુધી પથરાએલો હતો અને જેને પાર કરતાં મહિનાઓ ઓછા પડતા તે આજે સંકુચિત બનીને નામનું રહ્યું હતું: પગપાળા ત્રણ કલાકની મુસાફરી જેટલું જ તેનું કદ રહ્યું હતું;—કહો કે ધડ વિનાનું કેવળ માથું અથવા પ્રદેશ વિનાની કેવળ રાજધાની! સામ્રાજ્યમાં જે કહો તે માત્ર એક કૉન્સ્ટૅન્ટિનોપલ જ હતું. તેનો પણ એક ભાગ શહેનશાહ બેસિલિ-



ચોથી ને પાંચમી સદીમાં મહાન રોમન સામ્રાજ્યના પશ્ચિમ વિસ્તારનો હ્રાસ થઈ ગયો ત્યારે એની પૂર્વ પાંખ હજી પોતાનું ગૌરવ જાળવી રહી હતી. ઈ. સ. ૩૩૦માં કૉન્સ્ટૅન્ટાઇને યુરોપ અને એશિયાને જોડતા વ્યાપારી ધોરી માર્ગોના કેન્દ્ર સ્થાને, કાળા અને ભૂમધ્ય સમુદ્રને જોડતી સાગરપટ્ટી પર આવેલા જૂના બાઇઝેન્ટાઇન નગરને વિકસાવી 'કૉન્સ્ટૅન્ટિનોપલ' નામે પોતાની નવી રાજધાની સ્થાપી 'નવા રોમ' તરીકે ઓળખાતા એ સમૃદ્ધ શહેર તળેનું સામ્રાજ્ય પૂર્વમાં ઈરાનથી પશ્ચિમમાં છેક ઇટલી સુધી પ્રસરેલું હતું. સ્લાવ, મંગોલ, હૂણ અને બલ્ગર પ્રજા સામે લડતા રહી હથી ૧૨મી સદીના ગાળામાં એ સમૃદ્ધિની ટોચે પહોંચેલું. પણ દરમિયાન એશિયા માઇનૉરમાં સેલજુક તુર્કોનો ભય વધી ગયો. એમને મારી હઠાવવા મદદમાં આવેલાં યુરોપનાં ખ્રિસ્તી રાજ્યોએ બાઈઝેન્ટાઇન રાજ્યને પણ દબાવવા માંડ્યું, અને તેરમી સદીમાં જ્યારે ઑટોમન તુર્કોનું વર્ચસ ચારે પાસ વધી ગયું હતું ત્યારે એક કાળનું એ મહારાજ્ય માત્ર કૉન્સ્ટૅન્ટિનોપલ શહેરના વિસ્તાર પૂરતું જ (જુઓ ઉપર જમણી બાજુનો નકશો) સીમિત બની તુર્કો સામે અને રોમન કૅથોલિક સંપ્રદાય સામે છેલ્લા ડચકાં લઈ રહ્યું હતું.





ડાબી બાજુ: રાજા કૉન્સ્ટૅન્ટાઇન;
ઉપર: શાહી સૈન્યસંજ્ઞા સાથે ખ્રિસ્તી
ધર્મસંજ્ઞાની છાપવાળો તેનો એક
મુખ્ય સિક્કો





જસ્ટિનીઅન પહેલા (ડાબી બાજુ)નો ઇ. ૫૨૭થી ૫૬૫ દરમિયાનનો રાજ્ય અમલ બાઇઝેન્ટિયમ સામ્રાજ્યનો સુવર્ણકાળ ગણાય છે. પૂર્વ અને પશ્ચિમ બંને બાજુ વિસ્તરેલા એ સામ્રાજ્યમાં બંને તરફનાં ઉમદા તત્ત્વોનું સંમિશ્રણ થયું એમાં પોષાઈને એક આગવી કળાશૈલી વિકસી. પશ્ચિમની તસવીર કલામાં પૂર્વની રંગભભક ને પાત્રાલેખનની આગવી રજૂઆત ઉમેરાઈ. સ્થાપત્યોમાં સુશોભનોને પણ પ્રાધાન્ય મળ્યું. વાસ્તવિકતા અને ભાવાત્મકતાનું એક સુંદર મિલન થયું. 'બાઇઝેન્ટાઇન' નામે ખીલેલી એ કલા ચિત્રાલેખન, શિલ્પ, સ્થાપત્ય ને શોભનાલેખન-માં વિલસી–વિસ્તરી એટલું જ નહિ, આસપાસના પ્રદેશો પર પણ એની સદીઓ સુધી અસર પહોંચી. રંગીન પથ્થરોની કપચીઓ ગોઠવીને કરેલી બાજુની છબિએ બાઇઝેન્ટાઇન કળાનો એક લાક્ષણિક નમૂનો છે. ઉપર: ઑટોમન તુર્ક મહમદ બીજો. એની એક મુદ્રા પરનું એનું આ સચોટ આલેખન કૉન્સ્ટૅન્ટિનોપલના વિજેતાનું વ્યક્તિત્વ સ્પષ્ટ કરે છે.

યસના કબજામાં હતો અને ચે તરફ તુર્કો ફરી વળ્યા હતા.

બાઇઝેન્ટિયમને ફરતી તોતીંગ વિશાળકાય દીવાલો હતી. અંદર ખ્રિસ્તી દેવાલયો, મહેલો અને રહીસહી વસતિના આવાસો હતા. ધાર્મિક ઝઘડાઓએ શહેરના જીવનને છિન્નભિન્ન કરી નાખ્યું હતું અને એક વખતના પ્રખ્યાત ખ્રિસ્તી સામ્રાજ્યનું આ નામશેષ નગર ધર્મ-ઝનૂની ઈસ્લામના પ્રહારો સામે છેલ્લાં ડચકાં ભરતું પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યું હતું. એના છેલ્લા રાજવી કૉન્સ્ટૅન્ટાઇન (જુઓ મથાળાની તસવીર)ના રાજમુકુટ ઉપર વિધિએ આજે રમત માંડી હતી એક હજાર વર્ષ પુરાણી જાજરલ્યમાન સંસ્કૃતિના અવશેષ સમા બાઈઝેન્ટિયમ-ના શૃંગ આકારના ભૂમિપ્રદેશને તે વખતનું યુરોપ માન અને આદરના પ્રતીક તરીકે ગણી 'સુવર્ણશૃંગ' નામે સંબોધતું; અને પૂર્વ યુરોપમાં અજોડ અને બેનમૂન, ખ્રિસ્તીઓનું સર્વશ્રેષ્ઠ દેવાલય હાગિયા સોફાયા, વિધર્મીઓની આંખમાં કણાની માફક ખૂંચતું.

શહેનશાહ કૉન્સ્ટૅન્ટાઇનને ભયની ગંધ આવી ગઈ હતી. મહમુદે ખાતરીઓ આપેલી છતાં તેણે ચેતીનેઈટલી ખાતે સંદેશવાહકો મોકલ્યા હતા, અને વધુ લશ્કરી મદદ ને સૈનિકો મેળવવા કોઈ પોપ પાસે, તો કોઈ વેનિસમાં, ને જીનિવામાં એમ અલગ અલગ કામગીરીએ લાગી ગયા હતા. રોમ અને વેનિસે ઠંડો જવાબ આપ્યો, કારણ કે ખ્રિસ્તી-ઓમાં પણ પૂર્વ અને પશ્ચિમની પાંખો વચ્ચે વૈમનસ્ય હતું: પૂર્વના ગ્રીકો અને પશ્ચિમના રોમનો વચ્ચે સ્પર્ધા હતી. પોપની આણ બાઇ-ઝેન્ટિયમ સુધી પહોંચતી ન હતી. ભૂતકાળમાં જોકે તુર્કોએ આક્રમણ કર્યું ત્યારે આ બે જૂથ વચ્ચે સમાધાનની ભૂમિકા સર્જાઈ હતી; પણ જેવો આક્રમણનો ભય દૂર થયો કે ધર્મનાં તડાં શરૂ થઈ ગયાં હતાં!

મહમુદ ગાદીએ આવતાં, પૂર્વીય પાંખે ફરીથી રોમનું આધ્યાત્મિક નેતૃત્વ સ્વીકાર્યું. બન્ને પાંખોના આ સુખદ મિલનની યાદ કાયમ રાખવા પોપના પ્રતિનિધિ પોતે સૈનિકો અને લશ્કરી સામગ્રી સાથે બાઈ-ઝેન્ટિયમમાં આવ્યા, જેથી દુનિયાને જાણ થાય કે બહારના આક્રમણ સામે સમસ્ત ખ્રિસ્તી જગત એક બનીને ઊભું છે. ઉત્તુંગ સ્તૂપો અને આરસપહાણનાં શિલ્પોમાં મઢેલા અને હીરામાણેકના ઝળહળતા પ્રકાશપુંજથી શોભતા હાગિયા સોફાયાના પાંગણમાં એક ભવ્ય ધાર્મિક મેળાવડો યોજાયો. રાજા કૉન્સ્ટૅન્ટાઇન ઍલિલિયસ પોતાના રસાલા સાથે હાજર થયો. હજારોની સંખ્યામાં ચોકમાં ભાવુકો એકઠાં થયાં. વેદીની મધ્યમાં પોપના ખાસ દૂત આઈસીડોરસ પ્રાર્થના કરાવવા ઊભા રહ્યા અને હાગિયા સોફાયાના દેવળમાં, ઇતિહાસમાં પ્રથમ વાર, પોપને માટે પ્રાર્થનાસ્તોત્ર ઉચ્ચારવામાં આવ્યાં; લૅટિન અને ગ્રીક બંને ભાષામાં ઈશુ ખ્રિસ્તનું અભિવાદન થયું. ઘડીભર લાગ્યું

કે વર્ષોના વિખવાદ પછી એક ધર્મનાં બે જૂથોને સહકારની અગત્ય સમજાઈ છે. પણ આ બધો બાહ્ય દેખાવ હતો. રોમનો સૂચિત મદદની માત્ર ઉપરઉપરથી જ હા ભણતા હતા. એટલે બાઇઝેન્ટિયમનું ભાવિ તો અંતે તેની પોતાની તાકાતથી જ નક્કી થવાનું હતું.

પુરોહિત ઉપર હુમલો કરવાની યોજના મનમાં રમતી હોય ત્યારે આક્રમણકાર મીઠી જબાનમાં ઉતરામણી વાતો કરે છે. મહમુદે આવી જ રીતે, ગાદીનશીન થયા પછી, શહેનશાહ કૉન્સ્ટૅન્ટાઇનના રાજદૂતને મીઠા મધ જેવા શબ્દોથી આવકાર્યો હતો અને પોતે બૅસિલિયસ અને તુર્કો વચ્ચેની સંધિને માન આપશે એવી ખાતરી આપી હતી; જ્યારે છૂપી રીતે હંગેરિયન તથા સર્બ પ્રજા સાથે તટસ્થતાના કરાર કરી લીધા હતા, જેથી બાઈઝેન્ટિયમ પર આક્રમણ વખતે તેઓ અલિપ્ત રહે.

અત્યાર સુધી તુર્કોના હાથમાં બૉસ્ફરસનો એશિયા તરફનો કિનારો હતો અને આ સામુદ્રધુનીમાં કૉન્સ્ટૅન્ટાઇનનાં વહાણો કાળા સમુદ્રનાં બંદરો તરફ મુક્ત રીતે જતાં. મહમુદે હવે યુરોપના કિનારા ઉપર હિસ્સર ખાતે કિલ્લેબંધીવાળી ચોકી બેસાડી. અહીં જળમાર્ગ સૌથી વધુ સાંકડો હતો. એક જ રાતમાં દસ હજાર માણસોને કામે વળગાડી ત્વરિત પગલાં ભર્યાં. એ તુર્કોએ ખોરાકી માટે અનાજનાં ખેતરો લૂટવા માંડયાં ને ચણતર માટે સેન્ટ માઇકેલના દેવળને તોડી તેના પથ્થરનો ઉપયોગ કર્યો! આ બધું સંચાલન સુલતાને ખુદ પોતાની જ દેખરેખ નીચે કર્યું અને બાઈઝેન્ટિયનો અસહાય સ્થિતિમાં કાળા સમુદ્ર સાથેનો તૂટતો સંબંધ જોઈ રહ્યા. કિલ્લો તૈયાર થતાં જ સામુદ્રધુનીમાંથી પસાર થતાં વહાણો ઉપર ગોળા છૂટવા લાગ્યા. જાહેર કર્યા વિનાની આ લડાઈ હતી. ઈ. ૧૪૫૨ના ઑગસ્ટમાં મહમુદે બાઇઝેન્ટિયમ કબજે લેવાની જાહેરાત કરી અને સાથેસાથે ભરતી પણ શરૂ કરી દીધી. ૧૪૫૩ના એપ્રિલની પાંચમી તારીખે ઑટોમન લશ્કરે આ કમનસીબ શહેરને ઘેરો ઘાલ્યો.

સ્વરક્ષણમાં બાઇઝેન્ટિયમ પાસે માત્ર ફરતી કિલ્લેબંધી રૂપી એક દુર્ભેદ્ય દીવાલ જ હતી ત્રિકોણાકાર એ શહેરની બચાવ-હરોળના ત્રણ સ્તર હતા: શહેરના બે તરફના છેડે પાષાણના ખડકોની કાંઈક નીચી કહેવાય તેવી પ્રથમ હરોળ હતી; એક સુવર્ણશૃંગ બાજુ, ને માર્મોરાના સમુદ્ર પાસે વચ્ચેના ભાગમાં 'થીઓડોસિયસની દીવાલ' તરીકે પં-કાએલી ભારે મજબૂત વ્યવસ્થા હતી રાજા કૉન્સ્ટૅન્ટાઇને રાજધાની બાઇઝેન્ટિયમમાં રાખી ત્યારથી જ, આક્રમણની આગોતરી કલ્પના કરીને, ખુદ ખડકમાંથી જ તેને કોરી કાઢીને ઠેકઠેકાણે સંરક્ષણ વ્ય-વસ્થા યોજી હતી અને વચ્ચે તે પાંચ માઈલ લાંબી હતી, એક પછી એક શહેનશાહોએ આ કિલ્લેબંધીમાં કાંઈ ને કાંઈ ઉમેરો કરી, એક હજાર વર્ષના ગાળામાં તેને અભેદ્ય કવચસમી બનાવી દીધી હતી. આજ સુધી અજેયતાના પ્રતીક સમી આ દીવાલે ધર્માંધો અને અધર્મીઓનાં આક્રમણનો સફળતાથી સામનો કર્યો હતો. પંદરમી સદીના યુરોપનું કોઈ શહેર કૉન્સ્ટૅન્ટિનોપલ જેટલું સુરક્ષિત નહોતું.

મહમુદને આ દીવાલ વિષે તલેતલ માહિતી હતી આજે વર્ષોથી તેના મનમાં એક સ્વપ્ન ઘોળાયા કરતું હતું: અજેયને જીતવાનું, અભેદ્યને ભેદવાનું. જ્યાં તે બેસતો ત્યાં ચોતરફ આ દીવાલના નકશા અને ચીતરામણો પડયાં રહેતાં. દુશ્મનની સંરક્ષણ-વ્યવસ્થા ક્યાં દઢ છે અને ક્યાં નબળી છે, કિલ્લેબંધીમાં ક્યાં ગાબડું પાડી શકાય તેમ છે, જમીનમાં ક્યાં ખાડા અને ટેકરા છે, તેની રજેરજ માહિતી તેની પાસે હતી, અને પોતાના લશ્કરી સલાહકારો સાથે આ બાબત તે ચર્ચા કરતો. તે સૌનો અભિપ્રાય એક જ હતો કે નવાં વિનાશકારી શસ્ત્રો ન શોધાય ત્યાં સુધી એ દીવાલમાં ગાબડાં પડાવાં અશક્ય છે. આથી, અત્યાર સુધી કોઈએ ન કર્યું હોય તે કરી બતાવવા એ કૃત-નિશ્ચયી બન્યો. તેની જરૂરિયાત હતી મજબૂત તોપખાનું, દૂર ગોળા ફેંકી શકે તેવી તોપો અને પથ્થરના વજનદાર સંહારક ગોળા.

યોગાનુયોગ બન્યું એવું કે ઓર્બંસ નામના એક હંગેરિયન કારીગરે મહમુદની મુલાકાત માગી. તે જાતનો ખ્રિસ્તી હતો, પણ પીઢ અનુભવી અને બુદ્ધિશાળી તોપ-કારીગર હતો. પ્રથમ તો પોતાની સેવાઓ શહેનશાહ કૉન્સ્ટૅન્ટાઇનને આપવાનો તેને વિચાર આવ્યો હતો, પણ પોતાની કળાનું વળતર સુલતાન મહમુદ પાસેથી વધુ સારું મળશે એ ખયાલે તેણે વિચાર બદલ્યો અને એવી દરખાસ્ત મૂકી કે અમર્યાદ સાધનો હોય તો તે એવી તોપ બનાવી આપે કે જેનો જોટો દુનિયા આખીમાં ન મળે. સુલતાને પોતાની તિજોરી ઓર્બંસ માટે ખુલ્લી મૂકી દીધી. તેને ઠીક પડે તેટલા કારીગરો રોકવાની છૂટ આપી. ઍડ્રી-એનોપલ બંદરે સેંકડો વહાણોમાં કાચું પોલાદ ઠલવાવા લાગ્યું. ત્રણ ત્રણ માસ સુધી ગુપ્ત પ્રક્રિયાઓ વડે, વિવિધ ઢાળાઓમાં ધાતુના ધગધગતા રસને ઢાળીને, તોપના આ સર્જકે અનેક આકારો સર્જ્યા. પહેલો અખતરો અજમાવી જોવા, તોપના નાળચામાં પથ્થરનો ગોળો મૂકી જામગરી ચાંપી ત્યારે ભયાનક અવાજ સાથે તે છૂટ્યો અને સામેની મજબૂત દીવાલમાં ગાબડું પાડી દીધું. મહમુદે આવી અસંખ્ય જંગી તોપો બનાવવાનો આદેશ આપી દીધો. પથ્થરોનો વરસાદ વરસાવતા આ રાક્ષસી યંત્રના સમાચારે ગ્રીકોને ભયભીત કરી દીધા.

પણ આક્રમણકારોને મૂંઝવતો ખરો સવાલ તો હવે આવતો હતો: કાંસાના ઢાળાની આ વજનદાર જંગી તોપો કૉન્સ્ટૅન્ટિનોપલના પાદર સુધી પહોંચાડવી કેવી રીતે? મહમુદ મૌલિક વિચારોનો સ્વામી હતો. હજારો મજૂરો પાકો રસ્તો બનાવવામાં રોકાઈ ગયા. એક ચોકઠા પર તોપ મૂકી તેની જમણી અને ડાબી બાજુએ પચાસ બળદો જોતરવામાં આવ્યા. તદુપરાંત સંખ્યાબંધ સુતાર અને લુહારનો કાફલો ઓજારો સાથે ઘૂમી રહ્યો, અને પૈડાંમાં તેલ પૂરવા, કામચલાઉ પુલ ઊભા કરવા અને કોઈ મુશ્કેલી આવે તેનું નિવારણ કરવા સેવા આપી રહ્યો મેદાનો, ઢોળાવો ને ટેકરાઓ પર થઇને આ કૂચ જઈ રહી હતી ત્યારે રસ્તાનાં ગામડાં, ખેતરો ને ઝૂંપડાંમાંથી ગામડિયા દોડી જતા અને યુદ્ધના આ દૈત્યને જોઈ તેમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ જતી. થોડા જ સમયમાં આવી એકમે ડઝન વિરાટ તોપો તૈયાર થઈ ગઈ અને તેમનાં લાંબાં કાળાં કરાળ ડાચાં બાઇઝેન્ટિયમની સરહદ તરફ તાકી રહ્યાં.

તોતીંગ તોપો યથાસ્થાને ગોઠવાઈ ગયા પછી તેમાંથી ગણતરીપૂર્વક રોજ ગોળા છૂટવા લાગ્યા. પ્રથમ તો દિવસમાં છ કે સાત ગોળા છૂટતા, પણ ધીમેધીમે સુલતાને તોપખાનામાં અને તોપચીઓમાં ઉમેરો કર્યો. સામેની દીવાલોમાં ગાબડાં પડતાં ગયાં. રાત્રિ દરમ્યાન બાઇઝેન્ટિયમના રક્ષકો લાકડાં, સૂતર અને શણના જથ્થા વડે ગાબડાં પૂરવા અથાક પ્રયત્નો કરતા; પરંતુ શહેરનું રક્ષણ કરી રહેલા આઠ હજાર સૈનિકો બરોબર જાણતા હતા કે પોતાને સુલતાનના દોઢ લાખના સૈન્યનો મુકાબલો કરવાનો છે. ગઢના નિરીક્ષણ-મિનારામાંથી તેઓ હમેશાં પ્રતીક્ષા કરી રહ્યા કે માર્મોરાના સમુદ્રમાં તેમની મદદે યુરોપ-માંથી ખ્રિસ્તી વહાણો આવે છે કે નહિ? આક્રમણ થયા પછી પંદર દિવસે પશ્ચિમની ક્ષિતિજમાં દૂર સઢ દેખાયા અને રક્ષકોને આશા બંધાઈ કે તેમની વહારે મદદ આવી રહી હતી. જીનિવાથી તેમને માટે ખાધાખોરાકીનું એક અન્નજહાજ, ત્રણ યુદ્ધનૌકા વડે રક્ષાઈને આવી રહ્યું હતું. કૉન્સ્ટૅન્ટિનોપલના લોકો ગઢની દીવાલ પર ચડી અન્નદાતા



પશ્ચિમ ઘાટની ઘરણીમાં પૂર્વની ફૂલવેલની ભાતનું સુંદર સંયોજન. બાઇઝેન્ટિન સ્થાપત્ય–શોભનના બે લાક્ષણિક નમૂના

જહાજને સત્કારવા થનગની રહ્યા. મહમુદે આ દૃશ્ય પોતાના તંબૂમાંથી જોયું અને પોતે જ મારતે ઘોડે, તુર્ક નૌકાકાફલાના મુખ્ય અફસર પાસે પહોંચી, મદદ લાવતા જહાજને આંતરવા હુકમ આપ્યો. એકસો પચાસ તુર્ક નૌકાઓ દરિયામાં તૈયાર પડી હતી. થોડી જ વારમાં હજારો હલેસાં પાણીમાં પડતાંની સાથે જ તે બધી પવનવેગે ઊપડી. તેમાંથી થોડે અંતરેથી ગોળા ફેંકી શકાય તેવી રચના હતી.

આ બાજુ સુવર્ણશૃંગના બે છેડા–એટલે ઈસ્તંબુલ અને જિલેટા–એટલા નજીક હતા કે એક સાંકળ વડે તેમને જોડી દીધા હતા. આ સાંકળ ખેંચાય એટલે બંદરમાં કોઈ વહાણ પ્રવેશી શકે નહિ. મદદ લાવી રહેલું વહાણ જો અંદર પેસી જાય અને સાંકળ ખેંચાઈ જાય તો તુર્કોની નૌકાઓ કાંઈ જ ન કરી શકે. બન્ને પક્ષે તીવ્ર હરીફાઈ ચાલી. ચારે જહાજોને અંદર લેવા સાંકળ ઉતારી લેવામાં આવી પણ ત્યાં એક કુદરતી દુર્ઘટના બની ગઈ. અચાનક પવન પડી ગયો અને ચારે જહાજોની ગતિ થંભી ગઈ. તુર્કોની નૌકાઓના ખલાસીઓ આનંદમાં આવી ગયા અને મોટાં જહાજોની લગોલગ જઈ તેને ઘેરી વળ્યા. કેટલાક લંગરની દોરી પકડી ઉપર ચડી ગયા; બીજાઓ કુહાડીના ઘાથી મોટા જહાજનાં પડખાંમાં ગાબડાં પાડવા તથા તેના તૂતક અને શઢ તરફ આગના ગોળા ફેંકવા લાગ્યા. ગ્રીક સૈનિકો અને પ્રજાજનો, પોતાની નજર સામે જ, વહારે ચડનાર કાફલાનો વિનાશ જોઈ રહ્યા.

ચારે ખ્રિસ્તી જહાજોએ ભારે મજબૂત પ્રતિકાર કર્યો પણ તેમનો દારૂગોળો ખૂટી રહ્યો હતો; ઇટાલિયન ખલાસીઓ થાકીને લોથ થઈ ગયા હતા; સૂર્ય અસ્તાચળમાં જવાની તૈયારીમાં હતો; રાત્રિ માથે હતી. તેવામાં ફરીથી ઈશ્વરી ચમત્કાર થયો. જેવી રીતે અચાનક પવન પડી ગયો હતો તેવી જ રીતે શરૂ થયો અને ચારે વહાણોના શઢમાં ભરાવા લાગ્યો. તેમને જીવતદાન મળ્યું અને પૂર્વવત્ ગતિથી તે આગળ વધ્યાં અને થોડી જ ક્ષણોમાં સુવર્ણશૃંગના બંદરમાં પેસી ગયાં. સાંકળ ખેંચી લેવામાં આવી; બાયઝેઇન્ટિમમાં હર્ષનાદો થયા; તુર્ક નૌકા કાફલો અસ્તવ્યસ્ત દશામાં પાછો ફરી રહ્યો.

મહમુદ કેવળ સ્વપ્નદ્રષ્ટા નહિ, પણ સ્વપ્નને આચરણમાં ઉતારી શકનાર કાર્યશીલ આદમી હતો. સુવર્ણશૃંગ વિસ્તારમાં ચાર જહાજો પેસી ગયાં તે તેને ખૂંચ્યું. તેણે એક એવી યોજના ઘડી કે જેની સરખામણી ઈતિહાસમાં હેનિબાલ કે નેપોલિયનનાં સાહસો સાથે જ થઈ શકે. તેની પાસે નૌકાકાફલો તો તૈયાર હતો, પણ ખ્રિસ્તી જહાજો ઉપર સીધો હુમલો શક્ય ન હતો. પેલી બાજુ જીનિવાના તટસ્થ જળવિસ્તારમાંથી આક્રમણની શક્યતા તો હતી, પણ ત્યાં જવાય કેમ? દુશ્મનની પાછળ, જમીન ઉપર થઇને નૌકાકાફલો બીજી દિશામાં ઉતારી શકાય તો જ ફાવી શકાય.

અને ઇતિહાસમાં અજોડ એવું સાહસ મહમુદે આરંભ્યું. લાકડાંનાં રાક્ષસી કદનાં ખોખાં તૈયાર કરાવ્યાં : એકએકમાં એકએક નૌકા સમાઈ શકે તેવાં જંગી! હજારો કારીગરો દિવસરાત રોકીને આવી અસંખ્ય પેટીઓ તૈયાર કરાવવામાં આવી. તે દરેકમાં એકએક નૌકા મૂકીને તેને જમીન માર્ગે ટેકરીઓની પાછળથી, પેલે પાર દરિયામાં ઉતારવાની યોજના કરી. બીજી તરફ દુશ્મનને આની ખબર ન પડે ને તેનું ધ્યાન રોકાઈ રહે તે માટે રાતદિવસ તોપમારો શરૂ કર્યો.

ઘેરાએલા શહેરના લોકો એવી ગફલતમાં રહ્યા કે આક્રમણની પૂર્વતૈયારી રૂપે આ તોપમારો ચાલે છે. વાસ્તવમાં તો રાત્રિના અંધકારમાં સેંકડો નૌકાઓ જંગી પેટીઓમાં પુરાઇને, હજારો બળદે જોતરાઈને, ટેકરી ઓળંગી બીજી બાજુ દરિયાકાંઠે એકઠી થઈ રહી હતી. આ પ્રવૃત્તિ દિવસે સદંતર બંધ રહેતી. અંતે ગુપ્તતાનો જરા પણ ભંગ થયા વિના આ યોજના સાંગોપાંગ પાર ઊતરી: ૨૨મી એપ્રિલની રાત્રે ૭૦ વહાણોનો કાફલો નદીનાળાં ને ખાડાટેકરા ઓળંગી ગયો અને બીજે દિવસે સવારે બાઇઝેન્ટિયમના રહેવાસીઓએ આંખ ચોળીને જોયું કે તુર્ક ધ્વજ લહેરાવતા નૌકાકાફલાએ ખ્રિસ્તીઓના બંદરની આસપાસ મજબૂત ભરડો લઈ, પોલાદી પકડમાં તેને ગળાટૂંપ દઈ દીધી હતી!

સંપૂર્ણપણે ઘેરાએલા આઠહજાર ખ્રિસ્તીઓ દોઢ લાખ મુસલમાનો સામે ઝઝૂમવા યુરોપ તરફ મીટ માંડી બેઠા હતા. પણ તેનો સપર્ક કેમ સાધવો? માર્મોરાના સમુદ્રમાં તુર્ક નૌકાચોકી બેસી ગઈ હતી હા, થોડાક માણસો સાથે એક નાનકડી નૌકા ચોરીછૂપીથી સરકી જાય તો અવ્વલ નંબરનું કામ થઈ જાય. અને ખરેખર, આવી જોખમી સફર ખેડવા, અને યુરોપ સુધી સંદેશો પહોંચાડવા બાર નાવિકો તૈયાર થયા. એ બહાદુર નાવિકોએ તુર્ક વેશ ધારણ કર્યો, નૌકા પર ઈસ્લામી ઝંડો ફરકાવ્યો અને મહમુદના શકરા જેવા ચોકિયાતોની આંખોમાં ધૂળ નાખી, રાત્રિના અંધકારમાં તેમની નૌકા માર્મોરાનો સમુદ્ર અને ડાર્ડનલ્સની સામુદ્રધુની ઓળગી ગઈ!


આ નૌકાના મરજીવા નાખુદાઓ એવી આશા રાખતા હતા કે કૉન્સ્ટૅન્ટિનોપલને મૃત્યુના મુખમાંથી ઉગારવા વેનિસથી મોટો નૌકાકાફલો આવી રહ્યો હશે અને તેનો પોતાને ભેટો થશે. પણ યુરોપ અરસપરસના કલહમાં વ્યસ્ત હતું. ખ્રિસ્તી ધર્મગુરુઓ અને અનુયાયીઓ ઈર્ષાળુ હરીફાઈમાં ડૂબેલા હતા. આપદામાં ઘેરાએલા પોતાના ધર્મબંધુઓની તેમને કાંઈ પડી ન હતી ટચૂકડી નૌકા એક ટાપુથી બીજા ટાપુએ ભટકતી રહી. કોઈ ખ્રિસ્તી નૌકાનો ક્યાંયે ભેટો થયો નહિ. હવે શું કરવું? પાછા ફરવામાં પણ જોખમ હતું અને મૃત્યુદંડની શિક્ષા સામે જ હતી! તેમણે નિશ્ચય કરી લીધો કે જે પોતાને કામગીરીએ મોકલ્યા હતા તે પાર તો પાડવી જ—ગમે તેવા માઠા સમાચાર હોય તો પણ ઘેરાએલા શહેરને તે પહોંચાડવા જોઈએ જ. હૈયે હામ ધરી, નિરાશાને હૃદયમાં સંઘરી તેઓ પાછા ફર્યા; અને ૨૩મી મેએ તેમણે બારામાં ચૂપકીથી પુનઃ પ્રવેશ કર્યો ત્યારે બાઇઝેન્ટાઈનના વતનીઓ તો તેમને ભૂલી ગયા હતા! ગઢ ઉપર ફરજ બજાવતા સૈનીકો નાનકડી નૌકાને આવતી જોઈ આનંદમાં વાવટા ફરકાવવા લાગ્યા. તુર્કોને શંકા ગઈ, અને બનાવટી વાવટા તથા ચિહ્નોવાળી એ હોડીને પકડી પાડવા તુર્ક કાફલો મેદાને પડ્યો : પણ મોડો પડ્યો. નૌકાએ સુવર્ણશૃંગ બંદરમાં પ્રવેશ કરી લીધો અને રક્ષણ કરી રહેલા ગ્રીક લશ્કરને સમાચાર આપ્યા કે આખા યુરોપમાંથી મદદ મળવી અશક્ય છે : ખ્રિસ્તી જગતે બાઇઝેન્ટિયમને છેહ દીધો છે અને તેના કિસ્મત પર છોડી દીધુ છે.



ઉપર: હાગિયા સોફાયા : સમ્રાટ જસ્ટિનિયને ઈ. ૫૩૨માં એ બંધાવેલું. મુસલમાનોએ એને મસ્જિદ બનાવી એની ચોપાસ મિનારતો ચણાવેલી. આજે એ ખ્રિસ્તી અને ઈસ્લામી ધાર્મિક કલાવશેષ તરીકે જળવાએલું છે. (બાજુમાં) હાગિયા સોફાયાનું ભવ્ય વિશાળ અંતરાલ. ચોપાસના ઝરૂખા, કમાનો, અર્ધ ઘુમ્મટો અને નાનીનાની બારીઓને લીધે, મધ્યના વિશાળ ઘુમ્મટ તળેનો અવકાશ એક કેન્દ્રવર્તી છાપ જન્માવે છે.દીવાલ પરનાં અરબી સૂત્રો ઈસ્લામની અસર સૂચવે છે.



છ અઠવાડિયાં સુધી ઘેરો ચાલવા છતાં મચક ન આપી ત્યારે મહમુદની અધીરાઈ વધી પડી. તેણે પોતાના વિશ્વાસુ સેનાપતિઓ અને પાશાઓને બોલાવી ૨૯મી મે નો દિવસ આખરી નિર્ણયાત્મક હલ્લા માટે મુકરર કર્યો, અને ધર્મયુદ્ધને નામે એલાન કર્યું : 'અલ્લાહના નામે હું જાહેર કરું છું કે ખ્રિસ્તીઓનું શહેર આપણા કબજામાં આવશે ત્યારે વિજયી સૈનિકોને ત્રણ દિવસ માટે અમર્યાદ છૂટ આપવામાં આવશે. શહેરની દીવાલો વચ્ચેની જે કાંઈ સંપત્તિ, ધનદોલત, જરજવાહર, સ્ત્રીબાળકો તેઓ ઇચ્છે તેની માલિકી તેમની જ થશે. બાદશાહને તો માત્ર વિજય જ ખપે છે!' ઈસ્લામી સૈનિકોએ આ લાલચુ જાહેરાતને વધાવી લીધી ને સૌના મુખમાંથી 'અલ્લાહો અકબર'ના નાદ નીકળીને



જગતની કલાત્મક સ્થાપત્યરચનાઓ પૈકી એક લેખાતી હાગિયા સોફાયાની સુઘટિત સંયોજના અને તેની વચ્ચે ફેલાએલું મોકળાશભર્યું અંતરાળ દર્શાવતું છેદાલેખન. એના બાહ્ય દર્શન પરથી પણ અંદરની રચનાનો ખયાલ આવી શકે એવી સુંદર એની માંડણી છે.





આકાશને આંબ્યા. આ તરફ ઘેરાએલી પ્રજાને પણ જે ભાવિનું નિર્માણ પોતાને માટે થઈ ચૂક્યું હતું, અને માથે ગર્જતા તોફાની વાદળોમાંથી જે અનિષ્ટ ટપકી પડવાનું હતું તેનો ખયાલ આવી ગયો હતો.

ધસમસી રહેલા વિનાશકારી પ્રલય સામે નાટકનો છેલ્લો અંક શરૂ થયો. દુનિયા આખીમાં જેની કીર્તિ અપૂર્વ હતી તે હાગિયા સોફ્રાયાના ભવ્ય દેવળમાં ઈસુ ખ્રિસ્તના ભક્તો છેલ્લી વાર મળ્યા. સ્ત્રી, પુરુષો, બાળકો સૌકોઈ ત્યાં હતાં. શહેનશાહની ચોતરફ અમીર અને ઉમરાવો હતા; ગ્રીક અને રોમન ધર્મગુરુઓ હતા; બાઇઝેન્ટાઇન લશ્કરની સશસ્ત્ર ટુકડીઓ પણ હતી. હજારો મીણબત્તીના સૌમ્ય પ્રકાશમાં, ભવ્ય દેવાલયના ઉત્તુંગ શિલ્પમઢ્યા સ્તંભો, ખડકની અડગ શાંતિમય અદા-થી, સદીઓના ઇતિહાસનો ભાર વહેતા, એક વધુ કરુણ દૃશ્યના સાક્ષી તરીકે સમયના પ્રવાહમાં અડીખમ ઊભા રહ્યા. ધર્મગુરુઓએ પ્રાર્થના-સૂક્તો ઉચ્ચાર્યાં તેનો બિરાટ પડઘો વિશાળ મેદનીમાંથી પડચો. શહેન-શાહથી માંડીને અદના આદમી સુધી દરેકે ઘૂંટણીએ પડી, નત મસ્તકે ઇસુ ભગવાનને પ્રાર્થના કરી. પૂર્વ યુરોપના ખ્રિસ્તી સામ્રાજ્યના આ-ખરી શ્વાસ ઘૂંટાતા હતા. વિધિ પૂરો થયા પછી શહેનશાહ મહેલમાં પાછા ફર્યો અને નોકરચાકરો સહિત નાનાંમોટાં સૌકોઈની ક્ષમા માગી, એક અશ્વ ઉપર આરૂઢ થઈ, કિલ્લેબંધીનું રક્ષણ કરી રહેલા સૈનિકોમાં ઉત્સાહ રેડવા આ છેડેથી પેલા સુધી ઘૂમી રહ્યો. રાત્રિના ઓળા બાઇ-ઝેન્ટિયમના ભાવિ પર જાણે પથરાઈ ગયા, અને હજારો હૈયાંઓએ ધડકતી છાતીએ નિદ્રાનું શરણું શોધ્યું.

રાત્રિના એક વાગ્યે સુલતાને અંતિમ આક્રમણની લીલી ઝંડી ફર-

(ઉપર) કૅાન્સ્ટૅન્ટિનોપલનો ગઢ—આજે જે રૂપે છે તે રીતે. ઈ. ૪૧૩થી ૪૪૭ દરમિયાન થીઓડોસિયસ બીજાના કાળમાં એ બંધાએલો. બેવડી દીવાલ અને ૯૬ બુરજેવાળા એ ગઢે એક હજારથી યે વધુ વર્ષો સુધી કૅાન્સ્ટૅન્ટિનોપલની સંસ્કૃત દુનિયાનું બહારની જંગાલિયતથી રક્ષણ કરેલું એટલું જ નહિ, મહમુદની ગંજાવર તોપો સામે પણ એણે મચક નહોતી આપી. આજે યે તે આધુનિક ઇસ્તંબુલની એક સીમારેખા સમો ઊભો છે. નીચે: કૅાન્સ્ટૅન્ટિનોપલનો ઘેરો દર્શાવતો કાલ્પનિક નકશો, જેમાં મહમુદે એને ચારે તરફથી કઈ રીતે ભીંસમાં લીધેલું તે બતાવ્યું છે.





સ્લાવ, મંગોલ, હુણ, બલ્ગર અને સેલજુક તુર્કો સામે તેમજ સમાનધર્મી રાજલોલુપતા સામે સદીઓ સુધી ટક્કર ઝીલ્યા પછી આખરે ઈ. ૧૪૫૩માં એક નાનીશી ચૂકને કારણે ઑટ્ટોમન તુર્કો સામે કૉન્સ્ટેન્ટિનોપલ પડ્યું અને રાજધાનીમાં પ્રવેશેલા મહમુદના સૈન્યે જે કતલ અને લૂટ ચલાવી (ઉપરનું ચિત્ર) એનાથી એક સામ્રાજ્યનો સદાને માટે અંત આવી ગયો.

કાવી અને ઇસ્લામી લશ્કર રણભેરી, નગારાં, ઢોલક, ભૂંગળાં અને શંખોમાંથી મિશ્ર યુદ્ધનિનાદ વાતાવરણમાં ફેલાવતું બાઇઝેન્ટિયમ તરફ ઝનૂનથી ધસ્યું. સૌપ્રથમ દોરડાં અને નીસરણીઓ સાથે અનિયમિત દળો મોકલવામાં આવ્યાં. વ્યૂહ એવો ઘડ્યો હતો કે અનિયમિત લશ્કર સાથે લડીને રક્ષકો થાકી જાય ત્યારે ચૂંટેલી નિયમિત ટુકડીઓ યુદ્ધમાં ઉતારી મરણતોલ ફટકો મારી લેવો. રાત્રિના અંધારામાં હજારો નીસરણીઓ લઇને તેઓ ગઢ ઉપર ચડી જવા ધમસાણ મચાવી રહ્યા. સુલતાને એવો હુકમ આપ્યો હતો કે પીછેહઠ કરનારને મોતને આધીન કરવો; એટલે રક્ષણ કરનારા તેમને પાછા હઠાવતા તો બીજી તરફ નિયમિત લશ્કરી દળો તેમની કતલ કરવા તૈયાર હતા. મ ત્ર પથ્થર અને તીરના મારાથી ગઢ નહિ જીતી શકાય તે મહમુદ જાણતો હતો. રક્ષણ કરી રહેલા લશ્કરની ભયંકર નિર્બળતા એક જ હોઈ શકે–

તેમને થકવી દેવાની. અનિયમિત દળોના ઢંગધડા વગરના હલ્લાઓને ખાળવામાં ખ્રિસ્તીઓની સેનાને ચારેકોર દોડાદોડ કરવી પડતી હતી. બે કલાકનું એકધારું યુદ્ધ ખેલ્યા બાદ, રાત્રિના ત્રણ વાગ્યે, બચાવ કરતા લશ્કરની સ્થિતિ વિપરીત બની અને ખ્રિસ્તીઓમાં શ્રમ ને થાકનાં ચિહ્નો જણાયાં ત્યારે મહમુદે ઑટોમન લશ્કરના ચુનંદા શ્રેષ્ઠ સૈનિકોને રણમાં ઉતાર્યા અને પોતે તે વખતના યુરોપના સર્વશ્રેષ્ઠ ગણાતા લશ્કરના બાર હજારનું નેતૃત્વ લઈ અંગરક્ષકો સાથે મોખરે ધસી ગયો.

બાઇઝેન્ટિયમ ઉપરનો ભય પૂર્ણતાએ પહોંચ્યો. આખા શહેરમાં તાકીદનો ઢંઢેરો પીટાવી, શહેનશાહે ઘરડા-યુવાન, સશક્ત-અશક્ત તમામને રણમોરચે એકઠા થવા દર્દભર્યું એલાન ફરમાવ્યું, અને પોતે યુદ્ધમાં આગેવાની લીધી. બન્ને બળિયા વીરતાપૂર્વક ઝઝૂમી રહ્યા શિરને સાટે શિર અને ધડને સાટે ધડ એમ ઉગ્ર આક્રમણ અને પ્રતિકાર થઈ રહ્યાં. એવામાં કોઈના માનવામાં ન આવે તેવી બિના બની.

મુખ્ય હલ્લો જ્યાં કેન્દ્રિત થયો હતો અને જ્યાં રક્ષણ કરનારાઓનો પ્રતિકાર તીવ્ર હતો તે સ્થળથી થોડે દૂર; ગઢની દીવાલમાં ક્યાંયે ગાબડું પડ્યું હોય અથવા સંરક્ષણ શિથિલ થયું હોય તેની શોધમાં ફરતા તુર્ક સૈનિકો ગઢમાં એક સ્થળે એક ખુલ્લી ડોકાબારી જોઈ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા! અહીં શાંતિના સમયમાં સૈનિકોની છૂપી હીલચાલ થતી. દૈવના કોઈ યોગે તે ખુલ્લી રહી ગઈ હતી તેનો ખયાલ બાઇઝેન્ટિયમમાં કોઈને ન હતો! ઇતિહાસમાં અમર બનવા સર્જાએલ 'કર્કાપોર્ટા'નું આ દ્વાર સુલતાન અને તેના આક્રમક સૈનિકો માટે જાણે સ્વર્ગનું દ્વાર બની ચૂક્યું. તેને પ્રથમ તો કાવતરાની શંકા ગઈ: કદાચ લલચાવનારું છટકું ગોઠવ્યું હોય તો કોને ખબર? પ્રથમ એક આખી ટુકડી દ્વાર વાટે અંદર પેઠી અને પછી તો સેંકડોની સંખ્યામાં સૈનિકો દાખલ થઈ ગયા. બાઇઝેન્ટાઇનનું લશ્કર આંખ ચોળીને જુએ તો આગળ અને પાછળ બન્ને બાજુ દુશ્મન!

આ કેમ બન્યું તેની કાંઈ ગડ મગજમાં બેસે તે પહેલાં તો લશ્કરમાં અંધાધૂંધી વ્યાપી ગઈ અને નૈતિક તાકાત તૂટી ગઈ. તૂટી પડતા સામનાને વ્યવસ્થિત કરવા કૉન્સ્ટૅન્ટાઇને મરણિયો પુરુષાર્થ કર્યો; પણ તેમ કરતાં તે પોતે ખપી ગયો અને બીજે દિવસે સૈનિકોનાં શબના ઢગલામાંથી રાજ્યચિહ્નોવાળો તેનો દેહ કોઈએ ઓળખ્યો ત્યારે જ ખબર પડી કે ખ્રિસ્તીઓના પૂર્વીય સામ્રાજ્યનો સિતારો ખરી પડ્યો હતો. કર્કાપોર્ટાના ભૂલથી ખુલ્લા રહેલા દ્વારે કિસ્મતનું વહેણ બદલ્યું; ખ્રિસ્તી ઇન્દ્રાસન ઇસ્લામના હાથમાં જઈ પડ્યું

મહમુદે બોલેલો બોલ પાળ્યો, અને તેના સૈનિકોને બેફામ વર્તનની છૂટ આપી. સૈનિકોએ દેવળો ને મહાલયોમાં ધૂસી જઈ ધનદોલત-સંપત્તિની લૂંટ ચલાવી; સ્ત્રીઓ પર અત્યાચાર કર્યા; બાળકો તેમજ યુવક-યુવતીઓને ગુલામ તરીકે વેચવા સોદા કર્યા; વૃદ્ધ લોકોની કતલ કરી; કલાકારીગીરીના નમૂનાઓ અને શિલ્પ પ્રતિમાઓનો નાશ કરવામાં આવ્યો; સુંદર ચિત્રોના ફાડીને ટુકડા કરવામાં આવ્યા; ગ્રીક સંસ્કૃતિનો અમૂલ વારસો શબ્દદેહે ગ્રંથસ્થ કરવામાં આવ્યો હતો તે તમામ પુસ્તકો અને ધાર્મિક ગ્રંથોની જાહેરમાં હોળી પ્રગટાવવામાં આવી ત્રણ દિવસ પછી, સુલતાન ઘોડા પર બેસી પરાજિત શહેરમાં દાખલ થયો ત્યારે પોતાના જ સૈનિકોએ વેરેલા વિનાશને જોઈ ચોંકી ગયો.

ધીરે ધીરે તે હાગિયા સોફાયાના વિશ્વપ્રસિદ્ધ દેવળ તરફ આગળ વધ્યો. એ ભવ્ય દેવળ, તેના ગગનચુંબી સ્તંભો, મનોહર કમાનો, આરસપહાણ અને અકીકની ફરસબંધી, પથ્થરનાં નાજુક શિલ્પતોરણ ઇત્યાદિ જોઇને સુલતાનને ઈસુના પ્રાર્થનામંદિર તરફ આદરભાવ થયો; પણ બીજી જ ક્ષણે નબળાઈ ખંખેરી, ઇમામને બોલાવી, કુરાનમાંથી પ્રાર્થના બોલાવી; અને દેવળમાંથી તમામ ખ્રિસ્તી ચિહ્નો તોડીફોડી ભૂંસી નાખી, કારીગરોને બોલાવી, રાતોરાત દેવળનું મસ્જિદમાં રૂપાંતર કરી નાખ્યું. એક હજાર વર્ષોથી જે દેવાલયે જીસસ ક્રાઈસ્ટની શીતળ હૂંફથી માનવજાતને સાંત્વન આપ્યું હતું તે હતું-નહતું થઈ ગયું. બાઇઝેન્ટિયમની સંસ્કૃતિ ભૂતકાળની ગર્તામાં વિલીન થઈ ગઈ.

આ સમાચાર રોમ, જીનિવા, વેનિસ, ફ્લૉરેન્સ, પારી(સ) અને પશ્ચિમ યુરોપમાં ફરી વળ્યા ત્યારે જ ખ્રિસ્તી જગતને ભાન થયું કે કર્કાપોર્ટાના વિસ્મૃત દ્વારમાંથી બાઇઝેન્ટિયમમાં પ્રવેશ કરનાર બળે, માત્ર કૉન્સ્ટૅન્ટિનોપલ નહિ, પણ સમગ્ર ખ્રિસ્તી ધર્મના મૂર્તિમંતદેહ પર ખીલો ઠોકી દીધો હતો અને તેમાંથી નીતરતા લોહીનાં છાંટણાંથી તમામ ખ્રિસ્તીઓ રંગાઈ ચૂક્યા હતા!

અનુસંધાન] **ડુંગરા દૂરથી રળિયામણા** [પૃ. ૧૪૭થી

માટે ધીરજ જોઈએ, પોતાના દેશ ખાતર થોડું ખમી લેવાની ભાવના તથા શક્તિ જોઈએ, અને સુખચેનનાં થોડાં સાધનો વગર ચલાવી લેવાની તૈયારી જોઈએ. જો આટલું હોય તો સ્વદેશમાં રહેનારને ભલે જુવાનીમાં નહિ પરંતુ મોટપણે તો જરૂર ફળદાયી નીવડે છે.

એમ્પ્લૉયમેન્ટ એક્સ્ચેઇન્જના કર્મચારીઓ સાથેની વાતચીત બાદ મને થયું કે પરદેશ નોકરી માટે ધસી આવતાં પહેલાં આપણા યુવાનો જરા બે ઘડી શાંત ચિત્તે બધાં પાસાં વિચારીને પગલું ભરે તો કેવું સારું! છતાં જો એમને વિલાયત નોકરી માટે જવું જ હોય તો એ અંગે એમણે અગાઉથી પૂરતી તપાસ કરવી જોઇએ. અંગ્રેજીમાં સહેલાઇથી વાતચીત કરતાં શીખવું જોઈએ અને અંગ્રેજોની રહેણીકરણી તથા રીતરિવાજથી પૂરા વાકેફ થવું જોઈએ. થોડા વર્ષના અનુભવ માટે વિલાયત જવું ઉત્તમ છે, પણ સ્વદેશ છોડીને કાયમને માટે ત્યાં રહેવું એ મારે મન તો સાપે છછુંદર ગળ્યા જેવું છે.

અનુસંધાન] **આગની તપાસ** [પૃ. ૧૩૫થી

ઇત્યાદિ ઘરમાંથી મળવી શક્ય એવી ચીજો છે. તેની ઉપર આંગળાંની છાપ, તેમાંથી તાજેતરમાં કેટલો વપરાશ થયો છે તે વગેરે જાણી લઈ ગુનાની તપાસ કરી શકાય છે. ત્યાં રહેતાં—કામ કરતાં માણસોને અલગઅલગ પૂછી લઈ આ વસ્તુઓ ઘરમાં કેટલી હતી અને કેટલી વપરાઈ હતી તે ચોક્કસ જાણી લઈ તે પછી મળેલી વસ્તુઓ કેટલી બાકી રહી છે તેની સાથે સરખાવી લેવી જોઇએ. જો તેમાં ગણનાપાત્ર ફરક આવતો હોય તો ગંભીરતાથી તેની તપાસ કરવી જરૂરી બને છે.

ધુમાડાથી કાળી પડેલી જગ્યાઓની પણ ગુનાશોધકે તપાસ કરવી જોઇએ. તેમાં જે પદાર્થ બળ્યો હોય તેની વાસ વિશેષ આવે છે. પીંછાં, ઊન, વાળ વગેરે બળ્યાં હોય તો સલ્ફર જેવી તથા પેટ્રોલ ઇત્યાદિ બળ્યાં હોય તો તેની વાસ તેમાં આવતી જ હોય છે. લાકડું, કાપડ કે ઘાસ બળ્યું હોય તો તેની અલગઅલગ વાસ આવે છે. અનુભવે તે જાણી શકાય છે, અથવા શક પડતી વસ્તુઓ બાળી તેની ગંધ સાથે આ મેશ કે ધુમાડાવાળી જગ્યાની વાસ સરખાવી શકાય છે. વળી, મેશની રાસાયણિક તપાસ પરથી પણ બળેલા પદાર્થોની માહિતી મેળવી શકાય છે, જેના પરથી આગ પ્રકટાવનાર ચીજ વિષે જાણી શકાય છે.

આમ મૂળ આગ જ્યાંથી લાગી હોય તે સ્થળનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે તો આગનું કારણ જાણી શકાય અને પછી એ માર્ગે અન્ય પુરાવા મેળવી શકાય. વીમા કંપનીઓ, ઉદ્યોગોના સલામતી અધિકારીઓ, ગુનાશોધકો તેમજ સામાન્ય જનતા માટે પણ આગનો બનાવ સરખા હિતની વાત હોઈ દરેકે તેની તપાસમાં રસ દાખવવો જોઈએ. જાહેર સલામતી માટે પણ એ જરૂરી છે.

☆ રવિશંકર રાવળ ☆ જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક-૭૨



ગજુ અને તેનાં બા · સ્કેચ ઈ. ૧૯૧૬

૩૪૯ 'વીસમી સદી'નો સાહિત્યયજ્ઞ

અમે 'રૂમવાળા' થયા, એટલે સગાંસંબંધી ને મિત્રોમાં મોભો વધ્યો, પણ ખર્ચની ભીંસ વધવા લાગી. હું કાંઈ ને કાંઈ થોડી આવક કરવા મથતો હતો, તેમાં સ્કૂલમાંથી જાણવા મળ્યું કે મને એક વર્ષ માટે માસિક રૂ. ૧૫ની સ્કૉલરશિપ મળી છે તેમજ આગલી પરીક્ષાનું મારું સંયોજન-ચિત્ર શાળાના રિપોર્ટમાં છપાયું છે.

દર રવિવારે હું નિયમિતપણે હાજીના મકાન પર જતો. ત્યાં જાણ્યું કે લડાઈ તો હજી ઘણાં વર્ષ ચાલશે; પણ ઇંગ્લૅન્ડથી પહેલા વર્ષ પૂરતાં પૂઠાં છપાઈને આવી ગયાં હતાં, એટલે હવે તો ગમે તે ભોગે સામી મોંઘવારીમાં પણ માસિક બહાર પાડવું જ એવો નિશ્ચય કરી તેમણે પહેલો અંક પ્રેસમાં મોકલી દીધો હતો અને એ અંકની આખી અનુક્રમણિકા સાથેની જાહેરખબર 'ગુજરાતી' પત્રમાં આપી દીધી હતી. તેનાં પ્રૂફ તેમજ છપાએલાં ફૉર્મ મને બતાવતાં 'કેમ લાગે છે?' એ તેમનો પહેલો જ પ્રશ્ન હોય. હું તો પહેલા જ અંકમાં મારાં ચિત્રો અને સાથે જ 'ચિત્રકાર: રવિશંકર રાવળ' છપાએલું જોઈ મનમાં ખૂબ ક્ષોભ અનુભવતો: 'હવે શું થશે? મારું નામ જાહેર તો થશે; પણ મારી યોગ્યતા શી કે હું પ્રસિદ્ધિમાં આવું? હજી તો મારી સાધનાની શરૂઆત છે. પણ હાજી કહેતા કે તમે નાહક ગભરાઓ છો. આ રીતે જ તમે શીખતા જશો, કામનો હેતુ અને ગંભીરતા સમજતા જશો, ખામીઓ જાણતા રહેશો અને નવાં ધોરણો માટે પ્રયત્ન કરશો.'

૧૯૧૬ના એપ્રિલમાં 'વીસમી સદી' બહાર પડ્યું તેમાં 'અમારા ચિત્રકારો'ની યાદીમાં હાજીએ મારા ગુરુતુલ્ય ધુરંધર, મુલર, માળી વગેરેની નોંધમાં મારું નામ પણ મૂકી દીધું હતું. એમણે જાહેરાતોની એક અનોખી પ્રથા શરૂ કરી હતી: 'વીસમી સદી'ના પહેલા જ અંકમાં આગામી અંકની સામગ્રીની પણ સળંગ યાદી આપી તેની આગાહી કરીને વાચકોમાં આગોતરું આકર્ષણ જમાવી દીધું હતું. લોકોને અને લેખકોને ખાતરી થઈ કે આ માસિક કોઈ તાત્કાલિક તમાશો નથી પણ કોઈ નવી ચિરંજીવ સાહિત્યસાધનોનો યજ્ઞ મંડાયો છે. હું એ યજ્ઞમાં વણાઈ ચૂક્યો હતો.

૩૫૦ કૌટુંબિક ઉપાધિ

મારી પત્નીએ ઓરડીનો ઘરસંસાર સંભાળી લીધો હતો. ધીમે-ધીમે બાજુની ઓરડીવાળી સ્ત્રીઓનો પરિચય વધારી લીધો હતો અને એકાદ સાથે બેનપણું સાધ્યું હતું. કુટુંબથી વિખૂટા પડી મુંબાઈમાં વાસ કરનાર લગભગ દરેક ઓરડીવાળો નોકરીઓ પર નભતો, પણ કેટલાકે તેમાં સારી સગવડો—જેવી કે હીંચકો, કબાટ વગેરે વસાવી લીધાં હતાં. આમાંનું કશું અમારે ત્યાં ન હતું. મારે દસ વાગ્યે જમીને આર્ટ સ્કૂલમાં જવું; જેભ ઈનું બાર વાગ્યા પછી આવવું ને જમીને જવું; તે પછી બાળકની દેખભાળમાં મારી પત્નીનો દિવસ વીતી જતો. સાંજે આવી મારે કંઈક કામ કરવાનું હોય. અમે ફરવા કે મોજ કરવા ભાગ્યે જ સમય, સંજોગ કે ખર્ચની સગવડ પામતાં.



ગજુ: આઠ માસનો

એવામાં બાળક ગજુને પાછળ ગરદન ઉપર ખોપરીના ભાગમાં લાલ ગૂમડું ઊપડ્યું. તે વધતું જ ચાલ્યું અને નાના દાડમ જેવડું થઈ ગયું! લોકો કહે આ રતવાનું ગૂમડું છે, ને આંખ પર ન આવતાં પાછળ નીકળ્યું છે. ભાવનગરમાં આવું બને તો વડીલો સંભાળી લેતાં અને પિછાનના ડૉક્ટરો કે વૈદ્યોની સહાય-સલાહ મફત અને એકદમ મળતી. અહીં તો દૂર જવા માટે ગાડીના ખર્ચ અને ડૉક્ટરની ફી ઉપરાંત વખતનો વ્યય ઊભાં જ હતાં. મારી જ સામે રસ્તા પર ડૉ. નવલકરનું પાટિયું હતું, એટલે મધ્યમ માર્ગ સ્વીકારી એ ડૉક્ટરને ત્યાં હું તેને તેડીને ગયો. જોઈને તેણે કહ્યું કે ગૂમડું ચીરવું પડશે. હું તો હબકી ગયો. પણ ગૂમડું વધતું જ હતું અને બાળક પીડાતો હતો. રવિવારે તેણે છરી મૂકી બધો જ બગાડ કાઢી નાખ્યો. પછી પાટાપીંડી શરૂ થઈ. લગભગ પંદર દિવસે રૂઝ આવી ત્યારે ડૉક્ટરે રોજના આઠ આના અને છરી મૂકવાના ત્રણ રૂપિયાનું બિલ આપ્યું. એ વખતે પણ મને એ બિલ મારા ગજા કરતાં વધારે લાગ્યું હતું. ડૉક્ટરને મેં રાહત આપવા વિનતિ પણ કરી હતી; પરંતુ તેણે કહેલું કે કાપ મૂકવાના રૂ. ત્રણ છેવટના જ છે, અને તે જરાયે વધારે નથી. મેં આ પહેલાં કદી ધંધાદારી ડૉક્ટર પાસે દવા કરાવી કે કરાવડાવી નહોતી. ભાવનગરમાં તો ધંધાદારી પાટિયાંવાળા ડૉક્ટરો જ નહોતા. કોઈ દરદીને ઘેર દાક્તરની જરૂર પડે તો દરબારી દવાખાનાંના દાક્તરો એક રૂપિયો ફી અને નોકર તથા ઘોડાગાડીના ચાર કે છ આના લેતા. દવા તો દરબારી દવાખાનેથી મફત મળતી. છતાં કેટલાક વેપારી વર્ગે, દવા બરાબર અને વહેલી મળે તે માટે કમ્પાઉન્ડરોને ખાનગી રીતે દર્દી દીઠ રૂપિયો આપવાનો ચાલ કર્યો હતો.

૩૫૧ કલાવર્ગના સાથીઓ: દમન મહેતા અને ફર્નાન્ડિઝ

ગજુનો પાટો ચાલ્યો તે દરમ્યાન તેને રોજ રાત્રે સુવાડવા માટે ખભે લઈને ચાલીમાં બાર વાગ્યા સુધી હું આંટા મારતો. ઉનાળો આવવા માંડ્યો તેમ અંદર ગરમી વધતી ચાલી. માંકણ પણ હતા એટલે મને ઊંઘ જેવીતેવી જ મળતી, છતાં આર્ટ સ્કૂલના અભ્યાસમાં ઉપર રહેવાનો મારો પ્રયત્ન સખત જ રહેતો. અતિશય થાક જણાય કે આંખ ઘેરાય ત્યારે રિસેસના વખતમાં વર્ગોની વચ્ચેના મોટા પડદા









કળાશાળાના સમકાલીનો ડાબી બાજુથી : ડામરલા રામરાવ નરહરિ પાવનજી દેવલાલીકર (ઉત્તરકાળની તસવીરમાંથી) અને દમનલાલ મહેતા (સ્કેચ)

પાછળ અરધો કલાક આરામ મેળવી લેતો. વર્ગમાં તો મિનિટે મિનિટ મારું કામ કે સ્કેચિંગ ચાલુ જ હોય. તેમાં સૌ કરતાં વધુ ગુણવાળું ને જથ્થાબંધ કામ હું ખેંચતો. મારા સાથીઓ કલ્પી કે પામી ન શકતા કે તેમની વચ્ચે બે બાળકોનો પિતા બનેલો એક વિદ્યાર્થી સ્પર્ધા કરે છે. એ વખતે ઘણે ભાગે બહુ જ થોડા વિદ્યાર્થીઓ ઉપરના વર્ગ સુધી પણ પોતાના અભ્યાસ અને જીવનધ્યેયમાં સભાન જણાતા. તેથી મારો મનમેળ કોઈની સાથે સધાયો નહિ. સૂરતના એક ભાઈ દમન મહેતા ગુજરાતી હતા. તે હમેશાં કોટ પાટલૂન અને સોલા હૅટ કે કાળી ટોપી પહેરી આવતા. તે ખૂબ મજા ઉડાવતા ને લહેરી બની ફરતા. હું તેમની વાતો ચાલે તે દરમ્યાન તેમને મૉડેલ બનાવી સ્કેચો કરતો.

બીજા એક ભાઈ હતા મિ. ફર્નાન્ડિઝ. તે મુંબાઈના જ હતા અને ધોબીતળાવ પાસે રહેતા, બહુ જ સાદા, સીધા, સૌમ્ય અને ઉદ્યમશીલ વિદ્યાર્થી હતા. પોતાનાં અભ્યાસચિત્રો તે બહુ જ ચીવટ અને ચોકસાઈથી કરતા અને બીજાઓ સાથે વાતચીત કે તડાકામાં પડતા નહિ. પણ તેનામાં કલ્પનાશક્તિ નહોતી. મને પણ તેની અભ્યાસશીલતા માટે માન થતું, પણ ચિત્રયોજનામાં તે ફાવતા નહોતા. માનવ-આકૃતિ પરથી તે એટલાં સારાં ચિત્રો ઉતારતા કે એમ પણ લાગતું કે સ્કૂલના છેવટના પરિણામે તે જ શ્રેષ્ઠ રહેશે. એ વર્ષે અમે અમારા પ્રાધ્યાપકો અને પ્રિન્સિપલ તથા તેમનાં પત્ની સાથે ગ્રૂપ-ફોટો પડાવ્યો હતો.

૩૫ર પાવનજી, રામરાવ અને દેવલાલીકર

કળાની ચર્ચા, ઇતિહાસ, સંસ્કાર કે પ્રગતિના વિચારો મને પુસ્તકોમાંથી પ્રાપ્ત થતા, પણ તેની વિવેચના કે વાર્તાલાપ કરનાર સોબતી મારા વર્ગમાં કોઈ જ નહોતા. એક પારસી બહેન હતાં તે અચૂકપણે મારી રીતભાતનાં પ્રશંસક હતાં, પણ શાળા તો પેન્સિલ અને રંગનાં ઘૂંટણ સાથે પૂરી થાય એમ માનતાં. એવામાં અમારી બાજુના ચોથા વર્ષના વર્ગમાં મેં એક નવીન આગંતુક જોયો. તે ઊંચો ને સુરૂપ, સ્વચ્છ ને સફેદ હાફકોટ-પાટલૂનમાં સજ્જ કન્નડ યુવાન હતો. હું રોજ આવતાંજતાં તેના વર્ગમાંથી પસાર થતો એટલે તેના વિષે મારી જિજ્ઞાસા વધી. તે બહુ જ વિનયી હતો. વિદ્યાર્થિનીઓમાં પણ ચાર પારસી બહેનો જ હતી. ગુજરાતી કે દક્ષિણીનું નામ નહિ. દક્ષિણી વિદ્યાર્થીઓ પણ બહુશ્રુત કે અભ્યાસી નહિ, એટલે સ્ત્રીઓ સાથે વાત કરતાં અલ્લડ થઈ જતા. પારસી બહેનો પણ તેમની સાથે વાત કરતાં સંકોચાતી. પાવનજીની સલૂકાઈ અને વિવેકને લઈ તેની સાથે તેઓ અંગ્રેજીમાં જ કંઈ વાત કરતી હોય ત્યારે બીજા વિદ્યાર્થીઓ થોડું ટીખળ કરતા. તે વખતે પાવનજીના ચહેરા પરનો પુણ્ય પ્રકોપ હું જોઈ શકતો.

આ વિદ્યાર્થી એકાએક ચોથા વર્ષમાં કેવી રીતે પ્રવેશ પામ્યો તેની શોધ કરતાં મેં જાણ્યું કે તેના પિતા ગોપાળરાવ પાવનજી વર્ષો પહેલાં ધુરંધર વગેરેના સહાધ્યાયી હતા. પિતા પાસે તેણે થોડો અભ્યાસ કરેલો. તેની ભલામણ લઈ તે આવેલા અને પછી થોડા જ વખતમાં એક નિષ્ઠાવાન અભ્યાસી તરીકે તરી આવ્યા હતા. મેં તેની સાથે એક વાર વાત કરી જોઈ તો જાણ્યું કે તે પણ બહુશ્રુત ને સંસ્કારપરાયણ યુવક છે. તે પછી અમે વારંવાર મળતા અને મિત્રભાવ અનુભવતા.

એ જ અરસામાં થોડા વખત પછી એક વાર બપોરની રિસેસ વખતે નીચેની પરસાળમાં બાંકડા ઉપર સુંદર વાંકડિયા વાળવાળો પિછોડી કફની ને ધોતીવાળો એક સુંદર આંધ્ર યુવક હાથમાં ચિત્રોનો પોર્ટફોલિયો રાખી બેઠેલો જોયો. મેં સભ્યતાથી તેને પૂછતાં તેણે જણાવ્યું કે તે રાજમંદ્રીની કૉલેજના પ્રિ૦ ફુલ્ડેની ભલામણચિઠ્ઠી સાથે પ્રિન્સિપલ બર્ન્સને મળી સ્કૂલમાં દાખલ થવા આવ્યો છે. મેં તેના આણેલાં ચિત્રો જોવા માગ્યાં તો મારી અજાયબી વચ્ચે નિસર્ગદર્શનમાં પાકી નજરવાળો ને રસિકતાવાળો ચિત્રકાર પહેલી જ વાર જોવા મળ્યો એમ લાગ્યું. તેનાં ચિત્રો સ્વાભાવિક અનુભવે, કોઈ રંગબેરંગી શૈલીએ નાના કાગળો પર પણ સુરેખ આલેખનમાં થયાં હતાં. માનવ અને મનુષ્યના આલેખનમાં તેનો સંચાર હજી થયો ન હતો. પણ તેની કલાકારવૃત્તિથી મુગ્ધ થઈ ગયો.

પછી જાણ્યું કે એ વિદ્યાર્થી—ડી. રામરાવ—ને મિ. બર્ન્સે એકદમ ત્રીજા વર્ષમાં દાખલ કરવા હેડમાસ્તર ધુરંધરને આજ્ઞા આપી હતી. આ બાબતે શિક્ષકોમાં કચવાટ થએલો, પણ તેણે થોડા જ વખતમાં મિ. બર્ન્સ પાસેથી સર્ટિફિકેટ મેળવ્યું કે તે આ ચિત્રશાળાને યશ પ્રાપ્ત કરાવે તેવો તેજસ્વી વિદ્યાર્થી બનશે.



સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ (મુંબાઈ)માં ઈ. ૧૯૧૬માં છેલ્લા (ડિપ્લોમા) વર્ગના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે આચાર્ય ખુરશીમાં: ડાબી બાજુથી (૧) મિસ ? (૨) શ્રી અગાસકર (૩) મિસિસ બર્ન્સ (૪) આચાર્ય નિ. સેસિલ એલ. બર્ન્સ (૫) હેડમાસ્તર શ્રી ધુરંધર (૬) શ્રી તાસ્કર (૭) મિસ કાપડિયા; પાછળ ઊભેલા: જમણી બાજુથી (૧) શ્રી રાવ (૨) શ્રી દમનલાલ મહેતા (૩) શ્રી રવિશંકર રાવળ (૪) ? (૫) ? (૬) શ્રી ફર્નાન્ડિઝ, તેમની પાછળ ડાબી બાજુએ શ્રી ચુડાસમા અને જમણી બાજુએ રાનડે.

બન્યું એવું કે, કોટમાં આવેલી ઇમ્પીરીઅલ હોટેલમાં, જ્યાં તેણે મુકામ કર્યો હતો ત્યાં જ, ભાવનગરના મારા મિત્ર મનુભાઈ બધેકા કૉમર્સ કૉલેજના વિદ્યાર્થી તરીકે વાસ કરતા હતા. તેને મળવા હું ગયો ત્યાં મેં રામરાવને જોયા, અને સ્કૂલનો પરિચય યાદ કરાવી એ બંનેની વચ્ચે મૈત્રી ઊભી કરી. મનુભાઈને ગાન પ્રિય હતું અને રામરાવને પણ ઘણી સુંદર હલકથી આંધ્ર ગીતો ગાતાં આવડતાં. આ કારણે તેમની મૈત્રી ઝડપથી ગાઢ બની અને થોડા વખતમાં રામરાવે તેના ખંડમાં જ પોતાનો મુકામ ફેરવી નાખ્યો. એ બન્ને સાથે નાટકો જોવા જતા. મને પણ એ બન્ને સાથે જ મળતા. મનુભાઈએ રામરાવને કેટલાંક ગુજરાતી ગીતો પણ શીખવ્યાં હતાં. તેની હલક મને એટલી ગમતી કે હું તેને મળતો ત્યારે એક ગીત અવશ્ય ગવડાવતો.

એના જ વર્ગમાં ઈંદોરથી શ્રી દેવલાલીકર ટપકી પડયા. એ ભાઈ પાકા થીઑસૉફિસ્ટ, એટલે કળા અને સંસ્કારના ખરેખરા ભક્ત-ગ્રૅજ્યુએટ થઈને કલાશાળામાં આવેલા પ્રથમ વિદ્યાર્થી તે હતા. એણે તો રસ્કિન વાંચી નાખેલો. ઇંગ્લૅન્ડના ચિત્રકારોનાં નામો, ગુણો અને કૃતિઓ વગેરે જાણે, પણ વર્ગમાં કોઈ સહધર્મી ન મળ્યો. રામરાવ પાસેથી મારું નામ જાણી તે પોતે જ મને મારા વર્ગમાં આવી મળ્યા. એ ઘણા ઊર્મિશીલ અને કલ્પનાપ્રધાન જીવ હતા. તેમણે શાળામાં આવતાં પહેલાં દેવદેવતાઓનાં સરસ ચિત્રો કરી નાખેલાં, અને ચિત્ર સાથે ધર્મભાવના અને સાહિત્યસંસ્કારનો પાશ મેળવતા. મારા થકી તે નરહરિ પાવનજીનો પણ સંગ પામ્યા. પછી તો રિસેસમાં અમારી ત્રિપુટી બાગમાં એક ખૂણો જોઈ બેસી જતી અને કળાની ઉચ્ચતમ વાર્તા ચર્ચાનો આનંદ લેતી. દેવલાલીકર તો ભાવાવેશમાં કહી દેતા કે આપણે ઇંગ્લૅન્ડના પ્રી.-રાફેલાઈટ જેવા બનીશું, ભારતીય કળા અને ભારતીય સંસ્કારોની પ્રતિષ્ઠા કરીશું. (ચાલુ)

[સુધારો: ગયા હપતામાં શરૂઆતની ચોથી લીટીમાં 'મારા પિતાના મિત્ર વકીલ દેવશંકર' લખાયું છે તે સ્મૃતિદોષ છે. દેવશંકર એમના પિતાનું નામ હતું; એમનું નામ ઈશ્વરલાલ—ઈશ્વરલાલ દેવશંકર]







કળાશાળાના છેલ્લા વર્ષ (૧૯૧૬)માં સીધેસીધા રંગમાં કરેલા સ્કેચ

બાબુલાલ દોશી (અનુસંધાન પૃષ્ઠ ૧૧૯થી) મુગ્ધ થયા. સંસ્કારી ઘરનાં ભણેલાં સ્ત્રી-પુરુષ-કુટુંબોએ, કન્યાઓને નૃત્યસંગીતની તાલીમ મળે તે સંસ્કારખીલવણી માટે જરૂરનું છે એમ સમજી, કેન્દ્રના વર્ગોમાં મોકલવા માંડી. બાળકોના કિલ્લોલથી કેન્દ્ર ગાજી ઊઠ્યું.

દિલ્હીમાં ’૫૮માં પહેલવહેલો ‘ઑલ ઈન્ડિયા ડાન્સ સેમિનાર’ યોજાયો, એમાં કેન્દ્ર તરફથી ઓરિસ્સી નૃત્યનું ‘ડેમૉન્સ્ટ્રેશન’ કુ. જયંતી ઘોષે રજૂ કર્યું. બાબુભાઈ બધી મંડળી લઈને આવેલા. કવિચંદ્ર કાલીચરણ પટ્ટનાયકે નિબંધ રજૂ કરી એ નૃત્યની શાસ્ત્રીયતા સિદ્ધ કરી એથી તો પરિષદમાં ધાંધલ મચી ગઈ. આટઆટલાં વરસથી ભરતનાટ્યમ્, મણિપુરી, કથક અને કથકલી એ ચાર જ પ્રકારો શાસ્ત્રીય ગણાતા આવ્યા છે, એમાં આ વળી ‘કિમ ઇદમ્ યક્ષમ્?’—આ શું તૂત છે? ઓરિસ્સી શાસ્ત્રીય નૃત્યપ્રકાર હોય તો અત્યાર લગી કેમ પ્રકાશમાં આવે નહિ?—વગેરે પ્રશ્નો ઊઠ્યા.

બાબુભાઈને સ્વપ્ને ય ખયાલ નહિ કે જે સંસ્થા ઓરિસ્સાની કલાઓના વિકાસાર્થે શરૂ કરેલી તે ‘કલાવિકાસ કેન્દ્ર’ ઓરિસ્સી નૃત્યને પ્રમુખ શાસ્ત્રીય નૃત્યશૈલીઓની હરોળમાં લાવવાનું યુગવર્તી કાર્ય કરશે; એ નૃત્યની રજૂઆતથી આવડો મોટો ખળભળાટ મચાવશે!

જે દિવસે નિબંધ રજૂ થવાનો હતો તેના આગલા દિવસે મોહન ખોકર અને હું શ્રીમતી મૃણાલિની સારાભાઈ જોડે વિજ્ઞાનભવનના બહારના ખંડમાં વાતો કરતા હતા. હું ગુજરાતીમાં બોલતો હતો તે સાંભળી એક ઊંચા અને શરીરે સશક્ત ભાઈ પાસે આવ્યા. બે હાથ જોડી નમસ્તે કરી પરિચય આપી કહે: ‘હું બાબુલાલ દોશી. તમને ગુજરાતીમાં બોલતા સાંભળી આ તરફ આવ્યો. કહો, અહીં કેમ આવવું થયું?’ અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો. ઓરિસ્સી નૃત્યની વાત નીકળી. ‘ડેમૉન્સ્ટ્રેશન’ જોઈ મેં નક્કી કર્યું કે આ પ્રકાર વિષે વધુ સંશોધન કરવું ઘટે. (’૫૮માં કરેલો એ સંકલ્પ પાર પાડવાનો પ્રસંગ છેક ’૬૭માં સાંપડ્યો. બાબુભાઈનો ઉત્સાહ ભલભલા યુવાનને શરમાવે એવો.)

’૫૯માં તેઓ મુંબાઈ આવ્યા. શ્રીમતી દીના (ગાંધી) પાઠક, ઉષા મલજી, લાલ મલજી, તારક મહેતા વગેરેએ ‘કુલવધૂ’ નાટક કલાવિકાસકેન્દ્રના બિલ્ડિંગ ફંડ માટે ભજવ્યું. અને કલાવિકાસ કેન્દ્રના સ્વતંત્ર મકાનનો પાયો નંખાયો. ત્યારે મુંબાઈમાં એમની કાર્યશક્તિનો સારો પરિચય મને થએલો. અવિરત કામ એ જ મંત્ર. ઘેરઘેર ઝોળી લઈને ફરે; અને એમની નિષ્ઠા જોઈ ને ભલભલા માણસો યથાશક્તિમતિ આપ્યા વિના ન રહે.

આ અવિરત ઉદ્યોગ-કર્મયજ્ઞ જોઈ હું અત્યંત પ્રભાવિત થએલો. એમનું નિમંત્રણ ‘ડાન્સ સેમિનાર’ વેળાનું: ‘ચાલ્યા આવજો; તમારો નૃત્યનો રસ જોઈ કહું છું, ઘર તમારું ગણજો. મુંબાઈની સાહ્યબી તો નહિ મળે, પણ કામ કરવું હોય તો સમસ્ત ઓરિસ્સાની સંસ્કૃતિ પડી છે!’ વળી ’૬૪માં મુંબાઈ ૧૦૦ કલાકારોને લઈને આવ્યા. મયૂરભંજનાં છાઉ નૃત્યો પહેલી વાર મુંબાઈમાં એમણે જ રજૂ કરેલાં. કલાવિકાસ કેન્દ્રનું સ્વતંત્ર મકાન ને થીએટર હોવાં ઘટે એવી એમની ખ્વાહિશ. આજે એમની આ કઠોર સેવાથી સંસ્થાને સ્વતંત્ર મકાન પ્રાપ્ત થયું છે; અને જેમ ‘કલાક્ષેત્ર’ મદ્રાસમાં, ‘કેરળ કલામણ્ડલમ્’ કેરળના શોરનૂર ગામે, તેમ ‘કલાવિકાસ કેન્દ્ર’ ઓરિસ્સામાં કટક ખાતે,—એવી ને એટલી એની પ્રતિષ્ઠા એમણે ઘડી છે.

એમની સંગઠનશક્તિ અને સામી વ્યક્તિ પાસેથી સેવાઓ મેળવવાની આવડતનાં મૂળ આંદોલન-પ્રવૃત્તિમાં નંખાએલાં. ‘કલાવિકાસકેન્દ્ર’ શરૂ કર્યાં પૂર્વે કટકમાં ગુજરાતી શાળા માટે કામ શરૂ કરેલું. ત્યારે ‘રાણીહાટ’માં એક જ શાળા. ‘રાણીહાટ’ એટલે નાનું (મીનીએચર) ગુજરાત. ‘બાલુબજાર’માં જ્યારે અન્ય વેપારીઓ સ્થિર થયા ત્યારે બાળકોના ભણતરનો પ્રશ્ન ઊભો થયો. બાબુભાઈએ કેડ કસી અને અંગ્રેજી ચોથા ધોરણ લગીનો અભ્યાસક્રમ સિદ્ધ થયો; એટલું જ નહિ, શાળામાં રાસ, ગરબા, ગરબી, ગોફ-રાસ, નૃત્યનાટિકાઓ, નાનાંનાનાં એકાંકીઓ વગેરેની ધૂમ મચી. રાજભવનમાં ગવર્નર સાહેબ પણ પ્રતિ વર્ષે ગુજરાતી શાળાને નોતરે અને કાર્યક્રમો જુએ; મોટીમોટી ‘ટ્રૉફી’ આપે. દાંડિયારાસની ધૂમ મચે ત્યારે આભલાંવાળા રંગબેરંગી પોશાકોની ભભક અને ગરબીની હલક રાજભવન ગાજે અને ઓરિસ્સાનું લોક જોઈને ગાંડુ ઘેલું થાય એવો રંગ એ રાખે.

એકમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી એમ પ્રવૃત્તિઓની પરંપરા ચાલી. અસહકારની ચળવળની કેળવણી દીપાવવાના પ્રસંગો આવ્યે જ જાય. ’૫૬માં મોટી રેલ આવી ત્યારે રાતદિવસ રાહતકાર્યો કરેલાં. પ્રતિવર્ષે ત્યાં એપ્રિલની ૧૩મી–૧૪મીએ યોજાતા ‘બિસુવા મિલન’ (વિશ્વ મિલન)નામક સાંસ્કૃતિક મિલને એમની સેવાઓના ઉપલક્ષમાં એમનું બહુમાન કરેલું. પણ આ બધાંનું એમને મન કશું મહત્ત્વ નહિ. એક જ સિદ્ધાંત, કે ‘સેવા કરીએ તો શક્તિ સાંપડી રહે.’ સંસ્થાઓ પગભર કરી યોગ્ય કાર્યકરોને સોંપી અળગા રહે.

ઈ. ૧૯૬૪માં એમણે ઉડિયા ભાષામાં સામાજિક ચલચિત્ર તૈયાર કરવાનું સાહસ કર્યું. ઉડિયાભાષી ફિલ્મ-ઉદ્યોગ હજી ઊગતો છે. ગુજરાતીઓની સહજ પહોંચ, પૂર્વયોજન, અવિરત કાર્ય કરવાની શક્તિ ને ચીવટ વગેરે ગુણોએ એમને સફળતા અપાવી. બીજે વરસે ‘અભિનેત્રી’ ચિત્ર ઉતાર્યું પણ કલાત્મક ચિત્રોની ભૂખ, એટલે કાલિન્દીચરણ પાણિગ્રહીની નવલકથા પરથી ‘માટીર મણીષ’ (માટીનો માનવી) તૈયાર કર્યું બંગાળના દિગ્દર્શક શ્રી મૃણાલ સેનને લાવ્યા ને એ ચિત્રે ડંકો વગાડ્યો. એની ગુણવત્તા પર વારી જઈ સત્યજિત રાયે મુક્ત કંઠે એને વખાણ્યું અને આમ, એમને હાથે ઉડિયા ફિલ્મક્ષેત્રે ‘ન ભૂતો ન ભવિષ્યતે’ જેમ ‘માટીર મણીષ’ તૈયાર થયું.

પરંતુ આ બદલ તેમને મેં ગર્વ લેતા ક્યારે ય દીઠા નથી. હજી ઘણુંઘણું કરવાનું વિચારે છે. ’૬૧માં ‘ગુજરાત પરિચય’ પુસ્તકનું કામ હાથ ધર્યું. ઓરિસ્સામાં વસતા ગુજરાતીઓના વસતિપત્રક સહિતનું એ માહિતીપુસ્તક. તમામે તમામ ગુજરાતીભાષી કુટુંબોની નોંધણી, ગુજરાત-ઓરિસ્સાના સંબંધો, ગુજરાતીઓનો ત્યાં ફાળો, ઓરિસ્સાની સંસ્કૃતિ સ્થાપત્ય કળા વગેરે વિષે પૂર્તિલેખો ઇત્યાદિથી આ ભગીરથ કામ બે વરસે પાર પાડી એક સરસ ગ્રંથ તૈયાર કર્યો.

માત્ર ચલચિત્ર-ક્ષેત્રે જ નહિ, નાટ્યક્ષેત્રે પણ એમણે મદદ પહોંચાડેલી. તરુણ વયે પોતે દિલરૂબા વગાડતા, શાસ્ત્રીય સંગીત શીખતા; પણ જે દિવસે કાનમાં સેવાનો મંત્ર ફૂંકાયો તે દિવસથી એ બધું ત્યજી દઇને તે કળાના ઉપાસકોને મદદરૂપ થવામાં—એમની સેવા કરવામાં જ મન પરોવ્યું. મોટી વયે જાતે ટાઇપિંગ શીખ્યા, અંગ્રેજી કાચું હતું તે સુધાર્યું, ફિલ્મક્ષેત્રની બધી ટેકનિકલ વિગતો વ્યવસ્થિત રીતે શીખ્યા. મૂળે જ સ્વભાવમાં ચીવટ. બોલે ઘણું ઓછું. કામમાં જ રસ.

૧૯૩૯માં લગ્ન કરેલાં. સંતાન નહિ. પણ તેનો અફસોસ નહિ. બહેનજી (એમનાં પત્ની)નો પૂરો સહકાર, અને ‘કંઈક પણ સત્કાર્ય કરી શકાય તો જીવ્યું સફળ’ એવી ભાવના. અને આમ, ગુજરાતથી હજારો માઈલ દૂર ઓરિસ્સામાં વસી, ઓરિસ્સાના થઈને રહ્યા. કહે: ‘ ‘જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત’ એ કાવ્યપંક્તિને ચરિતાર્થ કરીએ એટલે ઘણું!’

સુનીલ કોઠારી

શ્રી ચન્દ્રવદન મહેતાની

પૃથ્વી-પ્રદક્ષિણામાં બંધાએલી અંતર-ગઠરી • ૪

બેમાંની એક વહુ

યાદ છે ને? આપણે હજી વિયેના*ના પાદરમાં જ છીએ. હું, મારીઆર બ્રેડાને મળવા જવા ઉત્કંઠ છું; ત્યાં એરપોર્ટ ઉપર સૂઝન મળી. કલકત્તાથી જે બે વહુઓ પૂર્વમાં ગઈ એમાં બૅંગ્કૉકમાં પામેલા ને સૂઝન છૂટી પડી. પામેલાને એકાએક ઘેરથી તાકીદનું તેડું આવ્યું, એટલે એ ન્યૂ યૉર્ક ગઈ. સૂઝન ટોકિયો ઊપડી. ત્યાં થોડા મહિના નોકરી કરી. નોકરી એટલે વિદ્યાર્થીઓને ક્યાંક અંગ્રેજી શીખવવાનું કામ. એ તો સહેજે મળી જાય. એમાં એમની એમ્બૅસી કે કૉન્સ્યુલેટ એમને ખડે પગે મદદ કરવા તૈયાર. એક વાર સૂઝન ઍમ્સ્ટર્ડૅમમાં હતી, ત્યાંથી નાની રજાઓમાં લંડન ફરવા ગઈ ત્યાં કન્યા છાત્રાલયમાંથી કોઈ એનો આખો વાટવો જ ચોરી ગયું. પૈસા તો એમાં ખરા, પણ સાથે પાસપોર્ટ. એટલે તો કેટલી મુસીબત! તરત એ પોતાની એમ્બૅસીમાં પહોંચી, અને કલાક બે કલાકની વાતચીત બાદ લંડન-ન્યૂ યૉર્ક ટપાલનો સમય બાદ કરો, એટલામાં એના હાથમાં નવો પાસપોર્ટ, અને થોડી રકમનું ધીરાણ હાજર! અને આપણે? પરદેશમાં ખોઈ નાખો આપનો પાસપોર્ટ ને પછી જાઓ આપણી એમ્બૅસીમાં, અને આંટાફેરા ફેરો, કરો એ અનુભવ. ખુદા બચાવે!

કલકત્તામાં માન્યું હતું કે હવે આ જિંદગીમાં સૂઝનનું મોં જોવા નહિ મળે. પણ ઍમસ્ટર્ડૅમમાં એને એના પિતાનો તાર મળતાં '૬૫ની અધવચ્ચે એ તોકિયોથી મૉસ્કવાને રસ્તે યુરોપ આવી પડી હતી. એના પિતા મોટા ફિલેટેલિસ્ટ—એટલે કે પોસ્ટની જૂની ટિકિટોના વેપારી. અને એવા વેપારીઓની યુરોપમાં કૉન્ફરંસ ત્યાં હાજરી આપવા આવ્યા હતા, એટલે એ એને મળવા યુરોપ આવી ને ત્યાં પહેલી નોકરી ઍમ્સ્ટર્ડૅમમાં લીધી. મ્યુનિચમાં આ કૉન્ફરન્સ, (જર્મન મ્યુશન ઉચ્ચાર કરશે) ત્યાં '૬૫માં એ મને મળી હતી બર્લિનમાં મળી હતી. ઍમ્સ્ટર્ડૅમમાં પણ મળી હતી, અને જ્યારે મળીએ ત્યારે એકબીજાં વાતો કરી છૂટાં પડતાં આખરી વિદાય લઈએ, માનીને કે હવે ફરી મળવાનાં તો નથી જ; છતાં આ ચોથી મુલાકાત જામી.

યુરોપમાંની પહેલી મુલાકાતમાં મ્યુનિચના રેલવે સ્ટેશનને ડાબે પડખે નિકટમાં જ હોટેલ 'અમ્બા' છે, ત્યાં હું ઊતરેલો, ને ત્યાંના દીવાનખાનામાં અમે ઇધરઉધરની વાતો કરતાં બેઠાં હતાં. કલકત્તામાં શિવકુમારે કરાવેલા લગ્નવિધિ પછીની એ અમારી પહેલી મુલાકાત. વડોદરામાં કોઈ દિવસ એના કુટુંબ વિષે મેં કદી પૂછ્યું નહોતું. એને મારા પ્રવાસની ખબર હતી, એટલે જર્મનીની મધ્યસ્થ બ્યુરોને કાગળ લખી મારા ક્રમની એણે ભાળ કાઢી હતી, અને પોતે પોતાના પિતાને મળવા મ્યુનિચ આવવાની છે એ તારીખ-સમયની મને ખબર કરી હતી, એટલે મ્યુનિચના એરપોર્ટ ઉપર જ અમે મળવાનું નક્કી કર્યું. ત્યાં ઠીક લોકો ઊતર્યા. એમાં સૂઝન પણ આવી મને ભેટી, અને તરત ત્યાં ઊભેલા એક બીજા ગૃહસ્થને ભેટી, અને એમને ઓળખાણ કરાવતાં કહે છે 'ડૅડી! તમારાથી ઉમરમાં ઘણા મોટા આ તમારા જમાઈરાજને મળો!' ડૅડી તે મિ. બ્લૉક. એણે શેકહૅન્ડ તો કરી, પણ જરા મોળી યા ઢીલી. બહાર નીકળ્યાં. એમની પાસે ગાડી હતી, પણ અજાયબીમાં ગૂંચવાએલા મિ. બ્લૉક મને બેસવાનું પણ નથી કહેતા એ જોઈ સૂઝને પિતાજીને સૂચના કરી: 'એમને આપણી સાથે જ લેવાના છે.' એટલે એમણે મને બેસવા કહ્યું, ને અમે ત્રણે શહેર તરફ ઊપડયાં. રસ્તે ત્રણમાંથી એકેએ એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહિ સૂઝનને મનમાં વિમાસણ નહોતી, પણ અમ બે સજ્જનોની મૂંઝવણનો પાર નહોતો. 'તારા મિત્રને ક્યાં ઉતારવાના છે?' શહેર નજીક આવતાં મિ બ્લૉકે પૂછ્યું, તો પુત્રી કહે છે કે આપણે જે હોટેલમાં છીએ ત્યાં. ને અમારી ગાડી એમની હોટેલ પર આવી ઊભી. હું નીચે લાઉન્જમાં બેઠો, બાપ-દીકરી ઉપર ગયાં, અને થોડી વારમાં નીચે આવ્યા ત્યારે લિફ્ટમાંથી બહાર નીકળતાં જ મિ. બ્લૉક મારી તરફ ધસી આવ્યા, ખૂબ ઉમળકાભેર હાથ મિલાવ્યા, બહુ હસ્યા, અને પોતાની દીકરીના ટીખળ માટે મીઠી ટકોર કરી બોલ્યા; 'મને બધું ઉપર કહ્યું. મને શી ખબર કે તમે પ્રો. મહેતા. તમારે માટે તો એણે મને ઘણુંઘણું લખ્યું હતું. એ તમારી પાસે શીખી એનો મને આનંદ છે. એરપોર્ટ ઉપરની મારી વર્તણૂક માટે મને ક્ષમા કરજો. હું તો અહીં રહેવાનો છું અને તમે આવતી કાલે મ્યુનિચથી ચાલ્યા જવાના છો, એટલે આપણે લંચ લઇએ તે પછી તમારે બેએ જ્યાં જવું હોય ત્યાં હરજો-ફરજો. મોટર મારા એક મિત્રની છે, પણ ચલાવતાં આવડે તો તમે લઈ જજો.'

જમી પરવારી અમે પણ એની સાથે કૉન્ફરન્સના હૉલમાં ગયાં. ત્યાં આ ટિકિટઘેલાઓનો મેળો પણ જોયો. શો ધંધો છે! કેટલાકને કેટલુંક તદ્દન નવું જ પસંદ પડે છે; કેટલાક જૂનાં વાસણવસાણાં, કલમ-કડછા, રાચરચીલાં, ચોપડાપોપડા, દંડાડાંડીકરાં અને એવું અતિ જૂનું જ સંઘરે છે. આ સ્ટૅમ્પ્સના વેપારી, હજારો પાઉન્ડે એકેક ટિકિટ વેચે, ખરીદે, વેચે, એકઠી કરે. એ તો ઠીક, પણ એ ઉપર વિશાળું વિજ્ઞાન પણ સમજી બેઠા છે. સાહિત્ય તો હોય જ. છાપ, બીબું, મ્હોરું, રંગ, કદ, કાગળની જાત, દેશકાળ, વપરાશ, એવીએવી કૈંક વાતોને ગૂંચવીનીચવી આ વિષયનું વિજ્ઞાન સરજ્યું છે. મને એમાં રસ નથી, પણ એક વાત જાણું છું કે આવી આવી ટિકિટો એકઠી કરનારાઓની એક મોટી જમાત વિસ્તરી છે. મોટાં મોટાં શહેરોને ચૌટે-ચકલે; દેશદેશની ને ખંડખંડની, છૂટી-એકઠી ને વપરાએલી–નહિ વપરાએલી ટિકિટો વેચનારાઓની દુકાનો જામી છે; અને એમનો વેપાર પણ સારો ચાલે છે. ભલે ચાલે. પણ અમારા જેવાના પરદેશ પોસ્ટ કરેલા કાગળો સામાન્ય ટપાલપેટીમાં નાખ્યા હોય તો ઉપરથી ટિકિટો ગુમ થયાના, કાગળો ગેરવલ્લે ગયાના દાખલાઓ બનતા રહે છે; અમને મળતા કાગળો ઉપરથી ઘણી વાર ટિકિટો અલોપ થઈ જાય છે. પોસ્ટ ઑફિસમાં આ દિશામાં કામ કરનારી નિષ્ણાત ટોળકીઓ પકડાયાની પ્રગટ થએલી વિગતો, અને મોટી રકમની ટિકિટોવાળા કાગળો પોસ્ટમાં હોદ્દેદાર અફસરની પાસે જઈ છાપ મરાવવાની સરકારી સૂચનાઓ અમારી વાતના ટેકારૂપ છે. ઘણી મોટી ઑફિસો હવે સલામતી ખાતર પોતાના કાગળો ઉપર ટિકિટની કિંમતની સંખ્યાનો સિક્કો છાપી કાગળો રવાના કરવાની પોસ્ટઑફિસની સગવડનો લાભ લે છે. એથી જતે દિવસે મોટી ટિકિટો નાબૂદ થઈ જાય કે ન થાય, પણ આ પ્રથા હવે રોગના સ્વરૂપમાં પલટાતી જાય છે. એ અટકે એવું તો સૌ કોઈ ઇચ્છે.

મ્યુનિચ રળિયામણું શહેર છે. ક્યાંક અરબોની, તુર્કોની બાંધણીમાં સારોસાર અસર લાગે. અમે બસ પકડી જરા દક્ષણમાં

*વિયેના વિષે વધારે જાણવું હોય તો માર્ચ ૧૯૬૬થી એ મદીલી નગરી વિષેના ત્રણ ચાર અંકો ફિર સે જોઈ જાઓ.

આવેલા ઑસ્ટ્રો-જર્મન આલ્પ્સનાં હિમશિખરોની દેખસાળ નીચે રક્ષાએલા અને સંતાએલા શાંત અને નમણા સરોવરને કિનારે ફરવા ગયાં. ત્યાં બોટિંગની સગવડ ડગલેપગલે. બૅવૅરિયન જર્મનો એટલે 'મનમોજીલા છેલછબીલા' લાલા સ્હેલાણી જેવા. 'આજનો લ્હાવો લીજીએ જી રે,' કાલ કોણે દીઠી છે, આચરનારા એક મલબારીની લીટી છે, બીજી દયારામની, એટલે આપણે ત્યાં પણ આ ફિલસૂફી જીવનમાં ઉતારનાર પ્રજાજનો ખરા જ, નહિ તો કવિ આવું લખે કેમ?

વડોદરામાં મળતાં-ભણતાં જે વાતો નહોતી કરી તે અહીં અનાયાસ થઈ ગઈ. વગર પૂછ્યે સૂઝને પહેલું બાણ માર્યું: 'ચન્દ્રવદન! મારા ચિત્તની ભૂમિકામાં તમે હિન્દમાં ઊગ્યા હતા એવા અહીં નથી જામતા. ઠીક; તમને સમજણ ન પડી એમ કહો છો? તમે બરાબર સમજો છો, જાતને છેતરો છો. ન છેતરો. મેં તો મને જે લાગ્યું તે સ્પષ્ટ કહ્યું.' 'કારણ?' 'પહેરવેશ. ત્યાં તમારું ઊડતું ધોતિયું, ફૂમતેદાર પહેરણ,, ગળાબંધ જાકીટ. અમે તો અમેરિકામાં બેઠાં બેઠાં એવા અસામાન્ય પહેરવેશની કલ્પના પણ કરેલી નહિ. તમે અનોખા, તમારો પહેરવેશ અનોખો, એટલે તમે મને ગમી ગયા હતા.' 'અને હવે?'

'તમારું અનોખાપણું ગમે છે, આ કોટ-પાટલૂનનો અને સામાન્ય શર્ટનો ઠઠેરો નથી ગમતો.'

'માણસ સોનાના પીંજરામાં હોય તે વહાલો લાગે, લોખંડના પિંજરમાં અળખામણો લાગે.'

'ખોટી ઉપમાઓ આપો નહિ તમારું ફરફરતું ધોતિયું અને ફૂમતેદાર પહેરણ સોનાનાં નહોતાં. પણ મારે એની ઊંડી ચર્ચા નથી કરવી. જે લાગ્યું તે કહ્યું. આપણે નહોતાં મળવાનાં અને ફરી મળ્યાં, એનો આનંદ મને ઘણો છે.'

'મિ. બ્લૉક સાથે તેં આવી ઓળખાણ કેમ કરાવી? એને મારે માટે કેવો ખયાલ બંધાયો હશે?'

'તમે અહીંથી જાઓ ત્યાં સુધી તમારી તહેનાતમાં મને છૂટી મૂકી એવો હું એને દોઢ વર્ષે મળી. એ મને સારી રીતે ઓળખે છે. મારાં ટીખળ-ટકોરથી એ પરિચિત ન હોય તો બીજું કોણ હોય? મેં હોટેલમાં ઉપર બધી વાત કહી ત્યારે એ ઘણું હસ્યા, અને તરત તમારી માફી માગવા નીચે ઊતરતા હતા, ત્યાં મેં રોક્યા.'

'એને ટપાલટિકિટો ઉપરાંત બીજા કશામાં રસ ખરો?'

'મારામાં પણ નહિ. એ બાપ છે અને હું દીકરી, એટલું જ. હવે હું એની પાસેથી પૈસા પણ નથી લેતી. અલબત્ત, પૈસાની બાબતમાં મને આપવામાં એ કંજુસ નથી; પણ...'

ત્યાં અમે તળાવને કિનારે ખોટકાયાં, અને એનો હાથ પકડી હોડીમાંથી કિનારે કૂદકો મારતાં હતાં ત્યાં એની આંખમાંથી એકાદબે આંસુ તળાવના જળમાં ટપકી ભળી ગયાં. પાછી ફરતી બસમાં અમે મૂગાં બેઠાં હતાં, ત્યાં એણે પૂછ્યું: 'શો વિચાર કરો છો?' મેં કહ્યું, 'ફરી મ્યુનિચ કદાચને આવું તો વિજ્ઞાનની બધી સામગ્રી લઇને આવીશ. આ તળાવની પાળે બેસી, એમાં સરકેલાં પેલાં આંસુબિન્દુઓ ઉલેચી, છૂટાં પાડી ક્યાંક સાચવી મૂકીશ.' એ મોઢેથી તો બોલી: 'ડોન્ટ બી સેન્ટીમેન્ટલ'; પણ તરત મારો હાથ પકડી, ઊભરાતાં આંસુઓને ખાળવાનો પ્રયત્ન કરતી બેસી રહી.

મ્યુનિચના સ્ટેશન પાસે જ બસ-ટર્મિનસ. ત્યાં ઊતરી સીધા હોટેલ અસ્બામાં ગયાં, અને જમવાને હજી વાર હોવાથી ત્યાં એક ખૂણામાં એકાદ પીણું મંગાવી પીતાં બેઠાં. 'હું તમારી બેમાંની એક ઓરત—વહુ. કલકત્તામાં તમારા દોસ્તે આપણાં લગ્ન કરાવ્યાં. પણ ત્યાંથી બર્મા, રંગૂન, સિંગાપોર, બૅંગકૉક હું તમને વફાદાર નથી રહી.'

'પણ મેં તારી પાસેથી કશી વફાદારીની આશા રાખી જ ક્યાં હતી, સૂ? (વડોદરામાં અમે સૌ એને સૂ કહેતા. હવે એને આપણે સૂઝનને બદલે સૂથી ઓળખતા રહીશું)' 'બરાબર છે; તમે મને ઘણી મદદ કરી છે. અને તમે મારા વડીલ; હતા અને છો. એટલે મારે તમને મારા સિંગાપોરનાં પરાક્રમો કહેવાં જોઈએ. પામેલા બરમામાં પહેલો જે બરમીઝ પોઠ્ઠો મળ્યો તેની ઉપર આશક થઈ ગઈ, અને હું સિંગાપોરમાં એક નવજવાન ઉપર લટ્ટુ થઈ ગઈ.' 'જાત?'

'મને ખબર નથી. તમે હિન્દીઓ જરીજરીમાં જાતભાત વિષે વિગતોમાં ઊતરો છો, એમ અમારા આખા ઉછેરમાં એકાએક એ સવાલ ઉપસ્થિત થતો નથી.'

'તમારે ત્યાંથી સમાજશાસ્ત્ર શીખવા આવનારા તો કંઈ ટોળેબંધ વિદ્યાર્થીઓ આ બાબતમાં સેંકડો પ્રશ્નો લઇને આવે છે.'

'ભણતરના, અભ્યાસના ક્રમ તરીકે; વિગતો લખીલખી પોતાના સંશોધનનાં થોથાં મોટાં બનાવવા; બાકી આ બાબતમાં જો ઊંડે ખોતરો તો અલ્લાગો!'

'પામેલાને તો કદાચ હું ન્યૂ યૉર્કમાં મળીશ ત્યારે એને એનો કિસ્સો પૂછીશ; પણ તારું શું થયું?'

'બરમો અને સિંગાપોરિયો, બંને દુષ્ટો નીકળ્યા!'

'તમે બંને પરણવા સુધી તૈયાર થયાં હતાં?'

'પામેલાની વાત હું નથી જાણતી, પણ હું તો તૈયાર હતી. કારણ મારે પાછા અમેરિકા નહોતું જવું. જુઓની, બે વર્ષથી હું અહીં છું. હવે ડૅડી શું કહે છે તે જોઈએ. હું બૅંગકૉકથી તોકિયો ગઈ, ત્યાં થોડા મહિના કામ કર્યું, ત્યાંથી મૉસ્કવાને માર્ગે યુરોપ આવી, ઍમ્સ્ટર્ડૅમમાં નોકરી લીધી. કોઈ સારી નિશાળ મળી જાય તો તો હું ત્યાં જ કાયમ થઈ જાઉં. હવે પરણું-બરણું નહિ' વાત સાચી. સૂ પરણી નહોતી. સિંગાપોરની વાત બાદ એણે પોતાના જીવતરમાં કશો રસ નથી એમ વારંવાર કહ્યા કર્યું અને ઉમેર્યું:

'મારી મા દુઃખી છે. કારણ એ મનની માંદી છે; એટલે કે એક વિચિત્ર પ્રકારનું ગાંડપણ છે. એથી મારા ડૅડી દુઃખી છે. આ બધાંથી અમારા ત્રણેમાં વિસંવાદ છે. મળીએ છીએ, આમ; પણ વાતમાં કંઈ રસ નહિ, કશો અર્થ નહિ. ચાલો જમવા જઇએ.'

'સૂ. તારી મા પાસે જઈને કેમ નથી રહેતી, જા.'

'ના. અમે ત્રણે સાથે એટલાં બધાં ચડભડીએ છીએ કે કોઈથી કશી બાંધછોડ થતી જ નથી. તમે તો સાર્ત્રે વાંચ્યો છે, એનાં નાટકો પણ જોયાં છે. બધું ખાલીખમ, અર્થ વગરનું, ધ્યેય વિનાનું જીવતર સમયની જેમ ચાલ્યું જાય છે. ક્યાંય અટકતું નથી. એને વિરામ નથી, એને લાગણીના વળગાડ નથી. દૂર નજર કરો તો શુષ્ક વેરાન—તમારા રજપૂતાના જેવું લાગે છે.'

'રજપૂતાનાની પણ શિકલ બદલી શકાશે.' 'ચાલો જમીએ. મેં તમારી સાંજ બગાડી. રજપૂતાનાની વાત રજપૂતાના જાણે.'

અમે જમ્યાં. થોડી વાર બહાર સ્ટેશનની આજુબાજુ ફર્યાં. એને એનાં હોટેલ પર છોડી હું પાછો ફર્યો. બીજે દિવસે હું મ્યુનિચથી સ્ટુટગાર્ટ ગયો. એરપૉર્ટ પર ફરી અમે ત્રણ છેલ્લાં મળ્યાં. એના ડૅડી અને એ મને વિદાય આપવા પેલા મિત્રની ગાડીમાં આવ્યાં હતાં. માંડમાંડ એકાદ-બે શબ્દો બોલ્યાં હોઈશું, અને મેં વિદાય લીધી.

એ પછી યે સૂ મને બે વાર મળી હતી: એક વાર ઍમ્સ્ટર્ડૅમમાં, અને બીજી વાર જર્મનીમાં બર્લિનમાં. વેસ્ટ બર્લિનના રેલવે સ્ટેશન ઉપર સવારના સાત વાગ્યાનાં અમે થીજ્યાં હતાં. એને છસાત દિવસની રજા હતી, એટલે એની જર્મનીમાં કામ કરતી થોડી બહેનપણી-

૧૩૩ ('કુમાર' અંક ૫૩૨)

એને મળવા તથા હું ત્યાં હતો તેથી એ પાંચ દિવસ માટે આવી હતી. બ્રેખ્ટ (મારા હિસાબે નહિ, જર્મન સલાહકારોને હિસાબે ઉચ્ચાર બ્રેખ્ટ) સાથે એના ગુરુ, પિસ્કેટોરનું 'ઈન્કવાયરી' નાટક અમે ત્રણ ચાર જણાંએ બર્લિનમાં સાથે જોએલું, અને વેસ્ટ બર્લિનમાં રહેતા અમારા દોસ્ત જેકિસન દયાળને ત્યાં એમનાં ધર્મપત્ની સૌ. ઈન્દુબહેને દેશી રસોઈમાં બિત્રણ દાઢે વળગે એવી વાનીઓ બનાવી હતી, તે સૂએ અને મેં બધાં સાથે આરોગી હતી, એ બધું મગજમાં તાજું થઈ ગયું. બર્લિન ઝૂ પાસેનું મળવાનું રેલવેનું સ્ટેશન, ઊગતી સવારના ત્યાંના રેસ્ટોરાંમાં લીધેલો નાસ્તો, પ્લૅટફૉર્મ ઉપર ગાડી ઊપડવા સુધી ઊભા ઊભાં મારેલાં ટાહ્યલાં. હવે ફરી નથી જ મળવાનાં એ હિસાબે વ્હિસલ વાગતાં ભેગી હાથ હલાવતાં છૂટાં પડયાં, ત્યારે ક્યાં ખબર હતી કે હજી એક વાર ઍમ્સ્ટર્ડૅમમાં મળીશું?

મારે જવું ગ્રેનિંગન યુનિવર્સિટી. ઊતરવું ઍમ્સ્ટર્ડૅમ. પાછા ફરતાં એક દિવસ ઍમ્સ્ટર્ડૅમમાં રહેવું અને ઉપર ચડતાં જરા ભૂલ કરો કે નીચે હાડકાં ખડાઈ જાય એવા સીધા દાદરાવાળા હોટેલમાં સૂએ વારાફરતી મારી બૅગો ચડાવવી, બીજે દિવસે ઉતારવી ત્યાં એ ટર્મિનસ ઉપર બર્લિન જેવી જ વિદાય લીધેલી. તે પણ યાદ આવ્યું. ફરી આ '૬૬માં એ અચાનક જ મને વિયેનામાં ભટકાણી. હું મારીબાર થઈને ન્યૂ યૉર્ક જતો હતો, ત્યાં વિયેના એરપૉર્ટ ઉપર એ અને આભા અચાનક મળી ગયાં. '૬૪ થી '૬૬—એમાં ઍમ્સ્ટર્ડૅમ બર્લિન મ્યુનિચમાં મળ્યા બાદ આ ચોથી વાર સૂ મળી હતી. પ્રથમ તો અમે હોટેલનું નક્કી કરવા ઊપડયાં. એનો રૂમ તો સામેના હોટેલ કૅાથ્રેસમાં નોંધાએલો હતો. મારે બપોરની ગાડી પકડવાની હતી, પણ તે પહેલાં એ વિચિત્ર ગાડી ઊપડે છે કે નહિ એની ખાતરી કરવાની હતી. હોટેલ કૅાથ્રેસ પર પહોંચતાં રસ્તે અમે ઝપાટાબંધ નિર્ણયો લઈ લીધા. એ જ હોટેલમાં બીજો રૂમ મળે તો સૂ તે મારે માટે નોંધાવી લે. હું સામે, કાટખૂણે સ્ટેશન પર મારી ગાડીની તલાશ કરવા ઊપડું. હોટેલ રહેવું, મારીબોર તાર કરવા, વગેરે વાતો કલાક બાદ, યા લંચ ખાતી વખતે. સ્ટેશન પર રેસ્ટોરાં સારાં છે એની મને ખબર, એટલે સૂ હોટેલનું પતાવી સ્ટેશન પર ઈન્ફર્મેશન ઉપર આવવા કહી હું ગ્રેપડયો.

ના જી; ગીનો સવાલ નથી. પ્રીત તો બંધાણી જ નહોતી; હજી નથી બંધાઈ. આખે રસ્તે એનો જ તાળો મેળવું છું. સૂ અને મારે શું? કંઈ જ નહિ. ન્યૂ યૉર્કથી ભણવા-ભણાવવા આવી, કામ પતાવી એ એને રસ્તે પાછી ત્યાં ક્યાં કલકત્તાનો યોગાયોગ; સ્નેહીમિત્રો વચ્ચે તંદુરસ્ત આનંદ પ્રસંગ; કે ઈથી પણ છૂટાં પડતાં સ્વાભાવિક થાય એવું દુઃખ; મ્યુનિચનું એરપૉર્ટ; અહીં પેરી(સ) કરતાં પણ વધારે સારી, સ્નેહાળ, ઘરાએલી છતાં સંગીતની ઝણઝણાટીથી તરવરતી, મદીલી વિયેના નગરી. ત્યાં ઊતરતાં પહેલી તો મને સુભાષબાબુની અમિતા જ સાંભરે. મળી હતી. ફર્યાં હતાં, હવે પરણી અમેરિકા ગઈ. ને શહેરમાં સૂ! લેણદેણ છે કે યોગાનુયોગ છે, એમ મનમાં ચગડોળોની ચડઊતર કરું છું. ત્યાં તો હું સ્ટેશનના વિશાળ ચોકમાં આવી ખડો.

માળમજલાવાળું આ સ્ટેશન છે. પહેલે માળથી આ દિશામાં ગાડીઓ ઊપડે, તો બીજે માળથી દક્ષિણી ગાડીઓ ઊપડે ને બં... ફૉર્મ ઉપર જવાનો. કાટખૂણે આલીશાન દાદર એક. જુઓ તો જજો, જોજો. બાંધણી પણ ધ્યાન ખેંચે એવી છે. ટ્રેઈન એકાંતરે. આજે જવાની. હવે એક દિવસ રહી એક વાગ્યે હોટેલમાં કોઈ મિ૦ કોઠારી દોઢ કલાક રહી રૂમ ખાલી કરશે તે મને મળશે એમ સૂ ખબર લાવી. એટલે અમે પેટની પૂજા કરી ઑપેરન રિંગ તરફ ગયાં. સૂ એની એમ્બૅસીમાં ગઈ. આપણી એમ્બૅસી તે વળી આપણે માટે છે જ ક્યાં? અને વગર કામે ત્યાં આંટો મારો તો પહેલે પગથિયે જ હડધૂત થવાના સોદા! એટલે જગમશહૂર ઑપેરાની નજીકના ચાર રસ્તાની નીચેના ભોંયરા-બજારમાં મેં આંટા માર્યા. ચારેક વાગ્યે કામ પતાવી સૂ આવી, પછી અમે ભોંયરાની વચમાંના સુન્દર ગોળ રેસ્ટોરાંમાં પ્લાન કરવા બેઠાં.

સૂને અહીં કામ મળે એમ હતું, અને એ માટે એને બોલાવવામાં આવી હતી, પણ તે ત્રણચાર મહિના પછી, કોઈ જવાનું હતું એની જગ્યાએ; એટલે એ બીજે દિવસે પાછી જવાની. મારે માટે એક વાગ્યે ગાડી તૈયાર હતી. એટલે એ સાંજે ડાન્યૂબ જઈને કાંઠે જરા લટાર મારી, અમે જે અમારી પાસે એક સાંજ છે, એને ઘનઘનાવવા શહેરની પાસેની ડુંગરી ઉપર વસેલા દરાખના રસતરબોળ એવા ગ્રીનત્સિંગ ગામમાં જવા ઊપડયાં. રસ્તે મેં મારો પ્રવાસક્રમ સૂને કહી દીધો. ન્યૂ યૉર્ક પહોંચવાની તારીખ પામેલાને જણાવી દેવા સૂચવ્યું: એ જો ન્યૂ યૉર્કમાં હોય તો મળાય. સૂ તો ઍમ્સ્ટર્ડૅમ જવાની, ત્યાં રહેવાની કે ક્યાં જવાની, એનું કશું જ નક્કી નહિ. વિયેનામાં એ પહેલીવાર આવેલી, એટલે મેં એને વધારે દિવસ રહી આ મદીલી નગરી જોવા સૂચના કરી, અને ત્યાંની ઑપેરા તથા નાટકશાળાની ઓળખાણ આપવા માંડી. કંઈ નહિ તો આ રમતિયાળ નગરીમાં, યુરોપને ચારે ખૂણેથી લોકનૃત્યોની સુરાવલીઓ વણીવણી, અનન્ય અને અનોખું વોલ્ત્ઝનું સંગીત સરજી મશહૂર થએલા સ્ટ્રૉસ બાપદીકરાનો પરિચય કરાવ્યો. મોત્સાર્ત અને બેટોવનનાં ઘરઆંગણાં બતાવ્યાં, અને એમનાં જીવનની યાદ આવી તે કીર્તિકથાઓ કહી.

ડુંગરીની ગોદમાં પહોંચ્યાં ત્યાં તો વનરાઈઓ, ને તરુવરોએ વોલ્ત્ઝના સંગીતના આલાપમાં ત્રિભંગીઓ કરતી સુરાવલીઓ સંભળાવવા માંડી. ટોચ પરના એક સુંદર, તાજા જ બનેલા, વાઇનને માટે પ્રખ્યાત એવા કામરેગારમાં જઈ બેઠાં. ચિત્તેર એંશી જોડકાંઓનાં હિલોળે ચડેલાં હૈયાંમાંથી નિસરતી મુગ્ધ સુરાવલી સાથે અમે પણ તાલ આપતાં થઈ ગયાં. ત્રણચાર કલાકમાં તો એ ખંડમાં જાતજાતનાં નૃત્યોની આવૃત્તિઓ જોઈ: પોલૅન્ડના 'મઝુરકા', બોહેમિયાના 'પોલ્કા', ફ્રાન્સનો 'રોદો', તાજગીદાર છટપટાટવાળા જિપ્સીઓના 'આલાઝોપા' આદિ વિવિધ નૃત્યોના ઠેકાઠમકાથી વાતાવરણ સભર થઈ ગયું. પણ એકંદરે ફરીફરીને વાદિત્રોમાંથી બંધ નીકળે તે તો વોલ્ત્ઝના. લગભગ મધરાત બાદ અમે ત્યાંથી હોટેલ પર જવા ગુલાબી ઠંડીમાં નીસર્યાં, ત્યારે આસપાસનાં તરુવરો પણ કરગૂંથણી કરી, ડાળડાખળીઓ ફૂલકળીઓ એકબીજાંનાં હૈયાંમાં પરોવી ચારે કોર ઘુમરી લઈ ફેરફુદરડી રમતાં હોય એવું લાગ્યું. દૂર નીચે ચન્દ્રના પ્રકાશમાં વિશાળ પગથારમાં મન્દ સુરાવલીમાં સાથ પુરાવતી ડાન્યૂબ પણ ઘડીક થંભી પોતાના હૃદયમાંથી વોલ્ત્ઝની વાનગીઓ આલાપતી હોય એવું લાગ્યું. આપને ભ્રમ લાગશે. જી હા; ભ્રમ તો ભ્રમ સહી. વિયેના શહેરની બહારની ડુંગરીઓની હારમાળામાં હજી વોલ્ત્ઝ દશે અવતારે જીવતો પરોવાએલો પરખાશે. માણતાં આવડતો હશે તો લોહીના ચરખામાં ગુંજતો અનુભવાશે.

સવારે અમે એર ટર્મિનસ આગળ છૂટાં પડયાં. એણે ઍમ્સ્ટર્ડૅમનું કે.એલ.એમ. પ્લેન પકડવાનું, મારે નજીકના સ્ટેશનેથી ટ્રેઈન પકડવાની. સુરખીદાર તડકો હતો. રતૂમડું, ચકચકતું, આંખમાંથી તેજ નીતારતું સૂનું મોં હતું. હવે તો નિશ્ચિત આખરી મિલાપનું ને હમેશના છૂટા થવાનું આ થાણું હતું એવું મનમાં લાગતું હતું, ત્યાં બસ ઊપડવાનું સૂચન સાંભળ્યું. અમે એકબીજાને પૂરી ગુજરાતી ઢબે 'આવજો' 'આવજો' કહી મન મનાવ્યું. વેસ્ટ બર્લિનના રેલવે સ્ટેશન કરતાં વિયેનાની આ વિદાય વધુ હૃદયદ્રાવક હતી.

આગની તપાસ

ગુનાશોધન–૨૮

લેખક • પુષ્કરભાઈ ગોકાણી

કહેવાય છે કે દુનિયામાં આગ ઠરતી નથી. એક સ્થળે લાગેલી આગ કાબૂમાં લેવાય ત્યાં બીજે સ્થળે તે લાગી જ હોય છે. ભારતમાં પણ દર કલાકે એકાદ નાની કે મોટી આગ લાગતી રહે છે. એક અંદાજ છે કે આ બધી આગમાં માત્ર ૧૦ ટકા આગ જ કુદરતી કારણથી લાગી હોય છે. ૧૮ ટકા આગ બેદરકારીને લીધે, ૧૨ ટકા આગ યુદ્ધ કે રાજકીય તોફાનોમાં અને ૭ ટકા વીમા કંપનીને છેતરવાના કે અન્ય સ્વાર્થી હેતુથી લગાડાતી આગ હોય છે. ૩ ટકા આત્મઘાતક પ્રવૃત્તિથી અને ૫૦ ટકા આગ ગુનાહિત ઇરાદાથી લગાડેલી હોય છે. આમ, આગની તપાસ ગુનાશોધનની એક મહત્ત્વની કામગીરી બની રહે છે. આ આંકડા વિશ્વના બનાવોને લક્ષમાં રાખીને તારવેલા છે. વત્તેઓછે અંશે એ ભારતમાં પણ લાગુ પડી શકે છે.

મોટે ભાગે આગ લાગે છે ત્યારે મદદ કરનારા કરતાં તમાશો જોનારા વધુ એકઠા થઈ જઇને નડતરરૂપ બની જાય છે. પરિણામે આગ કાબૂમાં લેવામાં વધુ સમય જવાથી એનું સાચું કારણ જાણવા મળતું નથી. જાહેર સલામતી ખાતર પણ દરેક આગની પૂરતી તપાસ થવી જોઇએ, જેથી ભવિષ્યમાં આગના એવા બનાવો અટકાવી શકાય.

રાષ્ટ્રીય અને વૈયક્તિક દેખીતી ખોટ જવા ઉપરાંત પણ આગથી ઘણું વધુ નુકસાન થાય છે. ઘણી મહેનતે ઊભી કરેલી ઈમારત, ઉદ્યોગ કે ધંધો ફરી ઊભો કરવામાં સમયનો અને શક્તિનો જે વ્યય થાય છે તે અતિ વધારે કહી શકાય.

હવામાંનો ઑક્સિજન આગ ફેલાવવામાં મુખ્ય ભાગ ભજવે છે. અતિશય ગરમીને કારણે પેટ્રોલ, સ્પિરિટ વગેરે જેવા પદાર્થો વાયુરૂપ બની હવામાં ભળે છે ત્યારે એને જરા શો તણખો લાગતાં જ એ સળગી ઊઠે છે. પેટ્રોલ-પંપ અથવા જલદી સળગી ઊઠે એવા પદાર્થો જ્યાં રહેતા હોય એવા સ્થળે બીડી-સિગારેટ પીવાની આટલા માટે જ મનાઈ કરેલી હોય છે. લાકડું, કાગળ, કાપડ વગેરે જેવા પદાર્થો ગરમીમાં વધુ જલદી સળગી ઊઠે છે. એક વાર આગ લાગ્યા પછી ત્યાં ગરમી ઉત્પન્ન થતાં આસપાસના પદાર્થો પણ ગરમ થઈને આગને આકર્ષે છે, અને આમ અમુક સ્થિતિએ આગ સ્વયં ઉદ્દીપક બની રહે છે.

હમેશાં આગ પવનની દિશામાં ફેલાય છે, અને જેમ જેમ એ આગળ વધતી જાય છે તેમતેમ તે આસપાસ પણ વિસ્તરતી જાય છે. આના આધારે આગ ક્યાંથી આરંભાઈ હશે તેનો અંદાજ નીકળી શકે.

આગની તપાસમાં મુખ્યત્વે ત્રણ બાબત જોવી રહે છે: ૧) જો તે ખૂબ પ્રસરી ગઈ હોય તો તેનું કારણ ને પુરાવા શોધવા મુશ્કેલ બને છે, કારણ કે બહુધા તેનો નાશ થઈ ગયો હોય છે. ૨) જો તે બહુ ફેલાઈ ન હોય તો જે કેટલાક પુરાવા મળી શકે તે એકઠા કરી તુરત વધુ તપાસમાં લેવાની વ્યવસ્થા કરવી ઘટે. ૩) કોઈ કારણસર આગ આગળ વધી ન શકી હોય તો તો એ લાગવાનું કારણ મોટે ભાગે જડી આવે છે. પછી એ પુરાવાની તપાસ જ કરવાની રહે છે.

યોગ્ય રીતે તપાસ થઈ શકે એ માટે જ્યાં આગ લાગી હોય ત્યાં મદદ કરનાર સિવાય કોઈને પ્રવેશવા દેવા ન જોઇએ. આગના સ્થળે જલદી બળી શકે તેવા પદાર્થો સંગ્રહાએલા હોય તો એ દિશામાં પણ આગની સામેનાં પ્રતિકારાત્મક પગલાં લેવા માંડવાં જોઇએ. એ માટે ત્યાં તાજી હવાનો પુરવઠો ઓછો મળે તેવા પ્રયત્નો કરવા જોઇએ. બીજી બાજુ ગુનાશોધકે આગ જ્યાંથી લાગી હોવાનો સંભવ જણાય એ સ્થળે તપાસ કરવા લાગી જવું જોઈએ. ધારો કે કોઈએ મકાનની બારી કે બારણું તોડી આગ લગાડવા પ્રયત્ન કર્યાનું લાગે તો સંભવ છે કે ત્યાં બારીના કાચના ટુકડા, આંગળાંની છાપ, પગ કે બૂટની છાપ વગેરે ઉપયોગી પુરાવા મળી આવે છે. આગ લગાડવામાં વાપરેલું સાધન પણ ક્વચિત મળી આવે. આદતના જોરે આગ લગાડીને ગુનેગારે દીવાસળી ત્યાં જ નાખી દીધી હોય અને એ હાથ ચડી જાય તો એની બનાવટ પણ કેટલાક મુદ્દા તારવી આપે છે.

સિગારેટ લાઈટર વડે આગ ચાંપવામાં આવી હોય તો તેનો પુરાવો મળતો નથી; પણ ગુનેગાર ઉતાવળમાં ત્યાં લાઇટર ભૂલી જાય એવું બને ખરું. કોઈ વખત બંદૂકનો દારૂ, ઇલેક્ટ્રિક સ્પાર્ક, ચકમક લોઢું, બર્નરના લાઇટર, ફૉસ્ફરસ વગેરે પણ આવા કામમાં વપરાય છે. એવું બને ત્યારે ગુનેગાર શોધવાનું વધારે સરળ બને છે. આગ લગાડવા માટે દીવાસળી કે લાઈટર સિવાયનાં સાધનો જવલ્લે જ ઉપયોગમાં લેવાતાં હોઈ, તેવું કોણ કરી શકે તે સહેલાઇથી અનુમાની શકાય છે.

કેટલીક વાર ગુનેગાર આગ લાગે ત્યારે પે તે બીજે જ સ્થળે હોય એવી ગોઠવણો પણ કરે છે. આને માટે ઘણી વાર મીણબત્તી એવી રીતે ગોઠવીને ગુનેગાર ચાલ્યો જાય છે કે તે અરધી બળે ત્યારે જ કાપડ કે બીજા ડૂચા જે તેણે ગોઠવ્યા હોય તે સળગી ઊઠે ને આગ લાગે; દરમિયાન પોતે તો બીજા કોઈ સ્થળે પહોંચી જાય. આવી રીતે વીજળિક સ્પાર્ક, ટાઈમ સેટ ઍમ્યુનિશન (અમુક સમયે જ સળગી ઊઠે તેવી યાંત્રિક કરામત), ધીમે સળગતો દારૂ, મીણમાં ઝબોળેલી સીંદરી, અગરબત્તી વગેરે વડે અમુક સમયે જ આગ લાગે તેવી યોજના તે કરે છે. સ્ફોટક પદાર્થ વડે લગાડેલી આગ સિવાય આવા કિસ્સા મોટે ભાગે પકડાઈ જાય છે, કારણ કે આવી ગોઠવણ કરવા આવેલા ગુનેગારનાં આંગળાંની છાપ, પગની ધૂળ કે અન્ય પુરાવા રહી જ જાય છે. વળી શકદારોમાંથી તેનો સ્વભાવ અને વલણ જોઈ, તેની બુદ્ધિનું સ્તર જોઈને પણ ગુનેગારને તારવી શકાય છે.

પોતાનું ધ્યેય હાંસિલ કરવા મોટે ભાગે ગુનેગાર જલદી સળગી શકે તેવા પદાર્થનો ઉપયોગ કરે છે. તે માટે ઘાસ, પેટ્રોલ ગ્યાસતેલ, સ્પિરિટ વગેરે વાપરે છે. જે વસ્તુ કે સ્થાન ઉપર પેટ્રોલ વગેરે પડ્યું હોય ત્યાં તે ચુસાતાં હોઈ તે વસ્તુ કે સપાટી બળે ત્યારે પણ તેમાંથી તેની વાસ આવતી જ હોય છે. એટલે જ્યાં આગ લાગી હોય તે સ્થળે તપાસ કરવાથી, ત્યાં પડેલા લાકડાની, ઘાસની કે ત્યાંની માટીની તુરત તપાસ કરવાથી પણ કેટલાક મુદ્દા તારવી શકાય છે. આવા પુરાવાને હવાબંધ સાધનમાં મૂકી તુરત લૅબોરેટરીમાં મોકલી દેવા જોઈએ.

પેટ્રોલ તથા આલ્કોહોલિક દ્રાવણમાં દ્રાવ્ય એવા પાઉડર જો આવી માટી કે સપાટી ઉપર છાંટવામાં આવે તો તુરત હવામાં સામાન્ય ઉષ્ણતામાને પણ વરાળ બની જતાં તે પેટ્રોલ, કેરોસીન, દારૂ સ્પિરિટ વગેરે સાથે તે પાઉડર ઓગળીને તેનું એક પડ તે પદાર્થ પર બંધાઈ જાય છે અને તેથી તે તુરત ઓળખાઈ આવે છે. સાદો કાગળ પણ આવી રીતે વરાળ બની શકે તેવા પદાર્થોની બાષ્પને ચૂસી લે છે.

આગના સ્થળેથી મળેલી રાખનું વિશિષ્ટ ગુરુત્વ સાદી રાખની સાથે સરખાવતાં પણ ગુનાનો પત્તો લાગી ચડે.

આગના કિસ્સામાં ગુનાશોધકે બળવામાંથી બચી ગએલી વસ્તુઓનો કબજો લઈ લેવો જોઇએ. જંતુનાશક દવાનો પંપ, ગ્યાસતેલ, પેટ્રોલ, બળતણ, ટર્પેન્ટાઈન, આલ્કોહોલયુક્ત દવાઓ (અનુ. પૃ. ૧૨૭)

ભારતીય નૃત્યજગતનું અંધારું દૂર કરનાર

કેટલાંક પૂર્વસૂરિઓ

લેખક · સુનીલ કોઠારી

કોઈ આપણને કહે કે ભારતીય કથાવસ્તુ પર આધારિત પહેલપ્રથમ નૃત્યનાટિકા, જેને ચાંદામ.મા —આપણા શ્રી ચં. ચી. મહેતા—'બાલે'(Ballet, કહે છે તે, ઠેઠ ઈ. સ. ૧૮૩૦માં પારી(સ)માં ભજવાએલી, તો આપણે માનીએ નહિ. પણ એ હકીકત છે. આપણાં નૃત્યો વિષે આપણને ઢંઢોળનાર પાવલે વાની યે પૂર્વે સો વરસ પહેલાં. ઇટલીના ફિલિપ્પો ટાગ્લીઓની નામના બાલે-નિર્દેશકે 'Le Dieu etla Bayadere'-ની નૃત્ય-સંકલના કરેલી; અને તેમાં ઊતરેલી તે વખતની મહાન બાલેરીના મારી (મેરી) ટાગ્લીઓની! પણ એ 'બાલે'નું કથાનક જ માત્ર ભારતીય; બાકી બધો ઢાંચો બાલેનો અને સંગીત પણ પશ્ચિમી. શિર્ષક 'ઈશ્વર અને દેવદાસી'.






'બાયાદર'ની ભૂમિકા ભજવનાર મુખ્ય બાલેરીના મારી ટાગ્લીઓની

એ Bayadere (બાયાદર) શબ્દ નૃત્યાંગના, નર્તકી માટે વપરાતો. એના પરથી આપણે એટલું તારવી શકીએ કે પશ્ચિમને ભારતીય નૃત્યો વિષે જે કંઈ ખબર હતી તે માત્ર બાયાદર વિષેની જ. અને તેનો બહુ સારો અર્થ થતો નહિ. બાયાદર (Bayadere) એટલે નાચનારી સ્ત્રી. નૃત્યાંગના કે દેવદાસી એ તો આપણે આપેલાં રૂડાંરૂપાળાં નામ, બાકી તો તે રહી મુજરો કરી નાચનારી-રામજણી! બાયાદર શબ્દ મૂળ તો પોર્ચુગીઝ Bailadeira: એટલે નાચનારી સ્ત્રી એવો તેનો અર્થ થાય. અને તે પરથી 'ફરાંસિસી'–ફ્રેંચ Bayadere. ચોપડે નોંધાયું છે કે કાલિકટ બંદરે વાસ્કો-ડી-ગામા ઈ. સ. ૧૪૯૮માં ઊતર્યા તે પછી બરાબર સો વરસના ગાળે આ શબ્દ વપરાશમાં આવ્યો.

આ બાયાદર વિષે પશ્ચિમ એટલું જ જાણે કે તે એક હલકા વર્ગની નાચનારી સ્ત્રીઓનો વર્ગ ગણાતો. તેમનાં નૃત્યો વાસનાપ્રેરક અને નાચનખરાંવાળાં. અધમ અને પ્રાકૃત વર્ગના લોકોના વ્યાસંગ માટે એ હતાં. અને આવી સમજ પશ્ચિમે કેળવેલી તે અમસ્તી નહિ. સદીઓ લગી ભારતીય નૃત્યોની દશા એવી જ થએલી. ખરેખર તો ભારતમાં તે લુપ્તપ્રાય: થવા આવેલી કળા. ક્યાંક ક્યાંક દેવદાસીનાં નૃત્યો વિષે આછીપાતળી જાણ ખરી. પછી આ લગભગ નામશેષ થએલી કળા વિષે પશ્ચિમના નૃત્યનિર્દેશક–કોરીઓગ્રાફર–choreographerનો છવડો











જુલ્સ પેરો (ડાબે છેડે ઊભેલા). ઈ. ૧૮૪૬માં એણે લંડનમાં ટૉમસ મૂરના રંગદર્શી કથાનક 'લાલારૂખ'ના આધારે 'લાહોરકા ગુલાબ' (ધ રોઝ ઑવ લાહોર)ની રચના કરી. ડાબી બાજુ-ઉપર: એ બાલેનું એક દૃશ્ય. નીચે: (અનુક્રમે) મારીઅસ પેટિપા. ઈ. ૧૮૭૭માં એણે 'લા બાયાદર' રજૂ કર્યું. થીઓફિલ ગૉતીએર, જેના પુસ્તક પરથી 'શાકુંતલ' બાલે રચાયું. લીઑન બાક્સ્ટ, માઈકલ ફૉકિનના 'શેહરેઝાદ'ના એણે પડદા ચીતરેલા.





↑ લ્યુસીઅન પેટિપા, શાર્લોતા ગ્રિસી નામક એક નર્તકી સાથે. મારીઅસ પેટિપાના આ ભાઈએ ઈ. ૧૮૫૮માં 'શાકુંતલ'નું બાલે રચ્યું હતું. (જેનાં બે દશ્યો ડાબી બાજુ આપ્યાં છે.) અને તેમાં એ સમયની વિખ્યાત બાલેરીના અમાલિયા ફેરારીઝે શકુંતલાની તથા પેટિપાએ દુષ્યંતની ભૂમિકા કરેલી.





નીચે: અમાલિયા ફેરારીઝ.

સળવળ્યો અને ભારતીય કથાનક પર કંઈક બાલે રચવાનો તેને વિચાર આવ્યો. પરિણામે ભારતીય નૃત્યોના પુનરુત્થાનનાં પગરણ ભારતમાં નહિ પણ પશ્ચિમમાં—યુરોપમાં મંડાયાં.

ઈ. સ. ૧૮૩૦માં પારી(સ)માં 'પ્રીમીઅર' થયા પછી 'ઈશ્વર અને દેવદાસી' બાલે ઈ. સ. ૧૮૩૩માં લંડનમાં ભજવાયું, પણ ત્યારે તેનું નામ "The Maid of Cashmere'–'કાશ્મીરી લલના' રાખેલું. એ બાયાદર કથાનક પર જ આધારિત બીજું બાલે ચાર દાયકા પછી ૧૮૭૭માં La Bayadere નામે ભજવાયું તેની કોરીઓગ્રાફી કરેલી વિખ્યાત બાલે-નિર્દેશક મારીઅસ પેટિપાએ અને સેંટ પીટર્સબર્ગના ખ્યાતનામ મારીન્સ્કી થીએટરમાં તે રજૂ થએલું. બાયાદરની મુખ્ય ભૂમિકાઓ ભજવનાર બાલેરીનાઓમાં પ્રમુખ છે મારી ટાગ્લીઓની. રશિયામાં તે પાવલોવાએ અદા કરેલી. આજે ય મારીન્સ્કી થીએટરના Repertoire 'રેપર્ટવાર્'માં 'લા બાયાદર' એકમાત્ર ભારતીય કથાનકવાળું 'બાલે' છે ને તેનું મોટું મૂલ્ય અંકાય છે.

આ તો થઈ 'બાયાદર'ની આસપાસ રચાએલા 'બાલે'ની વાત. પણ ઐતિહાસિક ક્રમમાં આવે ઈ. ૧૮૪૬માં લંડનમાં ટૉમસ મૂરના રંગદર્શી કથાનક 'લાલારૂખ'ના આધારે જુલ્સ પેરો (Jules Perrot) એ 'The Rose of Lahore' (લાહોર કા ગુલાબ)ની કોરીઓગ્રાફી કરેલી તે છાપાંઓએ તેની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી: 'સંપૂર્ણતયા ભારતીય', 'તંતોતંત ભારતીય પ્રાણ-પ્રભકારવાળું' ઇત્યાદિ. તેના પછી ઈ સ. ૧૮૫૮મા કવિ કાલિદાસના અપ્રતિમ નાટક 'શાકુંતલ'ને બાલે રૂપમાં ઉતારવામાં આવ્યું રશિયામાં 'લા બાયાદર' રજૂ કરનાર મારીઅસ પેટિપાના ભાઈ લ્યુસીઅન પેટિપાએ ફ્રાંસના લેખક થીઓફિલ ગૅ તીએરના પુસ્તક પરથી 'શાકુંતલ' તૈયાર કરી પારી(સ)ના થીએટર ઇમ્પીરીઅલ'માં તે રજૂ કરેલું. તેમાં દુષ્યંતની ભૂમિકામાં પોતે રહી શકુંતલાની ભૂમિકામાં ઉતારેલી તે વખતની વિખ્યાત બાલેરીના અમાલિયા ફેરારીઝને. સાલવારી પ્રમાણે ઈ. સ. ૧૮૭૭માં રજૂ થયું 'લા બાયાદર'–રશિયામાં. પછી ઈ. સ. ૧૮૮૯માં મારીઅસ પેટિપાએ





માઇકલ ફોકીન (ડાબી બાજુ) અરેબિયન નાઇટ્સ પરથી ઘડેલું ૧૯૧૦માં 'શેહેરેઝાદ' રચ્યું, જે હજી પણ લોકપ્રિય રહ્યું છે. નિજિન્સ્કી (જમણી બાજુ) એ તેમાં એક ગુલામની ભૂમિકા ભજવી. 'શેહેરેઝાદ'ની સફળતાથી પ્રેરાઇ ૧૯૧૨માં નિજિન્સ્કીએ રશિયન નૃત્યરાજ્ઞી તામારા કાર્સાવિના સાથે 'ધ બ્લ્યુ ગૉડ' રચ્યું, જેમાં પોતે કૃષ્ણની ભૂમિકા ભજવેલી અને કાર્સાવિનાએ રાધાની.

સેન્ટ પીટર્સબર્ગના મારીન્સ્કી થીએટરમાં જ 'ધ ટાલીસમાન' (The Talisman) રજૂ કર્યું. ને આ 'ધ ટાલીસમાન' તે શી બલા છે વળી? આઠેક વરસ પર જાણીતા નૃત્યજ્ઞ (અને હવે સંગીતનાટક અકાદમીના સ્પેશ્યલ ઑફિસર ફૉર ડાન્સ) શ્રી મોહન ખોકર રશિયા ગએલા ત્યારે મારીન્સ્કી થીએટરની લાયબ્રેરીમાં ખાંખાંખોળાં કરી, એ બાલેની મૂળ 'પ્રોગ્રામ બુક'માંથી નીચે મુજબ નોંધ કરી આવેલા: 'કથાનક: મારીઅસ પેટિપા અને કે. એ. ટાર્નોવસ્કી. અકદર (અકબર): દિલ્હીનો રાજા; દમયન્તી: અકબર રાજાની દીકરી; નૂર્દીન: લાહોરના મહારાજા; અને અમરાવતી: સ્વર્ગની અપ્સરા.'



તામારા કાર્સાવિના અને નિજિન્સ્કી

લો કરો વાત! છે ને અજબગજબના ગોટાળા! અકબર દિલ્હીનો રાજા તો ખરો, પણ તેની આ બાલેની દીકરી દમયન્તી તે કેણ?

એવું જ અલકમલકનું બીજું બાલે તે 'Thousand and One Nights' (અરેબિયન નાઇટ્સ)માંની વાર્તા પરથી ઘડેલું 'શેહેરેઝાદ'. 'થીએટર નેશનલ' પારી(સ)માં ઈ. ૧૯૧૦માં ભજવાએલું. એ બાલેને એટલી તો લોકપ્રિયતા વરી કે હજી લગી રશિયા, યુરોપ અને અમેરિકાની અનેક બાલે કંપનીઓના કાર્યક્રમમાં તે સચવાએલું છે, અને અલપઝલપ ભજવાય છે પણ ખરું. તેની કોરીઓગ્રાફી (નૃત્યસંકલના) કરી માઇકેલ ફૉકીને, અને સંગીત રચેલું રીમસ્કી કોરસાકોવે. પડદા ચીતરેલા લીઓન બાકસ્ટે. પહેલા પ્રયોગમાં ઇડા રુબિનસ્ટાઈન અને નિજિન્સ્કીએ ભાગ લીધેલો. નિજિન્સ્કીનો ત્યારે ચડતો સિતારો હતો. બે વરસ પછી ૧૯૧૨માં એની સફળતાથી પ્રેરાઇને નિજિન્સ્કીએ રશિયાની બીજી મહાન નૃત્યરાજ્ઞી તામારા કાર્સાવિનાને પોતાની કોરીઓગ્રાફીવાળા La Dieu Bleu (The Blue God) નામક બાલેમાં ઉતારી અને ખુદ કૃષ્ણની ભૂમિકા ભજવી.

આ 'ધ બ્લ્યુ ગૉડ' પછી તો કંઈ કેટલાં યે બાલે ભારતીય કથાનક પર ઘડાયાં, પણ આ ઉપર ગણાવ્યાં તેનું મહત્ત્વ અદકેરું; કેમ કે ઈ. ૧૮૩૦થી માંડીને તે ઈ. સ. ૧૯૧૨ લગીના આ ગાળા દરમિયાન ભારતીય નૃત્યજગતમાં અંધારુંઘોર હતું. એ દૂર કરવામાં પશ્ચિમના આ પૂર્વસૂરિઓનો ફાળો મહત્ત્વનો છે. પણ આ બધા બાલેમાં ફક્ત કથાનક જ ભારતીય. એ રજૂ કરનારામાંના એકેએ હિંદનો કિનારો સુધ્ધાં દીઠેલો નહિ. ચોપડીઓ, કહેતી, દંતકથાઓ, વાર્તાઓ, મ્યૂઝિયમો, આર્ટગૅલેરીઓ વગેરે સ્થળેથી પાર્શ્ચાત્ય તેટલું મેળવી ભેળસેળ કહો તો તેમ, ને કીમિયો કહો તો કીમિયો અજમાવી, બાલે રચેલાં! પશ્ચિમ માટે બાલે તરીકે એનું ત્યાં બહુ મહત્ત્વ નહિ–સિવાય કે નવીનતા. પણ ભારતને લાગેવળગે છે ત્યાં લગી પશ્ચિમમાં ભારતીય નૃત્ય પરત્વે રસ જગાડવાની ભૂમિકા બાંધવામાં આ બધા પ્રયોગોનું મૂલ્ય ગ્રાઝું.

આ તો થઈ યુરોપ અને રશિયામાં રજૂ થએલાં ભારતીય કથાનકવાળાં બાલેની વાત. પણ પશ્ચિમની દુનિયાને 'એકમનર્તન' (solo dance) વિષે પરિચિત કરનાર કળાકાર તે અમેરિકાનાં અગ્રણી નૃત્યકાર શ્રીમતી રૂથ સેંટ ડેનિસ. એની વાત હવે પછી.

પ્રાથમિક સારવારની સમજ આપતી લેખમાળા હપ્તો-૭

લોહી વહેવા માંડે ત્યારે

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આંગળી ઉપર ચપ્પુ વાગે ત્યારે જોકે બહુ લોહી નીકળતું નથી, પણ લોહી વહે એ જ ગભરાવનારી બિના થઈ પડે છે. બીજો ભય છે ઘામાં ચેપ લાગવાનો માટે ચેપ ન લાગે અને લોહી બંધ થાય એનો ઇલાજ કરવાનો છે.

પણ શિરા કે ધમની કપાય ત્યારે પુષ્કળ લોહી વહે છે. તે જેમ બને તેમ જલદી બંધ થવું જોઈએ. લોહી જામી જવાની જોકે કુદરતી કરામત તો છે જ, પણ તેને સહાયભૂત થવાનો આપણે પ્રયત્ન કરવાનો છે.

ધમની કપાઈ હોય ત્યારે ચણોઠી રંગના લાલ લોહીની ધાર થાય છે અને હૃદયના ધબકારા સાથે એમાં લોહી વધતું જાય છે. મોટી શિરામાંથી પડતું લોહી કાળાશપડતું લાલ હોય છે અને એ મંદ ધારે વહે છે. કેશવાહિનીઓ કપાઈ હોય ત્યારે ઇજાવાળા વિસ્તારમાંથી બધેથી છૂટથી લોહી વહે છે.

પુષ્કળ લોહી વહી જાય તો : ૧) મોં અને હોઠ ફિક્કાં પડી જાય છે; ચામડી ઠંડી બની જાય છે. ૨) શ્વાસ ઝડપી બની એ લેવામાં મુશ્કેલી પડે છે. દર્દી નિસાસા નાખે છે કે બગાસાં પણ ખાય છે. ૩) નાડી ઠીક કાંડા પર પકડાય પણ નહિ એવી મંદ પડી જાય છે. ૪) અશક્તિ ને ચક્કર આવે છે; ખાસ કરીને રોગીને ઊઠબેસ કરાવતાં એ વધુ લાગે. ૫) તરશ લાગે, નજર ઝાંખી પડે ને કાને મંદ સંભળાય.


લોહી વહેતું બંધ કરવાના ત્રણ ઉપાયો છે : ૧) દબાણ-પાટો; ૨) દબાણ કેન્દ્ર ઉપર આંગળાંનું દબાણ; અને ૩) ટુર્નિકેટ કોઈ પણ ઉપાય અજમાવતાં અગાઉ ઘા પડેલો ભાગ ઊંચો કરવો. જેથી લોહીસ્રાવ ઓછો થાય છે. ઘા ઉપર દબાણ લગાડવાથી શિરામાંથી વહેતું કે થોડું વહેતું લોહી બંધ થાય છે. ધમનીમાંથી વહેતું લોહી બંધ કરવા માટે યોગ્ય દબાણ-કેન્દ્ર ઉપર દબાણ આપવું જોઈએ.

લોહીસ્રાવ બંધ કરવાનો એક સારો ઉપાય એ છે કે ઘા ઉપર દબાણ કે દબાણપાટો (પ્રેશર બૅન્ડેજ) બાંધી દેવો. લોહી સાધારણ વહેતું હોય ત્યારે ઘા પર ગૉઝના ટુકડા યા ચોખ્ખો રૂમાલ કે ગડ વાળેલું કપડું મૂકી, ઘા ઉપર ગાંઠ ન આવે એ રીતે સાદો પાટો બાંધવો; અથવા ઍડહેસિવ ટેઇપ લગાડવી. જો આથી લોહી વહેતું બંધ ન થાય તો ઘા ઉપર ગૉઝ મૂકી હથેળી વડે દબાવી રાખવું, અગર તો ઘાના કાપાને આંગળીઓ વડે દાબીને બંધ રાખવો. આ રીતે દબાવ્યાથી લોહી વહેતું બંધ થાય તો ત્યાં દાબેલું અને લોહીથી ભીનું થએલું ગૉઝ ઉખેડવું નહિ. એથી તો જામી ગએલું લોહી ઉખેડાઇને ઘા ખુલ્લો થતાં ફરી એ વહેવા માંડશે. એવે વખતે લોહીભીના ગૉઝ ઉપર એક્રિફ્લેવિનવાળો બીજો ગૉઝ મૂકી તાણીને પાટો બાંધવો. કદાચ ગૉઝ કે એક્રિફ્લેવિન પ્રાપ્ય ન હોય તો ઘા ઉપર ગડી વાળેલું કપડું દબાવીને તેના પર પાટો બાંધવો.

ધમની કપાઇને ધારબંધ વહેતું લોહી ઘા ઉપર સીધું દબાણ કરવા છતાં ય પાંચ મિનિટમાં બંધ ન થાય તો ઘા અને હૃદય વચ્ચેના નજદીકના દબાણકેન્દ્ર (પ્રેશર પૉઇન્ટ) ઉપર આંગળીઓ વડે દબાણ આપવું. જ્યાં જ્યાં ધમની હાડકા ઉપર થઈને પસાર થાય છે ત્યાં ત્યાં આવાં દબાણકેન્દ્રો (પ્રેશર પૉઇન્ટ) આવેલાં છે. આ સ્થાનો દબાવવાથી ધમની રબ્બરની નળીની જેમ દબાઇને લોહીસ્રાવ ઘટી જાય છે.

આમ, લોહી વહેતું અટકાવીને ઘા ઉપર દબાણપાટો બંધાવવો. પછી દબાણકેન્દ્રનું દબાણ ઢીલું કરવું અને લોહીસ્રાવ થાય છે કે કેમ તે જોવું. જો લોહીસ્રાવ થાય તો દબાણકેન્દ્ર ઉપર અવારનવાર દબાણ કરવું. દબાણપાટાથી લોહી વહેતું બંધ થાય ત્યારે દબાણકેન્દ્ર ઉપરનું દબાણ છોડવું શરીર ઉપરનાં દબાણકેન્દ્રો આ સાથે દર્શાવ્યાં છે. એના પરથી જરૂર પડ્યે કયા સ્થાને ધમની દબાવવી તેની ખબર પડશે.

કપાળમાં આંખ પાસે ઘા પડ્યો હોય ત્યારે ઘાની બાજુના કાન પાસે, તથા આંખની નીચેના ભાગમાંથી ગાલમાંથી લોહી આવતું હોય ત્યારે જડબાના ખૂણામાંથી એક દોઢ ઇંચ આઘે જડબાના હાડકા ઉપર દબાણ કરવું.



ગળામાંથી લોહી વહે ત્યારે અંગૂઠો ગરદન ઉપર અને આંગળીઓ શ્વાસનળીની આગળ પડતા ખાડામાં રાખી દબાણ કરવું.

ખભા બગલ ને હાથના ઉપલા ભાગમાંથી લોહી વહેતું હોય ત્યારે હાંસડીના પાછળ પડતા ખાડામાં અંગૂઠા કે આંગળીથી દબાણ આપવું.

હાથના નીચલા ભાગ કે પોંચામાંથી લોહી વહેતું હોય ત્યારે કોણી ને બગલની અધવચમાં હાથ પકડી હાડકા ઉપર દબાણ આપવું.

જાંઘ, પગ કે ચાબખા (પીંડી)માંથી લોહી વહેતું હોય ત્યારે વળ માં હથેલી મૂકી નીચાણ પડતું દબાણ કરવું. હાથ અને પગમાંથી વહેતું લોહી દબાણથી બંધ ન થાય તો ટુર્નિકેટ બાંધવું જરૂરી છે.

કોઈ કારણસર આ રીતે દબાણ અમલમાં મૂકી ના શકાય તો ઘા ઉપર સીધો અંગૂઠો, આંગળીઓ કે હથેલી દાબવાં. આ પછી જેમ બને તેમ જલદી ઘા ઉપર ડ્રેસિંગ કે ધોએલો રૂમાલ યા કપડું દબાવવું. (ચાલુ)

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૧૨ • ઍમ્સ્ટરડૅમ અને એની આસપાસ

ખૂબ જ ઊંઘ્યો. એટલે તો સવારમાં વહેલા જાગી જવાયું નહિ અને જે. સી. પટેલને મને ઉઠાડવા માટે બારણે ટકોરા મારવા પડયા. હું તો કોઈ જુદા જ સ્વપ્નલોકમાં વિહરી રહ્યો હતો. સફાળો બેઠો થઈ ઝટઝટ તૈયાર થઈ ગયો.

ધુમ્મસઘેરું લંડન પરોઢમાં અત્યંત શાંત લાગતું હતું. પરદા પાછળ તરી રહ્યું હોય એવા એ દૃશ્યને એનું પોતાનું સૌંદર્ય હતું. એનું નિરીક્ષણ કરતો કરતો એરપૉર્ટ પહોંચ્યો. બધું પતાવી ઍરોપ્લેનમાં બેઠો ત્યારે, હવે જ્યાં જતો હતો તે ઍમસ્ટરડૅમ વિષે વિચારવાની તક મળી. ત્યાંનો દરિયો પોતાની સપાટી ત્યાંની જમીનની સપાટી કરતાં જરા ઊંચી રાખતો હતો, છતાં ત્યાં વસતા બહાદુર વલંદાઓ એને કાબૂમાં રાખતા હતા. શી રીતે એ તો કદી યે સમજાયું જ નહોતું. એ વલંદાઓના દેશમાં હું હવે દોઢેક કલાકમાં જ દાખલ થવાનો હતો એ કલ્પના થોડીક રોમાંચક લાગતી હતી. સવા દસ વાગ્યે ઍમસ્ટરડૅમ ઊતર્યો.

એર ટર્મિનલ પરથી હોટેલ કુહકુસ જવા માટે ટૅક્સી કરી લીધી. શરીર પર પહેરેલા ઓવરકોટને ઉતારી નિરાંતે લંબાવ્યું. ટૅક્સી લીસા રસ્તાઓ ઉપર સરવા લાગી. મોટાંમોટાં મકાનો ઉપર નજર આનંદપૂર્વક ફરવા લાગી. પણ ત્યાં ઓચિંતો જ કશો વિચાર આવ્યો ને હાથ કોટના ખિસ્સામાં ગયો. ભોંઠો પડી પાછો વળ્યો. જે ચીજ એને જોઈતી હતી એ મળી નહિ. તરત જ તેણે બાજુમાં પડેલા ઓવરકોટને ઉપાડયો. તેનાં ખિસ્સાંમાં તો કશું જ નહોતું. આનંદની જગ્યાએ ગભરામણ ફેલાઈ ગઈ! તરત જ ટૅક્સીવાળાને ગાડી ઊભી રાખવા કહ્યું. મારો પાસપૉર્ટ, પૈસા અને બીજા એવા જ ઉપયોગી કાગળો ધરાવતા પાકીટ વિષે તેને મેં પૂછ્યું. એ કશું સમજતો જ નહોતો. ઇશારત ને અરધીપરધી બોલી દ્વારા તેને ટૅક્સીને ફરી એરટર્મિનલ પર લઈજવા સમજાવ્યું. પહોંચતાંવેંત અંદર દોડયો. હવે હું પરસેવે રેબઝેબ થઈ ગયો હતો! કાઉન્ટર પર બેઠેલી બાઈ પણ એ સમજી ગઈ લાગી. સ્મિત કર્યા વિના તેણે પૂછ્યું : 'કંઈ મૂંઝાયા છો? હું મદદ કરી શકું?'

મેં તેને કહ્યું કે મારું પાસપૉર્ટવાળું પાકીટ નથી મળતું. તેણે આજુબાજુ બધે જોયું. નહોતું. માણસ દ્વારા બીજે બધે તપાસ કરાવી. ક્યાંય નહોતું. નિરાશ થઇ ખિન્ન મને પાછો ટૅક્સીમાં જઈ બેઠો. ત્યાં જ કશુંક ખૂંચ્યું. જોયું તો સીટમાં દબાઈને પેલું પાકીટ પડયું હતું! હર્ષનો પાર રહ્યો નહિ. માનવીનાં સુખદુઃખ કેવી નાનીનાની ચીજો પર આધાર રાખે છે, એવાએવા વિચાર કરવાનું પણ સૂઝયું નહિ. હસતો હસતો નીચે ઊતરી હોટેલ કુહકુસમાં દાખલ થયો.

દાદરો ચડયો કે તરત જ માદામ કુહકુસ દેખાઈ. તરવરતી, પાંત્રીસથી ચાલીસ વર્ષની તંદુરસ્ત સ્ત્રી હતી. મારી જ રાહ જોતી હતી. સામે આવીને તેણે હાથ મિલાવ્યા. ને તરત જ હસતાં હસતાં કહ્યું : 'એટલી બધી ગિરદી છે હમણાં તો આ ગામમાં! ક્યાં ય એક ઓરડી પણ ન મળે. પણ તમે ચિંતા ન કરતા. મારી આ હોટેલમાં તો જગ્યા નથી, પણ સામેના મકાનમાં મેં તમારા માટે એક સરસ ઓરડો કઢાવી રાખ્યો છે. ચાલો બતાવું.' ગમ્યું નહિ, પણ ઇલાજ નહોતો. અર્ધો સામાન એણે ઉપાડી લીધો, અર્ધો મેં, ને અમે ચાલ્યાં. બરોબર સામે જ એક સરસ મકાન હતું તેમાં એક ઓરડો એણે બતાવ્યો. સુંદર હતો. જોતાંવેંત ગમી ગયો. બાથરૂમ પણ અદ્યતન અને સુખસગવડથી ભરેલો. 'નાહીધોઈ પરવારી ગામમાં આંટો મારવો હોય તો મારીને જમવા ટાણે આવી પહોંચજો.' તેણે કહ્યું.

નાહીધોઇને નીકળી પડયો. સામે માદામ કુહકુસ પાસે જઇને શું કરવું એ સમજી લીધું. મોટરબોટમાં હાર્બર બતાવતી એક ટૂર તરત જ ઊપડતી હતી. સામેની ટ્રામમાં બેસી જાઉં એટલે બે મિનિટમાં ત્યાં પહોંચી શકાય. એમ જ કર્યું. ટ્રામ ઊભી રહે એટલે દરવાજો ઊઘડે. અંદર દાખલ થઈએ એટલે જ્યાં જવું હોય ત્યાંના પૈસા ભરી દેવાના. નવી નકોર લાગે એવી ગાદીઓ ઉપર બેસી જવાનું. પાંચ મિનિટમાં હાર્બરના નાકે પહોંચી ગયો. ટૂરની ટિકિટ મેળવી અને બોટમાં બેસી ગયો. દોઢ વાગ્યા સુધી એમાં ફર્યો. ખાડીની બન્ને બાજુ મોટાંમોટાં ઐતિહાસિક ગણાય એવાં મકાનો હતાં. જૂનું ગામ તો જાણે એને કિનારેકિનારે જ વસ્યું હશે તેમ લાગ્યું. ખૂબ આનંદ આવ્યો. ટૂર ગોઠવનારાઓ દરેક જગ્યાની સમજણ પણ આપતા જતા હતા. સામે બેઠેલા માણસો પણ તંદુરસ્ત અને આનંદી હતા. જર્મનોને જેમ વાતો કરતાંકરતાં વારંવાર 'યા', 'યા', (હા, હા) કરવાની ટેવ તેમ અહીંના માણસોને 'જા, જા,' (એટલે પણ હા, હા, જ. 'ય' ને 'જ'નું અભિન્નત્વ હોવાને કારણે અહીં 'જા') કરવાની ટેવ. મને એ વખતનો લહેકો જોવાની બહુ મઝા આવતી હતી.

દોઢ વાગ્યે ફરી ટ્રામમાં બેસી ગયો. વિચાર પણ આવ્યો : અહીં બધા દેશો—ઇંગ્લૅન્ડના અપવાદ સિવાય—ટ્રામ રાખે છે, ને આપણે કાઢી નાખી, એ પણ ઇંગ્લૅન્ડનું અનુકરણ કરવાની વૃત્તિને અંગે જ હશેને? કેવું સરસ અને સસ્તું સાધન છે! આપણા જેવા ગરીબ દેશને તો કેટલું બધું અનુકૂળ પડે! પણ કોણ જાણે, આ બધું શી રીતે વિચારાતું હશે એ જ સમજ નથી પડતી!

માદામ કુહકુસે મારે માટે મેં કહ્યું હતું એ પ્રમાણેની રસોઈ બનાવી રાખી હતી. એટલી બધી ઉત્સાહમાં હતી! પણ મારે તો પાછું મટેકન વગેરે જોવા જવું હતું. ઉતાવળે ઉતાવળે જમીને ફરી નીકળી પડયો.

સાંજે જ્યારે ઉતારે પહોંચ્યો ત્યારે ઍમસ્ટરડૅમમાં જોવા જેવું બધું જોઈ લીધું હતું. થાક લાગ્યો હતો એના કરતાં આનંદ વધારે આવ્યો હતો, એટલે માદામ કુહકુસે તૈયાર કરેલી ખાસ રસોઈનાં મલાવી મલાવીને વખાણ કર્યાં ત્યારે એ ભાવતું ન હોવા છતાં ચિત્તની પ્રસન્નતા જળવાઈ રહી. ફરવા જવાનાં સ્થળો વિશેની માહિતી અને તે માટેની ટિકિટો સામાન્ય રીતે હોટેલવાળાઓ જ પૂરી પાડે છે. માદામ કુહકુસે પણ એમ મારી બીજા દિવસની હૅગ જવાની મુસાફરી રાતના જમણ વખતની વાતચીતમાં જ ગોઠવી દીધી.

સવારે બસમાં બેસતાં જ એમાંથી મળનારા આનંદ વિષે ખાતરી થઈ ગઈ. સાથે જોડાનારા મુસાફરોમાં મોટા ભાગના અમેરિકનો હતા એટલે ભાષા સંબંધી મુશ્કેલી પડે તેમ નહોતી. વળી ત્યાં ખાવાનું મને ખપતું મળે કે નહિ એ સંશય હોવાથી મેં મારું બપોરનું ખાવાનું પણ સાથે લઈ લીધું હતું : દેશમાંથી લાવેલી થોડી ગોળપાપડી અને ખાખરા. એટલે એની પણ ચિન્તા નહોતી. સવાર ખુશનુમા હતું. લંડનના લદાયેલા આકાશ કરતાં અહીંનું સ્વચ્છ આકાશ ખૂબ આકર્ષક હતું, એટલે ચિત્ત પ્રસન્નતા અનુભવતું હતું.

થોડા કલાકમાં હૅગ પહોંચી ગયાં. આંતરરાષ્ટ્રીય કોર્ટને અંગે એને

વિષે થોડો ખયાલ તો હતો જ. પણ ખુદ તેને જોયું ત્યારે જ ખબર પડી કે એ બધા ખયાલો કરતાં એ પોતે તો અત્યંત વિશેષ રૂપાળું હતું. વિશાળ ખુલ્લી જમીન ઉપર આવેલું આંતરરાષ્ટ્રીય કોર્ટનું વિશાળ મકાન ભવ્યતાનો ખયાલ આપતું હતું. એની ચારે બાજુ સ્વચ્છતા અને શાંતિ હતી. નજીકની રેસ્ટોરાં પણ સરસ હતી. મેં મારા ઘરનું ખાવાની રજા માગી લીધી. થોડું એનું પણ મંગાવ્યું. હસતે ચહેરે એ પ્રસ્તાવ સ્વીકારાયો. મારી જેમ પોતાનો ખોરાક ખાનારું એક યહૂદી યુગલ પણ મારા ટેબલ ઉપર મારી જોડે જોડાયું. એ દિવસે તેમને અમુક ચીજ ખપતી હતી અને અમુક નહિ, એટલે એમને એકલાં જ વિશેષ ફાવે એમ હતું; ને એકલાં બેસવા મળે એમ નહોતું એટલે અમે ત્રણે સાથે થઈ ગયાં. આવાં જુવાન હોવા છતાં. બંને ખાદ્યાખાદ્યના આવા નીતિનિયમો જાળવતાં હતાં એ માટે મેં આદર દેખાડયો કે તરત જ એ બન્ને સ્નેહી બની ગયાં. જુવાન માણસોના નિખાલસ સ્નેહ જેવી બક્ષિશ હેગની સ્વચ્છ સુંદરતાની બક્ષિશમાં ઉમેરાઈ એટલે મારી યાત્રા સફળ થઈ ગઈ લાગી.

વળતી વેળા બસે બીજો રસ્તો લીધો. રસ્તામાં કહ્યું કે હવે એ લોકો અમને એક અદ્‌ભુત જગ્યા જોવા લઈ જતા હતા. અમે મુસાફરો એકબીજા સામે જોઈ હસી પડયા. અર્વાચીન યુગની જાહેરાતની આ પદ્ધતિ કોઈથી અજાણી નહોતી. અને છતાં દરેકના ચહેરા ઉપર એક જાતનું કુતૂહલ તો પથરાયું જ. કલ્પનાઓ કરવા લાગ્યા. પણ ખરેખર એ સ્થળે ગયા ત્યારે ખાતરી થઈ ગઈ કે આમાં કોઈ કલ્પના કામ આવે તેમ નહોતી. કેમ કે જે જોયું તે કલ્પનાતીત હતું.

સ્થળનું નામ હતું મેડુરો ડેમ. બસમાંથી ઊતરતાં એ નામ અમને કહેવામાં આવ્યું. ડેમ એટલે ગામ, શહેર, એવું તો અમને હવે સમજાઈ ગયું હતું. આ વળી કયું ગામ હશે? આમ તો કશું દેખાતું નહોતું!

એક દરવાજામાંથી અંદર દાખલ કર્યા. દીવાલ જેવું હતું, ને થોડાં પગથિયાં હતાં. એમાં દાખલ થતાં જ એક નાની નગરી અમારી સામે ડોકાઈ રહી. એ જ મેડુરો ડેમ!

એક જુવાન હતો: જ્યૉર્જ મેડુરો નામનો. ડચ જુવાન. ૧૯૪૦માં તેણે નાઝીઓ સામેના યુદ્ધમાં બહાદુરી બતાવી હતી. પછી તેમને હાથે કેદ પકડાયો હતો. ૧૯૪૫માં તેમની કેદ-છાવણીમાં તે મૃત્યુ પામ્યો હતો. તેની યાદમાં તેનાં માતાપિતાએ આ નાની નગરી બંધાવી હતી. એને એ લોકો એક 'મિનિયેચર વિલેઈજ' જ કહેતાં.

મિનિયેચર જ હતું બધું એ નગરીમાં. પણ એ વિલેઈજ ન હતું, શહેર હતું. બે માઈલના વિસ્તારમાં તે પથરાએલું હતું, ને તેમાં બધી યે આધુનિક સગવડ હતી. રેડિયો, તાર, ટપાલ, રેલવે, સ્ટીમર, એરોડ્રોમ—બધું જ. ફૅક્ટરીઓ તો પાર વિનાની હતી: અને હોલૅન્ડના દરેકે દરેક મોટા મોટા ઉદ્યોગની ઑફિસો પણ. રેલવે ચાલે, સ્ટીમરો ચાલે, એરોપ્લેનો ઊડે, પણ બધું જ મિનિયેચર. નાનું, મૂળ કદના ૧/૨૫ ભાગનું બધું હોય. બાગ હોય. બગીચા હોય, યુનિવર્સિટી હોય, દરેક મોટા ઉદ્યોગની જાહેરખબરનાં પાટિયાં પણ હોય. તેની અંદર ફરો ત્યારે લિલિપુટમાં ફરી રહેલા ગુલિવર જેવા લાગો.

એ શહેરને એની મ્યુનિસિપાલિટી પણ છે અને મેયર પણ. ઈ. ૧૯૫૨માં એ સ્થપાયું ત્યારે એની પહેલી મેયરેસ તરીકે હોલૅંડની રાણી જુલિયાનાની જ્યેષ્ઠ પુત્રી રાજકુમારી બિયેટ્રીસ ચૂંટાઈ હતી.

આ શહેરની આવક પણ જબરદસ્ત છે. આટલા બધા ઉદ્યોગો તેમાં પોતાની જાહેરાત કરે છે એ માત્ર મફતમફત નહિ. તેના તેમણે પૈસા આપવા પડે છે. એ પૈસાથી થતી આવકમાં પ્રવાસીઓથી થતી આવક ઉમેરાય છે. એ પણ નાનીસૂની આવક નથી. અત્યાર સુધીમાં એકાદ કરોડ માણસો તો આ નાની નગરીને જોઈ ગયાં છે.

ધમાધમવાળું શહેર લાગે. રસ્તાઓ ચોખ્ખા ચણક. સ્થળે સ્થળે બેસીને આરામ કરવાની સગવડ. આખું શહેર ફરી જોતાં દોઢએક કલાક લાગે. ભૂખ લાગી જાય. ખાવાનું મળે. તરબતર થઇને નીકળો ત્યારે બીજે ક્યાંય જોવા ન મળે એવું કશુંક જોઈ શક્યાનો સંતોષ મળે, કેમ કે એ શહેર તો બનાવ્યું છે જૂના કાળથી આજ સુધી ચાલી આવેલું એવું. એટલે એમાં જૂના કિલ્લાઓ જેવાં મકાનો પણ હોય અને આજનું અદ્યતન સ્થાપત્ય દર્શાવતાં મકાનો પણ હોય.

પ્રશ્ન એક જ થાય: આવકનો ઉપયોગ શો કરતા હશે આ લોકો? શહેરની સાજસજાવટ અને સારસંભાળ માટે ઘણો બધો ખર્ચ થતો હશે, કેમ કે યુરોપનું કોઈ પણ શહેર આના જેવું ચોખ્ખું નહિ હોય. પણ છતાં આવક તો એ ખર્ચ કરતાં ઘણી વધારે છે. એ આવક ખર્ચાય છે હોલૅન્ડના વિદ્યાર્થીઓ માટે ઉત્તર હોલૅન્ડમાં લારેનમાં આવેલા ટી. બી.ના સેનેટોરિયમના લાભાર્થે. મેડુરો મરી ગયો છે પણ અનેક જુવાનોને તેની સ્મૃતિમાં જીવતદાન મળી રહ્યું છે. તેને તો તેના વીરોચિત મૃત્યુ માટે ધન્યવાદ ઘટે જ છે; પણ એની સ્મૃતિને આવી અદ્‌ભુત રીતે જીવતી રાખનાર માતાપિતાને અને આ શહેરનો વિચાર આપનાર સમાજસેવિકા શ્રીમતી બૂન-ફાન ડેર સ્ટાર્પને તો અંતરનાં વંદન સિવાય બીજી કઈ અંજલિ આપી શકાય?

આ નાનકડી નગરીમાંથી ફરી સાચેસાચી મોટી નગરીમાં જવાનો સમય થઈ ગયો. રાહ જોતી બસમાં આવીને ગોઠવાઈ ગયો. અમારા બીજા સાથીદારો આવી રહ્યા હતા. બધા આવી જાય તેની રાહ જોવાતી હતી. રાહ જોતાં જોતાં ચોતરફ સહેજે જોવાતું હતું. એમ કરતાં નજર ગઈ: બસથી થોડે જ દૂર એક નાની હાટડી જેવું હતું. ત્યાં લોકોનું એક ટોળું જમા થએલું હતું. કશુંક વેચાતું હતું. તે મેળવવા પડાપડી થતી હોય તેવું લાગતું હતું. સરસ પોશાક પહેરેલાં રૂપાળાં સ્ત્રીપુરુષો આતુરતાથી એ મેળવવા પડાપડી કરી રહ્યાં હતાં.

શું હશે? નજર કરી. કશોક ખાદ્યપદાર્થ હતો. વેચનારા પાસેથી લઈ સીધો મોંમાં ઓરાતો હતો. હું જોઈ રહ્યો. ઓરનારા એને મોઢામાં ઓરતા હતા અને એ પદાર્થ મોંમાંથી બહાર આવવા તરફડતો લાગતો હતો. ઓરનાર બળપૂર્વક તેને પાછો મોંમાં અને પછી ઉદરમાં ધકેલી દેતા હતા. કુતૂહલપૂર્વક મેં બાજુમાં બેઠેલાં સામે જોયું. એ પણ એ જ જોઈ રહ્યાં હતાં. મારી સામે જોઈ એ લોકો હસ્યાં. પેલા યહૂદી ભાઈએ કહ્યું: 'શું ખાય છે આ લોકો, ખબર છે?' મેં કહ્યું 'ના'.

'તાજી તાજી માછલી જેવું જળચર પ્રાણી છે. અહીં એ શોખની વસ્તુ ગણાય છે. કાચી જ ખાઈ જવાની!'

'અરર!' મારાથી બોલાઈ જવાયું: 'કેટલું જંગલી જેવું લાગે છે.'

એ હસી પડયો. મને ઊલટી થવા જેવું થયું. માણસો આવી ગયાં ને મોટર ચાલી ત્યારે 'હાશ, છૂટયા' જેવું થયું. પેલા નાના નગરનો બધો યે આનંદ આ શોખીન નાસ્તાબાજોએ મારી નાખ્યો.

પણ અમને આ બધું દેખાડનાર માણસો તો અમને જાણે આનંદમાં જ રાખવા માગતા હતા. થોડી વાર પછી એક સુંદર બગીચામાં લઈ ગયા. ફૂલછોડ અને રોપાનો પાર નહોતો. ઠંડક આહ્‌લાદક હતી ને સ્થળ રમણીય હતું. મારી જોડે ચાલનારી એક સ્ત્રી આખો વખત 'આહ' ને 'ઓહ' કર્યે રાખતી હતી. આખરે મને કહે: 'કેટલું બધું સુંદર છે, નહિ!'

'છે જ.' મેં કહ્યું.

'તમને શોખ છે આવા ફૂલછોડનો?'

'મારા પુત્રને છે.'

'ઓહ, હાઉ નાઇસ!' બોલીને તે વાતે વળગી. સરસ વાતો કરતી હતી. તે પણ યુરોપમાં પહેલી જ વાર આવી હતી. તેનો દેશ પણ

સરસ હતો, પણ આ તો અદ્‌ભુત હતું: તે કહેતી હતી.

'કયો છે તમારો દેશ?' મેં પૂછ્યું.

'સાઉથ આફ્રિકા.' હું જરી ચમક્યો. તેણે કદાચ તે જોયું. મારો રસ જરા ઓછો થઈ ગયો હોય તેમ મેં કહ્યું: 'તમને ખબર છે? હું ભારતીય છું.'

'એમ? સરસ.' તે બોલી ને ફરી તત્પરતાપૂર્વક વાતો કરવા લાગી. ભારતીય માણસની તેને તો કૈં સૂગ લાગી નહિ. પણ પછી મને બહુ ઉત્સાહ રહ્યો નહિ. પૂર્વગ્રહો કંઈ એક જ પક્ષને નથી હોતા!

પાછો શહેરમાં આવ્યો ત્યારે રાત પડી ગઈ હતી. જરા મોં માથું કરીને સીધો જમવા ચાલ્યો ગયો. ભૂખ એવી લાગી હતી કે માદામ કુહકુસે ગમે એવી રસોઈ બનાવી હોય તો યે મીઠી લાગે. પણ આજે તો તેણે રસોઈ પણ સારી બનાવી હતી. આનંદપૂર્વક ખાવા લાગ્યો. વચ્ચે નજર પડી. બાજુના ટેબલ ઉપર બે વૃદ્ધ સ્ત્રીઓ બેઠી હતી. મારી સામે જ જોઈ રહી હતી. નજર એક થતાં હસી. હું પણ હસ્યો.

'ભારતીય છો?' તેમાંની એકે પૂછ્યું. 'હા.' મેં કહ્યું.

'કેટલું સરસ, નહિ?' તેમાંની એકે બીજીને કહ્યું. પછી મને કહ્યું: 'ભારતના માણસને મળવાની અમને બહુ હોંશ હતી.'

'તો ત્યાં બેઠાં બેઠાં શી રીતે મળી શકશો?' હું હસ્યો. 'આમ અહીં આવોને, મારા ટેબલ ઉપર.'

'ઈફ યુ ડોન્ટ માઈન્ડ.' કહીને બન્ને સ્મિતપૂર્વક મારા ટેબલ ઉપર ગોઠવાઈને વાતો કરવા લાગી. હું પણ ખાતોખાતો એ વાતોમાં જોડાયો. આખરે એમનાથી રહેવાયું નહિ. એકે પૂછી લીધું, 'માફ કરજો મારું કુતૂહલ, પણ એક પ્રશ્ન પૂછું?' 'પૂછોને,' મેં કહ્યું.

'તમે આ ઘાસ જ શા માટે ખાઓ છો?'

'આ ઘાસ છે?'

'નહિ તો શું બીજું?' પછી ગંભીરતાપૂર્વક: 'આમાંથી પોષણ તે શી રીતે મળે?' 'ન મળે?'

અત્યંત ભારપૂર્વક: 'ન જ મળે.'

'તો પછી હું તમને એક પ્રશ્ન પૂછું?' મેં કહ્યું.

'જરૂર, જરૂર.' બન્ને એકીસાથે બોલી ઊઠી.

મેં પૂછ્યું: 'હું તમને માંદો લાગું છું?' 'ના.'

'દૂબળો?' 'ના.'

'ફિક્કો?' 'ના.'

'તો પછી, જુઓ;' મેં કહ્યું: 'હું નથી લાગતો માંદો કે દૂબળો કે ફિક્કો. તાકાત વિનાનો પણ નથી લાગતો, નહિ?' તેમણે ડોકું હલાવીને ના કહી મેં ચાલુ રાખ્યું: 'અને છતાં હું જન્મ્યો ત્યારથી આવો જ ખોરાક ખાઉં છું. અને મારી ઉમર એકાવન વર્ષની થઈ છે.'

બન્ને હસી પડી—ખડખડાટ. 'સરસ, સરસ,' એમ બોલી ઊઠી. પછી એમાંની એકે વાતનો દોર આગળ ચલાવ્યો.

'એ બધું ખરું' તેણે કહ્યું: 'પણ તમને કોઈક વાર થાક લાગે છે ખરો?'

મેં કહ્યું: 'હા, અત્યારે જ થાકેલો છું. આખો દિવસ રખડ્યો છું ને.'

'કોઈક વાર કમ્મર દુખે છે?' 'વારંવાર.'

'પગ તૂટે છે?' 'ચોક્કસ તૂટે છે.'

'તો પછી જુઓ.' હવે તેનો વારો આવ્યો: 'અમને થાક નથી લાગતો કે અમારી કમ્મર દુખતી નથી કે પગ પણ નહિ. અમે આજે આખો દિવસ આ ઍમસ્ટર્ડૅમ શહેરમાં અમારા પગ ઉપર જ રખડ્યાં છીએ અને અમારી ઉમર સિત્તેર વર્ષની છે!'

હસીને મારે હાર કબૂલવી પડી. એ સ્ત્રીઓ માત્ર કુતૂહલ પ્રેરિત જ નહોતી, બુદ્ધિશાળી પણ હતી. વાતો એ દિશામાં વળી. હિંદુસ્તાન વિષે ખૂબ જાણવા ઇચ્છતી હતી. મારામાં અમેરિકા વિષેનું કુતૂહલ હતું. સમય ઊડવા લાગ્યો. છેવટે સાહિત્ય ઉપર વાત આવી પડી. એમને અત્યારનો નીતિહીન જમાનો ગમતો નહોતો. જીવનમાં તો નહિ જ, સાહિત્યમાં પણ નહિ. એટલે પરદેશમાં જેમનાં નામ વિશેષ પ્રચલિત છે એવા થોડા અમેરિકન લેખકો એમને નહોતા ગમતા. એમની સાહિત્યિક પ્રતિષ્ઠા ગમે એટલી હોય, પણ 'વી ડુ નૉટ કૅર ફૉર ધેમ.'

હું હસ્યો. એટલે એમાંની એકે કહ્યું: 'અમારા આવા આવા લેખકોનાં લખાણો પરથી અમેરિકાની પ્રજાની નીતિનું માપ નહિ કાઢતા.'

'નહિ તો?' મેં પૂછ્યું. તેણે કહ્યું: 'નહિ તો છક્કડ ખાઈ જશો, અને અમારી પ્રજા વિષેનો તદ્દન ખોટો જ ખ્યાલ આવશે.'

'એ લોકો પણ તમારી પ્રજા નથી?'

'છે એક રીતે, ને એક રીતે નહિ.' બીજીએ કહ્યું. હું તેની સામે જોઈ રહ્યો. કુતૂહલપૂર્વક પૂછ્યું. 'એટલે?' એણે રહસ્યભર્યું સ્મિત કર્યું. પછી કહ્યું: 'પ્રજા એટલે બે અંશો: સ્ત્રી અને પુરુષ. આ લોકો તો... આ લોકો તો...' તે અચકાઈ એટલે તેની સાથીદારે પૂરું કર્યું: 'આ લોકો તો પૂરા પુરુષો જ નથી હોતા!'

પછીની તેમની સમજૂતીની ભુલભુલામણીમાંથી માંડમાંડ હું સમજી શક્યો કે એ લોકો એમને 'પર્વર્ટ્સ' અને 'હોમો સેક્સ્યુઅલ્સ' ગણાવતાં હતાં. તો પુરુષ કોને કહેતાં હતાં? નેહરુને, અલબત્ત. એથી જ મેં કહ્યું:

'નેહરુ વિષે આટલું માન ધરાવો છો, અને હિંદ વિષે આટલી ઇંતેજારી છે તો હિંદ નથી આવ્યાં?' બન્નેએ ડોકાં ધુણાવ્યાં.

હવે તમારી આ પછીની મુસાફરીમાં ભારતને સમાવી લો. જોવા જેવો દેશ છે. 'છે જ.'

'તો આવશો? મને ખબર આપજો.'

'નહિ આવીએ એટલે એ પ્રશ્ન જ નથી.' એકે વિષાદમય સ્મિત સહિત કહ્યું. 'કેમ?' મેં સાશ્ચર્ય પૂછ્યું

પળભર શાંતિ ફેલાઈ ગઈ. પછી એ જ સ્ત્રી બોલી: 'મારી એ નબળાઈ છે. પણ હું ભૂખ્યાં માણસોને જોઈ નથી શકતી. ખાવા માટે ભીખ માગતાં માણસોને જોઉં તો હું પોતે જ ખાઈ શકું નહિ. એથી ત્યાં કેમ આવું?'

હું તેની સામે જોઈ રહ્યો. ખાવાનું મેળવવા માટે આમતેમ રખડતાં અને મથામણ કરતાં લાખો માણસો મારી નજરને વીંટળાઈ વળ્યાં. સહેજે મારી આંખ નીચી નમી ગઈ. માંડમાંડ બોલ્યો: 'એ બધાંને ખાવાનું પહોંચાડવાનો જ અમારો પ્રયત્ન છે.'

'એમાં તમને સંપૂર્ણ સફળતા મળો.'

'એમાં અમે સફળ થઈએ પછી તો આવશો ને?'

'જરૂર, જરૂર. ત્યારે અમે જીવતાં હોઈશું તો.'

'હશો જ તમે જીવતાં,' મેં કહ્યું. પણ તરત જ મારું મન મને પૂછી રહ્યું: 'હશે એ લોકો જીવતાં? કે હું પણ?' કોણ જાણે!

બાજુના ઓરડામાં થોડી હલચલ થતી હતી તેથી સહેજે અમારું ધ્યાન એ તરફ દોરાયું. 'શું છે? જોઈશું?' મેં પૂછ્યું.

એ તરફ ગયો. લાઉન્જનો એ ઓરડો ભરાતો જતો હતો. માદામ કુહકુસ હસતાં હસતાં બધાંને આવકાર આપી રહ્યાં હતાં. અમે પૂછ્યું: 'મિજબાની આપો છો?' 'ના.' 'તો?'

'આ બધાં ટેલિવિઝન જોવા-સાંભળવા આવ્યાં છે.'

'ઓહ!' કહી બંને અમેરિકનો એકબીજી સામે જોઈ રહી. એમના દેશ કરતાં આ દેશ કેટલો પછાત હતો, એવો એક ગૌરવનો ભાવ એમના ચહેરા ઉપર ક્ષણેક માટે ઝબકી ગયો. કુહકુસે અમને (અનુ. પૃ. ૧૪૬)



પચ્ચીસ વર્ષ પહેલાં

એપ્રિલ ૧૯૪૩ અંક ૨૩૨

'કુમાર'માં આવતી અનેક માહિતીસમૃદ્ધ લેખમાળાઓમાંની એક 'સંસારનાં શહેરો'-નો ૪૧મો મણકો દક્ષિણ ભારતના વિખ્યાત મંદિરનગર કાંજીવરમ્ વિષે હતો. આ વખતે પચ્ચીસ વર્ષ પહેલાંની તેની વાનગી લઈએ :

"મૂળ નામ કાંચીપુરમ્ (સુવર્ણનગર)માંથી જનતાએ ટૂંકાવેલું 'કાંચી' અને અંગ્રેજોએ બગાડેલું 'કાંજીવરમ્' નામ ધરાવતું. એક કાળે સદીઓ સુધી જાહોજલાલ રહેલું આ શહેર આજે તો, મદ્રાસ ઈલાકામાં ચિંગલ-પટથી માત્ર ૨૨ માઈલ દૂર નાના ગામ રૂપે રહ્યું છે; પણ એનો ભૂતકાળ અતિ ભવ્ય હતો, અને આજે યે એ ભૂતકાળના અવશેષો તથા લોકહૃદયમાં તેને માટે વસી રહેલો ધાર્મિક આદર એટલો જ સમૃદ્ધ ને સજીવ છે.

મદ્રાસની નૈઋત્યે ૪૫ માઈલે, વેગવતી નદીને તીરે આવેલું અને આજે માંડ સિત્તેરેક હજારની વસતિ ધરાવતું આ નાનું નગર ભાર-તીય સંસ્કૃતિના ઇતિહાસમાં ગૌરવશાળી છાપ મૂકી ગયું છે. દક્ષિણદેશના મહાબલવાન ને સાર્વભૌમ પલ્લવ રાજવંશનું એ પાટનગર હતું; શંકરાચાર્ય ને રામાનુજ સમા હિંદુ ધર્મ-ને પુનર્જીવનની અંજલિ છાંટનાર મહાન આ-ચાર્યોની એ કર્મભૂમિ હતું; હિંદુ તત્ત્વજ્ઞાનની મહાશાખાઓ અહીં પાંગરી હતી; તેજસ્વી મેધાવાન કૌટિલ્ય (ચાણક્ય)ની જન્મભૂમિ પણ આ જ નગર. ઈસવી સનની યે પૂર્વેથી તે છેક અગિયારમી સદી સુધી એ દક્ષિણ હિન્દ-ની રાજસત્તાનું કેન્દ્ર તથા ધર્મ અને સંસ્કૃતિની ધબકતી નાડ રૂપ બનીને સત્તા ને સમૃદ્ધિની છોળો ઉડાડતું મહિમાવાન મહાનગર રહ્યું હતું.

આખા દક્ષિણમાં એના જેટલું પુરાતન ગૌરવ બીજું કોઈ શહેર ધરાવી શકે તેમ નથી. ભભકભર્યા એ ભૂતકાળનું અનેકવિધપણે મહાન એ ગૌરવ આજે તે બે રીતે જાળવી રહ્યું છે : એ ભૂતકાળના અણીશુદ્ધ અવશેષો જેવાં સમૃદ્ધ શિલ્પસ્થાપત્યથી ભરચક મંદિરો વડે, ને લોક-હૃદયમાં હજી યે જીવંત રહેલી ધાર્મિક મહ-ત્તાથી. 'દક્ષિણ-કાશી'ના નામથી હિંદભરમાં વિખ્યાત થએલું કાંચી, ભારતની સાત મોક્ષ-દાયિકા નગરીઓમાંના એક યાત્રાધામ તરીકે જનતાના હૃદયમાં જેટલું જીવતું જાગતું છે, તેટલું જ પોતાનાં સૌંદર્યભર મંદિરોને લીધે એ, સંસ્કૃતિ કલા તથા ઇતિહાસના અભ્યા-સીને માટે પણ યાત્રાધામ સમું છે.

આ નગરનો ઊગમ ઇતિહાસની ધૂંધળી ધુમ્મસમાં લુપ્ત થઈ ગયો છે. પુરાતન શિલા-લેખો ને નોંધો અહીંથી અસંખ્ય મળી આવવા છતાં તેનું સ્થાપનાવર્ષ હજી જણાયું નથી. પણ ઈ.સ. પૂર્વેના ઘણા સૈકાઓથી એની મહત્તા ગાજતી આવેલી જણાય છે. ઈ.સ. પૂર્વે ૪૨૫માં અહીં આવી ગએલો ચીની પ્રવાસી ફાહિયાન અને ઉત્તર હિંદનો મહાન જ્યોતિષાચાર્ય વરાહમિહિર પોતાના લખા-ણોમાં તેની મહત્તા નોંધે છે.

ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં ભગવાન બુદ્ધ અહીં આવી ગએલા. અશોકનું ધર્મચક્ર પણ અહીં ફરતું હતું. સાતમી સદીમાં હિંદ આવેલો વિખ્યાત ચીની વિદ્વાન અને ધર્મયાત્રી હ્યુએન ચંગ ઈ. ૬૩૨માં પલ્લવ રાજા નરસિંહવર્માના રાજ્યઅમલમાં અહીં આવીને રહેલો. તેણે એ કાળનું આ નગરનું ભવ્ય ચિત્ર આલેખ્યું છે. દક્ષિણ હિંદમાં બૌદ્ધ સંસ્કૃતિનું શરૂથી જ કેન્દ્ર રહેલું આ નગર તત્ત્વજ્ઞાનની વિવિધ શાખાઓના અભ્યાસ માટે પંકાતું. છેક લંકા-થી ભિખ્ખુઓ અહીં અભ્યાસ માટે આવતા. નાલંદાની વિખ્યાત વિદ્યાપીઠના આચાર્ય શીલભદ્રની પૂર્વે થઈ ગએલા વિદ્વાન તત્ત્વા-ચાર્ય ધર્મપાલની આ જન્મભૂમિ હતું. છ કોસ-ના ઘેરાવાનું આ નગર બૌદ્ધ ધર્મની મહાયાન શાખાની પ્રબળ અસર નીચે ધમધમતું હતું. સેંકડો વિહારો તથા સંઘારામો અહીં હતા, અને દસેક હજાર જેટલાં ભિખ્ખુઓ અહીં કાયમી નિવાસ કરતા. એમાંનો એક સંઘારામ આજે પણ શહેરની દક્ષિણે હયાત છે.

તે પછી અહીં થોડી જૈન ધર્મની અસર આવી ગઈ. ને ત્યાર બાદ ફરી પાછો બૌદ્ધ ધર્મ-ને ઢાંકતો બ્રાહ્મણ ધર્મ જાગૃત થયો. પલ્લવ રાજવંશનો સૂર્ય તેના મધ્યાહ્ને તપવા લાગ્યો અને એમના પાટનગર તરીકે કાંચી એમની જાહોજલાલીનો કળશ બની રહ્યું. પલ્લવો પછી રાષ્ટ્રકૂટો આવ્યા ને તેમની પછી ચોળોએ અગિયારમી સદીમાં વિજય મેળવી સમસ્ત પ્રદેશ કબજે કર્યો. ત્યારથી કાંચી દક્ષિણનું પાટનગર મટ્યું. ચોળોએ પલ્લવોના પ્રતાપ-ને પણ પોતાનાં પરાક્રમોથી ઝાંખો કરી દીધો. વારાફરતી ત્રિચી, મદુરા, મ્હૈસુર ને વિજય-નગર આ પ્રદેશની ભિન્નભિન્ન સત્તાનાં કેન્દ્રો બનવા લાગ્યાં. પણ કાંચીની ધાર્મિક મહત્તા તો કાયમ જ રહી અને બ્રાહ્મણ ધર્મ તેના પૂર્ણ સ્વરૂપમાં અહીં જામ્યો. તેમાં જોકે શૈવો અને વૈષ્ણવોના ઝઘડા થયા; પરંતુ અંતે તો એ એક જ બ્રાહ્મણ ધર્મ હતો, એટલે બૌદ્ધ કે જૈન ધર્મની પેઠે કોઈનો નાશ ન થયો અને એક બાપના બે દીકરા પેઠે તેમણે કાંચીની જાગીર વહેંચી લીધી. એમાંથી જ આજનાં છે તે 'શિવકાંચી' અને 'વિષ્ણુકાંચી' એ બે જુદાંજુદાં કાંચી બન્યાં. બંને સંપ્રદાયના નવા નવા રાજાઓ થતા ગયા અને બંને પંથોનાં સુંદરતમ મંદિરો બંધાતાં ગયાં. એ મંદિરોની શિલ્પસમૃદ્ધિ આજે કાંચીની મુખ્ય સમૃદ્ધિ છે.

બે છેડાઓ વચ્ચે ચારેક માઈલના અંતર-માં પથરાએલું પડેલું કાંચી, બૌદ્ધ જૈન વૈષ્ણવ અને શૈવ મંદિરોનું મહાનગર કહેવાય છે.



કાંજીવરમમાં વરદરાજનું મંદિર

મંદિરો ઉપર જ એની ઉપજીવિકા છે. લોકે તે ઉપરાંત ઊંચા રેશમી અને સુતરાઉ વણાટનો ધંધો પણ અહીં છે, અને તે અહીંનો એકમાત્ર છતાં ખાસ વિશિષ્ટ ધંધો છે. વૈષ્ણવ મંદિરોમાં વરદરાજનું મંદિર અને શૈવ મંદિરોમાં કૈલાસનાથ, એકામ્બરનાથ તથા કામાક્ષીઅમ્મા (એટલે પાર્વતી)નાં મંદિર શ્રેષ્ઠ ગણાય છે. વરદરાજના મંદિરનો સો થાંભલાનો વસંતમંડપ એ અહીંનું સર્વોત્તમ આકર્ષણ છે. એકેએક થાંભલા પર શિલ્પીઓનાં ઘણાં સ્વપ્નો અને ઘણી પ્રતિમા આકારિત બન્યાં છે. અલબત્ત, બીજૂરનાં મંદિરોની સફાઈ અને ઝીણવટ અહીં ખૂટે છે; પણ કલ્પના તો પૂર બહારમાં અહીં ઊછળી રહી છે. મનુષ્યો, પશુઓ અને ફૂલવેલને વિષયો બનાવી તેમનાં અનેક પ્રકારનાં સંયોજનોથી થાંભલે થાંભલે નવી જ રચના અહીં કરેલી છે.

કાંચીના વિશાળ વિસ્તારમાં આ મંદિરો ભરચક પથરાએલાં હોવા છતાં તે ગમે તેમ આડેધડ ઊભાં કરી દેવામાં નથી આવ્યાં, પણ તેની પાછળ દ્રાવિડી નગરસર્જકોની યોજનાબુદ્ધિ ચમકે છે. આધુનિક જગતનો વિખ્યાત નગરરચના વિશારદ પ્રો. પૅટ્રિક ગેડિસ એને વિષે કહે છે કે, 'ભવ્ય વિશાળતાના સમૂહગત સંયોજનનો ખયાલ રાખવાની સાથેસાથે એક એક મંદિરનું કલાત્મક વ્યક્તિત્વ મુક્તપણે સચવાય એ રીતનું આટલું સુંદર નગરનિર્માણ મેં હિંદમાં કે બીજે કશે જોયું નથી.'

અગિયારમી સદીમાં ચોળોને હાથે પાટનગરપદ ગુમાવ્યા પછી ઈ.સ. ૧૩૧૦માં તે મુસ્લિમોના આક્રમણનો ભોગ બન્યું. ત્યાર બાદ વિજયનગરના મહારાજ્યને હાથ તે ગયું. ત્રણ સૈકા પછી ફરી ૧૬૪૬માં મુસલમાનોએ તે લીધું તેમની પાસેથી ૧૬૭૭માં મરાઠાઓએ એને જીત્યું, પણ એ તો ટૂંક મુદત માટે જ. વળી પાછું ઓરંગઝેબે એને હસ્તગત કર્યું, અને મુઘલ રાજ્યના અસ્તની સાથે ૧૭૫૨માં કલાઇવે એનો કબજો લીધો. ત્યાર પછીના દોઢ દસકામાં ફ્રેન્ચો અને બ્રિટિશો વચ્ચેના વિગ્રહોમાં કાંચી પણ એ બે સત્તાઓના હાથમાં અથડાયા કર્યું. ૧૭૫૭માં ફ્રેન્ચોએ એના મંદિરને આગ લગાડી, પણ બહુ નુકસાન ન થયું. ૧૭૬૦માં લાલીએ એને લૂટ્યું. અંતે એ બ્રિટિશોના હાથમાં ઠરીઠામ થયું.

આમ ઇતિહાસની ચિત્રવિચિત્ર શતરંજ પર અથડાઈને અનેક વારાફેરા જોએલું હોવા છતાં, હજી પણ ત્યાંનાં સૌમ્ય તળાવો, ભવ્ય પ્રશાન્ત ગોપુરમ્ તથા રણકતા ઘંટાનાદ ઘડીભર તો એ નગરની આવી વિષમ તડકીછાંયડી ભુલાવીને આપણી આગળ પુરાણું વાતાવરણ ઊભું કરી મૂકે છે.''

શતરંજ

ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે આ વખતથી ૭મી રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં રમાએલી રમતોમાંથી કેટલાંક કૅામ્બિનેશન્સ આપણે જોઈશું. પ્રથમ 'બી' ટૂર્નામેન્ટના પહેલા રાઉન્ડમાંથી એક રમત જોઈએ. એમાં કાળાની શરૂઆતની નબળી ચાલનો લાભ લઈને સફેદે જોરદાર હુમલો કરીને રમતને ટૂંકાવી દીધેલી. એટલે આપણે તે પૂરી રમત જોઈએ. એમાં સફેદ મ્હોરાં આર. કે. ગુપ્તા (દિલ્હી) પાસે ને કાળા કે. પાલન્ (કેરળ) પાસે હતાં.

શરૂઆત: ફિલિડોર્સ ઓપનિંગ (Philidor's Opening)થી થએલી.

1 P–K4, P–K4; 2 N–KB3, P–Q3! આ ફિલિડોર્સ ઓપનિંગની લાક્ષણિક ચાલ છે. કાળા માટે તે નબળી ગણાય છે. અહીં સફેદ તેનો લાભ લઈ સચોટ જવાબ આપે છે.

3 P–Q4, B–N5 ?; અહીં કાળો 3…, N–QB3 થી રાય લૉપેઝના નબળા વિકલ્પમાં રમતને ફેરવી શકત, પણ આ ચાલથી તો રમત વધુ નબળી પડે છે.

4 P×P, B×N. અહીં કાળો 4…, P×P? રમે તો 5 Q×Qch, K×Q; 6 N×P થી સફેદ એક પ્યાદું જીતે અને કાળો કિલ્લેબંધીનો હક ગુમાવે.


5 Q×B, P×P; 6 B–B4, Q–B3; 7 Q–QN3, P–QN3; 8 B–KN5! રાજા ઉપર 9 B×BPch થી હુમલો કરવા માટે સફેદ ઊંટનો ભોગ આપે છે તે કાળો સ્વીકારી શકે તેમ નથી.

8…, Q–N3; 9 O–O, B–K4! હાથી માટે KB પંક્તિ ખુલ્લી કરવા માટેની સુંદર ચાલ.

10…, N–Q2; 11 P×P, N×P! આનાથી કાળાના KBPને એક વધુ રક્ષણ મળ્યું, પણ હવે પછીના સફેદના એકધારા હુમલા સામે તે વધુ ટકી શકતું નથી. 12 Q–N5ch, P–B3; 13 Q×N, Q×B; 14 B×Pch, K–Q1: 15 R–Q1ch, K–B1; 16 Q–K6ch, K–N2; 17 Q–Q7ch, K–R3; 18 B–B4ch, K–R4; 19 R–Q5ch!

અહીં હાથી રાજા તેમજ વજીર ઉપર એક સાથે હુમલો કરે છે. તેને વજીરથી મારી શકાય તેમ નથી. એમ કરતાં તો વજીર ગુમાવવો પડે. અને જો પ્યાદાથી મારે તો 20 Q–N5mate થાય છે. આ પરિસ્થિતિમાં કાળો એક સુંદર ચાલ ચાલી થોડા વખત પૂરતો રક્ષણને બદલે સામો હુમલો કરી શકે છે. સાથેની આકૃતિ જોઈને એ ચાલ કઈ છે તે શોધવાનો પ્રયત્ન કરો.

કે. પાલન્ (કેરળ)



આર. કે. ગુપ્તા (દિલ્હી)

19 R–Q5ch પછીની સ્થિતિ

19…, B–B4ch. કાળો અહીં સામી શેહ આપીને રમતને પોતાની તરફેણમાં ફેરવવા એક મરણિયો પ્રયાસ કરે છે, પણ સફેદનાં મહોરાંની સ્થિતિ સામે એ વધુ વખત ટકી શકતો નથી.

20 K–R1, Q–B8ch; 21 R–Q1, Q×NP; 22 N–Q2, N–K2; 23 N–N3ch, K–N5. અહીં 23… K–R5થી રમત થોડી વધુ ચાલ લંબાત.

24 P–R3ch, K–B6; 25 Q–Q3mate.

એકાંકી નાટ્યલેખન સ્પર્ધા

ગુજરાતી સાહિત્ય મંડળ કલકત્તા તરફથી ગયા વર્ષે એકાંકી નાટ્યલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધાને અત્યંત ઉષ્માભર્યો આવકાર મળ્યો હતો. આ વર્ષે પણ સ્પર્ધા યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. લેખકોને તેમની મૌલિક અપ્રગટ કૃતિઓ તા. ૧૬–૬–૬૮ સુધીમાં શ્રીમતી યોગિની પટેલ (૩ બી, એલ્ગીન રોડ, કલકત્તા ૨૦)ને રજિસ્ટર્ડ એ ડી.થી મોકલવા વિનંતી છે.

સત્યકથા-૨૭

દયામાસી

લેખક • મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય

મારી પાંચસાત વર્ષની વયે કોટડા-સાંગાણીમાં, અમારે ત્યાં, અમે ફઈમામાનાં ભાંડરડાં તથા પડોશનાં સાતઆઠ બાળકો ભેળાં મળી ફળિયામાં રમતાં, એ વખતે ઓસરીને ઓટે થાંભલી આગળ એક દૂબળાં ડોશી ઘણી વાર બેસી અમારી રમત જોતાં. એનું સ્મરણ એ કારણે સ્પષ્ટ છે કે રમવામાં ભૂલ થવાથી અમારામાંથી કોઈ પડે આથડે કે એવી હાલતે પહોંચે ત્યારે એ જાળવીને રમવાનું કહેતાં અને ક્યારેક અમે અંદર અંદર બાઝી પડીએ તો હાડથી કચવાઈને કહેતાં: 'છોકરાંઉ, બાઝો છો શું કામ? ભગવાને દૂધપાક જેવી જિંદગી આપી છે તો બેટા, આનંદથી રમોને!' એ ડોશીની આ વાત છે.

એમનું નામ દયાકુંવર. ઘરમાં સહુ એને માસીબા કહેતાં. મારા પિતાને એ એકમાત્ર માસી હતાં. વળી ગામમાં અમારી જ્ઞાતિનું એક જ ઘર હતું. ગામના ઘણા લોકોને અમારા કુટુંબ સાથે ઘર જેવો સંબંધ હોવાથી ગામમાં પણ તે માસીબા અગર દયામાસી તરીકે ઓળખાતાં.

એમનો જન્મ ઈ. ૧૮૬૦ની આસપાસ, હાલના જૂનાગઢ જિલ્લાના લીંબુડા ગામે અહિચ્છત્ર બ્રાહ્મણ દલપતરામ મોરારજી વ્યાસને ત્યાં થએલો. બે બહેનોમાં એ નાનાં. મોટીનું નામ અવલકુંવર. અવલ એટલે મુખ્ય અથવા પ્રથમ. પહેલું સંતાન માટે અવલકુંવર. બે બહેનો વચ્ચે આઠેક વર્ષનો તફાવત હતો. વચમાં ભાઈ, તેનું નામ જાદવજી.

માતા વાલુમાના અવસાન સમયે દયાકુંવરની ઉમર ચારેક વર્ષની હતી. પિતાનો વ્યવસાય જુદેજુદે ગામે જઈ કથા કરવાનો. દયાબેન જન્મથી સાજાંમાંદાં રહેતાં, તેથી વધુ સંભાળની જરૂર હતી. વાલુમાની વરસીને બારણે પિતાએ મોટી પુત્રીને મોરબીના ભટ્ટ હરિરામ વેજનાથના પુત્ર કાનજી વેરે પરણાવી. મોટી પુત્રીનાં સાસુ ઝવેરકુંવર એ દલપતરામનાં પિત્રાઈ ભત્રીજી થાય. તેના આગ્રહથી દલપતરામે મોટી પુત્રી સાથે નાની દીકરી દયાને ઝવેરકુંવરની સંભાળ નીચે મોકલી.

વય થતાં, જૂનાગઢના અંબાશંકર કેવળરામ વેરે દયાકુંવરનાં લગ્ન થયાં, જેમણે પોતાની પાછલી વયે કોટડા-સાંગાણી પાસે અરડોઈ ગામે શ્રીમન્ નૃસિંહનું મંદિર ચણાવી ત્યાં નિવાસ કરેલો, અને કેવળ ફળાહાર કરતા. પત્નીની પતિભક્તિ અને પ્રભુનિષ્ઠા પર એ પોતાની પ્રસન્નતા ક્યારેક જાહેર કરતા. યુવાન વયે કોટડા-સાંગાણીમાં પોતાને સર્પદંશ થએલો ત્યારે પત્ની દયાકુંવરે રુદ્રાભિષેક કર્યો, ને સ્વામી કૃષ્ણાનંદે (જુઓ કુમાર અંક ૪૭૪) પગેથી લોહી ચૂસેલું તેથી પોતે બચ્યા એ સ્ત્રીના સતીત્વના પ્રભાવે થયું, એમ એ કહેતા. વ્યવહારમાં શાંત હતા. છતાં સ્ત્રીને નિષ્કારણ અને વારંવાર મારતા. એ ક્રમ છેલ્લી અવસ્થામાં પત્ની પથારીવશ થઈ ગએલાં છતાં તેનાથી છૂટયો નહિ. એ મારતા હોય ત્યારે કોઈ આડે પડે તો એ આડે પડનાર નજીકનું સગું હોય કે પરાયું હોય, સ્ત્રી હોય કે પુરુષ, નાની વયનું હોય કે મોટી વયનું, એની પણ તે દરકાર ન કરતા. માત્ર પત્નીને નહિ, યુવાન થએલા પરણેલા પુત્રને સુધ્ધાં એ ગુસ્સે થઈ મારી લેતા. મોટા પુત્ર જેઠાલાલને એટલો મારેલો કે એ અરધા ગાંડા જેવો થઈ ગએલો.

પતિ તરફથી થતી આવી મારઝૂડ પ્રારબ્ધવશ ગણી તે સહી લેતાં. કોઈ તેની દયા ખાઈ પતિ વિષે ઊતરતું બોલે તો કહેતાં: 'મારી એને ભૂલ લાગે એ મારાં પ્રારબ્ધ. હું જનમથી માંદી છું, એ મારાં કર્મનું ફળ. એ હું જ ભોગવું. મારે એની સેવા કરી છૂટવી એ મારો ધર્મ.'

આ રીતે જોનાર દયામાસીને આશા સંતાનમાં હતી. તેને સંતાનમાં છ દીકરા અને બે દીકરી થએલાં. મોટા દીકરાને તથા દીકરીઓને પરણાવેલાં. પિતા રળવા છતાં કંજુસાઈને લીધે ક્યારેક જમવા પણ

ન દે, ત્યારે મોટો દીકરો જેઠાલાલ કહેતો: 'હવે ઝાઝા દિ' નથી. હું કમાઈને તારું પેટ ભરીશ. તું મૂંઝાઈશ નહિ.'

પણ એ બંધાતી આશા મૂળમાંથી ઉચ્છેદાઈ ગઈ. એક પછી એ દીકરાઓ, દીકરાની વહુ, મોટી દીકરીનો દીકરો અને બન્ને જમાઈએ ગુજરી ગયાં. સાજામાંદા સંગ્રહણીવાળા શરીરમાંની છેલ્લી સુવાવડમાં ગર્ભાશય શરીરની બહાર નીકળી પડયું હતું. આળી ચામડી છોલાતાં લોહી નીકળતું, કપડાં ચોંટી જતાં. એ જમાનામાં ઑપરેશન થતાં નહિ. પતિએ અરડોઈમાં નૃસિંહ મંદિરે 'મેં સંસાર છાડયો છે' કહી નિવાર કર્યો. મારા પિતા તેમને મુંબાઈ તેડી જઈ સારવાર કરાવવા વારંવાર આગ્રહ કરે ત્યારે તે કહેતાં: 'વજા, ભગવાન જે માથે નાખે છે તે વેઠી લેવા દે. મારે ભગવાનની સામે થઈને નથી જીવવું, નથી સાજા થવું.'

અંબાશંકરભાઈ થોડો વખત વચમાં મુંબાઈ રહેલા. સ્ત્રીબાળકોને થોડા દિવસ સાથે રાખે ને વળી ઓચિંતા બધાને અમારે ત્યાં કોટડે મોકલી દે. પાછા પોતે આવીને પણ રહે. મારાં મોટીબાએ દયામાસીને છેવટ સુધી પોતાની પાસે રાખ્યાં. મોટી દીકરી મંગળા દુઃખાયા પછી તેની નાની બે દીકરીઓ સહિત એ પણ ત્યાં રહેતાં. મકાનમાં એને માટે જુદો ઓરડો આપેલો.

મારી આઠદસ વર્ષની વયથી મને એનું સ્પષ્ટ સ્મરણ છે. એ એક સરો સાડલો પહેરીને વાડામાં ઊતરતાં ત્યારે પશ્ચિમના ખુલ્લા આકાશ આડે સાડલા સોંસરવું દેખાતું તેમનું હાડ-ચામનું નમેલું માળખું હજુ મારી નજર સામે તરે છે. ઘણી વાર પથારીમાં ઝાડો થઈ જતો. કપડાં ગર્ભાશય સાથે ચોંટી જતાં. એ બૂમ મારી ફળી સામેના ઓરડેથી પોતાની દીકરી મંગળાને બોલાવે ત્યારે મારી બા દોડીને આવી જતાં. માસીબા કહેતાં: 'એ દીકરી ઊઠીને ન આવે, ને તને, વહુ, રોજ હેરાન કરવી?' મારી બા કહેતાં: 'માસીજી, એમ ન કહો. એ કાંઈક કામમાં હશે. બૂમ ન સાંભળી હોય. ને આમે ય તે દુખિયારો જીવ છે. મને દીકરી જ ગણો. તમારી ચાકરી મને ગમે છે.'

પછી, માસીબા બીજા કોઈને બોલાવતાં નહિ. મારી બા બધું સાફ કરતાં ને એને ફાવતું. મારાં મોટીબા ઝવેરબા ત્યારે (ઈ. ૧૯૧૨) બન્ને આંખે અંધ હતાં. એની સેવા કરવાની હોય જ. પણ તે પહેલાં એ માસીબાની સેવા કરતાં. મારે વહુ નથી, એવું કદી યે એના મનમાં ન થવું જોઈએ, એવી કાળજીથી બા તેનું ધ્યાન રાખતાં.

મારા પિતાને ધંધો રાજકોટમાં હતો, તેથી અમે ચાર છ માસ રાજકોટ પણ રહેતાં. છતાં મારાં મોટીબા ને બા તો માસીબા જીવ્યાં ત્યાં સુધી ઘણુંખરું કોટડે રહેતાં.

એક વખત બા ને મોટીબા સહિત અમારું કુટુંબ રાજકોટ હતું, તેર વર્ષની વયે હું એકલો કોટડે એકાદ દિવસ માટે ગએલો. મંગળાફઈ જૂનાગઢ ગએલાં. માસી પાસે અંબાશંકર માસા એકલા હતા. તેમણે પોતા માટે બટેટાં બાફયાં. બફાઈ ગએલાં બટેટાં કાઢી લઈ એ પાણીમાં ચા બનાવી મને કહ્યું: 'તારાં માસીબાને પાઈ આવ.'

મેં કહ્યું: 'બાફેલા બટેટાના પાણીની ચા પવાય?' મને તેમણે સમજાવ્યું: 'બટેટાંમાં ઘણા ગુણ છે, એ પોષક છે. સારાં', વગેરે.

હું પાઈ આવ્યો. વળતે દિ' મેં એ વાત રાજકોટમાં કરી, ત્યારે મારા પિતાએ મારા કાકાને કુટુંબને કોટડે મૂકી આવવાનું કહ્યું, કારણ કે એને ભય પેઠો કે માસી એથી માંદાં પડયાં જ હશે. મારા કાકા મોટીબાને તથા બાને કોટડે મૂકી ગયા. માસી ખરેખર વધુ ઝાડાથી માંદાં થઈ ગએલાં. મારા કાકાએ માસાને એ રીતે બટેટાના પાણીની ચા ન દેવા ખાસ કહેલું, છતાં પોતાના પર જ માસીની સંભાળ આવે ત્યારે તે એમ કરતા. આ વર્તન ઉલ્લેખનીય નથી, કારણ કે આથી વધુ વિચિત્ર વર્તન ઘણા પતિઓ કરે છે; પણ અહીં આ ઉલ્લેખ માસીબાની ચિત્તસ્થિતિ સમજવા પૂરતો કર્યો છે.

પોતે દુ:ખી ને અપંગ થઈ ગયાં એ ખેદથી એ રોયાં હોય એવું મને યાદ નથી. એ ઉમરે હું મારાં મોટીબા પાસે શ્રીમદ્ ભાગવતનું ભાષાંતર વાંચી સંભળાવતો, એટલે કોઈ સ્વજન પાસે તેમણે કહેલી આ વાત મને યાદ છે. તેમણે એ મતલબનું કહેલું: 'કૃષ્ણ ભગવાને યાદવાસ્થળી સાથે આખા કુળ સહિત લીલા સંકેલી લીધી ત્યારે એ જોવા એનાં માબાપ દેવકી-વસુદેવ બેઠાં જ હતાં ને? એ રોવાની કે કે'વાની વાત જ નથી, વેઠી લેવાની છે. એને ઠીક લાગે એમ કરે.'

મારાં મોટીબા પાસે સત્સંગ કરવા ગામની ઘણી સ્ત્રીઓ બપોરે અઢીથી પાંચ આવતી. તે વખતે કથાવાચન ઉપરાંત પદો બોલાતાં, જેમાંથી કોઈ કોઈ મને યાદ રહી ગયાં છે. માસીબા ગાતાં તે પદોમાંથી એકની નીચેની લીટીઓ મને તેના કંઠસ્વર સાથે યાદ છે:

'જીવું તો જગજીવન, મુજને ભૂધર, ભૂખ્યો રાખીશ મા.
સમાસમાનો વા'લા, ચોર તમારો, વિઠ્ઠલા વટક વાળીશ મા.
કથા કીર્તન વૈષ્ણવનાં કરતાં ભજતાં ભૂલ પડાવીશ મા.
અંત સમે ઓશીકે બેસી કઠણ વચન સંભળાવીશ મા.
મોત સમે મોહનજી, મુજને સાકરપાણી ચૂકીશ મા.'

સાયંકાળે ઘરમાં ઠાકોરજી પાસે ઘીનો દીવો થાય ત્યારે એ મંદિરમાં મોટીબા પાસે બેસી અમે ઘરનાં બધાં માણસો એકાદ કલાક સ્તુતિ બોલતાં. ઘીના દીવા વિના બીજો પ્રકાશ ન રહેતો. મારાં મોટીબા દરેક પાસે જુદીજુદી સ્તુતિ બોલાવતાં. દરેક બાળકે નિશાળમાં પોતાના વર્ગમાં ચાલતી એક સ્તુતિ ગાવાની હોય જ. મારે ભાગે 'અહો દેવના દેવ, હે વિશ્વસ્વામી! કરું હું સ્તુતિ આપની શીશ નામી. દયા લાવીને દાસ-દુ:ખો નિવારો.' એ સ્તુતિ આવતી.

એક વાર નીચેની લીટીઓ બોલતાં મારી નજર માસીબા તરફ ગઈ.

'સદા આપજો આપ સારા વિચારો.
દીનાનાથ, તું એક આધાર મારો.'

'સારા વિચારો' બોલતાં કંઠ રૂંધાયો ને એમની આંખોમાંથી આંસુ ખરી પડયાં. બીજે દિ' એ જ પંક્તિ આવતાં એ જ દશા થઈ. મને યાદ છે કે કોઈ દિવસ એવો ન ગયો કે જ્યારે એ લીટીઓએ આંસુ ન ખેરાવ્યાં હોય! સતત સારા વિચાર માટેની કેવી ઉત્કટ આતુરતા!

મારાં મોટીબા ને માસીબા બન્ને એક જ ઓરડામાં સૂતાં. માસીબા પથારીવશ જ હતાં. બપોરે મોટીબા એ ઓરડે સૂતાં. એક બપોરે મોટીબા એ ઓરડા આગળથી નીકળ્યાં એટલે તેને પાસે બોલાવી માસીબાએ બેસાડયાં ને તેના હાથ પર હાથ ફેરવવા લાગ્યાં. એમની આંખમાં પાણી હતાં. ડૂસકાંનો સહેજ અવાજ થવાથી અંધ મોટીબાએ પૂછ્યું: 'કેમ દયલી, કંઈ દુ:ખ યાદ આવ્યું? કે વેદના થાય છે?'

દયામાસીએ કહ્યું: 'એવું કંઈ નથી, બેન મને તો મારી મોટી વહુ બહુ ગમે છે, એટલે હરખનો ઊભરો ઠાલવું છું.'

અમે રાજકોટ હતાં ને કોટડેથી તાર આવ્યો કે માસી ભયંકર બીમાર છે. તાર વાંચી તત્કાલ મારા પિતા ને કાકા કોટડે ગયા. પાદરમાં શિવીબહેન મળ્યાં તેણે કહ્યું: 'ભાઈ, પહોંચી આવ્યા? તમારી રાહમાં જ માસીબા જીવે છે.'

માસીબા બેભાન અવસ્થામાં હતાં. અંબાશંકર માસાએ તેને બેત્રણ વખત ઢંઢોળીને કહ્યું: 'વજો આવી ગયો છે. તું યાદ કરતી'તીને?' પણ માસીની આંખ ન ઊઘડી. મારા પિતાએ કાન પાસે મોં રાખી કહ્યું: 'માસી, હું વજો.' ને માસીએ હળવેથી આંખ ઉઘાડી. ફાનસ નજીક લેવડાવી માથે હાથ મૂકી મોઢું જોયું ને પછી થોડી વારે આંખ બંધ કરી ગયાં.

રાત આખી સારી ગઈ. સવારે નાડ સારી હતી. શુદ્ધિ હતી. મારા પિતા નાહીને પૂજામાં બેઠેલા. માસી માટે કાકાએ ચા કર્યો. માસા એ પાવા બેઠા. ચા પીવા માસીએ મોં ખોલ્યું, પણ આંખ ન ઉઘાડી. માસાએ કહ્યું: 'ઠીક છે તો આંખ ઉઘાડ ને ચા પી.'

માસીએ કહ્યું: 'આ ખોળિયું હવે ટકે એમ નથી. મરતી વખતે છેલ્લું મોઢું વજાનું જોવું'તું ઈ જોઈ લીધું. વજો અહીં નથી.'

મારા પિતા તરત ત્યાં ગયા. માસીબાએ ફરી મોઢું નજીક લેવડાવીને ભાણેજ વજાને જોયો ને તરત આંખો સદાને માટે ફેરવી ગયાં.

અનુસંધાન] **નવા ગગનની નીચે** [પૃ. ૧૪૨થી

પણ નિમંત્ર્યાં. બન્ને બહેનોને એની નવાઈ નહોતી તેથી એમણે ના પાડી. હું લંડનમાંથી ઝૅલિવિસ્ત્રનથી થાકીને આવ્યો હતો એટલે મેં. ને વળી પાછું સવારના પહોરમાં તો મારે અહીંથી ચાલી જવાનું હતું.

પ્રેમપૂર્વક એ બન્ને વૃદ્ધાઓની રજા લીધી. નામઠામ એકબીજાનાં લખી લીધાં. એ તો ભારત આવે એમ નહોતાં, પણ હું અમેરિકા જાઉં તો તેમને મળું જ એવું વચન આપ્યું. ને મારા રાત્રિ આવાસમાં સામેના ઘરમાં પહોંચી ગયો.

સવારે વહેલો વહેલો ઊઠી, નાહીધોઇને સીધો સામે પહોંચ્યો. એક સરસ માણસ સ્વાગત કરવા ઊભો હતો. બાજુમાં માદામ કુહકુસ હતી. તેણે ઓળખાણ કરાવી: 'મારા પતિ મિ. કુહકુસ.'

'છેક જવા ટાણે જ મળ્યા.' મેં હાથ મિલાવતાં કહ્યું.

'એનો યે મને તો આનંદ જ છે.' તેણે વિવેક વાપર્યો.

'મારો હિસાબ કરી લઇએ' મેં કહ્યું: 'પછી ચાનાસ્તો કરી હું જાઉં.'

'તૈયાર જ છે,' કહી સ્મિત સહિત તેણે બિલ મારી સામે ધર્યું.

મારી પાસે ત્યાંના પૈસા નહોતા. ટ્રાવેલર્સ ચેકના પાઉન્ડ હતા. એ વટાવવાનું મેં તેને કહ્યું. તેણે હિસાબ કર્યો. મને એમાં ફેર લાગ્યો. ગામમાં પાઉંડના એ મને આપતો હતો તેના કરતાં વધારે પૈસા મળતા હતા એ મને ખબર હતી. એ ખબર મેં એને પણ આપી. એણે કહ્યું: 'આ બૅંક નથી, હોટેલ છે. અહીં તો અમારો ભાવ આ છે.'

'બરોબર નથી.' મેં કહ્યું.

'તો ગામમાંથી લાવો, મને વાંધો નથી.'

પણ ગામ હજી સૂતેલું હોય. મને પૈસા કોણ વટાવી આપે આ વહેલી સવારમાં? એ પણ એ જાણતો જ હતો. થોડી રકઝકને અંતે એણે આપ્યો એ જ ભાવ લેવો પડ્યો. મનમાં થયું એકલા હિંદીઓને જ આપણે ભાંડીએ છીએ, પણ અહીં પણ......

ચા પીતાંપીતાં પેલી બે અમેરિકન મહિલાઓને મેં આ વાત કરી. એ આશ્ચર્યચકિત બની ગઈ. એમને ય સાચા ભાવની ખબર હતી. એક બોલી: 'હિ સીમ્સ ટુ બી એ શાર્પ વન.' એ હસી. બીજી પણ, અને હું પણ. ત્યાંથી ગયો ત્યારે સહુથી વિશેષ પ્રેમપૂર્વક હસ્તધૂનન મારી જોડે મિ. કુહકુસે કર્યું. ટૅક્સી સુધી વળાવવા પણ આવ્યો. સામાન પણ ટૅક્સીમાં ચડાવી દીધો એણે.

અને હું ઊપડયો. રંગભીના મોજીલા નગર પારી(સ) જવા માટે.

ડુંગરા દૂરથી રળિયામણા

—સુહાસ અલમોલા—

લંડનમાં હું લગભગ સત્તર-અઢાર દિવસ ગાળવાની હતી, જાણી મારા મિત્રમંડળે વિવિધ અભિપ્રાયો દર્શાવ્યા. જે વિલાયતમાં ભણ્યા હતા એમને મારી ઈર્ષ્યા થઈ. આ જોવાનું નહિ ભૂલતી, અને તે કરવાનું નહિ ચૂકતી એમ અસંખ્ય સૂચનાઓ આપી. જેમણે અમેરિકાની હવા ખાધી હતી અને લંડન માત્ર ઊડતી નજરે જોયું હતું એમણે મારી દયા ખાધી: 'આટલા બધા દિવસ લંડનમાં શું કરીશ? ખૂબ કંટાળો આવશે. ત્યાં તો કંઈ જોવાનું નથી. ફક્ત જૂનાંજૂનાં કાળાંકાળાં મકાનો છે!' પરંતુ મને તો લંડનમાં પગ મૂકતાંને વાર જ એક બોધક અનુભવ થયો.

ઍરપૉર્ટ ઉપર હું પાસપૉર્ટ તપાસાવવાની લાઈનમાં ઊભી હતી. મારી આગળ એક ગુજરાતી ભાઈ હતા. ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ થવા આવ્યા હતા. પાસપાર્ટ તપાસનાર અફસરે એમને ઘણા પ્રશ્નો પૂછ્યા: ક્યાં રહેવાના છો, કેટલું રહેવાના છો, તમારી પાસે કેટલા પૈસા છે વગેરે. આ છેલ્લો પ્રશ્ન સાંભળી એ ખૂબ ખિજાઈ ગયા. ત્યાં તો કંઈ ન બોલ્યા, પણ બહાર નીકળ્યા બાદ મારી સમક્ષ બબડવા લાગ્યા: 'મારી પાસે કેટલા પૈસા છે એની એને શી પંચાત? આવા પ્રશ્નો પૂછી આ લોકો એમના મનમાં સમજે છે શું? નોકરી માટે આવ્યા છીએ એટલે દબાવે છે? બધાં કાગળિયાં તો બતાવ્યાં—વધુ શું જોઈએ?'

મેં એમનો ઊભરો શમવા દીધો. જરા શાંત પડ્યા એટલે સમજાવ્યા: 'ઇમિગ્રેશન ઑફિસરે સવાલો પૂછ્યા એનું કારણ કાંઈ તમને હેરાન કરવાનું ન હતું. આજકાલ એવા ઘણા કિસ્સા બને છે જેમાં લોકો ખોટા દસ્તાવેજો લઈ દાખલ થઈ જાય છે. પછી નથી એમના રહેવાનું ઠેકાણું હોતું, કે નથી ખાવાપીવાનું કે નોકરીનું. અંતે તો એ કોઈ નહિ તો કોઈને બોજારૂપ થવાના જ ને?'

આપણા દેશમાંથી આજકાલ ઘણા યુવાનો પરદેશ નોકરી કરવા જાય છે. સ્વદેશમાં કેટલાકને નોકરી નથી મળતી હોતી, તો કેટલાકને પગાર ઓછા પડે છે. કેટલાક એવા મતના હોય છે કે ભારતમાં રહીને શું કરવું? દૂધથી માંડીને મોટર સુધી પ્રત્યેક વસ્તુની તંગી! એના કરતાં પરદેશમાં આધુનિક સ્ટાઇલથી અમનચમનમાં શા માટે ન રહેવું? ત્યાં તો પગાર પણ કેવા મળે! ને વળી ઘરની મોટરમાં ફરાય. ત્યારે અહીં શા લાડવા ખાવાના છે? જિંદગીનાં આટલાં વર્ષ વેડફી ગ્રૅજ્યુએટ થયા તો યે નોકરીનાં ફાંફાં...વગેરે વગેરે. આવાં મંતવ્યો આપણે સૌકોઈ રોજ સાંભળીએ છીએ. આ બધા પરદેશ-પ્રેમીઓ પારકા દેશમાં કેવી નોકરી કરે છે ને કેવા અમનચમનમાં રહે છે એ જાણવાનું અને જોવાનું આ ઍકાઉન્ટન્ટ ભાઈના કિસ્સા બાદ મને મન થયું.


અને થોડા જ દિવસ બાદ, મને મારી જિજ્ઞાસા સંતોષવાનો મોકો મળી ગયો. મારે એક એમ્પ્લૉયમેન્ટ એક્સ્ચેઇન્જ (નોકરી મેળવવા માટેની કચેરી)ની મુલાકાતે જવાનું હતું. બ્રિટનમાં લગભગ દરેક મોટા શહેરમાં ઠેકઠેકાણે આવી કચેરીઓ હોય છે. આપણે ત્યાં પણ છે. જેમને નોકરી જોઇએ તે પોતાનું નામ ત્યાં રજિસ્ટર કરાવી પોતાના વિષે સઘળી માહિતી આપે છે. બીજી બાજુએ નાનીમોટી પેઢીઓ, ઑફિસો, ફૅક્ટરીઓ વગેરે પોતાને ત્યાં જે કૈં નોકરી ખાલી પડે તે આ એક્સ્ચેઇન્જને જણાવે: પોતાની શી જરૂરત છે, ક્યા પ્રકારના માણસો જોઈએ છે વગેરે. એક્સ્ચેઈન્જના કર્મચારીઓ આ બન્નેનો મેળ બેસાડીને નોકરી શોધનાર અને નોકરી આપનાર બંનેને ભેગા કરી આપે છે. ફાવ્યું તો ઠીક, નહિ તો ફરી પાછી શોધ ચાલુ થઇ જાય છે.

એમ્પ્લૉયમેન્ટ એક્સ્ચેઈન્જના કાર્યકરો સાથે વાત કરવામાં મને ખૂબ જ આનંદ આવ્યો. ભારતથી નોકરી માટે આવતા આપણા યુવાનો વિષે ઠીક જાણવા મળ્યું. આપણે ત્યાંથી જે લોકો નોકરી માટે વિલાયત જાય છે એ બધાને જ કંઈ ટપ દઈને નોકરી નથી મળતી. ઘણાને તો ભાષાની જ મુશ્કેલી નડે છે. ભલે તેઓ ગ્રૅજ્યુએટ હોય, છતાં મોટા ભાગના તો અંગ્રેજી જ છૂટથી બોલી નથી શકતા, અને સામેવાળો શું કહેવા માગે છે એ સમજી પણ નથી શકતા. શિક્ષકવર્ગને આ મુશ્કેલી ખાસ નડે છે. જો શિક્ષક તરીકે કામ કરવું હોય તો બાળકો એમને સમજી તો શકવા જોઈએ ને? ભલેને એ આપણા દેશના બી. ટી. કે ટી. ડી. હોય, પણ જ્યાં ભણનારાં બાળકો જ એમને ન સમજી શકે અને એ પોતે બાળકોને ન સમજી શકે ત્યાં પછી કામ શી રીતે ચાલે! એટલે વિલાયતમાં શિક્ષકોની અછત હોવા છતાં આ લોકોને તો નોકરી માટે ફાંફાં જ મારવાં પડે છે. અંતે કાં તો એ કોઈ બીજા જ એવા ક્ષેત્રમાં નોકરી લઈ લે છે, જે નોકરી એ ભારતમાં કદાચ ન પણ સ્વીકારે; અથવા તો જ્યાં આપણા દેશનાં બાળકો વધારે પ્રમાણમાં ભણતાં હોય એવી શાળામાં નોકરી માટે પ્રયત્ન કરે છે.

નોકરી માટે વિલાયત જનાર બીજો મોટો વર્ગ છે ડૉક્ટરોનો. એમને ઑસ્પિટલોમાં નોકરી મેળવવામાં તો બહુ મુશ્કેલી નથી પડતી. પરંતુ ત્યાં ઉપર આવવાની તક ઘણી ઓછી. જો નાના શહેરમાં કામ કરે તો સારો અનુભવ મેળવી શકે છે. બાકી મોટી ઑસ્પિટલોમાં તો ગધ્ધાવૈતરું જ કરવાનું હોય છે. આથી ઘણાનું સ્વમાન ઘવાય છે અને માનસિક અસંતોષ રહ્યા કરે છે.

સૌથી વધુ મુશ્કેલી વકીલોની હોય છે. આપણા દેશમાંથી આટલા બધા વકીલો અહીં પ્રૅક્ટીસ માટે આવતા હશે એ જાણી મને ખૂબ નવાઈ લાગી. એ લોકોની સ્થિતિ સૌથી કફોડી છે. આપણા દેશ વકીલી ભણતર અહીં બહુ કામ નથી લાગતું, કારણ કે અહીંનું કાયદ તંત્ર નિરાળું છે. એટલે અહીંની પરીક્ષા તો પાસ કરવી જ પડે. કે માટે ખાસ્સો ખર્ચ કરવો પડે. ત્યાર બાદ કોઈ વકીલની પેઢીમાં સિવિલ સર્વિસમાં નોકરી મળે તો મળે. આ લાઈનમાં સમયનો અ પૈસાનો ખૂબ વ્યય થાય છે અને એ બદલ જોઇએ એવું ફળ મળતું નથી

આ બધાંનો અર્થ કંઈ એવો નથી કે ભારતથી નોકરી માટે વિલાયત આવનાર પ્રત્યેક વ્યક્તિ દુઃખી જ થાય છે. પરંતુ એવા ઘણા જે ધારી હોય એવી મનગમતી નોકરી નથી મેળવી શકતા અને હા આવે તે કામથી ચલાવી લે છે. વળી અહીં પગાર સારા મળે છે તે ખર્ચ પણ એટલાં જ મોટાં હોય છે અને બચત કરવી બહુ મુશ્કેલ ઘણા એવા પણ છે જેમને ભારતમાં મળી શકે એના કરતાં ઘણા પગારવાળી નોકરી મળી શકે છે. અને પાઉન્ડને રૂપિયામાં ગુણો એ તો પગાર મોટો જ લાગવાનો ને? પરંતુ આ સારી નોકરીવાળા નસીબ દાર લોકોની બાબતમાં પણ મેં જોયું કે આપણા પોતાના દેશમાં પણને ઊંચા આવવાનો જેટલો મોકો મળે છે એટલો પરદેશમાં ન મળતો. આ વસ્તુ સ્વાભાવિક છે. પરદેશમાં ભલેને તમે ગમે એટ હોશિયાર કે ભણેલા હો પણ સર્વોપરી હોદ્દા ઉપર તો જવલ્લે પહોંચી શકો; જ્યારે આપણા દેશમાં ભલે પગાર ઓછો હોય પણ મ અને ઉચ્ચ પદવી પ્રાપ્ત થઈ શકે છે. અલબત્ત, આને (અનુ પૃ. ૧૨



ઉનાળાની મોજ

(ફોટો · અશ્વિન મહેતા)


નિર્શ્વષ્ટ પાણીના સ્થિર વિસ્તારમાં ટાઢક મેળવતી પડેલી સ્થિતપ્રજ્ઞ મહિષીઓનું માત્રકંણુરેખાએ યોજેલું આ સંયોજન એનું સુખ આપણામાં પણ સંક્રાન્ત કર છે.


નીચે

ગામનો કૂવો

(ફોટો · શ્રીદામ ભટ્ટ)

ગ્રામજીવનમાં પુરુષો માટે જેમ ચોરો તેમ સ્ત્રીઓને પાણીકાંઠો; પછી એ નદીનો હોય કે કૂવાનો અને પાદરમાં હોય કે ગામ વચાળે, એમના જીવનનું એ જાણે એક કેન્દ્રસ્થાન. એમની બધી તડકી-છાંયડી ત્યાં જોવા મળે. છાયાપ્રકાશ ને ચિત્રરુંયોજનની સહાયથી ફોટોકલાકારે અહીં એ કૂવાનું મહત્વ સ્થાપ્યું છે.





વ્યાયામમાં પિરામિડ

ભૂખરા બદામી કાગળ ઉપર પીંછી વડે વિવિધ રંગનાં ટપકાં મૂકીને ઉપજાવેલું

ચિત્ર : કુ. માલિકા મરીવાળા • વય ૧૨ વર્ષ

બાળકોને અનુકૂળ સ્થાન અને સાધન મળતાં તેમની સર્જનશક્તિ અને ક્રિયાશક્તિ કેટલા પ્રકારે ખીલી શકે છે તે દર્શાવતા મુંબાઈની ન્યૂ ઈરા સ્કૂલનાં ૩ થી ૧૩ની વયનાં બાળકોનાં, રોમાંચક, સ્વૈરવિહારી અને રસપ્રદ ચિત્રપ્રયોગો ધરાવતા ત્યાંના 'એસ્થેટિકા'–કલાઅંકનું મુખચિત્ર (વિશેષ પરિચય અંદર 'કલાવાર્તા'માં)

કલાયાત્રા

સ્વ. કલાકાર રવીન્દ્ર દત્ત

પ્રદ્યુમ્ન તન્ના

એમને સંભારું છું ને બાળપણ સાંભરી આવે છે. '૪૦ની સાલ. દસેક વર્ષનો હોઈશ ત્યારે. પાંચમા ધોરણ લગીના સરકારી શાળાના અણગમતા, કુંઠિત અભ્યાસ પછી, આગલે વર્ષે જ ખૂલેલી 'ચિલ્ડ્રન્સ ઍકેડેમી'ના નવા, ઉલ્લાસમય મોકળા વાતાવરણે ચિત્તમાં કોઈ ગજબનો પલટો આણેલો. ગઈ કાલ સુધી નહોતો ગમતો એ અભ્યાસ હવે અતિ રસદાયક લાગવા માંડચો હતો. જ્ઞાન-રહસ્યનાં નવાં જગત ઊઘડતાં જતાં હતાં. અનુભવની ક્ષિતિજો વિસ્તરતી જતી હતી. પહેલાં જ્યાં શાળાનું નામ પડતાં ભીતર ભયની આંટી પડતી ત્યાં હવે શાળામાં સમય કરતાં યે વહેલા પહોંચી જવાની તાલાવેલીએ સ્થાન લીધું હતું. બાળકના ભાવિ ઘડતરમાં સાચા શિક્ષણનું કેટલું ભારે મહત્ત્વ છે એ આજે બહુ સારી રીતે સમજાય છે. કોને કોને યાદ કરું? વ્હાલસોયાં સ્વજનો સમાં કેટકેટલાં શિક્ષકોનાં નામ યાદ આવે છે! શ્રી સ્થળેકર, શ્રી તેલંગ, શ્રીમતી કીર્તિકર, શ્રી રાવ, શ્રી દેસાઈ, શ્રી ચૌધુરી અને બીજાં ઘણાં ય. પણ એ બધાંમાં ય અતિપ્રિય એવું નામ છે શ્રી રવીન્દ્ર દત્તનું. 'દત્ત સર' કહેતા અમે સહુ એમને.

ગરદન લગીનાં લાંબાં લિસ્સાં લટિયાં, અને ધોળાફૂલ પહેળા કફની સેંધામાં યે અછતી ન રહેતી ભીનેવાન ભારે કાયા. કંઠે ય કાયા જેવો ભર્યોભર્યો: ખીલાય તો ગરજતા ઘન જેવો બુલંદ, નહિ તો વહાલની ઊળે નવરાવી જતા મોજા સમો મુલાયમ.



મૅથ્યુ રોડના નાકા પરના એ મસ મોટા, આછા લીલા રંગના, બંગલા જેવા શાળાના મકાનને યાદ કરું છું, ને યાદ આવે છે એના પાછલા ભાગમાં આવેલો લાંબો-પહોળો ચિત્રખંડ. નાનાનાના રંગબેરંગી બાજોઠિયા અને આસનિયાં હારબંધ ગોઠવેલાં છે; માથે નાના લંબચોરસ પાટિયા પર ધોળા ધોળા કાગળ, રંગનાં ધાબાં-લપકાની વાટ જોતા પડયા છે. વચ્ચે એક બાજોઠ પર વાંસના પાત્રમાં પીંછીઓનો થોકડો, પાઉડરિયા રંગના ડબ્બા અને રંગમેળવણીની રકાબીઓનો ઢગલો છે.

મારા મોટા ભાઈને ત્યારે ચીતરવાનો ભારે નાદ. ને એની હારોહાર મને ય એ લાગેલો. પણ એની ખીલવણીમાં સાચો ફાળો તો દત્ત સરનો જ. પહેલી પીંછી જ પકડતાં એમણે શીખવી. પંડના પુતર જેમ ખોળે બેસાડી, હેતે હુલાવી, પટાવી, અનેક વાતો કરી, બાળ ચિત્તની ભાતીગળ કલ્પનાસૃષ્ટિને, બાળકના જ હાથે કાગળ પર કેમ જીવંત કરવી એ એમને બહુ સારી રીતે આવડતું. નિયત અભ્યાસ પછી સાંજના એમના ખાસ ચિત્રવર્ગમાં અનેક વિદ્યાર્થીઓ આવતા. મને ય ત્યાં જવાની ઘણી હોંશ થતી. પરંતુ ઘરની આર્થિક પરિસ્થિતિ ત્યારે એવી નહિ કે હું એનો લાભ લઈ શકું. પણ મારી એ મૂંઝવણ એ બહુ વહેલા પરખી ગએલા. અને મને ફીની કશી પણ ચિંતા કર્યા વિના નિઃસંકોચ, નિયમિતપણે સાયંચિત્રવર્ગોમાં આવવા બહુ હેતપૂર્વક એમણે આગ્રહ કરેલો. ભાવતું'તું ને વૈદે કીધા જેવી જ વાત! પછી કાયમ ત્યાં જતો; અને ઘણાંઘણાં ચિત્રો કરેલાં. એમની હૂંફાળી ઓથ હેઠે. આર્થિક રીતે કઠિન એવા એ અભ્યાસકાળ દરમિયાન કેવળ ચિત્રસામગ્રીનો જ નહિ, ઇતર વિષયોનાં પુસ્તકો, નોટબુકો વગેરેનો ખર્ચો પણ ધીમેધીમે એમણે જ વહોરી લીધેલો. અવારનવાર શાળાની ફી પણ ભરી દેતા! આપબળે આગળ વધેલા એ કલાકારને, આર્થિક ભીંસથી થતી મૂંઝવણો અને મુશ્કેલીઓની સારી એવી પિછાણ હતી.

એકલું ચિત્રકામ જ ના થતું એમના વર્ગોમાં. અનેકવિધ માધ્યમોમાં નિજી શક્તિને વિદ્યાર્થીઓ વેગ દેતા; કલ્પનાઓને મૂર્તકરતા; કારણ દત્ત સર કેવળ ચિત્રકાર જ નહોતા; ચિત્રકારથી વધીને ય એક અતિકુશળ કારીગર-



શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરે સૌપ્રથમ ભારતીય રસતત્ત્વો ને સૌન્દર્યબોધનો વિજય ગાતી કલા દ્વારા ભારતીય સંસ્કૃતિમાં નવજાગૃતિ આણી. તેમની છાયામાં આવેલા શ્રી રવીન્દ્ર દત્તે પણ તેમના મોટા ભાઈ પુલીન દત્ત સાથે મુંબાઇને પોતાનું સાધનાક્ષેત્ર બનાવ્યું. તેમના કલાગૃહમાં કંઈક તરુણ વિદ્યાર્થીઓ ને વિદ્યાર્થિનીઓએ, ભારતીય કલાશૈલીમાં સ્વકીય સંસ્કૃતિનો પ્રકાશ જોયો. શ્રી રવીન્દ્રે તેમનામાં રહેલી સર્જકતાનાં દ્વાર ખોલી તેમને કલાના આનંદ અને સર્જક કાર્યોમાં મસ્ત બનાવ્યાં.

શ્રી રવીન્દ્ર દત્તની કળામાં ભારતીય રૂપલીલા, આલેખનશૈલી તેમજ આલંકારિક આકૃતિઓનો વિપુલ વિકાસ થયો હતો. તેમાંથી અનેક વિદ્યાર્થીઓ સુંદર રેખાભંગિવાળી આલ્પના, અલંકૃત ચર્મકૃતિઓ, બાટિકો અને વસ્ત્રોનાં ભરતકામ ઉપજાવતાં થયાં. તેમનામાં સ્વભૂમિના રંગો અને રૂપવિધાનો પ્રતિ અપ્રતિમ મમતા જન્મી હતી અને યુરોપની પાખંડી નકલખોરી સામે કમળદળની શોભા, ઠંડી દીપજ્યોતિ અને ધૂપની સુવાસથી મહેંકતી કલાસૃષ્ટિનો વૈભવ એમણે ધર્યો હતો.

એમણે પોતાનાં સર્જનોમાં વાસ્તવિક જગતને કોઈ સ્વપ્નિલ સૌન્દર્યથી અભિભૂત કરી બતાવેલું. તેમનાં માનવપાત્રોમાં કોમળતા, લાલિત્ય ને ભાવયુક્ત વિધાનો જોવામાં આવે છે. કદાચ બંગાળ શૈલીનો ઉવટનો પ્રકાશ આપતી કૃતિઓનું એ ઉવટનું પ્રકરણ હશે.

રવિશંકર રાવળ



કલાકાર હતા. તેમાં યે ખાસ કરીને ચર્મકામમાં. પારકાં વાસીદાં પાણી કરી પેટિયાં રળતી અનેક સ્ત્રીઓને એમણે આ ગૃહઉદ્યોગ શીખવેલો. એમણે સ્થાપેલી સંસ્થા 'શિલ્પાયતન' આજે ય ચાલે છે, ફૂલી-ફાલી.

સાંભરે છે શાળાનો એક વાર્ષિકોત્સવ. તે વર્ષે એમની જ એક વાર્તા પરથી કરવામાં આવેલું 'લાલનો ગુલામ' નામનું નાટક ભજવવાનું નક્કી થએલું. ને એની બધી યે સાજસજાવટનું કામ દત્ત સર અને શ્રીમતી જસુબહેન મોદી (પાછળથી એમનાં ધર્મપત્ની)ને માથે નખાએલું. કેવળ કાર્ડ બોર્ડ અને કાગળ થકી એમણે પત્તાંની અભૂતપૂર્વ સૃષ્ટિ ઊભી કરેલી. મોડી સાંજ સુધી, અને છેલ્લે છેલ્લે તો રાત્રે બેસીને ય એમણે પાત્રોના અનેકવિધ પોશાકો સરજેલા. ઑપેરા હાઉસમાં યોજાએલા એ નાટ્યપ્રયોગે મુંબાઈના અનેક રસિક કલાજનો અને વિવેચકોનું ધ્યાન ખેંચેલું. એવું જ બંગાળ દુષ્કાળ રાહત ફંડ વેળાના એક નૃત્ય-સંગીત જલસા માટે કરેલાં ચર્મનાં ઘરેણાં થકી.

સન ૧૯૦૭ની ૨૩મી નવેમ્બરે કલકત્તામાં એમનો જન્મ થએલો, અને ભણતર બધું મુર્શિદાબાદ જિલ્લાના બહેરામપુરમાં. કુટુંબમાં લગભગ બધાં જ કલાકાર, એટલે કલાનું પ્રથમ શિક્ષણ પિતા ને વડીલબંધુઓ કનેથી જ પામ્યા. એ સિવાય રીતસરનો એવો કલાશાળાનો કોઈ અભ્યાસ એમણે કરેલો નહિ. જે કાંઈ શીખ્યા તે બધું ય જાતમહેનતે. હા, એમના ઊગમકાળે શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર અને શ્રી નંદલાલ વસુના કામની એમના પર સારી એવી અસર પડેલી.

ઈ. ૧૯૨૯માં મોટા ભાઈ પુલિનબિહારી જોડે મુંબાઈ આવ્યા, ચિત્રશિક્ષણના આશયે. એ કાળે શાળાઓમાં ચિત્રશિક્ષણ રૂઢિગત રેઢિયાળ પ્રણાલિએ થતું. મુક્ત આલેખન અને આવિષ્કારને ત્યાં સ્થાન ન હતું. દત્ત સરે એમની આગવી શિક્ષણપદ્ધતિથી એ ક્ષેત્રે ભારે પલટો આણ્યો. '૩૮ લગી ન્યૂ ઇરા સ્કૂલમાં શીખવ્યું; પછી નવી સ્થપાએલી 'ચિલ્ડ્રનસ ઍકૅડેમીમાં આવ્યા. એ પછીનાં વર્ષોમાં બાળકોની જ કલાકારીગરીનાં ત્રિત્રણ મોટાં પ્રદર્શનો યોજી નિજી કૌશલ્ય ને શ્રદ્ધાનો મુંબાઈની જનતાને પરિચય કરાવેલો.

આવા મજાના કલાકાર અને અનેક તેજસ્વી વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષક, પણ પોતાનાં ચિત્રો જાહેરમાં મૂકવા-બતાવવાનું એમને ગમતું નહિ. એથી એમના કામથી ઘણા અપરિચિત હોય તો નવાઈ નહિ. એમણે અનેકવિધ શૈલીમાં ચિત્રો કર્યાં છે. ચિત્રની ઝીણવટભરી વિગતોથી માંડી ત્વરિત, ખપપૂરત ખસરાઓ વડે આલેખેલાં ચિત્રોમાં યે એમની કામિલ હથોટી અને સફાઈ ઢાંક્યાં નથી રહેતાં.

આવા પ્રેમાળ કલાકારનું '૬૧ની ૨૪મી ફેબ્રુઆરીએ હૃદયરોગના હુમલાથી અકાળ અવસાન નીપજ્યું. લગભગ અજ્ઞાત એવી એમની કલાકૃતિઓનો જનસામાન્યને પરિચય થાય એ ખયાલે '૬૪ના ઑક્ટોબરમાં એ વેળાના કેન્દ્રીય શિક્ષણપ્રધાન શ્રી ચાગલાના હસ્તે એમની પચાસેક જેટલી કૃતિઓનું તથા શિલ્પાયતનમાં થતા ચર્મકામના વિવિધ નમૂનાઓનું એક પ્રદર્શન નવી દિલ્હીમાં ખુલ્લું મૂકવામાં આવેલું, જે બહુ વખણાએલું. આ (એપ્રિલ) માસમાં એવું જ એક પ્રદર્શન મુંબાઈમાં અને તે પછી અમદાવાદમાં યોજાય છે.

એસ્થેટિકા*

બાળકોની રૂપસર્જનાના સુંદર આકર્ષક ચિત્રપ્રયોગોનો આ કલા-અંક પ્રકાશનક્ષેત્રનો એક નોંધપાત્ર નમૂનો છે. રંગ-પીંછી, કાગળ-કાતર કે પેન્સિલ યા રંગીન ચાક ત્રણ થી તેર વર્ષનાં બાળકોના હાથમાં પડે છે અને તેમને મુક્ત સ્થાન, સગવડો તથા કલાભિજ્ઞ અધ્યાપકનો સમાગમ મળે છે ત્યારે કેવી રોમાંચક સ્વૈરવિહારી આનંદપ્રદ કૃતિઓ ઊપજે છે તેના પ્રતીતિકર નમૂના આ અંકમાં જોવા મળે છે. મુંબાઈની ન્યૂ ઈરા સ્કૂલનાં ભાગ્યશાળી બાળવિદ્યાર્થીઓને આ રીતે જીવનની ઉલ્લાસપૂર્ણ પ્રવૃત્તિઓ અને સૌંદર્યજગતનો જે પરિચય કરાવવામાં આવે છે તેનું વિવેચન કરતા એમાંના લેખો કોઈ પણ મા-બાપને અથવા શિક્ષકોને નવી પ્રેરણા આપશે. કોઈ પણ સંસ્થામાં આવી કાર્યસિદ્ધિ બતાવી શકાય, જો બાળકોના અભ્યાસકાળમાં કળાપ્રવૃત્તિને કેન્દ્રસ્થ શિક્ષણનું પદ આપી શકાય તો.


સદ્‌ગત પદ્મશ્રી મગનભાઈ વ્યાસે ન્યૂ ઈરા શાળા સ્થાપીને શિક્ષણમાં જે નવા ઉન્મેષો દાખલ કર્યા છે તેની પરંપરામાં સતત વિકાસ કર્યાની સાબિતી તેમના અનુયાયી આચાર્ય કાન્તિભાઈ વ્યાસ આ પ્રકાશન દ્વારા આપી શક્યા છે. ન્યૂ ઈરાએ મુંબાઈની સર્વ શિક્ષણસંસ્થાઓમાં પોતાની નવીનતમ પ્રણાલિઓથી સદા અગ્રપદ જાળવી રાખ્યું છે અને દિનેશ શાહ જેવા ઉમંગી કલાકાર-અધ્યાપક એમણે મેળવ્યા છે. 'એસ્થેટિકા'માં આ બાલકલાકૃતિઓ દ્વારા પ્રકટતા જે વિચારો ને વિવેચનો આપ્યાં છે તેમાં ચિત્રશિક્ષણ પાછળની બાલપ્રતિભાના વિકાસનો મર્મ યોગ્ય રીતે પ્રસ્ફુટિત કર્યો છે. આવી ઉપયોગી વિવેચના દેશની ભાષામાં પણ સાથે જોડી હોત તો તે અનેક પ્રાથમિક સંસ્થાઓ અને માતાપિતાને માર્ગદર્શક થાત અને દેશની સવિશેષ સેવા કર્યા બદલ વિશેષ ધન્યવાદ પ્રાપ્ત કરી શકાત.

બાળકમાત્રમાં આકારો કરવાની પ્રબળ વૃત્તિ કુદરતી મળેલી હોય છે. તેને પ્રવૃત્તિમાન રાખવા સાધનસંપન્ન સ્થાન અને વ્યવસ્થા હોય તો તેઓ જગતનું જ્ઞાન અનેક પ્રકારે ગ્રહણ કરી નવીન પ્રયોગોમાં તેમની સર્જનશક્તિ અને ક્રિયાશક્તિ કેટલા પ્રકારે ખીલવી શકે છે તેના સુંદર નમૂના આ અંકમાં પ્રકટ થયા છે. તેમાંથી બાળકના મનોરાજ્યમાં શું ચાલે છે, શું ઉદ્‌ભવે છે, તેનો પરિચય તેના વાલીઓ અને શિક્ષકો પ્રાપ્ત કરી શકે છે. કરે તે પામે અને જુએ તે સમજે, એ આપણા સાર્વત્રિક શિક્ષણમાં મહત્ત્વભર્યું સૂત્ર હવે પૂર્ણ રૂપે આદર પામવું જોઇએ. —રવિશંકર રાવળ

*(પ્રકાશન: ન્યૂ ઈરા સ્કૂલ, ૧૭ ન્યાયમૂર્તિ પાટકર રોડ (હ્યુજિસ રોડ) મુંબાઈ-૭)

ગર્નિકા

ઈ. ૧૯૩૭માં પારી(સ)માં વિશ્વપ્રદર્શન યોજાઈ રહ્યું હતું. તેમાં સ્પેઈનના મંડપમાં રજૂ કરવા એ દેશને જ લગતો કોઈ પણ મનપસંદ વિષય લઈ, એક વિશાળ ચિત્ર બનાવવાનું કામ પિકાસોને સોંપવામાં આવ્યું. જોકે પિકાસો છેક ઈ. ૧૯૦૩થી ફ્રાંસ જઇને વસ્યે હતો, છતાં પોતાના દેશ માટે એના હૃદયમાં ઊંડી લાગણી હતી. પણ કામ સ્વીકાર્યા પછી ઠીકઠીક સમય જવા છતાં હજી એ કોઈ ચિત્રવિષય નિશ્ચિત કરી શકયો નહોતો.



ત્યાં તો ૨૬મી એપ્રિલે એક ભયંકર બનાવ બની ગયો. ઉત્તર સ્પેઈનના બાસ્ક વિસ્તારના એક નગર ગર્નિકા પર જર્મનોએ અચાનક બૉંબમારો કરી એ ગામને ખેદાનમેદાન કરી નાખ્યું * સ્પેઈનમાં ચાલી રહેલા રાજકીય આંતરકલહનો એ કાળ હતો તે ખરું, પરંતુ ગર્નિકા તો કલહથી બહુ દૂર, શાંતિથી પોતાનો વ્યવહાર જાળવી રહ્યું હતું, અને જર્મનોને તો એની સાથે કંઈ જ લેવાદેવા નહોતી. વિનાકારણ એક નિર્દોષ નગર પર ચાલેલા એ હત્યાકાંડથી પિકાસોનું હૃદય ઊકળી ઊઠ્યું, એને ચિત્રવિષય મળી ગયો, અને માણસે માણસ પર કરેલા એ ઘોર જુલમ સામેનો પોતાનો ઊકળાટ એણે પ્રદર્શન માટેના ચિત્રમાં ઠાલવ્યો. આવેગમાં આવી જઈ એણે એ વિશાળ ચિત્ર જૂન માસમાં તો પૂરું પણ કરી નાખ્યું. ચિત્રના વિષયને અનુરૂપ માત્ર કાળો જ રંગ પસંદ કરી એણે 'ગર્નિકા'નું સર્જન કર્યું. વીસમી સદીની અગ્રગણ્ય ચિત્રકૃતિઓમાં કદાચ સૌથી વધુ ચર્ચાએલા ને વખાણાએલા એ ચિત્રમાં માનવતા ને ઈશ્વરની સરજત સામેના હત્યારા દ્રોહનું, મનને બેચેન કરી મૂકે એવું પ્રતીકાત્મક આલેખન સચોટ સંયોજનાથી રજૂ કર્યું છે.

'ગર્નિકા'–અને પિકાસોનાં બીજાં પણ મોટા ભાગનાં ચિત્રો–વિરૂપ, ચહેરાની એક જ બાજુએ બે આંખો બતાવતાં, ગોટાળાવાળાં, અસંબદ્ધ વસ્તુઓના ખડકલા જેવાં લાગીને ઘણાના મનમાં અણગમો પેદા કરે છે. પણ પહેલી નજરે લાગતો એ અણગમો અળગો રાખીને એ સમજવાનો પ્રયત્ન કરીએ તો અર્થ અને આસ્વાદ બંને મળી રહે છે. આપણી જોવાની દૃષ્ટિ કરતાં એમની રજૂઆતની દૃષ્ટિ અજબભરીરીતે ભિન્ન હોય છે. ચાલુ પ્રણાલિ મુજબ યથાતથ દર્શન કરાવીને નહિ પણ દૃષ્ટિને આંચકો આપે તેવી રીતે પોતાના ચિત્તની અનુભૂતિ તથા સંક્ષોભ ભાવકના મનમાં જગાડવાનો એની પાછળ હેતુ હોય છે, અને એનું વસ્તુ, પાત્રો આદિ હૂબહૂ નહિ પણ પ્રતીકાત્મક–ક્યારેક અગડમ્ બગડમ્ લાગે એવી અસ્પષ્ટ–સંજ્ઞાઓ રૂપે રજૂ થયાં હોય છે.

'ગર્નિકા'માં પિકાસોએ ચીતરેલો ઘોડો આપણે જોઈએ છીએ એવો નથી. એમાંનાં માનવપાત્રો પણ ફોટોગ્રાફમાં દેખાય એવાં આબેહૂબ નથી. પણ એ બાબત ઘડીભર ભૂલી જાઓ તો પિકાસોની દૃષ્ટિએ આ ચિત્રપ્રસંગની દારુણ કરુણતાને પામી શકશો.

ચિત્રમાં ડાબી તરફ મૃત બાળકને ગોદમાં લઈ આક્રંદ કરતી સ્ત્રીનું, કે મધ્યમાં અતિ ભયભીત બની ગએલા ઘોડાનું ચિત્રણ વાસ્તવિક શૈલીએ નથી દોરાયું, એટલે જ કદાચ તે વધુ ચોટદાર લાગે છે. બી ગએલા ઘોડાની પરસેવે નીતરતી કેશવાળી કે આકાશમાંથી વરસેલા સાક્ષાત્ મોતને જેણે હમણાં જ જોયું છે એવી ધૂળે રગદોળાએલી ને ચોળાએલાં વસ્ત્રોવાળી સ્ત્રીને ચિત્રમાં વિગતે ઉતારવાની ખેવના એણે નથી રાખી. એનાથી દૂર રહી એણે માત્ર જરૂર પૂરતા ભાવ પર જ પોતાનું લક્ષ કેન્દ્રિત કર્યું છે. સ્ત્રીના ઊંચકાએલા મસ્તકમાં ભય અને આક્રંદથી ફાટી રહેલા મોંને દર્શાવીને એણે એ સમયે જે સ્થિતિ હશે એ જ દર્શાવી છે, અને એ સચોટ છે. ઝીણામાં ઝીણી વિગતો સાથેના રૂઢિગત વાસ્તવદર્શી ચિત્ર કરતાં 'ગર્નિકા'માં અપનાવાએલી શૈલી, કલાકારને જે સંવેદના અને મનઃક્ષોભ ઉપજાવવાં છે તે કદાચ વધુ સચોટતાથી ઉપજાવી શકે છે.

નીચે: 'ગર્નિકા' ચિત્રના ડાબી તરફના ભાગનું રેખાંકન. એમાં ખુવારીના પ્રતીક જેવો ચાંગરતો ખૂંટિયો અને તેના પગની વચ્ચે વિનાશનો ભોગ બનેલી રિબાતી-પીડાતી માનવજાતને રજૂ કરવા જ પિકાસોએ એક મા અને બાળક ચીતર્યાં છે. આ પ્રતીકો સહેલાઈથી ઓળખી-સમજી શકાય છે. તેમજ મૂળનાં સ્વભાવ અને ખાસિયતો સાથેની પ્રતીકની સરખામણી પણ—ખૂંટની વિનાશ કરવાની, કચડી નાખવાની શક્તિ પણ સમજાય એમ છે.



*જુઓ આ અંકમાં પ્રસંગવિશેષ

હાથબનાવટના કાગળની કલા-સંપૃક્ત સૃષ્ટિ


ભારતમાં હાથબનાવટના કાગળનો આરંભ ક્યારથી થયો એ નિશ્ચિત નથી, પણ મુઘલ કાળમાં દેશમાં લગભગ સોએક સ્થળે 'કાગઝીપરાં' વિકસ્યાં હોવાની નોંધ મળે છે. નૌશેરા, સિયાલકોટ (હાલ પાકિસ્તાનમાં), દૌલતાબાદ, સાંગાનેર, અમદાવાદ વગેરેનાં નામ એમાં વધુ જાણીતાં છે.

અલબત્ત, રાજાઓ, પંડિતો, વેપારીઓ અને ધીરધાર કરનારાઓ પૂરતું જ એ સમયે એનું ગ્રાહક-વર્તુળ મર્યાદિત હતું અને શાહી ફરમાનો, રાજકીય પત્રવહેવારો ધાર્મિક ગ્રંથો, હિસાબના ચોપડા કે લેવડદેવડના દસ્તાવેજોમાં જ એનો ઉપયોગ થતો. આજે જાણીતાં અસંખ્ય ક્ષેત્રોમાંના એના બહોળા વપરાશનો ત્યારે કોઇને ખયાલ પણ નહોતો. કાગઝીઓની સ્થિતિ અને મોભો પણ ત્યારે સારો ગણાતો અને સહેજે વીસેક હજાર લોકો આ વ્યવસાયમાં પડેલા. કાલાનુક્રમે પરદેશી સત્તા આવતાં રાજ્યાશ્રય દૂર થયો અને યંત્રબનાવટના કાગળો બહોળા પ્રમાણમાં સહજ સુલભ થતા ગયા એની સામે હાથબનાવટના કાગળોને ટકવું મુશ્કેલ બનતું જઈ આખરે એ હુન્નર લગભગ પડી ભાંગ્યો.

રેંટિયા અને ખાદીને પગલેપગલે ગાંધીજીએ આપણા હસ્તોદ્યોગોને નવજીવન આપવા માંડ્યું તેમાં, ઈ. ૧૯૩૪ના અરસામાં એમણે હાથબનાવટના કાગળને એક ગ્રામોદ્યોગ તરીકે પ્રસ્થાપિત કરી એને ફરી પ્રતિષ્ઠા અપાવી. ૧૯૫૩થી એક ઉત્તેજનીય હસ્તોદ્યોગ તરીકે સરકારે પણ એ વ્યવસાયના આર્થિક તેમજ અન્ય પ્રશ્નોમાં સહાય આપવા માંડતાં આજે દેશમાં ફરી એનાં અનેક ક્ષેત્રોની સ્થાપના થઈ છે. અને આજે વાર્ષિક ૨૦૦૦ ટન પર પહોંચેલા એના ઉત્પાદનને ચોથી યોજનાને અંતે બમણું કરી દઈ એમાં ૯૦૦૦ માણસોને સમાવી લેવાની નેમ રાખવામાં આવી છે.

બીજી બાજુ હાથબનાવટના કાગળમાં અનેક નાનાવિધ પ્રયોગો થઈ એની સંખ્યાબંધ અવનવી અને વિવિધરંગી જાતભાત બનવા માંડી છે. વળી યંત્રબનાવટના કાગળો સામે ટકવા માટે એમાં કેટલીક નવી સંભાવનાઓ પણ વધી છે. જેમ કે (૧) ગ્રાહકની ઇચ્છા પ્રમાણે વિશિષ્ટ પ્રકારના જ કાગળો જરૂર પૂરતા ઓછા પ્રમાણમાં બનાવડાવવા સુલભ થયા છે, (૨) એના ઉત્પાદનમાં પ્રત્યેક તબક્કે ચોક્કસ પ્રકારે લક્ષ આપી શકાય છે, (૩) સોનારૂપાના વરખ, રેશમી તંતુઓ વગેરે જેવા અવનવા અને મોંઘા પદાર્થોના ઉમેરણવાળા ખાસ પ્રકારના કાગળો લભ્ય બન્યા છે, અને (૪) એ મેળવવા ગ્રાહકને બહુ દૂર જવાની જરૂરત રહેતી નથી; વળી (૫) ગ્રાહક ખાસ પોતાની છાપ (વૉટર માર્ક) વાળો કાગળ પણ મેળવી શકે છે. એ ખરું કે ચાલુ વપરાશના યંત્રનિર્મિત કાગળની સરખામણીમાં હાથબનાવટના કાગળ મોંઘા પડે છે, પણ બીજી












મથાળે: મુઘલ શૈલીનું શોભન. (ઉપર) પ્રત્યુત્તર રૂપે મોકલવાની આભારદર્શક પત્રિકા પરની ભાત.



↑ દૂર ડાબી બાજુ: પત્રલેખનના કાગળ (સ્ટેશનરી) પરની વિવિધ શોભનભાત. છેક નીચેનો નમૂનો શાહીથી છાપીને નહિ પણ માત્ર દાબ આપીને ઉપસાવેલો છે. આની સાથે અનુરૂપ રંગભાતવાળાં પરબીડિયાં પણ મળે. જમણી બાજુ: એક અભિનંદનપત્ર પરનું આલેખન.

પ્રાચીન હસ્તપ્રતો અને અભિલેખોની લિપિની લાક્ષણિકતાઓ પર રચેલાં નાનાવિધ અક્ષરાયોજનના ત્રણ નમૂના. ↓ અહીં લખાણનો ઉપયોગ કંઈ કહેવા પૂરતો જ નથી, માત્ર શોભનાર્થે પણ છે. નીચે ડાબી બાજુ: કોસ્ટર છે તો પ્યાલારકાબી તળે મૂકવાનો કાગળ, પણ એનાં રંગભાત મેજની શોભામાં એક અનોખું આકર્ષણ ઉમેરે છે.





બાજુ સૈકાઓ સુધી ટકી રહે તેવી મજબૂતી અને મનપસંદગીની વિવિધ જાતભાત મેળવી શકાય બની હોઈ આજે તો એનું એક નવું બજાર ઊભું થયું છે.


એમાં, મુંબાઈની ચીમનલાલ પેપર કંપની (મૅકમિલન બિલ્ડિંગ, દા. ન. રોડ, મુંબાઈ-૧.) એ તેને કલાથી સંપૃક્ત કરીને વિશિષ્ટ પ્રકારની રૂપસુંદર સ્ટેશનરી, વર્ષાભિનંદનો, નિમંત્રણો, કંકોતરીઓ આદિના નિર્માણ દ્વારા એક અ-

Wishing you a happy and prosperous New Year



જમણી બાજુ વચ્ચે : એક શોભન-આલેખન. નીચે : સૂચક આલેખનવાળી એક આમંત્રણ-પત્રિકા. તેના પર મૂકેલું સોનેરી દોરી સાથેનું શોભનમંડિત પતાકડું કોઈ પણ ભેટ જોડે મોકલનારનું નામ જોડવા માટેનું છે.





ભિનવ રસાન્વિત સૃષ્ટિ સરજી છે. એમાં જે સવિશેષ પ્રશસ્ય છે તે એમણે કરેલી આપણા એતદ્દેશીય કલાતત્ત્વની પ્રતિષ્ઠા. સ્ટેશનરી પરની પ્રતીક-મુદ્રાઓ, નિમંત્રણપત્રોની સંયોજનાઓ, ડાયરીઓ ને ફોલ્ડરો વગેરેની અભિનવ માંડણી, ને આપણી પ્રાચીન હસ્તપ્રતો તથા અભિલેખોમાંની લિપિની લાક્ષણિકતાઓ પર રચેલાં નાનાવિધ અક્ષરાયોજનો–એમ કિસમકિસમનાં રૂપતત્ત્વો એ કાગળની કારુ કલામાં સોહી રહે છે. એ બધાંનું બહુરંગી વૈવિધ્ય અહીં એકરંગી છાપમાં તો લાવી ન શકાય; છતાં એનો થોડો ખયાલ આપવા, એવા કાગળની અનેક જાતો પૈકીની ખુદ એક જાત પર તૈયાર કરેલો એક નમૂનો આ અંક સાથે જોડયો છે, અને આ નોંધ સાથે એમાંની થોડી કલાકણિકાઓ વીણીને આપી છે.

માસ્ટર

ભગવાનદાસ

એક અપૂર્વ સંગ્રાહક

શૉખ કે ધૂન માણસ પર સવાર થાય છે ત્યારે તે સમય શક્તિ કે સાધનોની પરવા કર્યા




વિનાયાહોમ આગળ વધ્યે જાય છે. કસોટીઓમાંથી પાર ઊતરે છે ત્યારે તેનો એ શૉખ કે ધૂન માનવજાતને ઉપયોગી થતાં ઈશ્વરી બક્ષિશ કે વિરલ સિદ્ધિ ગણાય છે. એવા જ ધૂની જનોએ વિશ્વને વરાળ કે વિદ્યુતની શક્તિઓ આપી છે, કિંમતી ઔષધો આપ્યાં છે અને વિશ્વની સંસ્કૃતિમાં નવાં જ્ઞાન અને સાધનોનું સર્જન કર્યું છે. એવા જનોના કાર્યોથી દેશના ઇતિહાસમાં ક્રાંતિ યા સંસ્કૃતિ કે જ્ઞાનમાં સંવૃદ્ધિ થાય છે. આવો કોઈ પણ પ્રકાર દેશને પરમ ઉપકારક બને છે. એ કોટિની ગણનામાં સમાવી શકીએ એવા ભાઈશ્રી ભગવાનદાસ ન. મહેતા જીવનભરના સતત પરિશ્રમે કરેલો, સિક્કાઓ, ટપાલટિકિટો તથા વિવિધ ચંદ્રકોનો, ગંજીપાનાં પાનાં, દીવાસળીની પેટી પરની છાપો વગેરે વિરાટ કહી શકાય એવો સંગ્રહ જોઈ કોઈને પણ આશ્ચર્ય સાથે અહોભાવ થયા વિના રહેશે નહિ.

એમના પરિશ્રમનું મૂલ્યાંકન કરવા માટે પણ કલ્પના અને ભાવનાનાં ધોરણોની સહાય જરૂરી બને છે. આ સંગ્રહ એ કોઈ ઉપરછલ્લો નવરાશનો નાદ નથી. સંગ્રાહકની મૂળ સંશોધનશક્તિ અને જ્ઞાનવિતરણ માટે જોઈતી વિવેકપૂર્ણ માહિતીથી તેને સંપૂર્ણ વ્યવસ્થામાં વિભક્ત કરી એમણે તે ક્ષેત્રના નિષ્ણાત તરીકે પોતાની યોગ્યતા સિદ્ધ કરી છે.

બધા જાણે છે કે સિક્કા અને પોસ્ટ[...] ટિકિટો ઇતિહાસના અંકોડા પૂરનારાં સ[...] સાધનો છે. પાઈ કે દોકડાની મૂળ કિંમત[...] વિરલ સિક્કા તેમજ વિવિધ ટપાલટિકિટો[...]

શ્રી ભગવાનદાસના સંગ્રહમાંના કેટલાક સિક્કા. ૧) ફ્રાંસના લૂઈ પંદરમાનો સિક્કો; ૨) ચીન[...] ઈ. ૧૯૩૩-'૩૪નો ડૉલર, ૩) પોર્ટુગાલના ચાર્લ્સ પહેલાનો સિક્કો, જે હિન્દુસ્તાન પહોંચવા[...] માર્ગ શોધાયાની ચોથી શતાબ્દી નિમિત્તે બહાર પડેલો, ૪) રાણી વિક્ટોરિયાનો ડબલ ફ્લૉરિ[...] માત્ર એક જ વાર એ બહાર પડેલો, ૫) સાઉદી અરેબિયાનો રીઆલ, ૬) પૃથ્વીરાજ ચૌહાણ[...] સિક્કો, ૭) મૌર્ય કર્ષપણ (પંચ માર્ક્ડ), ૮) ઈ. સ. પૂર્વે ૧૪૦નો વાયવ્ય ભારતનો ઈન્ડો-ગ્રી[...] સિક્કો, ૯) ઈ. સ. પૂર્વે ૯૦થી ૪૦ના ગાળાનો ઇન્ડો-સીથિયન સિક્કો, ૧૦) રણજિતસિંહ[...] સમયનો પંજાબનો સિક્કો, ૧૧) ઈ. ૧૦૦ આસપાસનો માળવાનો ક્ષત્રપ સિક્કો, ૧૨) દી[...] સુલતાનનો પૈસો, ૧૩) છત્રપતિ શિવાજીનો સિક્કો.





શ્રી ભગવાનદાસના સંગ્રહમાંના, વિશિષ્ટ પ્રસંગ નિમિત્તના ચાર પદકો. વર્ણન બાજુમાં છે

આસમાની ભાવ બોલાતા રહ્યા છે તે એટલા જ માટે કે તેની તવારીખી હાજરી અને સાક્ષી બહુ મૂલ્યવંતી છે. નવી ટપાલટિકિટો બહાર પડે ત્યારે તે દિવસની છાપવાળાં કાર્ડ કવર માટે તો પડાપડી હોય છે. તેવી ટિકિટોના આખા તાવના તાવ શ્રી ભગવાનદાસે દેશ-દેશમાંથી મેળવ્યા છે. વિરલ ચંદ્રકો યુદ્ધ કે સિદ્ધિના પ્રસંગોનાં પ્રતીકો છે. તેમાં પ્રસંગ તેમજ કલાકારીગરીની પ્રશસ્તિ છે.

દુનિયાભરમાંથી એમણે ગંજીપાનાં અનેકવિધ પાનાં પણ એકઠાં કર્યાં છે. પ્રાણીઓ, પ્રકૃતિ, ઉદ્યોગો, પ્રસંગો એમ વિવિધ બાબતો સાથે એ સંકળાએલાં છે. દેશદેશની સિગાર બૉક્સો અને દીવાસળીની પેટી પરની છાપોનો એમનો સંગ્રહ પણ એવો જ સમૃદ્ધ છે. વેપારઉદ્યોગ સાથે જોડાએલી કલાની વિવિધતાના આવા સંગ્રહો પરથી એક મઝાનો ખયાલ પ્રાપ્ત થાય છે.

આ બધું પૂર્ણ રીતે જોવા-સમજવા કલાકો પૂરા થતા નથી. અભ્યાસી નિરીક્ષકને તો કદાચ અઠવાડિયું લાગે. એમનો આ સંગ્રહ દેશવિદેશના મહાનુભાવ વિદ્વાનો તથા સંગ્રાહકોએ પણ જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું છે.

આ મબલખ સંગ્રહમાંથી વેચાણ કે વેપારની લેશ લાલચ વગર ભગવાનદાસ એકલે પંડે અવિરત શ્રમ લઈ એક સંસ્થા જેટલું કાર્ય કર્યું છે. માતાના વાત્સલ્યથી તેઓ પોતાના આ બહુમૂલ્ય સંગ્રહની માવજત કરે છે. નાનકડા ઘરની અત્યંત સાંકડી જગ્યામાં તેઓ આ બધું જાણે કે સોડમાં રાખીને સંભાળે છે. જીવનભરની એમની આ લગનીની અનેક જ્ઞાત નિષ્ણાતોએ કદર કરી છે અને પરદેશમાંથી પણ એમને આમંત્રણો મળે છે. પણ એમાં તો રાજ્ય સગવડ આપીને પ્રતિષ્ઠા અને યશ મેળવે તેમજ દેશ માટે પરદેશી

ઉપરથી અનુક્રમે: ૧) જર્મન તત્ત્વજ્ઞ ઇમૅન્યુએલ કૅન્ટની યાદમાં બહાર પડેલો પદક. એમાં એક બાજુ એની છબિ અને પાછળ વિશ્વને દીપાવતા યૌવનના આલેખન સાથે કૅન્ટની એક કૃતિમાંથી લીધેલું અવતરણ છે. ૨) ભારતની કૉંગ્રેસના ઈ ૧૯૦૪ના મુંબાઈ અધિવેશન વખતનો રૌપ્ય પદક. એની એક તરફ એ સમયે યોજાએલા ખેતીવાડી ને ઔદ્યોગિક પ્રદર્શનનાં સૂચક ચિત્રો છે. ૩) કવિ મિલ્ટનનું વેસ્ટ મિન્સ્ટર ઍબેમાં સ્મારક રચાયા નિમિત્તે બહાર પડેલો પદક. ૪) ગુરુત્વાકર્ષણ શોધક સર આઈઝૅક ન્યૂટનની અવસાનતિથિ નિમિત્તનો પદક.





મથાળે: ભુતાને પોતાનું આગવું ચલણ બહાર પાડયું ત્યારે એ નિમિત્તે એણે ખાસ ટપાલ-ટિકિટો પણ બહાર પાડેલી જે સિક્કાના જેવી ગોળાકાર હતી એટલું જ નહિ એના પરની છાપ પણ સિક્કાની પેઠે ઉપસાવેલી હતી. મથાળે એ ટિકિટો સાથેનું તેનું ફર્સ્ટ ડે કવર આપ્યું છે. નીચે : શ્રી ભગવાનદાસના સંગ્રહમાંની બીજી કેટલીક ટિકિટો : ડાબી બાજુથી અનુક્રમે : રાણી વિક્ટોરિયાની ગ્વાલિયર રાજ્યની છાપ સાથેની એક દુષ્પ્રાપ્ય ટિકિટ. એ પછીની ટિકિટ જૂના કોચીન રાજ્યની છે. જમણી બાજુની બે ટચૂકડી ટિકિટ યુદ્ધકાલીન કરકસરના સમયમાં બહાર પડેલી દ. આફ્રિકાની છે. નીચેની હારમાં પહેલી ટિકિટ જૂના જયપુર રાજ્યની, અને તે પછી વચ્ચે પરફોરેશન વિનાની અને છેલ્લી ટિકિટ સૌરાષ્ટ્રની છે.

નાણાંની પ્રાપ્તિ કરે એવી એમની દેશભાવના છે.

શાળાનો માત્ર નહિવત્ અભ્યાસ હોવા છતાં પ્રૌઢ કે બાળ વયના સમુદાયને પોતાની વાતકળાથી, ગીતોથી કલાકો સુધી જકડી રાખવાની શક્તિવાળા ભગવાનદાસ જેવા જનોની તપશ્ચર્યાનો લાભ દેશને વ્યાપક રીતે મળે એવી કોઈ યોજના રાજ્ય વિચારે તો સમુત્કર્ષ અને જ્ઞાનસંવૃદ્ધિમાં એક નવું સોપાન પ્રાપ્ત થાય —ર. મ. રા.

સરનામું: મા. ભગવાનદાસ, ૩ સાંચોરાનો ખાંચો, ૨૭૩ દોશીવાડાની પોળ, અમદાવાદ

ટિકિટસંગ્રહ



ગયા માર્ચની ૨૮મી તારીખે રશિયન સાહિત્યકાર મૅક્સિમ ગૉર્કીની જન્મશતાબ્દી નિમિત્તે ભારતે બહાર પાડેલી ખાસ ટપાલટિકિટ.



ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય ત્રિવાર્ષિક કલાપ્રદર્શન નિમિત્તે ગઈ ૩૧મી માર્ચે બહાર પડેલી ખાસ ટિકિટ.

યુનાઈટેડ નેશન્સ ઈન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ ઑર્ગેનિઝેશનના માનમાં ૧૮મી એપ્રિલે બહાર પડનારી એ સંસ્થાના કાર્યના સૂચક આલેખનવાળી સંયુક્ત રાષ્ટ્રસંઘની ખાસ ટિકિટ





હાથબનાવટના કાગળ

❦ હાથબનાવટના કાગળનો આરંભ આપણા દેશમાં ક્યાં અને ક્યારે થયો એનો ચોક્કસ ઉત્તર તો સંશોધકોએ હજી શોધવાનો છે; પણ કહેવાય છે કે ઈ.સનની દસમી સદીમાં મહમદ ગઝનવીના આક્રમણ સાથે આ હુન્નર ભારતમાં આવ્યો. ત્યાર પછી સોળમી સદીમાં મુઘલ સમય સુધીમાં તો કાગળનો વપરાશ ઘણો વધી ગયો અને એના કારીગરો – કાગઝીઓ રાજ્યાશ્રય પણ પામ્યા. તે પછી વચ્ચે યંત્રબનાવટના સોંઘા ને સહજપ્રાપ્ય પરદેશી કાગળ સામે નામશેષ જેવો થઈ ગયા બાદ ફરી આજે સ્વતંત્ર ભારતમાં એનો હસ્તોદ્યોગ રાજ્યાશ્રય મળી રહેવા જેટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી રહ્યો છે.

❦ ભારતમાં – અને અન્ય દેશોમાં યે હાથબનાવટના કાગળની પ્રક્રિયા થોડાઘણા તફાવત સાથે સદીઓથી લગભગ એની એ જ રહી છે. વપરાઈ ચૂકેલા કાગળની પસ્તી ઉપરાંત ચીંથરાં, શણ, ઘાસ, વૃક્ષની છાલ, જંગલી ફૂલો વગેરે જેવા પદાર્થોના ભૂચાને ભીંજવી, કૂટી, મેલ કાઢી, એનો માવો બનાવીને કાગળના તાવ ઉતારવાનું તથા એના પર આર ચડાવવાનું ને ઘૂંટીને ઓપ આપવા સુધીનું બધું કામ આપણે ત્યાં હજી આજે પણ હાથથી જ થાય છે. વળી તેમાં નવીનતા આણવા માટે અનેકવિધ અન્ય પદાર્થોની અજમાયશ પણ તેની બનાવટમાં કરાય છે. અને પરિણામે આજે ભારતમાં વિવિધ પ્રકારના ચિત્રકામ માટેના, દસ્તાવેજો માટેના, લખવા માટેના, પ્રવાહી ગાળવા માટેના ને શાહીચૂસ જેવા કિસમ કિસમના કાગળો હાથબનાવટની જાતમાં પ્રાપ્ય થઈ શક્યા છે.

❦ રંગ, ભાત, સપાટી, જાડાઈ અને ટકાઉપણાની દૃષ્ટિએ પણ એમાં પુષ્કળ વૈવિધ્ય સુલભ બન્યું છે. આરંભથી છેવટ સુધીની એની બનાવટની લગભગ બધી જ ક્રિયા હાથે જ થતી હોઈ, એના વપરાશમાં માનવસંસ્પર્શના મોંઘા તત્ત્વ સાથે એક પ્રકારની એતદ્દેશીય લાક્ષણિકતાનો આનંદ અનુભવાય છે જેવો આનંદ યંત્ર-બનાવટના કાગળના ઉપયોગમાં કદી પ્રાપ્ત ન થાય. આમંત્રણો ને અભિનંદનપત્રોથી માંડીને અંગત ઉપયોગની નાનાવિધ ચીજોમાં હાથબનાવટના કાગળોનો ઉપયોગ ઊંચી રસવૃત્તિને પોષવા સાથે એક વિશિષ્ટ આનંદનો રોમાંચક અનુભવ કરાવે છે. ભદ્ર સમાજનાં ઉચ્ચ વર્તુળોમાં, રાજદ્વારી સંમેલનો જેવા અગત્યના વ્યવહારોમાં, ભેટ-સોગાદોની આપલેમાં, યા જ્યાં કંઈ આગવું વૈશિષ્ટ્ય દાખવવાનું હોય ત્યાં આ હાથબનાવટના કાગળ એક અગત્યનું માધ્યમ બની શકે એટલી પ્રતિષ્ઠા આજે એને પ્રાપ્ત થઈ ચૂકી છે. જેના પર આ લખાણ છપાયું છે એ કાગળ પણ હાથબનાવટનો જ છે. વધુ માટે આ અંકની 'કલાવાર્તા' જુઓ. (આ નમૂનો ચીમનલાલ પેપર કંપની-મુંબાઈના સૌજન્યથી)

સાહિત્યસંપર્ક

એક અઘરા વિષયનું સહેલું અને સ-રસ પુસ્તક

ગુજરાતી ભાષાના ઇતિહાસમાં એક સીમાસૂચક સ્તંભ બની રહે એવી કૃતિ ગયા વર્ષમાં બહાર પડી છે * જે આપણા સૌના ઉષ્માભર્યા સ્વાગતની અધિકારી છે. એનું મૂલ્ય અને મહત્તા પ્રમાણીને સરકારે પણ એને પોતાના સર્વોચ્ચ પારિતોષિકથી પુરસ્કૃત કરી છે.

ગુજરાતી ભાષાવિજ્ઞાનના ક્ષેત્રમાં આજના આપણા માન્ય વિદ્વાન શ્રી પ્રબોધ પંડિતે એમાં ભાષાનું સ્વરૂપ સમજાવી, ઉચ્ચારણપ્રક્રિયાની જરૂરી માહિતી આપી, ગુજરાતી ભાષાના ધ્વનિમંત્રની વ્યવસ્થિત માહિતી આપી છે. ગુજરાતી ભાષાના ધ્વનિઘટકો અંગેની એમની તપાસ ભાષાની અર્વાચીન અધ્યયન પદ્ધતિનો પણ ઉપયોગી નમૂનો છે. તેમણે ગુજરાતી ભાષાના ધ્વનિતંત્રના સંદર્ભમાં પરિવર્તનની પ્રક્રિયાની તપાસ કરી છે. લોકબોલી ને માન્ય ભાષાના સંબંધની ચર્ચા કરી છે અને બોલીભેદોની પ્રક્રિયા પણ સમજાવી છે. આમ, આ પુસ્તક ગુજરાતી ભાષાના ધ્વનિગત અભ્યાસનો પાયાનો તબક્કો આવરી લે છે. ગુજરાતી ભાષાના ધ્વનિતંત્રનો શુદ્ધ વૈજ્ઞાનિક અભિગમથી પરિચય આપવાનો પ્રયત્ન આ પૂર્વેના સર્વ પ્રયત્નો કરતાં વધુ ધ્યાન ખેંચે એવો છે; કેમ કે આ પ્રયત્નની સફળતા માટે જે સજ્જતા, ઊંડો અભ્યાસ, ને તેથી યે વિશેષ જે વૈજ્ઞાનિક દૃષ્ટિ, વિષયની સૂક્ષ્મ સમજ અને એમાં શુદ્ધ રસ જોઈએ તે સઘળું શ્રી પ્રબોધ પંડિતમાં જોવા મળે છે.

જેમને માટે આ પુસ્તક યોજાયું છે તેમનો પણ શ્રી પંડિતે લખતી વેળા સતત ખયાલ રાખ્યો છે. તેથી જ એનો આરંભ કંઈક સરળ અને રમતિયાળપણાની આછી છાંટવાળી ભાષામાં એ કરે છે. ભાષાવિજ્ઞાનના કૂટ લાગતા વિષયને દૃષ્ટાંતો દ્વારા સુગમ અને સ-રસ બનાવવાનો પ્રયત્ન પણ તેઓ કરે છે; વળી વિષયમાં વાચકને ક્રમશઃ, ધીમે ધીમે, વ્યવસ્થિત રીતે, વિશ્વાસ જગાવતા જગાવતા તેઓ પ્રવેશ કરાવે છે. શ્રી પંડિત ભાષા વિજ્ઞાનના 'પંડિત' છે, પણ એ પાંડિત્યનો ભાર વાચકો પર લાદી એમનો ભોગ લેવા માગતા નથી. આના પરિણામે ગુજરાતી ભાષામાં ઝાઝા નહિ ખેડાએલા આ અઘરા વિષયને તેઓ આમાં જે સ્પષ્ટતા અને સચોટતાથી સમજાવે છે તે જોઈ એમની એ સિદ્ધિ માટે તેમને બિરદાવવાનું મન થાય છે. ભાષાવિજ્ઞાન સમજાવવા માટે યોગ્ય પરિભાષાનો પણ પ્રશ્ન છે; અને એ પ્રશ્નને જે રીતે તેઓ અહીં હલ કરી શક્યા છે તે એમની એ વિષય પરની દૃઢ પકડ ને સાફ દૃષ્ટિ બતાવી આપે છે. તેમણે ધાર્યું હોત તો લખાણને અવતરણોના હારડાથી કદાચ ભારેખમ કરી શક્યા હોત. પરંતુ એમનું પાંડિત્ય તો વિષયના ઢંગધડા વગરના એવા પથરાટને દૂર કરી, તેના તાર્કિક અને સૂક્ષ્મ નિરૂપણનો આદર કરે છે. એમની શાસ્ત્રપૂત પ્રજ્ઞા અહીં ખાસ કરીને ગુજરાતી ભાષાના પરિવર્તનનાં દૃષ્ટાંતોમાં પ્રગટ થાય છે. તેઓ સ્વતત્ર બુદ્ધિથી ભાષાપરિવર્તનના સિદ્ધાંતને સુરેખ રીતે તારવી બતાવે છે અને ભાષા વિષેના કેટલાક રૂઢ ખયાલોથી મુક્ત રહીને ગુજરાતી ભાષાનું યથાતથ ધ્વનિસ્વરૂપ રજૂ કરી આપે છે. એમ કરવામાં તેઓ પશ્ચિમમાં ભાષાવિજ્ઞાનની જે અધ્યયનપદ્ધતિઓ વિકાસ પામી છે તેનો ઘટતો વિનિયોગ કરે છે. આ સંબંધમાં એમને 'સ્વદેશી ધર્મ' નડ્યો નથી, કેમ કે 'સ્વદેશી'ના મર્મની તેમને બરાબર ખબર છે.

પુસ્તકની પ્રસ્તાવના પણ શ્રી પંડિતની સત્યનિષ્ઠા, નિખાલસતા અને સાચા વિજ્ઞાનરસનું દર્શન કરાવે છે. એમની કેવળ ખુમારીને જ ઓળખનારા વાચકો અહીં એમની જ્ઞાનક્ષેત્રે ભૂષણરૂપ ગણાય એવી વિનમ્રતા પણ જોઈ શકે છે. તેઓ કહે છે કે 'સ્વરૂપ અને પરિવર્તનને સાંકળવામાં ઘણું બાકી રહી ગયું છે. તે આ પુસ્તકની મર્યાદા છે. બોલી વિષે નહિવત જ કામ થયું છે, એટલે ચર્ચા બોલીભેદોના સામાન્ય વિવરણથી આગળ જઈ શકી નથી. તુલનાત્મક પદ્ધતિનો પૂરો ઉપયોગ થયો નથી એટલે પ્રાચીન ભૂમિકાઓનાં ધ્વનિસ્વરૂપો વિષે નક્કર વિધાનો બાકી રહ્યાં છે. આ ઉપરાંત બીજી ખામીઓ પણ અભ્યાસીઓને મળી આવશે. કોઈ પણ એક ભાષાના સ્વરૂપને સમજવાના પ્રયત્નમાં ભાષાવૈજ્ઞાનિક પોતાની પૂરી કારકિર્દી પસાર કરી શકે છે.'

આ પુસ્તકનું ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ ઝીણવટભર્યું વિવરણ કરવું આ લખનારની મર્યાદા બહારનું કામ છે. અહીં તો માત્ર એક અધ્યાપક પર આ પુસ્તકની એકંદરે છાપ કેવી પડી છે તે જ બતાવવાનો પ્રયત્ન છે. આ પુસ્તકનું ઊંડું પરિશીલન થાય ને તે સાથે શ્રી પ્રબોધ પંડિત પાસેથી આવા વધુ ગ્રંથો મળે એવી અપેક્ષા જરૂર રહે છે, કેમ કે શ્રી પંડિત એ અપેક્ષા સંતોષી શકે એમ છે આ પુસ્તક એની શાખ પૂરે છે.

ચંદ્રકાન્ત શેઠ

*ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન: લેખક પ્રબોધ પંડિત; પ્રકાશક ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; રૂ. ૧૦.

ગાંધીજીનો અક્ષરદેહ

જવાહરલાલ નેહરુના શબ્દોમાં 'પોતાના જ્ઞાનના પ્રકાશથી આપણી પેઢીની સમજને અજવાળનારા, અને આપણને રાષ્ટ્રીય સ્વતંત્રતા જ નહિ પણ માણસને વધારે ઉદાત્ત કરનારા ગુણોની વધારે ઊંડી સમજ પણ આપનારા' આ યુગના સૌથી મહાન પુરુષ મહાત્મા ગાંધીજીના ઉછેર, વિકાસ અને કાર્યપદ્ધતિની પ્રેરણાદાયી સમગ્ર કથાને, તેમનાં જ લખાણો અને ભાષણોના રૂપમાં સુલભ કરી આપતી, મોટા કદનાં ૫૦૦ થી ૬૦૦ પાનાંના પાકા બાંધેલા ગ્રંથોની એક મૂલ્યવાન શ્રેણી અંગ્રેજી અને હિંદીમાં પ્રસિદ્ધ કરવાની યોજના ભારત સરકારે હાથ ધરી છે. તેની જે ગુજરાતી ગ્રંથમાળા 'ગાંધીજીનો અક્ષરદેહ'ના નામથી નવજીવન પ્રકાશન મંદિર(અમદાવાદ-૧૪) તરફથી પ્રકટ થાય છે તેના પાંચ ભાગ ચાર ગ્રંથમાં આજ સુધીમાં પ્રકટ થયા છે.

ઈ. સ. ૧૮૮૪ થી ૧૯૪૮ સુધીના ચોસઠ વર્ષના પોતાના ઉગ્ર કર્મશીલ જાહેરજીવન દરમિયાન દિવસાનુદિવસ અને વર્ષાનુવર્ષ ગાંધીજીએ જે કંઈ કહ્યું અને લખ્યું—જે લખાણો ને પત્રો લખ્યા તથા ભાષણો કર્યા—તેમાંનું કેટલુંક એમનાં પુસ્તકોમાં સંઘરાવા ઉપરાંત ધૂળખાતી ફાઇલોમાં, સરકારી દફતરોમાં, તેમજ અંગ્રેજી-ગુજરાતી-હિંદી વર્તમાનપત્રોની ફાઈલોના ઢગલાઓમાં પણ દટાએલું પડ્યું છે. તેમના હજારો પત્રો તો અગણિત વ્યક્તિઓની પાસે આખી દુનિયામાં વેરાએલા પડ્યા છે. એ બધાંને મેળવી, તેમની સચ્ચાઈની ખાતરી કરી, ગાંધીજીનો જીવનદોર સળંગ રહેતો આવે તે રીતે કાળક્રમે ગોઠવીને, મૂળ લખાણ સમજવામાં વાચકને મદદ થાય તેવી ટૂંકી નોંધો (તેમજ કેટલીક અપ્રાપ્ય તસવીરો તથા મહત્ત્વનાં લખાણો ને મૂળ ફોટોગ્રાફો) સાથે આ ગ્રંથો પ્રકટ થતા આવે છે.

આજની અને આવતી કાલની પેઢીને માટે રાષ્ટ્રપિતાની વિકસતી અને વિસ્તરતી જતી વિચારસૃષ્ટિનો પરિચય પામવા માટે આ

એક અમૂલ્ય દસ્તાવેજ છે. એની કિંમત પોસાઈ શકે એવા પ્રત્યેક ઘરમાં અને ગ્રંથાલયો આદિમાં આ ગ્રંથસમૂહ હોવો જ જોઈએ.

પ્રથમ પુસ્તક એમનાં પ્રારંભિક અને ઘડતરનાં વર્ષોને આવરી લે છે. એમાં ગાંધીજીના અનેક અંગત અનુભવોનો તથા દક્ષિણ આફ્રિકામાંભારતીયોનેઅન્યાયીજુલમોમાંથી બચાવવા માટે એમણે આદરેલા પ્રચંડ પુરુષાર્થનો પમરાટ છે. બૅરિસ્ટર ગાંધી લોકસેવક ગાંધીમાં પરિવર્તન પામવાનો શુભ આરંભ પણ આ પૃષ્ઠોમાં મળે છે.

બીજા પુસ્તકમાં ગાંધીજીની ગાથા એક નવા અને નાજુક તબક્કામાં પ્રવેશે છે. છવ્વીસ વર્ષના એ જુવાનિયાએ દૂર વિદેશમાં વસતા પોતાના દેશબંધુઓ સામે ઘૂરકી રહેલી મુસીબતો વિષે પોતાની માભોમની આમજનતા તથાઆગેવાનોનેસાવધકરીને એમનાં હિતોની જે જાળવણી કરી તેનો તાદશ ચિતાર છે.

બંને પુસ્તક એક ગ્રંથમાં; પૃ. ૩૦૪+૩૨ તથા ૩૦૪+૧૨; અનુક્રમે ૯ તથા ૭ છબિઓ-નકશા સાથે. રૂ. ૧૬-૫૦

ત્રીજું પુસ્તક દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના હિત માટે એમણે ઉપાડેલી જબરદસ્ત ઝુંબેશના ૧૮૯૮ થી ૧૯૦૩ના ઐતિહાસિક ગાળાને આવરી લે છે,—કે જે ગાળામાં એમનું અંગત જીવન પણ આત્મનિરીક્ષણના એક નવા જ પ્રવાહમાંથી પસાર થાય છે અને ત્યાગના માર્ગે વહેવા લાગે છે.
પૃ. ૫૬૦+૨૮; ચિત્રો ૧૧; કિં. રૂ. ૧૬-૫૦.

ચોથું પુસ્તક ગાંધીજીના ઈ. ૧૯૦૩ થી ૧૯૦૫ના સમય દરમિયાનના દક્ષિણ આફ્રિકામાંના જીવન અને કાર્યના, તથા ન્યાય માટેની લાંબી લડત દરમિયાન જે સંકટોમાંથી હિંદી કોમ પસાર થઈ તેના સત્તાવાર વૃત્તાંત તરીકે કીમતી છે. વધતી જતી વકાલત ઉપરાંત લડત ચલાવવા માટે 'ઇંડિયન ઓપીનિયન' પત્ર એમણે માથે લીધું અને પોતાનું મન અવિરતપણે જાહેર કાર્યમાં પરોવ્યું; સાથોસાથ રસ્કિનના પુસ્તક 'અન ટુ ધિસ લાસ્ટ'ની જાદુઈ અસર નીચે એમના જીવન ને વિસ્તારોમાં મહાન પરિવર્તન થયું અને ફીનિક્સ વસાહતની સ્થાપના થઈ, જે એક સાદા જીવનનો અને સાથે મળીને કામ કરવાનો નવીન અને ક્રાંતિકારક પ્રયોગ હતો. પૃ. ૫૮૨ + ૩૨; ચિત્રો ૬; કિં. રૂ. ૧૬-૫૦.

પાંચમા પુસ્તકના સમય-ગાળા દરમિયાન ગાંધીજીએ 'ઇંડિયન ઓપીનિયન'ને પ્રભાવશાળી સાધન બનાવીને ગુજરાતી તેને

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી મનસુખલાલ ઝવેરી

જન્મ તા. ૩-૧૦-૧૯૦૭. ત્રીસ વર્ષ સુધી ગુજરાતી ભાષા અને સાહિત્યના પ્રાધ્યાપક, ચાર વર્ષ કૉલેજના પ્રિન્સિપલ વર્ષો સુધી મુંબાઈ યુનિવર્સિટીના આર્ટ્સ વિભાગ અને ઍકેડેમિક કાઉન્સિલના તથા સૅનેટના, મુંબાઈ લેખક મિલનના, ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિના, અને સેન્ટ્રલ બોર્ડ ઑવ ફિલ્મ સેન્સર્સ (મુંબાઈ વિસ્તાર)ની સલાહકાર સમિતિના સભ્ય. ઑલ ઇંડિયા રેડિયો-મુંબાઈમાં પ્રોડ્યુસર ને પી. ઈ. એન. ની ભારતની એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય મંત્રી ને માનાર્હ ખજાનચી પણ રહ્યા. ૭ કાવ્યસંગ્રહો, સાહિત્ય-વિવેચનનાં પાંચ પુસ્તકો તથા શાકુંતલ, હૅમ્લેટ અને નેહરુના 'ઇંડિયા ટુડે ઍન્ડ ટુ-મૉરો'નાં ભાષાંતરો.

૧ સંસ્કૃત સાહિત્યમાં કોણ તમને સૌથી વધારે ગમે છે?
❑ કાલિદાસ; કારણ કે વર્ણના એની રસસિદ્ધ કવીશ્વરની છે, દર્શન મહાકવિનું છે, ને પરમાત્માની સૃષ્ટિની જેમ તેની સૃષ્ટિમાં પણ કશું જ આગન્તુક નથી, ક્યાંય કશો પણ ફેરફાર કે વધઘટ કરી શકાય તેમ નથી. એના પ્રસંગ, પાત્ર, ઉક્તિ, ઉદ્‌ગાર, બધા પર અનિવાર્યતાની મુદ્રા અંકિત થઈ છે.

૨ કાવ્યની તમારી અંગત વ્યાખ્યા?
❑ સૌંદર્યસર્જન દ્વારા કલ્પનાને સ્પર્શી, સત્યનું દર્શન કરાવી, એનો વિસ્તાર સાધી દેનાર 'લયાન્વિત વાગર્થસંપૃક્તિ'.

૩ કેળવણીના ક્ષેત્રે કોઈ આવશ્યક ફેરફાર સૂચવો છો?
❑ બે : કેળવણીનું કાર્ય રોટલો રળી આપવાનું નથી પણ વિદ્યાર્થીની ભાવશક્તિ ને ક્રિયાશક્તિ બંનેનો સમપ્રમાણ વિકાસ સાધીને, એને વિવેકબુદ્ધિ-પરિપૂત જીવન જીવવા માટે સજ્જતા આપવી તે છે. એ હકીકતને સમજી લઈ કેળવણી માટેની આપણી દૃષ્ટિને વિશુદ્ધ કરવી તે એક; ને આ કાર્યમાં mass production ન હોય એ જાણી લેવું તે બીજો.

૪ ભાષાંતર વધારે સારું કે ભાવાનુવાદ?
❑ કૃતિ પર આધાર રાખે છે. સામાન્યરીતે કહી શકાય કે જેમાં મહત્ત્વ ઘટના કે પ્રસંગોનું જ હોય ને local colour જેવું ઝાઝું ન હોય તેવી કે સામાન્ય માહિતી આપતી કૃતિઓનો ભાવાનુવાદ ઠીક લાગે. શાસ્ત્રીય પુસ્તકો, કાયદા વગેરે વિશિષ્ટ વિદ્યાનાં પુસ્તકો, ને જેમાં શબ્દેશબ્દનું મહત્ત્વ અસાધારણ હોય છે એવી મહાકવિઓની કૃતિઓ ભાષાંતર દ્વારા લાવવામાં આવે એ વધારે યોગ્ય.

૫ ગદ્યરચનામાં પદ્યનો વેગ અને પ્રવાહિતા આવી શકે ખરાં?
❑ હા, કલાકાર જો વાગીશ્વરીનું વરદાન પામ્યો હોય તો. ગદ્યને જ કવિની કસોટી ગણવામાં આવ્યું છે ને? 'गद्यं कवीनां निकषं वदन्ति.'

૬ પ્રોફેસરમાં ખાસ કયા ગુણો હોવા જોઈએ?
❑ પોતાના વિષય ઉપર પ્રેમ અને પ્રભુત્વ, અને હૃદ્‌ગત ઠાલવી દેવાનો ઉત્સાહ ને આવડત. બીજા શબ્દોમાં કહીએ તો 'દૃષ્ટિ', અને 'દીવામાંથી દીવો પ્રગટાવવાની શક્તિ.'

૭ તમને સાઠ વર્ષ થયાં; લખવામાં ત્રીસનો ઉત્સાહ છે?
❑ નથી. ઉત્સાહ ઘટ્યો, મનન-અનુભવ આદિ વધ્યાં; અને કદાચ તેથી જ 'વ્યર્થતા'નું ભાન કેડો છોડતું નથી.

૮ ખાસ શૉખ શાનો? ❑ કશાનો નહિ.

૯ પ્રિય પુસ્તક? ❑ શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા.

૧૦ તમારા જીવનનો આદર્શ?
❑ Heart within and God overhead.

કટોરો દ્વારા આત્મનિયમન, સ્વચ્છતા અને નાગરિક-ગુણોની તાલીમ આપીને ઉચ્ચ જીવનની પ્રેરણા આપી. સાથેસાથે હિંદીઓને વેઠવી પડતી હાડમારીઓ જેને કારણે ચરમ

સીમાએ પહોંચી હતી એ ઑર્ડિનન્સને તાબે નહિ થતાં કારાવાસ સ્વીકારવામાં હાકલ કરી; તો બીજી બાજુ ઝુલુઓનો બળવો ફાટી નીકળતાં લડત બાજુએ મૂકીને ૧૯ સાથીદારો સાથે દોઢ માસ સુધી ઘાયલોની ઝોળીઓ ઉપાડવાનું સેવાકાર્ય કર્યું. આ ગાળામાં ગાંધીજીએ જે સંજોગોમાં વાનપ્રસ્થ જીવનનો અંગીકાર કર્યો અને એક નવા સિદ્ધાંતના જન્મની પ્રતીતિ સાથે બહાર આવ્યા તેનું ઝીણવટભર્યું બયાન આમાં છે. આ જ નવો સિદ્ધાંત આગળ ઉપર 'સત્યાગ્રહ' તરીકે ઓળખાયો. પૃ. ૫૮૦ + ૩૨; ચિત્રો ૭; કિં. રૂ. ૧૬–૫૦.

નવાં પ્રકાશનો

આર. આર. શેઠની કંપની
ગાંધીરોડ - અમદાવાદ ૧

ગ્રંથસ્થ વાઙ્મય : કડક પરીક્ષણ અને છતાં સર્જકની અભિગતિને નિષ્ઠાપૂર્વક પામવાની વૃત્તિ, સ્પષ્ટ વક્તવ્ય અને છતાં સુકુમાર સહૃદયતા, આવા ઉત્તમ વિવેચકના ગુણો ધરાવતા આપણા પ્રતિષ્ઠિત વિવેચક શ્રી અનંતરાય રાવળે, અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે, ૧૯૩૭, ૧૯૪૫, '૪૬ અને '૪૭નાં ગ્રંથસ્થ વાઙ્મયની ચાર વાર્ષિક સમીક્ષાઓમાં, કુલ હજાર ઉપરાંત ગુજરાતી પુસ્તકોનાં કરેલાં અવલોકનોનો, એમના પુરોગામી વિવેચનસંગ્રહ 'સમાલોચના' પછીનો, એટલો જ મૂલ્યવાન સંગ્રહ. પૃ. ૫૭૭, પાકું પૂઠું, રૂ. ૧૪.

અન્વેષણા : સાંસ્કૃતિક ઇતિહાસ, પ્રાચીન સાહિત્યકૃતિઓ, પુરાતન રાજનીતિ, ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થાનો, ભાષાવિજ્ઞાન અને ઇતિહાસ, આદિ વિવિધ વિષયો પરનાં ડૉ. ભોગીલાલ સાંડેસરાનાં અન્વેષણાત્મક લખાણો, વ્યાખ્યાનો તથા રેડિયો-વાર્તાલાપોનો સંગ્રહ. પૃ. ૩૬૦, પાકું પૂઠું, રૂ. ૮-૭૫.

કડવી વાણી : શ્રી સુંદરમના પ્રથમ કાવ્યસંગ્રહની 'કોયા ભગતની કડવી વાણી' અને 'ગરીબોનાં ગીતો' એવા બે ભાગ ધરાવતી આ બીજી આવૃત્તિમાં. પહેલા ભાગમાં પ્રચલિત ઢાળોમાં સમાજની ધર્માંધતા, આત્મવંચના, દંભ વગેરેની સરસ ઠેકડી ઉડાવી છે; ને બીજા ભાગમાં ગરીબોની કરુણ દશા પ્રત્યે કવિનો સમભાવ અને એમની એવી પરિસ્થિતિ કરનાર સમાજ પરનો કવિનો કટાક્ષ મૂર્ત થયાં છે. પૃ. ૯૬, પાકું પૂઠું, રૂ. ૨–૫૦.

ભારતનું ગ્રામજીવન : ખ્યાતનામ સમાજશાસ્ત્રી પ્રો. એમ. એન. શ્રીનિવાસ સંપાદિત 'ઇંડિયાઝ વિલેઇજિઝ'નો અધિકૃત અનુવાદ. ભારતના જુદાજુદા પ્રદેશોના લોકોની સામાજિક અને સાંસ્કૃતિક વિશેષતાઓના અધ્યયન બાદ જુદીજુદી કલમે લખાએલું અને ગુજરાતી ભાષામાં સમાજશાસ્ત્ર અને સામાજિક માનવવિજ્ઞાનના અત્યંત જૂજ સાહિત્યમાં મહત્ત્વનો ઉમેરો કરતું નોંધપાત્ર પ્રકાશન. અનુવાદકો : અરવિંદ મ. શાહ, રમેશ ગો. શ્રોફ, પુરુષોત્તમ ધ. શાહ. પૃ. ૩૫૪, રૂ. ૮-૫૦.

બાલસાહિત્ય

નવો બિરબલ ગ્રંથમાળા : બુદ્ધિ, વિનોદ અને ચાતુર્યથી ભરેલો ઇતિહાસનો લોકપ્રિય બિરબલ આજે હોત તો?–એવી નવી કુતૂહલપ્રેરક કલ્પના પર આધારિત આધુનિક બાળકથાઓની દસ પુસ્તિકાઓનો સેટ: ૧) હિમમાનવ, ૨) માથે પડેલા! ૩) બેવકૂફ કોણ? ૪) ઉપવાસ-સમ્રાટ, ૫) ચડિયાતું કોણ? ૬) અશ્રુનગરનું હાસ્ય, ૭) કિંમતસિંહની કિંમત, ૮) હિંમતસિંહની હિંમત, ૯) બિરબલ હસે, બાદશાહ ફસે અને ૧૦) બગાસાંના ભાવ–રાજાને ખાવ. લે૦ હરીશ નાયક; પ્રત્યેકનાં પૃષ્ઠ ૪૦ અને મૂલ્ય ૭૫ પૈસા; સેટની કિં. ૭-૫૦.

મધુર બાલવાર્તાવલિ : રસમય શૈલીમાં બાળકોને જ્ઞાનપોષક બોધ આપતી અને આપણા બાલસાહિત્યમાં મૂલ્યવાન વધારો કરતી રમણલાલ સોની રચિત ૧૨ પુસ્તિકાઓનો સેટ: ૧) બાધારામ, ૨) કરસનકાકા, ૩) ભગો હજામ, ૪) બિલાડી બંધ, ૫) સસલાની ડીંક, ૬) રાજાનાં રમકડાં, ૭) શિયાળનો લાફો, ૮) બંદા ગોળમટોળ, ૯) હાથી જેવડો ઉંદર, ૧૦) કહુમિયાં અને ખહુમિયાં, ૧૧) નવાબસાહેબનાં ચાપાણી અને ૧૨) આગલો, બાગલો ને નાગલો. પ્રત્યેકનાં પૃ. ૪૦ અને કિંમત ૭૫ પૈસા; સેટના રૂ. ૯.

પરાક્રમ ગ્રંથમાળા : સાહસ ને પ્રવાસની રસપ્રદ થઈ પડે એવી હરીશ નાયક કૃત છ મોટી બાળકથાઓનો સેટ: ૧) જંગલ સમ્રાટ, પૃ. ૧૦૯, રૂ. ૨-૭૫; ૨) સમ્રાટના સમ્રાટ, પૃ. ૧૧૮, રૂ. ૩; ૩) સહરાનો સાવજ, પૃ. ૧૧૪, રૂ. ૨-૭૫; ૪) સાવજના સાવજ, પૃ. ૯૮, રૂ. ૨-૭૫; ૫) કુબેરનો ખજાનો, પૃ. ૮૫, રૂ. ૨-૨૫, અને ૬) ખજાનાના પિરામિડ, પૃ. ૮૬, રૂ. ૨-૨૫. પ્રત્યેક પાકા પૂઠામાં. સેટના રૂ. ૧૫-૭૫.

વોરા ઍન્ડ કંપની
૩-રાઉન્ડ બિલ્ડિંગ-કાલબાદેવીરોડ-મુંબઈ ૨

વધુ ને વધુ સુંદર : જાણીતાં વાર્તાકાર અને 'નવનીત'નાં સંપાદક કુન્દનિકા કાપડિયાનો વાર્તાસંગ્રહ. પૃ. ૨૧૬, પાકું પૂઠું; રૂ. ૪-૫૦.

ત્રણ રોમાંચક કથાઓ : અમેરિકી લેખક એડગર ઍલન પોની ત્રણ લઘુકથાઓ– 'ગોલ્ડ બગ', 'પિટ ઍન્ડ ધ પેન્ડ્યુલમ' અને 'નૅરેટિવ ઑવ આર્થર ગૉર્ડન પિમ'–નો ગુજરાતી અનુવાદ; કરનાર: દોલતરાય દેસાઈ, પૃ. ૨૪૮, પાકું પૂઠું, રૂ. ૬

હકલબરી ફિનનાં પરાક્રમો : હાસ્યરસના વિખ્યાત અમેરિકી લેખક માર્ક ટ્વેઈનની, વિનોદપ્રધાન છતાં કરુણ અદ્ભુત ને વીરરસની ગૂંથણીવાળી, જગપ્રસિદ્ધ અને બેનમૂન નવલકથાનો ધીરુબહેન પટેલે કરેલો ગુજરાતી અનુવાદ. પૃ. ૪૦૪, પાકું પૂઠું, રૂ. ૯.

મુમુ : વિખ્યાત રશિયન લેખક ઈવાન તુર્ગેનેવની માનવપ્રેમ અને પશુપ્રેમની તેમજ માનવમાંના પશુઅંશ અને પ્રેમાંશની અદ્ભુત વાત કહેતી એક લઘુકથાનો અનુવાદ. કરનાર: ઇંદિરા ડગલી, પૃ. ૬૯, રૂ. ૧–૨૫.

હરણની હૈયાફાળ : સામ્યવાદી ચીની શાસકો પ્રજા પર કેવા અત્યાચારો ગુજારે છે તેના સ્વાનુભવથી, આત્મચરિત્ર દ્વારા. સાન્સસે કરેલા નવલકથારૂપ આલેખનનો અનુવાદ. કરનાર: ઈશ્વર પંચોલી. પૃ. ૨૦૩, રૂ. ૩.

તબીબી વિજ્ઞાનની શોધો : તબીબી ક્ષેત્રમાં થઈ ગએલા મહાન શોધકોએ અવિશ્રાંત શ્રમને ભોગે કરેલી શોધોના ઇતિહાસની સચિત્ર કથા. મૂ. લે: ડેવિડ ડિત્ઝ, ચિત્રકાર: અર્નેસ્ટ કર્ટબાર્થ. ગુજરાતીમાં ઉતારનાર: ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી, પૃ. ૧૩૬, પાકું પૂઠું, રૂ. ૩.

જગતનો ચિત્રમય ઇતિહાસ : ઇતિહાસનાં બે પ્રખર અભ્યાસીઓ — માઇકલ રીટા માર્ટિન અને ચાર્લ્સ ક્રોવ—ના જગતના ઇતિહાસના અધિકૃત પરિચયનો નગીનદાસ ક. સંઘવીએ કરેલો ગુજરાતી અનુવાદ. પૃ. ૫૧૧, પાકું પૂઠું, રૂ. ૭.

ચિત્રમય વિજ્ઞાન : બાળકોને રસ પડે એવી સચિત્ર અને રંગીન, વૈજ્ઞાનિક શોધો અંગેની પુસ્તિકાઓની આ શ્રેણીમાં ૧) 'વિમાન' તથા ૨) 'આગગાડી અને મોટર' ઉપરની બે પુસ્તિકાઓ. લે૦ ધીરજલાલ ગજ્જર, ચિત્રકાર: રજની વ્યાસ; દરેકનાં પાનાં ૧૬ અને કિં. રૂ. ૧–૨૫.

પ્રભુની પ્યારી ગ્રીવામાં: નાનાંનાનાં ગદ્યાત્મક કાવ્યોના પ્રકારનું એક વિશિષ્ટ ખેડાણ. લે. ચીમનભાઈ દવે, પૃ. ૧૦૮, પાકું પૂઠું, રૂ. ૨–૫૦.

કુન્દન ચડયું કાંટે: ધ્યેયલક્ષી જીવનની ખુમારી તથા નૈતિક મૂલ્યના મહિમાનું દર્શન કરાવતી શ્રી હરિલાલ ઉપાધ્યાયની નવલકથા. પૃ. ૨૬૪, પાકું પૂઠું, રૂ. ૫.

એલિનોર રૂઝવેલ્ટની આત્મકથા: દુનિયાની શ્રેષ્ઠ મહિલાઓમાં જેની ગણતરી કરી શકાય એવાં, અમેરિકાના સદ્ગત પ્રમુખ ફ્રૅંકલિન ડેલાનો રૂઝવેલ્ટનાં પત્ની એલિનોર રૂઝવેલ્ટની લોકપ્રિય આત્મકથાનો શ્રીમતી સૌદામિનીબહેન મહેતાએ કરેલો અનુવાદ. પૃ. ૨૧૬, પાકું પૂઠું, રૂ ૩.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય

ભદ્ર · અમદાવાદ ૧

ભગિની નિવેદિતા: ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અનુરાગી બનેલાં જે આઇરિશ મહિલા માર્ગરેટ નોબલે ભારત આવીને સ્વામી વિવેકાનંદનાં શિષ્યા બન્યા બાદ, ભારતીયતા સાથે અનુરૂપ નામ પણ ધારણ કરીને આ દેશની સંસ્કૃતિ અને સ્ત્રીસમાજની સેવા કરી તેમનું સંક્ષિપ્ત જીવનચરિત્ર. લે. શ્રીમતી માલતીબહેન દલાલ પૃ. ૨૦૮, રૂ. ૨–૫૦.

આત્માની ઓળખ: આત્માનું તત્ત્વજ્ઞાન પ્રબોધતાં પુસ્તકો અને મહાનુભાવોનાં ચિંતનનું સંકલન અને યોજન. પ્રયોજક: અનુભવાનંદજી. પૃ. ૬૪, કાચું પૂઠું. ૪૦ પૈસા.

ભક્તવીર હનુમાનનું સંપૂર્ણ અને વાર્તારૂપ ચરિત્ર. લે. શ્રી જગુભાઈ મોહનલાલ રાવળ. પૃ. ૨૦૪, પાકું પૂઠું, રૂા. ૧–૫૦.

રાંદલમાનાં ગીતો: રાંદલમાનાં લોકગીતોનો સંચય. સંપાદક: અનવર આગેવાન. પૃ. ૧૧૨, રૂ. ૧–૨૫.

સ્વાતિ પ્રકાશન

૨૨૬ · સેમ્યુઅલ સ્ટ્રીટ · મુંબઈ ૩

કેફ કસુંબલ: જાણીતા નાટ્ય-નવલકથાકાર શ્રી શિવકુમાર જોશીની નવલકથા. પૃ. ૩૦૮, પાકું પૂઠું, રૂ. ૮-૫૦.

સોનલછાયા: શ્રી શિવકુમાર જોશીની 'એક ત્રિકોણ, જેને માત્ર બાજુઓ છે, ખૂણા નથી' એવી વિશિષ્ટ વાત કહેતી એક લઘુનવલ. પૃ. ૧૮૬, પાકું પૂઠું, રૂ ૬-૫૦.

રજતરેખ: લઘુનવલનો શ્રી શિવકુમાર જોશીનો એક વધુ પ્રયાસ. પૃ. ૨૦૦, પાકું પૂઠું, રૂ. ૫-૫૦.

વાંસનો અંકુર: 'નવનીત' (ગુજરાતી ડાયજેસ્ટ)માં ક્રમશઃ પ્રસિદ્ધ થઈ ચૂકેલી ધીરુબહેન પરીખની લઘુનવલ. પૃ. ૧૭૨, પાકું પૂઠું, રૂ. ૫-૫૦.

સન્નિષ્ઠ પ્રકાશન

માવળંકર હવેલી · ભદ્ર · અમદાવાદ ૧

સાત્ત્વિક અને મૌલિક સર્જનોને પ્રકાશનની તક પૂરી પાડવાના હેતુથી સ્થપાએલા સન્નિષ્ઠ પ્રકાશનનાં પ્રથમ ચાર પ્રકાશનો:

આપણી લોકશાહી અને તેનું નિર્માણ: શ્રી દાદાસાહેબ માવળંકરની 'A Great Experiment' નામની પુસ્તિકાનો ડૉ. ઉપેન્દ્ર ભટ્ટે કરેલો અનુવાદ પૃ.૨૦, ૬૦ પૈ.

વિટામિનો: વિટામિનો પરની, અલંકૃત કલમે લખાયેલી પુસ્તિકા, લે. નરસિંહ મૂ. શાહ. પૃ. ૨૮ રૂા. ૦-૭૫.

પ્રાચીન વૈદિક સમયની સ્વરાજ્યપદ્ધતિ: શ્રીપાદ દામોદર સાતવળેકરની આ વિષયક પુસ્તિકાનો શ્રીમતી પૂર્ણિમા માવળંકરે કરેલો અનુવાદ. પૃ. ૧૬, રૂા. ૦-૬૦.

સાર્ત્રનો અસ્તિત્વવાદ: 'અભ્યાસ'માં સાર્ત્રના અસ્તિત્વવાદ પર લેખો લખનાર શ્રી મધુસૂદન બક્ષીની સાર્ત્રના અસ્તિત્વવાદ અંગેના ખયાલો અને એની સમીક્ષા નિરૂપતી પુસ્તિકા. પૃ. ૧૦૪, રૂ. ૩.

લોકભારતી · સણોસરા

પરિત્રાણ: જાણીતા સાહિત્યકાર શ્રી 'દર્શક'નું મહાભારતની કથા પર આધારિત, શ્રીકૃષ્ણની ધર્મપરિત્રાણની કારકિર્દી નિરૂપતું ત્રિઅંકી નાટક, જે, એના ભાવનાપૂત ભાષામાં યોજાએલા ચોટદાર સંવાદો દ્વારા તખ્તા પર પણ રજતજયંતીની સફળતા મેળવી શક્યું છે. પૃ. ૧૨૪ [૭૮+૪૬], રૂ. ૨–૫૦.

વનસ્પતિ જીવનદર્શન: કથારસ માણતા હોઇએ એવી રસમય શૈલીમાં વનસ્પતિ અંગેની સંપૂર્ણ માહિતી આપતું, કૃષિવિજ્ઞાનના વ્યવહારુ જ્ઞાતા ઇસ્માઈલભાઈ નાગોરીનું વિજ્ઞાનના વિષયને વિશિષ્ટતાથી અને સંપૂર્ણતાથી નિરૂપતું પુસ્તક. પૃ. ૧૦૦, કાચું પૂઠું, રૂા. ૨.

ગુજરાત પુસ્તકાલય સ. મંડળ લિ.

રાવપુરા · વડોદરા

ઋતુઋતુનો મેવો: ઋતુ અનુસાર પાકતાં અને લેવાતાં ફળોની ભૌગોલિક માહિતી આપી એની વિશેષતાઓ ને ફાયદા વર્ણવતું, વનસ્પતિશાસ્ત્ર અને વૈદકશાસ્ત્ર બન્નેની અભ્યાસપૂર્ણ વિગતો આપતું પુસ્તક. લે૦ માધવ મો. ચૌધરી. પૃ. ૧૪૪, પાકુ પૂઠું, રૂ. ૨.

એક હતા મૂરખલાલ: 'ઝગમગ'માં હપ્તાવાર પ્રગટ થઈ ચૂકેલી શ્રી રમણલાલ સોનીની હાસ્યપ્રધાન દીર્ઘ બાળવાર્તા. પૃ. ૨૨૦, પાકું પૂઠું, રૂ. ૩.

કલ્પસુંદરી: શ્રી રમણલાલ સોનીની, કલકલ વહેતાં ઝરણાં જેવી મીઠી મધુર બાળવાર્તા. પૃ. ૯૪, રૂ. ૧–૨૫.

હરિહર પુસ્તકાલય

ટાવર રોડ · સૂરત

માળો: જાણીતા નવલકથાકાર અને વાર્તાકાર શ્રી પન્નાલાલ પટેલનો વાર્તાસંગ્રહ. પૃ. ૨૩૮, પાકું પૂઠું, રૂા. ૫–૫૦

નગદનારાયણ: 'જનસત્તા'માં હપ્તાવાર પ્રગટ થઈ ચૂકેલી શ્રી પન્નાલાલ પટેલની કટાક્ષપ્રધાન નવલકથા, બે ભાગમાં. પૃ. ૩૩૨ અને ૨૮૭, પાકું પૂઠું. કિં. બંને ભાગના રૂ. ૧૫.

પરિચય ટ્રસ્ટ

(૧૯/૨૧ · હમામ સ્ટ્રીટ · મુંબઈ ૧)

નાનાવિધ વિષયો પર ટૂંકામાં પણ મુક્તેસર માહિતી આપતી, તે તે વિષયોના તજ્જ્ઞો પાસે ખાસ લખાવેલી, જ્ઞાનદાયક એટલી જ રસમય, બત્રીસબત્રીસ પાનાંની, દરેક ઘર તથા સંસ્થામાં વસાવવા જેવી, ઉપયોગી ને તેથી આજે ખૂબ જાણીતી થએલી 'પરિચય પુસ્તિકા'ઓના આગળ મણકા: નં. ૨૦૫ **દયારામ**: લે. હરીન્દ્ર દવે; ૨૦૬ **ગુજરાતનાં વન્ય પ્રાણીઓ**: શૈલેન્દ્ર સિંહા; ૨૦૭ **ધરતીકંપ**: વિજયગુપ્ત મૌર્ય; ૨૦૮ **કિડનીના રોગો**: ડૉ. ભાનુ ર. શાહ; ૨૦૯ **ગુજરાતનો ઇતિહાસ**: ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી; ૨૧૦ **કવિ કાન્ત**: ઈશ્વરલાલ ર. દવે; ૨૧૧ **રશિયાની ક્રાન્તિનાં પચાસ વર્ષ**: રોહિત દવે; ૨૧૨ **ભારતની વિદેશનીતિ**: રવિશંકર વિ. મહેતા; ૨૧૩ **બાળલકવો**: ડૉ. એસ. જે. કુંભાણી; ૨૧૪ **રૉબર્ટ ફ્રૉસ્ટ**: જયંત ર જોશી; ૨૧૫ **થૉરોની ચિંતનસૃષ્ટિ**: ગગનવિહારી મહેતા; ૨૧૬ **નીરોગીનો આહાર**: ડૉ. વી. એન. જાઈ; ૨૧૭ **સર્વોદય શું છે?**: નારાયણ દેસાઈ; ૨૧૮ **આંતરરાષ્ટ્રીય કાયદો**: એ. જી. નૂરાણી; ૨૧૯ **જગતની સંસ્કૃતિઓ**: રજનીકાન્ત મોદી; ૨૨૦ **યુનિસેફ**: સરલા જગમોહન. દરેકની કિંમત પચાસ પૈસા.

અન્ય પ્રકાશનો

चण्डीखोल : એ નામના એક ઐતિહાસિક તીર્થસ્થલ અંગેની હિંદી પુસ્તિકા. લે૦ બાબુલાલ દોશી. પ્રાપ્તિસ્થાન—શ્રી ભૈરવાનંદ બ્રહ્મચારી, ચંડીખોલ પહાડ, વાયા—હરિદાસપુર, કટક (ઓરિસ્સા). પૃ. ૪૪, રૂ. ૧.

क्षेमेन्द्रप्रणीत औचित्य–सिद्धान्त आणि औचित्यविचार-चर्चा : સંસ્કૃત સાહિત્યમીમાંસ નો સુવર્ણકાળ, વિવેચન સિદ્ધાન્તના એક પૂર્વસૂરિ ક્ષેમેન્દ્રનું એમાં સ્થાન,અને એના વિખ્યાત 'ઔચિત્યવિચાર'નું એની બહિરંગ અને અતરંગ કસોટી સાથેનું મૂલ્યાંકન. ઔચિત્યવિચારની મહત્તા, વર્તમાન સાહિત્યમીમાંસામાં એનું નિયોજન વગેરેની ચર્ચા કરતો, (આરંભનાં લગભગ ૯૦ પાનાં ભરીને) અધ્યયનપૂર્ણ નિબંધ આપીને કાશીહિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસીના વિદ્વાન અધ્યાપક શ્રી વા. કે. લેલેએ ક્ષેમેન્દ્રનાઔચિત્ય સિદ્ધાન્તની કારિકાવાર કરેલી સમીક્ષા (મરાઠી પુસ્તક). પ્ર૦માલતી વામન લેલે, અભિજાત-ગ્રંથાવલિપ્રકાશન; ઘ. નં. બી ૨૭/૬૫ સી, દુર્ગાકુંડ, વારાણસી-૫(ઉ.પ્ર.).પૃ.૧૬૦+૯૧,રૂ ૭·૫૦.

ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ : ગાંધીજીએ રાજકીય બાબતો તેમજ ખાદી તથા રચનાત્મક પ્રવૃત્તિ અંગે જે માર્ગદર્શન આપ્યું અને એ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ જે રીતે હાથ ધરી એનાં આત્મકથા રૂપ સંસ્મરણો અને અનુભવો, લે૦ શંકરલાલ ઘેલાભાઈ બેંકર. પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૧૪. પૃ. ૫૪૨, પાકુ પૂઠું, રૂ. નવ.

ચોથી જાગીર : દાતણ સાથે જ જેનું સ્મરણ થાય છે એવા, વર્તમાન યુગના જીવનના અનિવાર્ય અંગ રૂપ, વૃત્તપત્રની દુનિયામાં કામ કરતા માણસોની જિંદગીને વિષય બનાવી લખાએલી નવલકથા. પ્ર૦ સાહિત્ય સંગમ, બાવાસીદી, સૂરત. પૃ. ૪૦૦, રૂ. ૧૦.

સમાજનું સ્વાસ્થ્ય : જુદાંજુદાં સામયિકોમાં પ્રગટ થએલા, સ્વાસ્થ્ય અંગેની નાનીમોટી અનેક બાબતોમાં આખા સમાજને બહુ જ ઉપયોગી થઈ પડે એવા, ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના લેખોનો સંગ્રહ. એમ. પી. વૈદ્ય, માં૦ મંત્રી, ગુજરાત સંશોધનમંડળ, સંશોધન સદન, ૧૯મો રસ્તો, ખાર, મુંબઈ-૫૨. પૃ. ૫૩૦, પાકું પૂઠું, રૂ. ૬.

ગાંધીકથા : ગાંધીજીની ચિત્રાત્મક જીવનકથા. રચયિતાઓ—શ્રીપાદ સાવંત, સુધાકર બાદલકર. પ્ર૦ પબ્લિકેશન્સ ડિવિઝન, મિનિસ્ટ્રી ઑવ ઇન્ફર્મેશનઍન્ડબ્રોડકાસ્ટિંગ, ભારત સરકાર. પૃ. ૪૭, પાકું પૂઠું, રૂ. ૨-૫૦.

પ્રભુકૃપા-કિરણ : એક તેજસ્વી સંત ગુરુદયાળ મલ્લિકજીનું જીવનચરિત્ર. લેખકો : મુકુલ કલાર્થી અને નિરંજના કલાર્થી. પ્ર૦મૃદુલ કલાર્થી, સ્વરાજ્ય આશ્રમ, સરદારબાગ, બારડોલી-૨. પૃ. ૨૨૪, રૂ. ૫.

ભોંયતળિયેનો આદમી : ફ્યોદોર દોસ્તોએવ્સ્કીની એક અસ્તિત્વવાદી નવલકથાનો ડૉ. સુરેશ જોષીએ કરેલો સ-પરિચય સંક્ષેપ. પ્ર૦ વિનોદ એન. પરીખ, રવીન્દ્ર બુક હાઉસ, બાજવાડા, ભાટિયાશેરી, વડોદરા-૧. પૃ. ૬૪, રૂ. ૨-૫૦.

ત્રીજું લોચન : ગુજરાતી સાહિત્યનાં કેટલાંક સર્જનોની સમીક્ષાઓનો સંગ્રહ. સમીક્ષક અને પ્ર૦શાંતનૂ માહેશ્વર, પ્રાપ્તિસ્થાન : શાંતિલાલ કે. મહેતા, 'અભિષેક' કાર્યાલય, લીંબડી (સૌરાષ્ટ્ર). પૃ. ૫૬, રૂ. ૦ ૫૦.

સલીબ પર લટકતો માનવી : ગુજરાતી સાહિત્યની 'નવી કવિતા' અને એ પરના વિવેચનલેખોના એક નાના સંગ્રહને પ્રગટ કરવાનો સિંધુ સાહિત્ય સંગમનો એક સુપ્રયત્ન. પ્રકાશક-(સિંધુ સાહિત્ય સંગમ વતી) લક્ષ્મણ દુભે, સર્કલચોક, જૂનાગઢ. પૃ. ૧૦૮, રૂ. ૩.

અરુણાચલ : પ્રો. ગોવિન્દભાઈ પટેલની વાર્તાઓનો સંગ્રહ : પ્ર૦ ગોવિંદભાઈ પટેલ, અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ખાલસા કૉલેજ, મુંબાઈ-૧૯. પૃ. ૩૦૪, પાકું પૂઠું, રૂ. ૭-૫૦.

અવાજ : શ્રી કનુ અંધારિયાનો ગઝલસંગ્રહ. પ્ર૦ કનુભાઈ અંધારિયા, પ્રાપ્તિસ્થાન : શાંતુભાઈ અંધારિયા, જૂની માણેકવાડી, ઘોબીનો ખાંચો, ભાવનગર. પૃ. ૨૦, રૂ. ૦-૭૫.

મનમોહિની : રમ્યકથા પેપરબૅક સીરીઝ (સૂરત-૨)ની પ્રકાશનશ્રેણીની એક વધુ નવલકથા. લે. શ્રી નાનુભાઈ નાયક. પૃ. ૨૨૪, કાચું પૂઠું રૂ. ૨, પાકું પૂઠું રૂા. ૩.

અરમાન : કાલિદાસ પ્રજાપતિ 'પિનાક'નો કાવ્યસંગ્રહ. પ્ર૦ કાલિદાસ પ્રજાપતિ, જમિયતપુરા, જિ. ગાંધીનગર; પૃ. ૪૦, રૂ. ૦-૭૫.

નવરાત્રિના ગરબા : ગુજરાતી સાહિત્યના આદિ કવિઓથી આજસુધીના કવિઓએ સર્જેલા અને લોકસાહિત્યમાંથી સંપાદિત કરેલા નવરાત્રિના રાસ-ગરબાનો સંગ્રહ. સં૦ ને પ્ર૦ શ્રીમતી જ્યોત્સ્ના શુક્લ, અધ્યક્ષ, ગુજરાત રાજ્ય સમાજશિક્ષણ સમિતિ, દરિયા મહેલ, સૂરત ૧. પૃ. ૮૦, રૂ. ૦-૮૦.

કાવ્ય સમુચ્ચય : વિભાગ—૧ : વિસનજી મારુનો કાવ્યસંગ્રહ પ્ર૦ પોતે, એસ. બી. એકસ-૫૬, આદિપુર (કચ્છ) પૃ, ૧૪, ૩૦ પૈ.

રાષ્ટ્રો વચ્ચેના સાંસ્કૃતિક સંબંધો વિકસાવવામાં સાહિત્યની ભૂમિકા અંગે ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારોનાં મંતવ્યો રજૂ કરતો 'સોવિયેત સમીક્ષા'નો ખાસ અંક (અંક : ૪૮ સપ્ટે. ૧૯૬૭).

આ માસનાં ગીતો : નવયુગ એડ્યુકેશન સોસાએટી, પોરબંદરના આશ્રયે 'આ માસનાં ગીતો'ની શ્રેણીમાં, શ્રી ઉમાશંકર જોશીનાં, સ્વરબદ્ધ કરેલાં બાર ગીતોનો સંગ્રહ (સપ્ટે. '૬૭) પૃ. ૨૭.

સો વર્ષ જીવવાની કરામત : લાંબા આયુષ્ય માટેના નિસર્ગોપચારોની પુસ્તિકા. લે. કૃષ્ણલાલ ગાંધી. પ્ર૦મમતા પ્રકાશન ગૃહ, પાંચકુવા, અમદાવાદ ૨. પૃ. ૧૬, રૂ.૦-૫૦.

વિશ્વશાંતિ : શ્રી હરિહાનજીમહારાજની મનનશીલ અને પ્રેરણામય પુસ્તિકા. પ્ર૦બહેચરભાઈ દેસાઈભાઈ પટેલ, સરપંચ, મેથી ગ્રામ પંચાયત, મેથી (તા. કરજણ; જિ. વડોદરા). પૃ. ૪૮, રૂ. ૦-૭૫.

સમાજના માનવજીવોને ચરણે : 'આર્ય પ્રકાશ' સાપ્તાહિકમાં લેખમાળાના રૂપમાં પ્રગટ થએલા શ્રી કૃષ્ણદેવ આર્યના જીવનચિંતન અંગેના નાનકડા લેખોનો સંગ્રહ. પ્ર૦ કૃષ્ણદેવ આર્ય, બલદેવ પ્રકાશન વતી, મુ. સામરખા, તા. આણંદ. પૃ. ૨૨, રૂ.૦-૩૦.

મોંસૂઝણું : શ્રી મનોહર ત્રિવેદીનો કાવ્યસંગ્રહ પ્ર૦ પોતે, મહિલા અધ્યાપન મંદિર, સાવરકુંડલા (સૌરાષ્ટ્ર). પૃ. ૪૪, રૂ. ૧·૫૦.


¶ મહાકવિશ્રી ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ (અમદાવાદ) તરફથી શરૂ કરવામાં આવેલું વર્ષભરના શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ માટેનું રૂ. ૨૫૦નું પારિતોષિક ઈ. ૧૯૬૭ના વર્ષ માટે શ્રી ઉમાશંકર જોશીના 'અભિજ્ઞા' કાવ્યસંગ્રહને આપવાનું જાહેર થયું છે.

જાણીતા લેખક શ્રી જયભિખ્ખુએ સાઠમા વર્ષમાં પ્રવેશ કર્યા નિમિત્તે યોજાએલા સાહિત્ય ટ્રસ્ટ તરફથી કલકત્તાના રવીન્દ્ર સદનમાં તા. ૨૧મી એપ્રિલે સમારંભ યોજાયો છે.

પત્રમિત્ર

Miss Anne Watson, 2510E, Interlaken Blud., Seattle Washington 98102 (U.S.A.)

ચૌદ વર્ષની વયની અને નવમા ગ્રેડમાં ભણતી આ અમેરિકન બહેન ભારતના લોકો અને એમના રસમોરિવાજ વિષે જાણવા ઉત્સુક હોઈ, અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરી શકે એવી બહેન સાથે પત્રમૈત્રી ઇચ્છે છે.



ને સેવ્યું છે સ્વપ્ન અમે સુમંગળ
અનન્તસોહાગ વસુન્ધરાનું,
મનુષ્યની જ્યાં ન થતી વિડંબના;
જ્યાં જન્મથી કોઈ ન ઉચ્ચ, નીચ ના,
'દૈવાયત્તં કુલે જન્મ' તેનો જ્યાં હર્ષશોક ના,
સ્વાયત્ત પૌરુષે જેમાં વીણવાનાં વસુ સદા.

શતંજીવીની દૃષ્ટિએ


જાણીતા પત્રકાર શ્રી નિરુભાઈ દેસાઈના પિતા શ્રી ભાઈલાલભાઈ દેસાઈએ ગઈ તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ ઉમરે પણ વગર ચશ્મે અંગ્રેજી અખબારના ઝીણા અક્ષરો વાંચવાની સ્પષ્ટ દૃષ્ટિ ધરાવનારા તથા નિયમિત, ધાર્મિક આચારવિચારવાળું અને સાદાઈભર્યું જીવન જીવનારા આ વડીલને આજની પેઢી અને ગઈ કાલની પેઢીમાં સ્પષ્ટ ભેદ દેખાય છે; આવક વધી અને ખર્ચ વધ્યાની બલિહારીવાળા આ યુગમાં લોકો વધુ કમાઇને વધુ ખર્ચે છે, છતાં ઘેર મહેમાન આવે તો આજે ચા પાઈને વિદાય કરાય છે; એ જમાનામાં તો એમને જમવાનું જ હોય, ચા તો મીઠાઈનો નાસ્તો હોય. અમે ઓછું કમાતા, કરકસરથી રહેતા ને એ જીવનમાં સંતોષ લાગતો.

અમારું વતનનું ગામ ડાકોર પાસેનું અલીણા. ડાકોર જવા ચાર દિવસની રિટર્ન ટિકિટ મળે; એક રૂપિયામાં અવાય ને જવાય. આજ કરતાં અમદાવાદે ય નાનું. વસતિ માંડ પચાસ પંચોતેર હજાર. કોટની અંદર જ વસતિ; કોટ બહાર ખેતરો. અંદરે ય મેદાનો ઘણાં. રસ્તા ધૂળિયા. રણછોડભાઈ પહેલવહેલા નળ લાવ્યા ત્યાં સુધી પાણીની સગવડ નહિ. નિશાળમાં ભણવાનું ઘણું કડક. શિક્ષકની ધાક ઘણી. શિક્ષક રસ્તેથી પસાર થતા હોય તો છોકરાં નાસી જાય. (ને આજે? છોકરા પસાર થતા હોય તો શિક્ષક બિચારા...) હાઈસ્કૂલમાં બહુ થોડા ભણે. ભણીને સરકારી નોકરી કે વેપારધંધે લાગી જાય. મૂછો બધા રાખે. દાઢી દર આઠ દા'ડે વાળંદ આવીને મૂડી જાય. હજામતના ભાવ ડોશીનો દોઢ અને મરદનો ઢબ્બુ (દોઢ એટલે દોઢ પૈસો). ટોપી-પાઘડી ફરજિયાત. ટોપી પહેર્યા વિના કોઈ જાય તો લોકો પૂછે: 'ડોસા ગયા કે?' નહિ તો કહે 'મસાણિયો ચાલ્યો.' સ્મશાને જ ઉઘાડે માથે જવાય. અઢાર-વીસ વર્ષે છોકરો પાઘડી પહેરતો થઈ જાય. પાઘડીના રંગ લાલ કે કીરમજી. સફેદ પાઘડી શોક હોય ત્યારે પહેરાય. કાળી પાઘડી દુખિયારા પહેરે. લીલી પાઘડી મુસલમાનો પહેરે. માથે પાઘડી પહેરી હોય તો પૂરી રોજી મળે, ટોપી પહેરનારને અરધી રોજી. નવી અને જૂની પેઢી વચ્ચે મતભેદ લગભગ નહિ. આજ્ઞાંકિતપણું ઘણું.'

સો વર્ષ સુધી આવી તંદુરસ્તી જાળવી શકવાનું કારણ પૂછતાં કહે: 'દિવસમાં એક વાર જમું છું: માત્ર રોટલી દાળ ને શાક. ભાત ખાવાનું મન થાય તો ખીચડી જ ખાઉં છું. ચા પણ નોકરી છોડી ત્યારથી, ચુમાળીસ વર્ષથી નથી પીધી. ખાંડ પણ ખાતો નથી. પગના ખરજવા સિવાય કદી કોઈ બીમારી આવી નથી. મોટી માંદગી ગણવી હોય તો ૧૯૦૫માં કમળો થએલો. ત્યારે પણ પથારીમાં નહિ રહેલો. હાથે રાંધતો ને બે પરોણાને રાંધીને જમાડતો. પાંચદસ દિવસ પથારીમાં પડી રહ્યાનું મને યાદ નથી. નાની બીમારીમાં યે દાક્તરની દવા તો હું લેતો જ નહિ; દેશી દવાથી જ ચલાવતો.

૮૦ વર્ષ પહેલાં મેં માસિક રૂ. ૧૨ના પગારે કારકિર્દીની શરૂઆત કરેલી. શિક્ષક તરીકે નોકરી કર્યા પછી રેવન્યુ ખાતામાં માનમરતબાવાળા સરકારી હોદ્દે રહેલો. એ વખતનું ઘરનું ભાડું વાર્ષિક રૂ. ૧૨થી ૧૬. સાંજનું વાળુ માથા દીઠ ચાર પાઈમાં પેટભર મળી રહેતું. રોજ શાકના ચટાકા નહિ; છતાં વારતહેવારે મિષ્ટાન્ન ખરાં. વસ્ત્રો સીધાંસાદાં. ધોતિયું ત્રણ આને! ઘી રૂ. ૧૩નું મણ. દૂધ ચાર પાઈનું શેર. સોનું ૧૬ રૂ. તોલો, ને ચાંદી ૬ આને તોલો! સોપારી

વહાણકથા-૪




બોરોબુદુરના પ્રાચીન મંદિર ઉપરના ભારતીય વહાણના આ ચિત્ર ઉપરથી સહેજે સમજી શકાય છે કે ભારતીય વહાણવટું પુરાતન સમયથી દૂરદૂરના મહાસાગરો ખેડવા જેટલું વિકસેલું તો હતું જ.

પશ્ચિમમાં ઈ. સ. પૂર્વે ૨૫૦૦ વર્ષ પહેલાંના ગ્રીક પાત્રો (વાઝ) ઉપરનાં ચિત્રો પરથી એમનાં વહાણોની બાંધણીનો ખયાલ મળે છે.



ગ્રીસનાં વહાણો આરંભમાં ફીનીશિયન જહાજની નકલો જેવાં બનતાં પણ પછી એમણે આગવો વિકાસ સાધી લીધો. આ ઉપરનું ચિત્ર ઈ. સ. પૂર્વે ૧૨૦૦ વર્ષ પહેલાંના ગ્રીક જહાજનું છે. લગભગ ૧૫૦ ફીટ લાંબાં એ જહાજોમાં સઢ હોવા ઉપરાંત હલેસાં મારીને ચલાવવાની વ્યવસ્થા પણ રહેતી. હલેસાં મારવા માટે એમાં બે મજલાની બેઠકોમાં આશરે સવાસો જેટલા માણસો ગીચોગીચ બેસાડવામાં આવતા. છીછરા પાણીમાં તો આ ભારેખમ વહાણ જઈ શકતાં જ નહિ એટલે એને માટે બંદરમાં ખાસ ધક્કા બાંધવા પડતા. વળી, ઊંડા પાણી પર તરતાં રહેતાં એ વહાણને એક સ્થાને જકડી રાખવના પ્રયત્નમાંથી ત્યાં લંગરની શોધ થઈ. આમ, ઉત્તરોત્તર એમનો નૌકાવ્યવહાર વિકસતો જવાથી એના રક્ષણની જવાબદારી પણ ઊભી થઈ અને ઈ. સ. પૂર્વે ૫૦૦ના અરસામાં તો ગ્રીકની યુદ્ધનૌકાઓ પણ તરતી થઈ ગઈ. ઈ. સ. પૂર્વે ૪૦૦માં ઈરાનના રાજા ઝર્કસિઝના જંગી કાફલાને ગ્રીક યુદ્ધનૌકાઓએ મોટી હાર પણ આપી. નૌકાક્ષેત્રે આમ પ્રગતિ સાધી દરિયાખેડુ તરીકે ગ્રીક પ્રજા ગૌરવ લેતી થઈ ગઈ.



શતંજી ભાઈલાલભાઇ

રૂપિયાની પાંચ શેર મળતી. જોડા છ થી આઠ આનામાં. સામાજિક ખર્ચમાં ત્યારે બે જ પ્રસંગોનું મોટું મહાતમ: લગ્ન અને ઉત્તરક્રિયા. મધ્યમ વર્ગના માનવીને લગ્નનો ખર્ચ રૂા. ૨૦૦ થી ૩૦૦ થાય અને તે સારી રીતે લીધાં કહેવાય. ઉત્તરક્રિયાનો ખર્ચ રૂા. ૧૫૦. બે રૂપિયે મણ ગોળ મળે અને ત્રણચાર રૂપિયે મણ ખાંડ. આજની માફક બાળઉછેર, મનોરંજન, વાહનવ્યવહાર, શોભાનાં કપડાં, ગૃહ શણગાર, ફર્નિચર વગેરેના ખર્ચા નહિ. ઘરમાં ચીજ વસાવવા પાછળ વહેવારુ દૃષ્ટિ રહેતી. પ્રથમ તો વાસણો અને દાગીના વસાવાતા. કોઈ સુખી હોય તો વળી ઘર શણગારે. ત્યારે સામાજિક પરિબળો અનુસાર કૌટુંબિક રચના થતી. કુળ, વિદ્યા, સામાજિક મોભો, વડીલોના સંબંધ અનુસાર યુવાનોનાં વેવિશાળ રચાતાં, જ્યારે આજે આર્થિક પરિબળો ભાગ ભજવે છે. ભણેલીગણેલી અને જરૂર પડયે નોકરી કરે એવી સ્ત્રી માટેની વૃત્તિ આજે મહત્ત્વનો ભાગ ભજવવા લાગી છે. સ્ત્રીઓ ત્યારે આર્થિક સહાય રૂપે ઘરનું કામ કરીને ખર્ચા બચાવે. તાર, ટેલિફોન, રેડિયો, સાઈકલોનો ઘંટારવ, સ્કૂટર, રિક્ષા, મોટરોની ચિચિયારીઓ અને યંત્રોના ઘોંઘાટમાં તેમજ મોંઘવારીઓમાં રઘવાયું જીવન જીવતા આપણે આજે હૉસ્પિટલ-હોટલ ને સિનેમા-સોસાએટીઓની દોડધામમાં અટવાયા છીએ. લાલ-લીલી પાઘડીવાળો એ અમદાવાદી શેઠિયો આજે ક્યાં? સાદો સ્વાશ્રયી, ઉઘાડપગો, ભોળો અમદાવાદી યુવાન ક્યાં?

('સંદેશ', 'ગુજરાત સમાચાર' અને 'પ્રભાત'માંની મુલાકાતો પરથી)

મગજ અને શરીર માટે સાદું અને મફત ટૉનિક

શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયામાં દર શ્વાસે આપણામાં તાજી શક્તિનો સંચાર થાય છે અને જીવ જીવાડતા શરીરના અણુઓને એ શક્તિ મળે છે. પરંતુ આપણામાંનો મોટો ભાગ બરોબર શ્વાસ જ નથી લેતો હોતો. વિજ્ઞાન અને આરોગ્યનાં છેલ્લામાં છેલ્લાં સંશોધનોએ બતાવ્યું છે કે શરીરમાં તાજું જીવતત્ત્વ ઉમેરવા માટે શ્વાસોચ્છ્વાસ યોગ્ય રીતે લેવો જરૂરી છે. અને એ માટે પ્રથમ જરૂર છે બેસવામાં અને ચાલવામાં છાતી બહાર કાઢીને ટટ્ટાર રહેવાની. એ સાથે દરરોજ સવાર-સાંજ શ્વાસોચ્છ્વાસની આ કસરત ખુલ્લામાં કે હવાઉજાસવાળા ખંડમાં કરવી.

પહેલાં ઝડપથી શ્વાસોચ્છ્વાસ લેવા માંડો. પછી નાક વડે તાજી હવા શરીરમાં ખેંચો. દર સેકંડે બે ગણાય એવી રીતે ૧ થી ૧૫ સુધી મનમાં ગણતા જઈને ધીરેધીરે શ્વાસ ખેંચો. પછી એ જ ગતિથી ૧ થી ૧૫ ગણો ત્યાં સુધી શ્વાસને ફેફસાંમાં રાખી મૂકો અને અંતે એ જ ગતિથી ગણતા જઈ શ્વાસને નાક વડે જ બહાર કાઢો. મોં સહેજ પણ ખોલવાનું નથી. આ ૧ થી ૧૫ની ગણતરી પોતપોતાની શક્તિ પ્રમાણે ઓછી કે વધારે કરી શકાય. પરંતુ શ્વાસ લેવામાં, શ્વાસને રાખી મૂકવામાં અને શ્વાસ છોડવામાં સંખ્યા તો એકસરખી જ રાખવી.

આ કસરત બેઠાંબેઠાં અને ચાલતાંચાલતાં પણ થઈ શકે. એ વખતે મગજ ઉપર સહેજ પણ ભાર ન રાખવો. આ કસરત કરતી વખતે કંઈ તકલીફ લાગે તો છોડી દેવી. નબળાં ફેફસાં હોય તેમણે પણ આ કસરત દાક્તરની સલાહ વગર ન જ કરવી. એ વખતે શરીર ટટ્ટાર રાખીને માત્ર સાદા જ શ્વાસોચ્છ્વાસ લેવા. મગજ અને શરીર માટે આ કસરત જેવું એક પણ 'ટૉનિક' નથી. પુરાણા ભારતમાં પ્રાણાયામનું અનોખું મહત્ત્વ હતું તે આ જ કારણે. (સંદેશ)

આંબા ડુંગરમાં ફ્લોરાઇટ

ગુજરાતની ધરતીએ રાષ્ટ્રમાં આબાદી અને સમૃદ્ધિ માટે ખનિજ તેલ અને કુદરતી વાયુ ભેટ ધર્યા પછી એવી જ બીજી કાચી સામગ્રી ભેટ ધરી છે. તે છે ફ્લોરાઈટ. પોલાદ અને ઍલ્યુમિનિયમ ધાતુવિદ્યામાં જરૂરી હોવા ઉપરાંત રેફ્રીજરેશન ગૅસ તથા ફ્લોરીન રસાયણનો વિસ્તૃત વિસ્તાર તૈયાર કરવા માટે પણ ફ્લોરાઈટ અગત્યની ચીજ છે. અત્યાર સુધી તેને પરદેશમાંથી આયાત કરવામાં વરસે દિવસે રૂ. અઢીથી પાંચ કરોડનું હૂંડિયામણ ખર્ચવામાં આવતું હતું. હવે વડોદરા જિલ્લામાં છોટાઉદેપુર તાલુકામાં–જ્યાં ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સરહદોનો ત્રિભેટો છે ત્યાં, નર્મદા નદી પાસે આંબા ડુંગર ખાતે વિશ્વમાં સૌથી મોટી ગણાય એવી ફ્લોરાઈટની ખાણ મળી આવી છે.

આ ખાણ સો વર્ષ સુધી રાષ્ટ્રની જરૂરતને પહોંચી વળવા ઉપરાંત પરદેશોમાં તેની નિકાસ કરી હૂંડિયામણ પણ રળી આપી શકે એમ છે. અત્યાર સુધીમાં ૧૧૦ લાખ ટન કરતાં વધુ ફ્લોરસ્પાર ખડકો મળી આવવાનું સાબિત થઈ ચૂક્યું છે અને વધુ ને વધુ જથ્થાનાં ચિહ્નો છે.


લાખો વર્ષ પહેલાં જ્વાળામુખી ફાટવાના કારણે ધરતીના પેટાળના ખડકોમાં જે રાસાયણિક પ્રક્રિયા થઈ એમાંથી ફ્લોરસ્પારનો જન્મ થયો. આ ફ્લોરસ્પાર ત્રણ પ્રકારના ખડકો છે. તેમાં સૌથી ઉત્તમ કક્ષાનો ગણાતો ફ્લોરસ્પાર ઍસિડ ગ્રેઈડનો હોય છે, જેનો ઉપયોગ કેમિકલ ઉદ્યોગોમાં થાય છે; બીજો મધ્યમ કક્ષાનો ફ્લોરાઈટ પોલાદ અને ઍલ્યુમિનિયમના ઉદ્યોગોમાં ખપ લાગે છે; જ્યારે ત્રીજા પ્રકારનો ફ્લોરસ્પાર સિરૅમિક કાચ અને સિમેન્ટ ઉદ્યોગમાં કામ આવે છે.

આ ઉપરાંત હાઇડ્રોફ્લોરિક ઍસિડ, ફ્રીઓન ગૅસ જંતુનાશક દવાઓ, સુશોભન-રંગો, ટેક્સટાઈલ યાને ડ્રેસિંગ વ. કામોમાં પણ ફ્લોરાઇટ જરૂરી છે; અને છેલ્લે આણુશક્તિમાં યુરેનિયમ ૨૩૫ને આઇસોટોપમાંથી છૂટો કરવા પણ ફ્લોરાઇટ ખૂબ ઉપયોગી પુરવાર થયું છે.

લગભગ ૪૦ વર્ષ પહેલાં છોટા ઉદેપુરના મહારાજાએ અંગ્રેજી અખબારમાં ફ્લોરાઇટ માટે જાહેર ખબર આપી હતી, પણ કોઇએ એ અંગે ધ્યાન આપ્યું ન હતું. હવે આંબા ડુંગર ખાતેની આ ફ્લોરાઇટની ખાણો ખોદવાનું કામ ગુજરાત મિનરલ ડેવેલપમેંટ કૉર્પોરેશનને સોંપવામાં આવ્યું છે. તેણે આધુનિક પદ્ધતિએ ફ્લોરાઈટ કાઢવાની યાંત્રિક સામગ્રી વસાવવા માંડી છે, અને રૂ. અઢી કરોડના ખર્ચે આંબા ડુંગર પાસે કડિયાણી ખાતે ફ્લોરાઈટની રીફાઈનરી પણ ઊભી કરવા માંડી છે.

આંબા ડુંગરની ટેકરી છોટાઉદેપુર તાલુકામાં કવાંટ નજીક આવેલી છે. પ્રકૃતિએ અહીં છૂટે હાથે સૌન્દર્ય વેર્યું હોઈ જામનગરના મહારાજાએ ત્યાં એક ટેકરી પર પોતાનું ગેસ્ટહાઉસ પણ ઊભું કરવાનો સંકલ્પ કર્યો છે. આંબા ડુંગર પાસે જ સહસ્રધારાની ટેકરી છે. એમાંથી જુદાં જુદાં હજાર છિદ્રો દ્વારા પાણી ટપક્યા જ કરે છે. આ પાણીનું પૃથક્કરણ કરવાની જરૂર છે કારણ કે આખો વિસ્તાર ખનિજોથી ભર્યો હોઈ આ પાણી દવામાં ઉપયોગમાં આવવાની પણ શક્યતા છે. આ સહસ્રધારાની ટેકરી પાસે જ નર્મદા નદીના કાંઠા નજીક હાંફેશ્વર–હંસેશ્વર મહાદેવનું પુરાણું મંદિર છે. હરવા ફરવા માટે આ પ્રકૃતિધામ વિકસાવી શકાય એવું છે. પાવાગઢના પતન પછી એના રાજાએ છોટાઉદેપુર પાસેના જંગલમાં મોહન નામનું નગર વસાવ્યું હતું, એના પુરાણા અવશેષો આજે પણ પથરાએલા નજરે પડે છે.

(ગુજરાત સમાચાર) —પ્રભાતકુમાર ગોસ્વામી



પૂર્ણ શારીરિક વિકાસ માટે માણસના રોજિંદા આહારમાં ૨૬૦૦ કૅલોરી આવશ્યક છે. આથી ઓછો આંક અપૂરતું પોષણ, રોગ, ભૂખમરો અને મૃત્યુને આવકારવા બરાબર છે. પણ દુનિયામાં બધે જ આટલું પોષણ પ્રાપ્ય નથી, અથવા આહારની અયોગ્ય રસમો ત્યાં પ્રવર્તે છે. કયા વિસ્તારમાં કેટલી કૅલોરીવાળો આહાર લેવાય છે કે પ્રાપ્ય છે એ આ ઉપરના નકશામાં દર્શાવ્યું છે. ('સ્કાલા'માંથી)

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: રાહુલ સાંકૃત્યાયન



જીવનભરની અવિરામ રોમાંચક યાત્રાના અપ્રતિહત યાત્રી રાહુલ સાંકૃત્યાયનનો જન્મ ઉત્તર પ્રદેશમાં આઝમગઢથી થોડે દૂર પન્દાહાટ ગામમાં ઈ. ૧૮૯૩ની ૯મી એપ્રિલે શક્તિમાર્ગી બ્રાહ્મણ કુટુંબમાં થએલો. બચપણમાં જ એમનું લગ્ન થએલું, પણ ઘેરથી નાસી જઈ પોતાનું અસલ નામ કેદારનાથ પાંડેય બદલીને બિહારના એક મઠમાં વૈષ્ણવ સાધુ રામઉદાર દાસ તરીકે રહીને એમણે અભ્યાસ કરવા માંડયો. પણ હિંદુ ધર્મ તરફ વિતૃપ્તિ વધી જતાં ઈ. ૧૯૧૫માં એમણે આર્યસમાજનું શરણ લીધું. અરબી ભાષા શીખી એમણે કુરાન અને ઈસ્લામના રસમોરિવાજનો પણ અભ્યાસ કર્યો અને છેવટે આર્યસમાજ પણ છોડી તેમણે બૌદ્ધધર્મ સ્વીકારી રાહુલ સાંકૃત્યાયન નામ ધારણ કર્યું.

પણ એમનું કાર્ય ધર્મની સીમાઓમાં જ બદ્ધ નહોતું. માનવતા વિરોધી કાર્યોના કોઈ પણ ક્ષેત્રમાં વિરોધ કરવા તેઓ સદા તત્પર રહેતા. જલિયાંવાલા બાગના હત્યાકાંડનો વિરોધ કરતાં એમણે છ માસ જેલ ભોગવી. ત્યાં એમણે 'બીસવીં સદી' નામે પુસ્તક લખ્યું. '૨૩માં ફરી બે વર્ષની સજા થઈ ત્યારે વિવિધ ભાષાઓમાંથી શૈતાનકી આંખ, વિસ્મૃતિ કે ગર્ભમેં, જાદુ કા મુલ્ક, સોને કી ઢાલ વગેરે કથાઓ અનુવાદિત કરી.

વર્ષો સુધી રાજેન્દ્રબાબુ સાથે એમણે બિહારના સારન જિલ્લામાં કૉંગ્રેસનું કામ કર્યું પણ પછી સામ્યવાદથી આકર્ષાઈ સહજાનંદ સ્વામી સાથે બિહારનાં કૃષક આંદોલનોમાં ભાગ લીધો. સામ્યવાદી પક્ષમાં તેઓ ભળેલા ખરા, પણ જે બુદ્ધિગમ્ય ન લાગે તેની સામે એમનું સ્વતંત્ર માનસ હમેશાં બંડ કરતું અને એટલે એ પક્ષ સાથે પણ એમને ફાવ્યું નહિ. સ્વાતંત્ર્ય બાદ તો રાજકીય પ્રવૃત્તિઓ છોડી એમણે કેવળ સાહિત્યસર્જનમાં જ લક્ષ કેન્દ્રિત કરેલું. જ્ઞાનાર્જનની ઉત્કટ તૃષાએ એમને ચિરયાત્રી બનાવ્યા. વિભિન્નક્ષેત્રમાં ફેલાએલું હોવા છતાં એમનું વ્યક્તિત્વ એક સમન્વિત એકમ જેવું હતું. રાજનીતિ, ધર્મજ્ઞાન, યાત્રા, ઇતિહાસ, પુરાતત્ત્વ, સમાજશાસ્ત્ર, જીવનચરિત્રો, આત્મકથા, નવલકથાઓ ને નાટકો ઇત્યાદિની બધી મળી એમણે ૧૭૦ ઉપરાંત જેટલી કૃતિઓ રચી છે. હિમાલયના વિભિન્ન પ્રદેશોમાં વસતી જાતિઓ વિષેનું એમનું જ્ઞાન ઘણું ઊંડું હતું. 'કિન્નર દેશ' નામનો એમનો ગ્રંથ એનું પ્રમાણ છે. પર્યટન વિષે એમણે 'ઘુમ્મકડ-શાસ્ત્ર' નામે એક અદ્વિતીય પુસ્તક લખ્યું છે.

લંકામાં એમણે સંસ્કૃત શીખવવા સાથે પાલિ ભાષાનું અધ્યયન કરી 'ત્રિપિટકાચાર્ય'-ની પદવી મેળવેલી.

ઈ. ૧૯૨૯માં વેશપલટો કરી તેઓ સવા વર્ષ તિબેટના અભેદ્ય પ્રદેશમાં રહ્યા, ત્યાંની ભાષા શીખ્યા ને પાછા ફર્યા ત્યારે ૮૧ ખચ્ચરો પર લાદીને ત્યાં સંઘરાએલા સંખ્યાબંધ પ્રાચીન હસ્તલિખિત બૌદ્ધગ્રંથો લઈ આવ્યા. એમણે કુલ ચાર વાર તિબેટની સફર કરેલી અને લગભગ ૬૦૦૦ જેટલા ગ્રંથોની બહુમૂલ્ય હસ્તપ્રતો એકઠી કરેલી. તિબેટી અને સિંહાલી ભાષાનાં વ્યાકરણો પણ એમણે લખ્યાં છે.

રશિયાના આમંત્રણથી લેનિનગ્રાડ યુનિવર્સિટીમાં પ્રાચ્યવિદ્યાનું સંશોધન કાર્ય કર્યું. દરમિયાન રશિયન ભાષા શીખવા ઉપરાંત એમણે એક કુ. લોલા સાથે લગ્ન પણ કર્યું જેનાથી એમને 'ઇગોર' નામે એક પુત્ર થયો.

જાપાનને રસ્તે મૉસ્કવા જતાં કોરિયા, ચીન, મૉંગોલિયા, મધ્ય અને પશ્ચિમ એશિયામાં ફરતાં ફરતાં યુરોપનો અભ્યાસ પણ કર્યો ને ઈરાનને માર્ગે ભારત આવ્યા.

એશિયા તેમજ સ્લાવ દેશોની કેટલીક જૂની બોલીઓ તેમજ મૃત ભાષાઓ મળીને ૩૬ જેટલી ભાષાઓ તેઓ જાણતા હતા. પોતે જે કંઈ જાણતા એ બધું લખવાની એમની એષણા પૂરી કરવા એમણે લહિયાઓ પણ રાખેલા.

પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી લોહીના દબાણ તથા મધુપ્રમેહથી તેઓ લગાતાર બીમાર રહેતા હતા. છેલ્લે મગજનો પક્ષાઘાત થયો, સ્મૃતિ જતી રહી. સરકારી સહાયથી તેઓ મૉસ્કવામાં એનો ઉપચાર કરાવી આવ્યા. એ પછી એકાએક ઈ. ૧૯૬૩ની ૧૪મી એપ્રિલે દાર્જિલિંગની ઈડન ઑસ્પિટલમાં મગજની નસ તૂટી જવાથી એમનું અવસાન થયું. એ જ વર્ષે ભારત સરકારે એમને પદ્મભૂષણનું બહુમાન પણ આપેલું.

પ્રસંગવિશેષ: ગર્નિકા પર કાળો કેર, ૨૬ એપ્રિલ ૧૯૩૭

ઈ. ૧૯૩૭ એ સ્પેઇનના રાષ્ટ્રવાદીઓ અને પ્રજાસત્તાકવાદીઓ વચ્ચેના આંતરયુદ્ધનું બીજું વર્ષ હતું. એનાથી અલિપ્ત અને યુદ્ધભૂમિથી ઘણે દૂર ઉત્તર સ્પેઈનમાં બાસ્ક પ્રદેશના એક અરક્ષિત નગર ગર્નિકામાં ૨૬મી એપ્રિલે સાંજે સાડા ચારે એકાએક દેવળના ઘંટનાદે ભયની આગ હી આપી અને પાંચેક મિનિટમાં તો વિમાનોની એક નાની ટુકડીએ ચડી આવીને નીચી સપાટીએ ઊડી ગામ પર ચક્કર લગાવ્યું અને સ્ટેશન આસપાસના વિસ્તાર પર હજારહજાર રતલી ભારે બૉંબ નાખી બધું ખેદાનમેદાન કરી દીધું. પાંચેક મિનિટે બીજી ટુકડી આવી અને ગભરાટમાં નાસતાભાગતા લોકો પર મશીનગનોમાંથી ગોળીઓ છોડીને, બૉંબમારો કરીને તથા આગ ફેલાવીને તારાજી સર્જવા માંડી. પહેલેથી જ વિચારેલી કોઈ યોજના મુજબ આ આખા ગામને તારાજ કરી નાખવાની એમની દેખીતી દાનત હતી. રાષ્ટ્રવાદીઓએ આ અત્યાચારનો આરોપ પ્રજાસત્તાકવાદીઓ પર ઢોળવા માંડયો, પણ આ ખુવારીમાંથી યે બચી ગએલાઓએ જણાવ્યા મુજબ ઊડી આવેલાં એ વિમાનો 'હેંકલ-૫૧' અને 'જુંકર-૫૨' પ્રકારનાં જર્મન વિમાનો હતાં. જોકે જર્મની વર્ષો સુધી એ વિષે તદ્દન નામુકર જ રહેલું. પરંતુ ઈ. ૧૯૪૫માં ગોરિંગે આખરે કબૂલ કરેલું કે સ્પૅનિશ રાષ્ટ્રવાદી જનરલ ફ્રાંકોના પક્ષમાં ને બૉંબમારાની એક નવી જ ટૅકનિકની અજમાએશ માટે એ હુમલો કરવામાં આવેલો!

યુદ્ધના ઇતિહાસમાં આ એક અદ્વિતીય ગોઝારો બનાવ છે. લડાઈના કોઈ પણ વ્યૂહમાં ગર્નિકા પર બૉંબમારો કરવા જેટલું એનું મહત્ત્વ હતું જ નહિ. હથિયારોનું એક કારખાનું આ તરફ હતું એ પણ ગામથી બહુ દૂર હતું અને એને તો કશું જ નુકસાન કરાયું નહોતું. નવી યુદ્ધપદ્ધતિ કે નવી સંહારક સામગ્રીની નિર્દોષ નાગરિકો પરની આવી જ અજમાએશ મૅડ્રિડ, ડ્રેસ્ડન ને હીરોશિમા પર પણ થઈ હતી. ગર્નિકાની ભયંકરતા એ હતી કે એમાં નાસતાભાગતા નાગરિકો પર ગોળીઓ છોડીને એમને મકાન કે ભોંયરાંમાં ભરાઈ જવાની ફરજ પાડી પછી એના પર બૉંબ ફેંકીને તથા તેમાં આગ લગાડીને એ આશરા તળે જ એમને બાળી-દાટી દેવાની સ્પષ્ટ નેમ હતી. જગવિખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોએ આ ગોઝારા બનાવને પોતાના એક ચિત્ર 'ગર્નિકા'માં વેધક સચોટતાથી અમર કર્યો છે. (જુઓ આ અંકની કલાવાર્તા.)

નિંદર ન આવે ત્રણુ જણાં, કહોને સખિ કિયાં?
પ્રીતવછોયાં, બહુ રણાં, ખટકે વેર ઘણાં.

આ અંકની માધુકરીમાં જે શતંજીવીનાં સ્મરણો આપ્યાં છે તે ભાઈલાલભાઈ દેસાઈનાં દાદીમાના સમયમાં એક વાર શંકરાચાર્ય અમદાવાદ આવેલા. તે કાળે સ્ત્રીઓને એમનાં પ્રવચનોમાં જવાની મના હતી. દાદીમા અને બીજી ત્રણ સ્ત્રીઓએ મળીને એક એવો શ્લોક શંકરાચાર્યને લખી મોકલ્યો, જેનો અર્થ કરતાં ભલભલા વિચારમાં પડયા. તે પરથી માત્ર એ સ્ત્રીઓને પ્રવચન સાંભળવાની રજા મળી. ત્યારે દાદીમાએ કહ્યું: 'જો સ્ત્રીનું મોં જોવાથી જ તમારું મન ચંચળ થાય તો આભગવાં શા માટે પહેર્યાં છે?' તે દિવસથી સ્ત્રીઓને પણ શંકરાચાર્યજીના ઉપદેશો સાંભળવાની છૂટ મળી.

કહેવત: 'ટૂંકો ગજ ને નાનું માણું, ફાટેલ પોટલું ને છાબડે કાણું.'–એ ચારે સરખાં: જેમાં પૂરું વળતર ન મળે એવા વ્યવહાર માટે.

ગણિતગમ્મત: પાસેપાસેના કોઈ પણ બે અંક તમારા મિત્રને ધારવાના કહો અને પછી તેનો ગુણાકાર કરાવો. ધારો કે તેણે ૭ અને ૮ લીધા અને તેનો ગુણાકાર ૫૬ થયો. હવે તેને કહો કે એ બંને અંકને ત્રણ ત્રણ વખત ગણિતીરીતે એવી તરેહથી મૂકો કે બંનેનો જવાબ ૫૬ આવે. તેને ન ફાવે તો તમે આ રીતે ગોઠવી બતાવો. ૭×૭+૭=૫૬; ૮×૮–૮=૫૬. આ રીતે પાસેપાસેના કોઈ પણ બે અંક લઈને તમે એકસરખા જવાબ લાવી શકશો. એમાં કૂંચી માત્ર એટલી જ છે કે નાના અંકના બે આંકડાનો ગુણાકાર કરીને ત્રીજો ઉમેરવો, ને મોટા અંકના બે આંકડાના ગુણાકારમાંથી ત્રીજો બાદ કરવો.

(શિરાઝ ઈબ્રાહીમ બીવીજી–સિદ્ધપુર)


અનેકાર્થી એકાક્ષરી શબ્દ
ગો=ગાય, ઇંદ્રિય, વાણી કે ભાષા, પૃથ્વી.



તાજેતરમાં જ જેને સ્વાતંત્ર્ય મળ્યું તે મૉરિશ્યસ ટાપુની આ 'બ્લ્યુ મૉરિશ્યસ' નામથી ઓળખાતી ટિકિટ દુનિયાની અતિમૂલ્યવાન ટિકિટોમાં ગણાય છે. એવી માત્ર બાર જ ટિકિટો આજે અસ્તિત્વમાં છે, અને તે દરેકની કિંમત છ લાખ રૂપિયા અંકાય છે!



ઈ.સ. પૂર્વે ૯૫૫માં ચીનમાં લી મિંગ નામનો એક સૂબો થઈ ગયો તેની બંને આંખમાં બબ્બે ડોળા હતા!




રેલવે લાઈનની બાજુએ ઘણી વાર આ રીતના આંકડા લખેલા પથ્થરો ખોડેલા નજરે પડે છે, જેમાં દર ૦ા માઈલને અંતરે એક એક પથ્થર અનુક્રમે ¼ ½, ¾, અને પછી સંપૂર્ણ આંક, એમ દર્શાવતો હોય છે. તમે ધારો તો એ પથ્થરોની મદદ વડે ટ્રેઈનમાં બેઠાંબેઠાં તેની સ્પીડ (વેગ) માપી શકો. એ બે પથ્થરોની વચ્ચે જેટલી સેકંડ વીતે તે વડે ૯૦૦ને ભાગી નાખો અને જે જવાબ આવે તે તમારી ગાડીનો વેગ. દાખલા તરીકે તમારી ગણતરીમાં બે પથ્થર વચ્ચે ૨૫ સેકંડ થઈ,તો ૯૦૦÷૨૫=૩૬ માઇલ તમારી ટ્રેઈનનો વેગ. કેટલેક સ્થળે દર ૦ા માઈલને બદલે દર ફર્લાંગે પથ્થર હોય છે. ત્યાં ૯૦૦ ને બદલે ૪૫૦ને તમારી સેકંડો વડે ભાગવા. હવે માઈલને બદલે કિલોમીટરના હિસાબે પથ્થરો મુકાવા હશે. એની ચાવી તમારી મેળે શોધી કાઢો.



કલાકણિકા: છે તો પહેરનારના મસ્તક, બોચી, કાન અને નાકને લડાઈમાં રક્ષતો બખ્તર ટોપ, પણ વાપરનારે એને શોભનોથી શણગારીને એના ગ્રાહકને બિરદાવ્યું જ નથી, એની સાથે આત્મીયતા પણ સાધી છે.

વિશિષ્ટ-વિવિધ પ્રકાશનો



યોગાસનો: શરીર મન અને જ્ઞાનતંતુઓ, ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી આપણી એક અનન્ય વ્યાયામપદ્ધતિનો સચિત્ર પરિચય આપતી ઉપયોગી પુસ્તિકાની ચોથી આવૃત્તિ. લેખક : દામુભાઈ શુકલ રૂ. ૧-૫૦

શતરંજની બુદ્ધિકસ રમતનો પરિચય, એના નિયમો, એની સંજ્ઞાલિપિ અને એ રમતના વિવિધ તબક્કાઓના વિશિષ્ટ વ્યૂહની સમજ આપતી, મોઘા માર્ગદર્શક સમી સચિત્ર પુસ્તિકા, જેને રાજ્યનું પારિતોષિક મળ્યું છે. લેખક : સુરેશ મોદી રૂ. ૨.




બધાં પુસ્તકો સાથે મંગાવનારને
અમારે ખર્ચે ઘેર બેઠાં મોકલાશે.



શેક્સપીઅરની નાટ્યકથાઓ : આંગ્લ મહાકવિ શેક્સપીઅરનાં નાટકોનાં ડૉ. મધુસૂદન પારેખે કરેલાં તેર સુંદર વાર્તાંતરો. 'આજથી દસકાઓ પછી ગુજરાતનો કોઈ તરુણ વાચક રજાઓમાં અભરાઈઓ ફેંદતો હશે તેને એક એવી ચોપડી મળી આવશે કે જેની લખાવટ તેને જકડી રાખશે, જેનું વસ્તુ તેને અનન્ય કારણોસર રીઝવી જશે... અને ત્યારે આ વાર્તાંતરોનું કામ શરૂ થયું ગણાશે. તે પછી એ આપણો વારસો બની જશે.' (પ્રો. દિગીશ મહેતા) રૂ. ૪-૫૦.




વીજળીની કથા : આજના રોજિંદા જીવનવ્યવહારમાં ડગલે અને પગલે સેવા આપતી વીજળીની શોધના વિકાસની સચિત્ર રસિક કથા રૂ. ૨



દેવો ધાધલ : ગુજરાતી વાઙ્મયમાં સાભિપ્રાય સાગરસાહિત્યના પ્રથમ સર્જક સ્વ. 'સુકાની'ની, વાસ્તવિક વાતાવરણમાં તરતી, સાહસિક વીરત્વભરી રોમાંચક સાગરકથા. ગુજરાત સરકારનું પારિતોષિક મેળવનાર આ સચિત્ર કથા એક સંઘરવા યોગ્ય ઉપયોગી પ્રકાશન બની રહ્યું છે. રૂ. ૬.

લિપિકા : કવિવર રવીન્દ્રનાથ ટાગોરની કવિતાના રણકારભરી અને જીવનનાં પરમ સત્યોનાં ઓજ સમી નાની કથનિકાઓનો શ્રી વિનોદ કોઠારીએ કરેલો અનુ૦ રૂ. ૨.



કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર
અમદાવાદ-૧